ॐ.

श्रीसहजानन्दस्वामी जयति ।

निवेदनम् ।

संसारसागरगतान् स्वपमुद्दिधीर्पुः श्रेयस्तदेकमखिलेष्वभिकाङ्क्षमाणः ।
आदेशमालिखितुमारतपत्रलेखो नारायणः स्फुरतु मे हृदि वर्णिवेषः ॥१॥

આ ઉદ્ધવ સંપ્રદાયમાં સર્વને સર્વથા સુવિદિત છે કે– આ શિક્ષાપત્રી પ્રબંધરત્ન સર્વાર્થપરિપૂર્ણ સર્વાધિકારી સર્વજીવહિતાવહ સર્વફળપ્રદ સર્વસચ્છાસ્ત્રસાર સર્વોત્તમ સર્વમાન્ય હોઈને પ્રમાણમાં પ્રથમ પદે પ્રકાશે છે. જ્યારે વિશ્વમાં વિજ્ઞાનનો વિલય થયો, અંતરના અજ્ઞાનરૂપ અંધકારનો પ્રસાર થયો, ભવમાર્ગમાં ભમતા પ્રાણિઓ કર્તવ્યઅકર્તવ્યમાં વિભ્રાંત થયા અને વૈદિક કર્મમાત્રનું સર્વથા પ્રાણિપીડનમાંજ પર્યવસાન થયું ત્યારે સાક્ષાત્ અક્ષરધામાધિપતિ પરબ્રહ્મ ભગવાન પુરૂષોત્તમ નારાયણે કેવળ કૃપાથીજ પૃથ્વીઉપર નરતનુથી પ્રકટ થઇને જે આ અંતરના અનાદિ અજ્ઞાન તિમિરને હરીને પ્રજ્ઞાદૃષ્ટિને પ્રકાશનારી કોઈ પણ અંજનશલાકારૂપ શિક્ષાપત્રી નાનાદેશનિવાસી શિષ્યસમાજને ઉદ્દેશીને આવિષ્કાર કરી છે. જે આ શિક્ષાપત્રીરૂપ અમૃત અમૃતમૂર્તિ ભગવાન્ શ્રીસહજાનંદસ્વામીએ સમસ્ત સચ્છાસ્ત્રરૂપ દુગ્ધાબ્ધિના મધ્યભાગમાંથી અમૃતવત્ સારસ્વરૂપે સમુદ્ધૃત કરી, અનાયાસથી આસુરી સંપત્તિના સમુચ્છેદન માટે પાત્રભૂત મુકુંદાનંદાદિ આશ્રિતોને આનંદથી પાન કરાવ્યું છે. આ શિક્ષાપત્રી ભગવાન્ સ્વામિનારાયણના મંગળકારી બીજા સ્વરૂપે પૃથ્વીઉપર બિરાજે છે. જેની આ પ્રબન્ધમાંજ પ્રતિદિન પઠન પૂજન શ્રવણની કર્તવ્યતા કહેવા-પૂર્વક સ્વમુખે પરમાદરથી સ્વમૂર્તિરૂપે ભાવના કરવાની કહી છે. વળી શ્રવણ પઠન પૂજનની અવશ્ય કર્તવ્યતા શ્રીમુખે વચનામૃતમાં વર્ણવી છે. 'હવે પછી મંદિરો કરતાં તેમાં મદ્રૂપ શિક્ષાપત્રીનુંજ પ્રતિષ્ઠાપન કરવું' આવો વિધિ કરીને જેનો ઉત્કર્ષ સ્વયં દર્શાવ્યાની પણ વાત પ્રસિદ્ધ છે. જે આ ભગવત્પ્રોક્ત શિક્ષાપત્રી શ્રીશતાનંદ મહામુનિએ સત્સંગિ-જીવન મહાગ્રંથમાં ગ્રથન કરી છે. જેના ૨૧૨ શ્લોકો છે. જેનો આવિ-

ર્ભાવ સંવત્ ૧૮૮૨ માઘ શુક્લ પંચમી તિથિએ થયો છે. આવા પ્રબન્ધપ્રવરના અર્થસ્ફોટ માટે ત્રિકાળદર્શી યોગિરાજ શતાનંદમુનિએજ સરલસંદર્ભવાળી, સુખાવબોધા, ત્યાં ત્યાં અપેક્ષિત શ્રુતિસ્મૃત્યાદિકના પ્રમાણોના ઉદાહરણવાળી અર્થદીપિકા નામની મોટી ટીકા શ્રીહરિની આજ્ઞાથી કરેલી છે, જેને જોઈને સટીક તેમની મહાસભામાં બહુ પ્રશંસા શ્રીજીએજ કરી છે. વળી બીજી પણ સરલ સંક્ષિપ્ત અન્વયદીપિકા નામની ટીકા તેમણેજ વિરચી છે. વળી જેની ઉપર મૂળાશયના નિઃસંશય આવિષ્કાર માટે શબ્દાર્થગંભીર ભાષ્ય ભગવત્પુત્ર શ્રીરઘુવીરાચાર્યે રચ્યું છે. વળી તે ગંભીર ભાષ્યના નિગૂઢાર્થના વિજ્ઞાન માટે તેની ઉપર તત્પુત્ર શ્રીભગવત્પ્રસાદાચાર્યે ટીકા રચી છે. આ રીતે શિક્ષાર્થપત્રીના ગૂઢ મૂળાશયને વિસ્પષ્ટ કરવા આ ત્રણ નિગૂઢ નિબન્ધોનો બહુધા ઉપયોગ થવા માટે પ૦ પુ૦ આચાર્ય શ્રીશ્રીપતિપ્રસાદજી મહારાજે પંડિતપ્રવર શ્રીકૃષ્ણાચાર્યદ્વારા સંશોધાવીને ભૂમિકા વિષયાનુક્રમણિકા વિગેરે બહુ વિશેષ અર્થો સાથે સારી રીતે છપાવી પ્રસિદ્ધ કર્યા, પરંતુ આ મહાગ્રંથો ગીર્વાણવાણીમાં ગૂંથાએલા હોવાથી તેના અનભ્યાસીઓના ઉપયોગમાં આવે નહિ. તેનું ભાષાંતર હોય તો વિશેષ ઉપયોગી થાય. પરંતુ ગ્રંથનો બહુ વિસ્તાર હોવાથી તુરતમાં તેમ કરવાનો અવકાશ નહિ મળવાથી હાલમાં ઉત્તમ સારાંશથી તેનું ભાષાંતર કરવાનો વિચાર કરી તે બધામાંથી અપેક્ષિત યોગ્ય સારાંશથી તેનું આ ભાષાંતર કર્યું. તેનું ગૌરવ તો વાંચવા વિચારવાથી વિદિત થશે જેથી જણાવવાની જરૂર નથી. આવું આ સર્વોપયોગી ભાષાંતર તૈયાર થતાં ધ૦ ધુ૦ આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રીએ પ્રોત્સાહ છપાવી પ્રસિદ્ધ કર્યું. આમાં શિક્ષાપત્રીનું હાર્દ તથા શ્રીહરિ જીવનચરિત્ર તથા તેમના ચિત્રપ્રતિમા વિગેરે રમ્ય વિષયો પણ છપાવતી વખતે દાખલ કર્યાં છે. વળી પુસ્તકની રમણીયતા માટે પણ નિર્ણયસાગર જેવા સર્વોત્તમ સુપ્રસિદ્ધ પ્રેસમાં નવાજ ટાઇપોથી ઉત્તમ કાગળો ઉપર છપાવી, ઉત્તમ બાઇંડીંગ કામ પણ કરાવી તૈયાર કરાવ્યું છે. આ બધો વિશેષ તો જોવાથીજ જણાશે જેથી જણાવવાની જરૂર રહેતી નથી. આમાં ભ્રમવશાત્ કે પ્રેસદોષવશાત્ કોઈ અન્યથા અર્થ થયો હોય તો સાદર ગુણગ્રાહી જનોએ સુધારી ક્ષમા કરવી. એજ.

લિ. હરિજીવનદાસ શાસ્ત્રી, વરતાલ.

श्रीस्वामिनारायणो विजयतेतराम् ।

श्रीहरिजीवनचरित्रम् ।

आत्मीयानखिलान् विदेशनिलयान् श्रेय पथे वर्तयन्
शिक्षापत्रिकया स्वय रचितया धर्म च सस्थापयन् ।
सद्धर्मकपरा सता हितकरीं सच्छास्त्रसाराश्रया
य पत्रीं व्यलिखत्स एष जयतु श्रीस्वामिनारायण ॥१॥

જે આ નિબન્ધ મહામુનિ શતાનંદજીએ પોતાની કૃતિ સત્સગિજીવનમા સગુથેલો, શિક્ષાપત્રીનામથી પ્રખ્યાત, ભગવાન્ પ્રકટ પુરૂષોત્તમ શ્રીસ્વામિનારાયણે સકળ લોકોનુ હિત કરવા લેખમુખથી પ્રકાશેલો, શિષ્ય જનોના શિક્ષણમિષથી પ્રવર્તાવેલો, શ્રેય કામ સર્વેએ સદા સેવનીય, પ્રકટ પુરૂષોત્તમ શ્રીહરિની અપર મૂર્તિરૂપે વિરાજેછે તે આ પ્રબન્ધના મુખભાગમા તે ભગવાન્ શ્રીસહજાનદ સ્વામિનુ દિ ય ચરિત્ર સક્ષેપમા સજ્જનોના આહ્લાદમાટે નિરૂપણ કરૂછુ—

પૂર્વે ઉત્તર કોસળ દેશમા આવેલા છપૈયા નામના પવિત્ર પુરમા સરવરીયા નામના વિપ્રવરના મુક્તામણિ, સામવેદની કૌથુમી શાખાના અધ્યાયી, પારમે કાતિ ધર્મપરાયણોનો અગ્રણી, હરિપ્રસાદ નામે એક હતા આ પોતે ધર્મક નિષ્ઠાને લીધે લોકમા ધર્મદેવ એવા સાર્થક નામાતરથી વિખ્યાત થયા હતા એમની પ્રેમવતી નામની પત્ની ગુણનિધિ હતી તે પોતે કૃષ્ણભક્તિમાજ એક નિષ્ઠાને લીધે ભક્તિ એવા અન્વર્થ નામથી પ્રખ્યાત, પતિપરાયણ પત્નીયોના દૃષ્ટાતપદ હતા આ દપતી ધર્મભક્તિની પોતાવિષે પરા ભક્તિ આપત્તિમા પણ અખડ અનુવર્તતી અસાધારણ અવલોકીને ભગવાન્ શ્રીકૃષ્ણ સુપ્રસન્ન થઈ, દ્વાપર યુગ ૧ અતે વાસુદેવરૂપે પોતે કરેલા 'अन्योऽपि धर्मरक्षार्थे देह सम्भ्रियते मया' એવા પુન પૃથ્વી ઉપર પ્રાકટ્યસૂચક પનો અને પોતાના એકાતિક ભક્ત ઉદ્ધવજીમા લોકાનુગ્રહમાટે સ્થાપેલુ સ્વસ્વરૂપવિજ્ઞાન અને કળિબળથી થએલો તેનો પ્રલોપ અનુસ્મરણ કરીને, 'હુજ સાક્ષાત્ પુરૂષોત્તમ પૃથ્વીતળમા પ્રાદુર્ભવીને મારાજ ઔદ્ધવ મતને પ્રતિષ્ઠાપીને કળિબળથી પરાભવ પામતા ધર્મમાર્ગનો અધર્મના વિનાશથી સમુદ્ધાર કરૂ' એવો વિનિશ્ચય કરીને તે દપતીના પુત્રભાવે પોતે પ્રકટ થવાનો સકળ લોકહિતકારી શુભ સકલ્પ કર્યો

અનતર કેટલાએક માસો વ્યતીત થતા સ્વવિભૂતિભૂત વસતઋતુમાં, પરમ શોભન ચૈત્રમાસમા, પરમપાવન રામનવમી તિથિએ, સોમવારે, (સવત્ ૧૮૩૭)

દશ ઘટિકા રાત્રિ વ્યતીત થતા, યથાસંકલ્પ તે ભગવાન્ શ્રીકૃષ્ણ પરાત્પર અક્ષર ધામનિવાસી પુરૂષોત્તમ પોતાના પરમાદ્ભુત દિવ્ય રૂપથી તે ધર્મભક્તિના પુત્ર ભાવે પ્રાદુર્ભવ્યા માતાપિતા આ શૈશવ વયને સમલંકૃત કરી રહેલા, પરમાદ્ભુત દિવ્યાકાર બાળકૃષ્ણના સમસ્ત જનોના મનનયનને આહ્લાદ આપનારા દિવ્ય રૂપને નિહાળીને મનવાણીઅગોચર પરિમાણાતીત અભૂતપૂર્વ પરમાનંદને પામ્યા અને રામપ્રતાપપુત્રથી પુત્રવાળા છે તથાપિ આ બાળ હરિથીજ પુત્રવાળાઓનો મનાતો પ્રકર્ષ પોતાવિષે માનવા લાગ્યા લોકાનુગ્રહાર્થે બાળભાવને સ્વીકારી રહેલા આ પરમપુરૂષે પ્રાદુર્ભાવસમયે પોતાનુ પારમેશ્વર રૂપ જનકજનનીને પ્રકાશ કરીને ક્ષણમા આત્મમાયાથી 'આ મારા પુત્ર છે' એવો વ્યામોહજ પોતાવિષે કરાવી દીવો પુત્રજન્મોત્સવના આનંદસાગરમા સમગ્ન થએલા આ ધર્મદેવે પોતાના તનયનો જાતકર્મ સસ્કાર યથાવિધિ કર્યો આ બાળ ભગવાનના મહિમાને નહિ જાણતા કેટલાક કોટરાદિ બાળગ્રહો એમનેવિષે પ્રકૃતિથી વૈર બાધી બેઠેલા આસુરોની પ્રેરણાથી જન્મથકી છઠે દિવસે એમનો દ્રોહ કરવા પ્રવર્તતા એમના દિવ્ય તેજથી પતગીયાઓ પાવકમા પડીનેજ જેમ એમ પ્રણાશ પામી ગયા અનતર પિતાએ સમય આવતા બાળભાવને ભજી રહેલા ભગવાનનુ હરિકૃષ્ણ એવુ ગુણાનુગુણ નામ નામકરણસસ્કારપૂર્વક કર્યું અને વળી તે પછી તે તે સમયે કર્તવ્યપણે કહેલા ભૂમિઉપવેશન અન્નપ્રાશન કર્ણવેધ ચૌળકર્માદિ સસ્કારો યથા વિધિ કર્યા પ્રતિદિન પ્રવૃદ્ધિ પામતુ છે લાવણ્ય જેમા, સમસ્ત જનોના મનનેત્રને આનદ આપનારા, અમૃતમય અવયવોવડે માતપિતા, બધુજનો અને જોનારા સર્વ જનોને આનદ ઉપજાવતા આ બાળકૃષ્ણ બાળચદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યા અને મધ્યેમધ્યે અચાનક આવી પડતા આસુરોપદ્રવને ઉદય પામેલો સહસ્રકિરણ (સૂર્ય) જ જેમ એમ પોતાના દિવ્ય તેજથી ટાળી નાખીને જનક જનનીને પોતાવિષે આવતી અનિષ્ટશકાને લીધે આવતા ભયને તત્ક્ષણ ટાળી નાખવા લાગ્યા

એજ ચૌળ સસ્કારને દિવસે માણુષલીલાનુ નાટ્ય ભજવતા બાળહરિ કેટલાક સમાન વયના સખાઓ સાથે વિહાર કરતા ગ્રામની નજીકમા વર્તતા બગીચામા ગયા તે બાળકો લલિત બાળલીલાનુ અનુકરણ કરતા હરિકૃષ્ણ સાથે ક્રીડા કરતા બહુ કાળ વીતિ ગયો તેપણ જાણવામા રહ્યો નહિ એટલાકમા નિયતગતિશીલ સૂર્ય અસ્તને પામ્યા આ અવસરમા ભગવાનવિષે બહુ કાળથી વૈર બાધી બેઠેલા કાળીદત્ત નામના અસુરાધિપના માયાપ્રયોગથી પ્રલયકાલીન પવન જેવો ઉગ્ર વેગવાળો સમસ્ત વનવિભાગને કપાવતો કોઈ પણ અભૂતપૂર્વ પવન વાવા લાગ્યો

રજથી ગગનતળ પુરાઈ ગયુ દિશાવિભાગો દેખાતા બંધ પડી ગયા પવન પાછળ ધનગર્જના પણ અતિશયકર થવા લાગી જોનારા જનોની દૃષ્ટિને અપહરી લેતી હોય એવી વિજળીયો ચોમેર ઝબકવા લાગી ભયાનક શબ્દવાળી મહાવૃષ્ટિ થવા લાગી આ સમયે બહુ ભય પામી ગએલા બાળકો પોતપોતાના આત્માનુ રક્ષણ કરવા જેમ જેને ફાવે તેમ વૃક્ષમૂળનો આશ્રય કરીને વાયુવૃષ્ટિના વિરામની વાટ જોઈ રહ્યા દિવ્ય બાળસ્વરૂપને સમનકૃત કરી રહેલા, સ્વય નિર્ભય હોઇને સર્વના ભયને નિવારનારા હરિકૃષ્ણ તો કોઈ આમ્રતરૂતળે સુખેથી બેસી રહ્યા અનતર એ અવસરે ઉડેના મહાવાયુએ ઉખાડી નાખેલો તે તરૂ પડતા હરિને નહિ સ્પર્શ કરતા તેમની ચોમેર ભૂતળઉપર ખોદી દરખી ઘાલ્યા હોય ને શુ? એવા ઉન્નત ડાળાએ કરીને તેમના સુખાસનનો અવકાશ આપવાપૂર્વક પડયો ત્યારે પોતાનો માયાપ્રયોગ બધોય વ્યર્થ થએલો નિશ્ચય કરીને તે કાળીદત્ત સ્વય કુમાર હરિને પકડીને પ્રહાર કરવા તે પડેલા વૃક્ષની આભ્યતર નિષ્કપપણે સુખેથી બેસી રહેલા તેમને ખેંચી લાવવા હાથ લાબા કરતા તેનો દુરાશય જાણી જતા આ બાળવેષી ભગવાન્ લગાર કોપાકાત દૃષ્ટિથી જોવામાત્રમા એકદમ બહુ બળતુ શરીર જેનુ છે એવોથકો દાહવેગને નહિ સહન કરીને અહીં તહીં અથડાઇને પતગીઓ પાવકમાજ જેમ એમ ભસ્મસાત્ થઇ ગયો અનતર વૃષ્ટિ અનુક્રમે શાત પડી અને એમના બન્ધુઓ સુહૃદો માતાપિતાવિગેરે આપદાથી દૈવે રક્ષા કરેલા બાળને માનતા થકા ઈષ્ટદેવની સ્તુતિ કરી પ્રતિદિન તે કુમાર હરિના રક્ષણમા વ્યાપૃત થયા એમ તેતે સમયે ગૂઢાચાર દુરાત્મા આસુરોએ અકારણ અણધાર્યા આપવા માડેલા અનર્થોને બાળવેષધર ભગવાન્ પોતાના પ્રતાપથીજ વિદૂર કરતા થકા દિને દિને કળાઓથી પુરાતા અમૃતાશુ ચદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યા

પુત્રપ્રેમપરવશ પિતા પુત્રના અમાનુષ ઐશ્વર્યને નહિ જાણતા હોવાથી આસુરવર્ગથકી આત્મજવિષે ભયની આશકા લાવીને પોતાના નિવાસભૂત છપૈયા પુરને ભયસ્થાન નિર્ધારીને, અયોધ્યાનગરને આસુર સચારે રહિત રામચદ્રચરણરજથી પાવન, પવનપુત્ર હનુમાનજીના સાનિધ્યવાળુ નિર્ભય સ્થાન નિશ્ચય કરીને, સપુત્ર સદાર અયોધ્યામા પરવરીને પોતાના પ્રાચીન ગૃહમા નિર્ભય થઈ રહ્યા ત્યારે આ બાળહરિ પાચ વર્ષની અંદરની વયમા વર્તતા હતા તથાપિ વયે કરીને અને વિદ્યાએ કરીને વૃદ્ધોમા પણ સુદુર્લભ એવી સદાચરણશ્રદ્ધા અને પરમાત્મામા પરાભક્તિથી પિતાસાથે સરયુનદીમા સ્નાન કરતા અને ભગવાનના નામામૃતોને અનુસ્મરણ કરતા અને તેતે ભગવન્મદિરોમા ભગવાનના દર્શન કરતાયમ નિયત વ્રતધારી થઈ પિતા સાથે ત્યા સુખેથી રહ્યા એરીતે લલિત કૌમારલીલાઓ

વડે માતતાતને અત્યાનંદ આપતા બાળકૃષ્ણને પૌગંડ અવસ્થા પ્રાપ્ત થઈ છઠા વર્ષમા ધર્મદેવને ઈચ્છારામ નામનો ગુણી પુત્ર પ્રગટ થયો અનંતર આઠમુ વર્ષ બેસતા તાતે બાળકૃષ્ણને ઉપનીતસંસ્કાર યથાવિધિ કરાવ્યો અને વર્ણિધર્મમા રહેના કુશાગ્રબુદ્ધિ તેમને સાંગ વેદો ભણાવ્યા અને ગુરુથકી પ્રાપ્ત થએલી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો અને પ્રસંગ આવતા પોતાને બ્રહ્મવિદ્યા આપનારા ગુરુવર રામાનંદસ્વામીનુ ચરિત્ર, તેમની સૌરાષ્ટ્ર દેશમા સ્થિતિ, સંપ્રદાયની ઉચ્ચ રીતિ વિગેરે સંક્ષેપમા જણાવી દીધી

એરીતે દિનેદિને જેમને ધર્મશ્રદ્ધા વધતી જાય છે, ધર્મરક્ષણમાટે પ્રાદુર્ભૂત થએલા સ્વેચ્છાથી માનુષાકાર સ્વીકારી રહેલા ભગવાનને પ્રતિદિન તપશ્ચર્યામા સમધિક રૂચિ અને તેને અનુગુણ વનવિચરણમા સમુત્સુકતા વૃદ્ધિ પામતી ગઈ તથાપિ માતતાતની શુશ્રૂષામા વર્તતા પરમાદરે એમને ગૃહમાજ રોકી રાખ્યા ઘરમા પણ વનમાજ જેમ એમ નિર્લેપ રહેલા તપ પરાયણ હરિકૃષ્ણવર્ણી માત પિતાની પરિચર્યાપરાયણ થઈ રહ્યા અનંતર કેટલાક માસો પુત્રોત્સવથી વ્યતીત થતા તે આ ભગવાનના જનયિત્રી ભક્તિદેવી જ્વરાર્ત હોઇને શિથિલકરણવાળા

ત્યારે આ સર્વજ્ઞ ભગવાન્ જનનીનો

સ્વસ્વરૂપ પરમ કૃપાથી જનનીના

યોગી વિજ્ઞાનનો ઉપદેશ કરીને તે

આ માતાને અપુનરાવૃત્તિ અક્ષર પરમપદ પહોચાડ્યા અનંતર કેટલાક માસો જતા જેમનો નિર્યાણસમય સમીપમા આવ્યો છે એવા પિતા ધર્મદેવ પણ પુત્ર રૂપ શ્રીહરિકૃષ્ણનુ યથાવસ્થિત દિવ્યસ્વરૂપવિજ્ઞાન પામીને તેમના પ્રસાદથી તેજ અપુનરાવૃત્તિ પરમાનંદમય પરાત્પર પદને પામી ગયા

એરીતે પૂજ્યતમ માતતાતની ઉત્તરક્રિયાપર્યંતની પરિચર્યા પરિપૂર્ણ થતા, પોતાના પ્રાદુર્ભાવનુ પરમ પ્રયોજન સંપાદન કરવા અને બહુ કાળથી વર્તતા વન વિચરણસંકલ્પને સંપૂર્ણ કરવા બન્ધુજનો ન જાણે એમ સંવત્ ૧૮૪૯ ના આષાઢ માસના શુક્લપક્ષની દશમી તિથિએ શુક્રવારે ઉષ કાળમા ઉઠીને નિત્યસ્નાનના મિષથી ઘરથકી નીકળી સરયુસરિતાને ઉતરીને હિમાલયથી સમલંકૃત ઉત્તર દિશાભિમુખ ચાલી નીકળ્યા આ સમયે વર્ણીવર્યની અગીયાર વર્ષ ત્રણ માસ અને એક દિવસની કિશોર વય વર્તતી હતી હાથમા પાલાશનો દંડ, કટિમા મુંજની મેખળા મૃગચર્મ આદિક બ્રહ્મચર્યાશ્રમના ચિહ્નોને ધારી રહ્યા હતા ખભા ઉપર અદ્વિતીય ઉપવીત ધારી રહ્યા હતા બહિર્વાસે સહિત કૌપીન પહેરી રહ્યા

હતા કંઠમા બેવડી સૂક્ષ્મ તુલસીકંઠી ધારી રહ્યા હતા લલાટમા કુંકુમચંદ્રે સહિત ગોપીચંદનથી કરેલા ઊર્ધ્વપુંડ્ર ને ધારી રહ્યા હતા મસ્તકે નાની લઘુજટાને ધારી રહ્યા હતા કરકમળમા તુલસીની જપમાળા ભિક્ષાપાત્ર કમંડળુ અને જળ ગાળવાના વસ્ત્રખંડને ધારી રહ્યા હતા પૂજ્ય શાળગ્રામ તથા બાળમુકુંદને નાના કંડીયામા પધરાવી રૂમાલથી બાંધીને ગળામા ધારી રહ્યા હતા ચાર સારના સ્વયં લખેલા ગુટકાને વસ્ત્રથી બાંધીને ખભા ઉપર ધારી રહ્યા હતા આવા દિવ્ય વર્ણિવેષથી વિરાજમાન હતા ઉત્તરાભિમુખે ચાલતા અહીં તહીં વનશોભાને પણ નહિ જોતા થકા એકાગ્ર દૃષ્ટિથી વનથકી વનમા જતા તેતે સમયે સંધ્યાદિ સ્વક ર્મને સમ ચરતા કંદ મૂળ ફળાદિકથી દેહનિર્વાહને કરતા નેમજન્ય ભયશંકાથી પાછળ અદૃશ્ય રૂપથી આવતા હનુમાનજીએ સહાય કરેલા ભગવાન કેટલેક દિવસે શ્યામ હિમાલયની તળેટીને પામ્યા તે તળેટીમા સંચરતા કેટલેક દિવસે વિવિધ વૃક્ષવ થી વ્યાપ્ત સિંહ વ્યાઘ્ર વરાહ વિગેરે ભયાન મૃગગણોએ અભિવ્યાપ્ત સેંકડો નદ નદીઓ સરોવરોએ સયુક્ત એક મહા અરણ્યમા નિર્ભયપણે નહિ સ્પષ્ટ જણાતા એવા માર્ગથી પ્રવેશ કર્યો એક દિવસે રસ્તો વિસ્મૃત થતા પુન હાશ્રમની દિશા બાંધીને હિંડતા ત્રણ દિવસસુધી ફળ જળ નહિ મળવાથી શિથિલ થએલુ શરીર પડી જતા મુહૂર્તપર્યંત પડી રહીને ધીમેથી ઉઠીને આગળ ચાલતા હિમગિરિમાથી નીકળતી એક નદીને પામીને નિત્યવિધિ કરી જળપાન કરી શાંતિ પામ્યા પછી તે નદીના તટઉપર રહેલા એક વડવૃક્ષતળે નિવાસ કર્યો ત્યા રહીને ભગવાન્ સર્વ ઇન્દ્રિયોને સંયમીને આ મધ્યાનમા એકાગ્ર ચિત્તવાળા થઈ ગયા ત્યારે મ ધરાત્રિએ પુરૂષમાંસમા લોલુભ ભુત પ્રેત પિશાચાદિગણ્ થી વિંટા એલો ભયંકર ત્રિશૂળ ધારી રહેલો એક ભૈરવ ભગવાનના મહિમાને નહિ જાણતો હોવાથી એકદમ તેમને ભક્ષણ કરવા સન્મુખ દોડી આવ્યો પરંતુ અદૃશ્ય રૂપથી રહેલા પવનપુત્ર હનુમાનજીએ પાદતળાદિવડે બહુ પ્રહાર કરતા મૃતપ્રાય થઇને તે પ્રદેશથકી પલાયન કરી ગયો પછી પ્રભાત થતા ત્યા વહેતી નદીમા સ્નાન કરી નિત્યકર્મ કરીને ત્યાથી આગળ ચાલતા ચોમેર પ્રસરેલા પર્વતોને લીધે તેથી આગળ ગતિ રોકાઈ જતા ગિરિશિખરમા રહેતા કોઈ દેવપુરૂષે માર્ગ બતાવતા ગિરિગુહા માથી નીકળતી નદીને અભિમુખ ચાલીને પૂર આવવાના માર્ગથીજ ચાલતા આત્રેયી ગંગાને વ્યતિક્રમ કરીને આગળ હિંડતા શ્વેતહિમાચળની તળેટીને પામ્યા

ત્યાથી આગળ હિંડતા અનેક દુર્ગમ સ્થાનોને અતિક્રમ કરતા થકા નગરાજની વિચિત્ર શોભાને વિલોકતા થકા જ્યા રાત્રિ પડે ત્યા રહેતા થકા અને કંદ મૂળ ફળથી દેહયાત્રાને યથાકથંચિત્ કરતા થકા ચાલતા કેટલેક દિવસે પરમ પાવન

પુલહાશ્રમને પામ્યા ત્યા મહાનદી ગંડકી અને તેના તટમા મુક્તનાથ ભગવાનનુ સ્થાન અને પૂર્વે તીવ્ર તપમા પ્રવર્તેલા ઋષભદેવપુત્ર ભરતજીનો આશ્રમ જોયો 'આ સમુચિત તપનુ સ્થાન છે' એમ નિશ્ચય કરીને પરિમિત ફળ કે મૂળ કે પર્ણથી દેહયાત્રાને કરતા થકા એક પગે ઉભા રહી ઉર્ધ્વ બાહુ રાખીને સૂર્યાભિમુખ થઈ ગાયત્રીને જપતાથકા સૂર્યનારાયણનુ એકાગ્ર મનથી ધ્યાન કરવાપૂર્વક તીવ્ર તપ પરાયણ થયા ત્યારે તીવ્ર તપશ્ચર્યાથી તે આ ભગવાનને 'આ નીલકંઠ છે એમજ ત્યાના મહર્ષિઓ માનવા લાગ્યા તેથી નીલકંઠ એવા નામથીજ તેમનો વ્યવહાર થયો અનતર ઉગ્ર તપથી પ્રસન્ન થએલા સૂર્યે સાક્ષાત્ દર્શન આપી 'યથેષ્ટ વર માગો' એમ કહેતા અકામ આત્મારામ ભગવાને કાઈ પણ માગ્યુ નહિ પણ 'જ્યારે હુ સભારુ ત્યારે સન્નિધિ આપવી' આટલો પ્રીતિસૂચક વર માગ્યો પછી તપની સમાપ્તિ કરી ત્યાથી વનાતરમા વિચરતા વિચરતા આગળ બુટોલપત્તનને પામ્યા ત્યાના પરમધાર્મિક મહાદત્ત નામના રાજાએ અને તેની મેયા નામની ભગિનીએ રાજભવનમા રાખીને પરિચર્યા કરેલા નીલકંઠ વર્ણી પ્રસન્ન થઈ સ્વસ્વરૂપનુ વિજ્ઞાન આપી ત્યાથી તપ.પ્રિય હોવાથી ગહન વનમાજ સચર્યા. આગળ પરવરતા કોઈ દર્શનીય વટવૃક્ષતળે બેઠેલા તપસ્વી સમાધિનિષ્ઠ યોગિરાજ જોવામા આવતા આ યોગિજનપ્રિય નીલકંઠભગવાન્ તેમની સમીપે ગયા અનતર તે યોગીન્દ્ર સમાધિથકી ઉઠતા પોતાપાસે આવેલા, પ્રશાત આકૃતિથીજ જેમનો દિવ્ય અનુભાવ લક્ષમા આવતો છે એવા વર્ણિભગવાનને નિહાળીને પરમાનદ જેમને પ્રકટ્યો છે એવાથકા 'અહીં મારી પાસે કેટલોક કાળ વસો' એમ અત્યાદરથી બોલ્યા પછી ભગવાન પણ તેમના મનોરથને અનુસારે ત્યા રહીને તેમણે ઉત્કંઠાથી ઉપદેશેલા યોગમાર્ગોને પ્રથમથી જાણ્યાજ હોય એમ સ્વલ્પ સમયમા યથાસ્થિત જાણીને નિષ્પન્નસમાધિવાળાઓ અને ઉપદેશક યોગિરાજને પણ વિસ્મય કરનારા થયા તે ગોપાળનામના યોગિવર પણ તેતે સમગ્ર વર્ણિવરના અતિશય આશ્ચર્યકારી અમાનુષ તેજોવિશેષને જાણીને 'આ અપ્રાકૃત પુરુષતો નથી કિંતુ લોકાનુગ્રહાર્થે પ્રાદુર્ભવેલા ભગવાન્ પુરુષોત્તન શ્રીકૃષ્ણજ છે' એમ નિશ્ચય કરી રહ્યા અનતર કેટલાક માસ પછી યોગિરાજ સ્થૂળ કલેવરનો ત્યાગ કરી વર્ણિરાજના પ્રસાદથી ગુણમય બધનથકી વિમુક્ત થઈ અક્ષર પરમ ધામને પામ્યા

તે પછી તે આ ભગવાન્ ધરામા ધર્મને પ્રતિષ્ઠાપન કરવા અને અધર્મને ઉન્મૂલન કરવા અરણ્યસચરણથકી નિવૃત્ત થઈ તીર્થયાત્રાવ્યાજથી પૂર્વાભિમુખ થાવતા કેટલેક દિવસે આદિવારાહ તીર્થને પામ્યા. ત્યાથી આગળ અટન કરતા થકા

પરિવારના પોષણમા પ્રવર્તતા રાજાએ આપેલા દુષ્પ્રતિગ્રહના પરિગ્રહણથી તત્ક્ષણ શ્યામવર્ણવાળો થઇ જતા, મનમા બહુ દુ ખી થઈ ભગવાનનો મહિમા સાભળી તેમના ચરણના શરણને પામતા તેની દુર્દશા દેખીને દયાનિધિ ભગવાને સમનુગ્રહ કરતા યથાપૂર્વ સ્વસ્થિતિ પામીને શ્રીહરિનુ શરણ સ્વીકારી સ્વદેશ ગયો ચાતુ ર્માસ્ય વીતિ જતા તીર્થયાત્રામા પ્રવર્તેલા ભગવાન્ સીરપુરથકી નીકળી માર્ગમા ધમાક્ષી દેવીના સમીપમા આવેલા કોઈ ગામમા આવતા ત્યા તેમને કોઈ એક પિબેક નામનો વિપ્ર શાક્તસકેતમા નિષ્ઠાવાળો, મહાકાલીઉપાસક, ભૈરવાદિકના મત્રોને સાધી રહેલો, મદ્યમાસાદિ ઉપહારવડે વિવિધ તામસ ક્ષુદ્રદેવગણોને સાધી રહેલો મળ્યો આ પિબેક બાળયોગી અતિપ્રૌઢાકૃતિ નહિ પરાભવ થાય એવા વર્ણિવરને વિલોકતા તેમનો પ્રભાવ નહિ જાણતો હોવાથી વિવિધમત્રતત્રાદિ દુરુપાયોવડે તેમનો પરાભવ કરવા પ્રવર્તતા વિફળપ્રયત્ન થઇ હરિને હણવામાટે ભૈરવાદિકને મોકલવા મડયો તેની પ્રેરણાથી ભગવાનને અભિમુખ દોડી આવતા દૂરથીજ ભગવાનના પ્રતાપથી પરાસ્ત થતા અસ્થાનમા પ્રેરવાથી પ્રકોપ પામેલા તેઓએ સ્વય મારવા માડેલો પિબેક બીજી કોઈ ગતિ નહિ મળવાથી અતે થાકીને પ્રાણભયથકી પોતાની પરિરક્ષા કરવા તેજ ભગવાનના શરણને પામ્યો પછી કૃપાસાગર ભગવાને રક્ષા કરતા સદુપદેશથી અધર્મમાર્ગનો પરિત્યાગ કરી ધર્મૈકપરાયણ થયો

તદનતર ત્યાથી ચાલી નિકળતા નવલખા નામના ગિરિવર ઉપર ચઢીને ત્યા તપશ્ચર્યાતત્પર નવલાખ સિદ્ધયોગિઓને ભાળીને તેમણે નમસ્કાર સ્તુતિ કર્યા થકા તેમને પોતાનુ દિવ્ય સ્વરૂપ પ્રદર્શાવી કૃતાર્થ કરી ત્યા ત્રણ દિવસ રહીને, ત્યાથી ઉતરીને વડવાકુડ તીર્થને પામી ત્યા પણ ત્રણ દિવસ રહીને ત્યાથી અગ્નિકોણ અભિમુખ હિડતા આગળ આવેલા ગગાસાગરસગમમા સ્નાન કરી ત્યા ત્રણ દિવસ રહીને, દક્ષિણાભિમુખ ચાલતા ચારે બાજુ સમુદ્રથી વીંટાએલા કપિલાશ્રમને પામ્યા ત્યા સાખ્યાચાર્ય કપિલમુનિના દર્શન પૂજન કરતા થકા એક માસ રહીને ત્યાથી નીકળીને જગન્નાથપુરને પામ્યા ત્યા પતિતપાવન અર્ચાવતાર જગન્નાથજીના દર્શનથી પરમાનદ પામી, ઇન્દ્રદ્યુમ્ન સરોવરને સમીપે નિવાસ રાખી પોતાના ચરણસમીપે આવતા દૈવી જનોને સદુપદેશ આપતા થકા કેટલાક દિવસ રહ્યા આ અવસરમા નીલકઠવર્ણિનો પ્રતિદિન પ્રવૃદ્ધિ પામતો, સમસ્ત સજ્જનસેવનીય, પ્રતાપપ્રકર્ષ અસૂયાવશાત્ નહિ સહન કરી શકતા, ત્યા સાધુવેષથી આચાર્યઆડબરથી સિદ્ધસજ્ઞાથી તપસ્વીદભથી વર્તતા, પરધનપર દારાહરણાદિ દુરાચારપરાયણ આસુર જનો તે આ હરિકૃષ્ણને હણવામાટે વિવિધ

ઉપાયો અભિચારાદિકને કરતાં પણ જ્યારે નિષ્ફળ પ્રયત્નવાળા થયા ત્યારે અંતે બધા ભેગા થઈ શસ્ત્રોવડે પ્રહારમાં પ્રવર્તતા ભગવાનના દિવ્ય તેજથી એક સાથે વિનષ્ટ સ્મૃતિ થતા પરસ્પર પોતાનાનેજ વૈરિપણે જોતાથકા પરસ્પર વિવિધ શસ્ત્રોવડે પ્રહાર કરીને અનુક્રમે યમરાજાના ભવનના અતિથિ થઈ ગયા એરીતે જગન્નાથ પુરીને પ્રશાન્ત આસુર સર્ગવાળી અને પ્રવૃદ્ધ સાત્વિક જનસમાજવાળી કરતા થકા દશમાસ રહીને ત્યાંથી દક્ષિણ દિગભિમુખ ચાલ્યા

અનંતર સેતુબંધ નામથી પ્રસિદ્ધ તીર્થપ્રતિ સીધાવતાં માર્ગમાં આદિકૂર્મક્ષેત્રને પામીને ત્યાંથી આગળ ચાલતા આવેલા કોઈ ગહન વનમાં સચરતાં માર્ગવશાત્ આવેલા માનસપત્તનમાં પ્રવેશ કરી ત્યાં સત્ધર્મા નામના ધાર્મિક રાજાએ પ્રાર્થના કરતા એક વેદી ઉપર રહેતા રાત્રિએ પાષાણપ્રક્ષેપાદિ અભિદ્રોહમાં પ્રવર્તેલા આસુરવર્ગને ભક્ત રાજાદ્વારા વિનાશ કરાવી તે રાજાની સેવા સ્વીકારી ત્યાંથી વેંકટાદ્રિ પધાર્યા. ત્યાં ભગવાન્ શ્રીનિવાસના દર્શન કરી ત્યાંથી શિવકાંચી વિષ્ણુકાંચીને પામી શિવ વિષ્ણુનાં દર્શન કરી ત્યાંથી દિવ્ય શ્રીરંગક્ષેત્રને પામ્યા ત્યાં કાવેરીતીરે કોઈ ઉપવનમાં નિવાસ કરી અનુદિન નદીમાં સ્નાન કરતાથકા અને લક્ષ્મીના રાયણની સેવા કરતાથકા સાત્વિકોને સદ્ધર્મનો ઉપદેશ આપતા થકા બે માસ રહીને, ત્યાંથી નીકળી સેતુબંધને પામી ત્યાં સમુદ્રસ્નાન તથા રામેશ્વરના દર્શન કરતાથકા બે માસ રહીને ત્યાંથી સુંદરરાજ વિષ્ણુને પામ્યા

ત્યાંથી ભૂતપુરી પ્રતિ પ્રયાણ કરતા આવેલા કોઈ વિકટ મહાવનમાં વિચરતાં પાંચ દિવસ સુધી અન્ન જળ નહિ મળતા પાંચમે દિવસે સાયં સમયે આવેલા કોઈ સરોવરમાં સ્નાનાદિ કરી ત્યાં ત્યાંથી ચાર આણુવાફળી લાવી તેને શેકી વિષ્ણુનૈવેદ્ય કરી પ્રસાદી જમ્યા તે સરોવર થકી આગળ ચાલતા છઠે દિવસે મધ્યાહ્ને એક કુવાને પામીને કમંડળાવડે જળ કાઢી સ્નાનાદિ નિત્યકર્મ કરી કોઈ વટવૃક્ષની તળે બેસી વિષ્ણુની પૂજા કરવાની આરંભી આ અવસરે આકાશમાર્ગમાં ભવાની સાથે સંચરતા ભવે તે આ વર્ણિવરને જોયા 'તપથી કૃશ છે છતા કાયકાંતિથી સમગ્ર વનવિભાગને પ્રકાશમય કરી દેતા, અતિ ગંભીર આકૃતિથી જેમનો દિવ્ય પ્રભાવવિશેષ લક્ષમાં આવતો છે એવા ગૂઢલિંગ કોઈ પણ આત્મારામ મહાપુરૂષ છે' એમ આશંકીને તેમના સ્વરૂપને તત્વથી નિશ્ચય કરવા ગગનતળથકી અવતરીને ભવાની સાથે ભવ પ્રચ્છન્નપણે વર્ણિકૃત વિષ્ણુપૂજાના ક્રમને જોવા લાગ્યા આ વર્ણીન્દ્રે પ્રથમ વિષ્ણુને સ્નાનપાત્રમાં પધરાવી કમંડળાવડે કુવાથકી કાઢેલા જળથી અભિષેક કર્યો સ્નાનજળધારા તો અભિષેક કરાતા શાલગ્રામમાંજ વિલીન થઈ ગઈ.

તેથકી બહાર નીકળીજ નહિ પછી બાળયોગી હરિ દુર્ગમ વનભ્રમણથી તૃષાતુર થઇ ગયા હશે કે શું ? એમ વિષ્ણુને અવધારીને ફરીફરી કુવાથકી કાઢી કાઢીને જળનો અભિષેક કરવા લાગ્યા અનંતર સાળગ્રામસ્વરૂપી તે ભગવાન્ સેવક વર્ણિનો જળાહરણપરિશ્રમ અવલોકીને પ્રસન્ન થઈ અભિષેકજળને સ્વાંગસંગ માત્રથી પાવન કરતા થકા તેને નહિ વિલય પમાડીને ચોમેર પ્રસરતી ધારાવાળુ કરી દીધુ પછી વિષ્ણુની સ્નાનસપર્યા પરિસમાપ્ત કરી ભોજ્યોપચાર સંપાદન માટે સમુચિત ભોજ્યવિશેષ અહીં તહીં શોધવા લાગ્યા આ સમયે સદર્શન સંતાપના અવસરની રાહ જોઈ રહેલા શિવે શિવાને કહ્યુ કે—આ વર્ણિને કાંઈ પણ અન્ન આપો એટલે તે પાર્વતીએ વૃદ્ધ તાપસીવેષે સન્નિધિમા આવીને સાથવો આપ્યો તેને જળમિશ્રિત કરી વિષ્ણુને વિનિવેદન કરી તે પ્રસાદ પોતે જમ્યા તે પછી માર્ગપરિશ્રમે રહિત થઈ સુખેથી બેઠેલા નીલકંઠવર્ણી પાસે તે પાર્વતીપરમેશ્વર વૃદ્ધ તાપસવેષથી સ્વસ્વરૂપને સમાચ્છાદન કરીને આવ્યા તે પછી વર્ણિએ તે બન્નેનુ અતિ અદ્ભુત અમાનુષ તેજ જોઈ પુછ્યુ કે—તમે કોણ છો ? માનુષાકારથી સ્વસ્વરૂપને ઢાંકી રહેલા કોઈ દેવપ્રવર છો એમ હુ માનુ છું પછી પોતાનુ નામ પ્રકાશ કરતાથકા શિવ શિવા સાથે માનુષાકારને ત્યાગ કરી પોતાનાજ અસાધારણ, સમસ્તમુનિજનસેવનીય સદાશિવ રૂપથી નયનમાર્ગમા પ્રાદુર્ભવ્યા પછી ભગવાને શિવશિવાની સ્તુતિ કરી તેથી પ્રસન્ન થએલા મહેશ્વર 'ધર્મોદ્ધારણ માટે પૃથ્વીઉપર પ્રકટ થએલા પરાત્પર આપના મહિમાને અમે પણ જાણવા સમર્થ નથી, તો બીજા મુનિઓ ક્યાથીજ જાણે તમારાથી કળિમા ધર્મની સુરક્ષા થશે' એમ કહીને ઉમાસાથે ત્યાંજ અન્તર્ધાન થઇ ગયા તે પછી ભગવાન્ તે મહાપ્ભર સ્થને કેટલેક દિવસે અતિક્રમ કરીને ભૂતપુરીને પામ્યા ત્યા શ્રીરામાનુજાચાર્યના દર્શન કરી ત્યાથી કન્યાકુમારી ક્ષેત્રને પામી ગૌરીના દર્શન કરી, પદ્મનાભ જનાર્દન આદિકેશવ ક્ષેત્રોને અનુક્રમે પામી ત્યા ત્યા વિરાજમાન પદ્મનાભાદિ ભગવત્પ્રતિબિંબોને પ્રણામ કરી, ચંદનાદિ વિવિધ વૃક્ષવૃંદથી વ્યાપ્ત મલયાદ્રિને પામીને ત્યા સાક્ષિગોપાળના દર્શન કરી ત્યાથી ઉત્તરદિશાભિમુખ પ્રયાણ કરતા ચંદ્રભાગા નદીતીરે આવેલા પંઢરપુરમા વિરાજમાન ભક્તજનવત્સળ અર્ચાવતાર ભગવાન શ્રીવિઠ્ઠલજીના દર્શન પુજન કરતા થકા બે માસ રહીને, દંડકારણ્યમા આવી તેની પ્રદક્ષિણા કરી ગોદાવરી પાસે પંચવટીને પામી ગોદાવરીમા સ્નાન કરી, નાસિકપુરને પામી ત્યાથી ત્ર્યંબકક્ષેત્રને પામી ત્ર્યંબકનાથ મહાદેવના દર્શન કરી, ત્યાથી તેજ ઉત્તરદિશાએ ચાલતા તાપીને પામી તે મહાપુણ્યનદીમા સ્નાન કરી, ત્યાથી આગળ ચાલતા મહાનદી નર્મદામા સ્નાન કરી, તેના પાવન તીરમા

વિચરી ઉતરીને ત્યાથી સાભ્રમની નદીને ઉલ્લઘન કરી, ભાલદેશમા પ્રસિદ્ધ ભીમનાથ મહાદેવને નમસ્કાર કરી, ગોપનાથ મહાદેવને પામીને પચતીર્થીને આનાદિકથી તીર્થરૂપ કરતા કરતા માગરોળ પત્તનને પામ્યા

એ રીતે નીલકઠવર્ણીને ઘરથકી નીકળી વનવિહરણ કરી માગરોળબદરને પામતા સાત વર્ષ એક માસ અનીધાર વાસરો વીતિ ગયા ત્યા ત્યા તપશ્ચર્યા તીર્થયાત્રાના મિષથી વિચરતા સદુપદેશથી બહુ જનોને સમુજ્જ્વલિત કર્યાં હતા ત્યા ત્યા અભિવૃદ્ધિ પામેલા અધર્મનો વિનાશ કરવાપૂર્વક ધર્મની અભિવૃદ્ધિ કરી હતી અનેક તીર્થોની તીર્થતાનો પુનરુદ્ધાર કર્યો હતો દેવક્ષેત્રો સાત્વિકજન સમાજના સમુદાયવાળો વિશેષત કર્યો હતો. આ સમયે વર્ણિવરનુ વપુ તીવ્ર તપથી કૃશ છે છતા અનન્યસામાન્ય દિવ્ય તેજથી અતિશય શોભતુ હતુ સ્વય જ્યોતિઓના જ્યોતિષ હોવાથી એમા કાઇ કહેવાનુજ નથી. તે પછી નીલકઠવર્ણી માગરોળપત્તનથી નીકળી સવત્ ૧૮૫૬ શ્રાવણ માસના કૃષ્ણપક્ષની ષષ્ઠી તિથિએ સગવ સમયે લોજપુર પધાર્યા

લોજપુરે પધારેલા નીલકઠવર્ણી નગરમા નહિ પ્રવેશ કરતા તેથકી બહાર વર્તતા કોઈ ઉપવનમા વાવ્યના કાઠા ઉપર બેસીને બાહ્ય સમગ્ર ઇન્દ્રિયોને નિયમીને આભ્યન્તર કરણ મનને હૃદયગુહામા વિરાજમાન પરસ્વરૂપમા જોડી દઇને ધ્યાન પરાયણ થયા આ અવસરે સાનુવર્ય સુખાનદનામના મુનિ માધ્યાહ્નિક સ્નાન કરવા તે પ્રદેશમા આવ્યા વાવ્યમા સ્નાન કરી તેના કાઠામા વર્તતા, અમાનુષ તેજ પુજથી વિટાએલા, જોગ ઊશ વર્ષની વયમા વર્તતા, અદૃષ્ટપૂર્વ પ્રભાવશાળી સમાધિનિષ્ઠ વર્ણીન્દ્રને નિહાળીને આશ્ચર્યાવિષ્ટ થઇ સંભાષણના અવસરની રાહ જોતા થમ મુહૂર્ત ત્યાજ ઉભા રહ્યા સમાધિથકી ઉઠેલા ભગવાનની સન્નિધિમા જઇ પ્રણામ કરી વિનય વિસ્મયાવિષ્ટ ચિત્તથી સુખાનદ સાધુ પુછવા લાગ્યા કે– તમે કોણ છો ? માનુષાકૃતિ અ'પાવસ્થ દેખાઓ છો પર તમારી કલેવરકાતિ અમાનુષતાને કહેછે મૂર્તિમાન્ તપ પ્રભાવવિશેષ હોય એમ જણાઓ છો અને નિષ્પન્ન અષ્ટાગયોગશાસ્ત્રી ભાસો છે એ રીતે પુછેલા ભગવાન્ બોલ્યા કે કોઈપણ ભાગ્યયોગને લીધે કોસળદેશમા કોઈ વિપ્રવરના ગૃહમા જન્મ પામી સ્વભાવસિદ્ધ વૈરાગ્યવેગથી ગૃહનો ત્યાગ કરી વનમા તપશ્ચર્યાથી કેટલોક કાળ કાઢયા પછી તીર્થયાત્રામા પ્રવર્તતા તેતે તીર્થક્ષેત્રાદિકમા યથારૂચિ રહેતો રહેતો માર્ગવશાત્ આ પ્રદેશમા આવ્યો હુ તમારા દર્શનમાત્રથીજ મારૂ મન તમારે વિષે સ્નેહ પામે છે તમે સત્વૈકનિધિ જણાઓછો તો હુ તમને યથાસ્થિત જાણવા

ઇચ્છુ છું એ રીતે વર્ણીન્દ્રે પુછેલા સુખાનંદ બોલ્યા કે-અમારા ગુરૂ રામાનંદ નામથી વિખ્યાત છે આ સૌરાષ્ટ્ર દેશને પવિત્ર કરતા, પારમૈકાંતિક ધર્મ અને કૃષ્ણભક્તિને અહીં વધારતા, જેમને તેમનો મહિમા જાણનારા જનો 'આ સાક્ષાત્ ઉદ્ધવજી અહીં ભૂતળમાં પ્રકટ થયા છે,' એમ કહે છે, તેમના ચરણાશ્રિતોમાં હું એક છું બીજા બહુ સાધુવરો સમસ્ત એષણાનો ત્યાગ કરી શ્રીકૃષ્ણનાજ એક શરણને પામેલા તેમના ચરણાશ્રિત ત્યાં ત્યાં તેમની આજ્ઞાથી ધર્મમાર્ગના સંરક્ષણ માટે સંચરે છે અમે કેટલાક તેમની આજ્ઞાથી અહીં વર્તીએ છીએ અમારામાં પ્રમુખ, અષ્ટાંગયોગસંસિદ્ધ, જ્ઞાનવૈરાગ્યભક્તિનિધિ, તમારા જેવા સાધુશ્રેષ્ઠના સમાગમની લાલસાવાળા મુક્તાનંદ નામના અહીં વર્તે છે જો તમારે કાંઈ પણ ઉપરોધ ન હોય તો મારી સાથે આવો, જેથી પરસ્પર સમાગમલાભ લેવાય એ રીતે કહેવા નીલકંઠવર્ણી ગ્રામનગર પ્રવેશ થકી વિમુખ છે તથાપિ સાધુ સંગમલિપ્સાથી સુખાનંદ સંત સાથે તેમના આશ્રમમાં ગયા મુક્તાનંદમુનિ તેજનો પુંજરૂપ થએલો રાશિ હોય ને શું? તપનો મૂર્તિમાન્ સમુચ્ચય હોય ને શું? એમ વર્તતા, કૃશશરીર, અદ્ભુતઆકૃતિપ્રભાવશાળી, સુખાનંદ સાથે આવેલા બાળબ્રહ્મચારીને અવલોકીને, સામા ઉઠી અભિનંદનપૂર્વક નિજાશ્રમમાં પ્રવેશ કરાવી કુશળપ્રશ્નપૂર્વક એમનું આતિથ્ય કરી, સમય મળતાં વિજનમાં તેમની સાથે તત્વ વિચારાદિવડે તેમનો જ્ઞાનાતિશય જાણીને તથા ક્રમથી તેમની યોગસિદ્ધિ જાણીને, 'શ્રીસ્વામિચરણની સંનિધિમાં આમનું જે સંનિધાન તે ઔદ્ધવસંપ્રદાયના શ્રેયનું મૂળ છે' એમ વિનિશ્ચય કરીને, શ્રીસ્વામિને સમાધિમાં થતો શ્રીકૃષ્ણસાક્ષાત્કાર અને બીજો તેમનો પ્રભાવવિશેષ તેમને નિવેદન કરીને વિરામ પામ્યા પછી શ્રીહરિકૃષ્ણ મુક્તાનંદમુનિમુખથી શ્રીસ્વામિનો મહિમા જાણીને, કોઇ અવસરે પિતાએ જણાવેલો નિજગુરૂનો વૈભવ અનુસ્મરીને, 'એજ આ સ્વામી છે' એમ નિશ્ચય કરી તેમના ચરણકમળના દર્શનમાં પોતાનો ઉત્સાહ મુનિને જણાવતા તેમણે તે કાળમાં શ્રીસ્વામિની ભુજનગરમાં ભક્તજનપ્રાર્થનાથી સ્થિતિ અને બે માસને અંતે અહીં આગમન નિવેદન કર્યું પછી નીલકંઠ બ્રહ્મચારી શ્રીસ્વામિની આવવાની વાટ જોતા થકા ત્યાંજ બે માસ રહ્યા રામાનંદસ્વામી બે માસે નહિ આવતા દર્શનાતુર વર્ણી વ્યાકુળ થતા મુક્તાનંદમુનિએ વિજ્ઞપ્તિ લખી મોકલતાં શ્રીસ્વામી તે તે ગામમાં પારમૈકાંતિક ધર્મને સંસ્થાપતા થકા ભક્તિને સંવધારતા થકા ભુજનગરથી પિપળાણા ગામે આવી પહોંચ્યા દૂતમુખથી સ્વામીનું વૃત્તાંત જાણતા તત્કાળ મુનિમંડળ સાથે મુક્તાનંદમુનિ નીલકંઠવર્ણિને સાથે લઈને લોજપુરથી નીકળીને પિપળાણાને સંવત્ ૧૮૫૬ ના જ્યેષ્ઠમાસના કૃષ્ણપક્ષની દ્વાદશીએ

પુર્વાહ્નમા પામ્યા ત્યા કોઈ નરસિંહ નામના બ્રહ્મક્ષેત્રિય બ્રાહ્મણના ઘરમા મદાસ
ભામા ભદ્રાસનમાં વિરાજમાન, છત્ર ચામર વ્યજન વિગેરેને ધરી રહેલા પરિજ
નોએ પરિચર્યા કરાતા, ભક્તવૃંદોએ સમર્ચન કરેલા શ્રીરામાનંદ ગુરૂવરના દર્શન
કરી મુક્તાનંદસ્વામી પરમાનંદવ્યાપ્ત થઈ સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા આ
શ્રીહરિકૃષ્ણવર્ણિએ પણ પરમપ્રેમરસપરિપૂર્ણ નેત્રથી દર્શન કરી તે સ્વામિને 'આ
સાક્ષાત્ ઉદ્ધવજી રૂપાન્તરથી રહ્યા છે' એમ અવધારીને વળી 'મારા પિતાના ગુરુવર
છે' એમ અનુસ્મરણ કરીને, પરિગ્રહેલા માનુષભાવને અનુરૂપ સાષ્ટાંગ પ્રણામ કર્યો
પછી શ્રીસ્વામી પ્રણામ કરતા વર્ણિવરને અદૃષ્ટપૂર્વ પ્રભાવવાળા ને, પ્રેક્ષકોને આશ્ચર્ય
કરનાર દિવ્યરૂપરમણીય જોઇને પરમ વિસ્મયને પામી પોતેજ તેમને પોતાની
પાસે બોલાવી પોતાના આસનસમીપે બેસાર્યા પછી મુક્તાનંદમુનિએ યથાસ્થિત
ઓળખાવેલા તે વર્ણિરાજપ્રતિ રામાનંદસ્વામીએ તેમનો આવાસ દેશ કુળ
અભિજનાદિક અને આગમપ્રયોજન પુછ્યું સ્વામીએ પુછેલા વર્ણિએ પોતાનો
જન્મદેશ કુળ, સ્વસિદ્ધ વિષયવૈરાગ્ય, તપમા અભિરુચિ, બાલ્યમાંજ તપ-
માટે વનવિહરણ, તીર્થયાત્રાપ્રસંગથી મુક્તાનંદસ્વામીનો થએલો સમાગમ,
તેમના મુખથી શ્રીસ્વામિના મહિમાનું જ્ઞાન ત્યાથી આરંભી શ્રીસ્વામિના ચરણની
સેવામા પોતાને ઉપજેલો ઉત્સાહ વિગેરે સમગ્ર વૃત્તાન્ત યથાર્થ નિવેદન કર્યું
પછી આ પણ એક જણાવ્યું કે-બહુ જનો ત્રિગુણાતીત, દેહત્રયવિલક્ષણ ચેત
ન્યૈકલક્ષણ આત્માને યોગથી સાક્ષાત્ કરીને જરામરણભયે રહિત થઇ પોતાને
કૃતાર્થ માનતા પરમાત્માના સાક્ષાત્કારમા પ્રયતતા નથી, જે આ પરમાત્મા
ક્ષરઅક્ષરથકી વિલક્ષણ પરમાનંદમય પરમ પુરૂષ છે હુ તો આત્મદર્શનમાત્રથી
નહિ તૃપ્તિ પામતા પરમાત્મા પરમપુરૂષના સાક્ષાત્કારની સ્પૃહા રાખતો થકો
તેમનો સાક્ષાત્કાર સંપાદન કરી આપવામા સમર્થ ગુરૂવર તમારા શરણને પામ્યો
છુ આવુ વર્ણિવરનુ વચન સુણીને શ્રીરામાનંદસ્વામી બોલ્યા કે-તમે જે કહો
છો તે સત્ય છે બહુ લોકો આત્મકૈવલ્યના લાભમાત્રથી સુખલાભ માનેછે તેઓ
આનંદમય, સર્ગસ્થિતિલયલીલ, સકળમુમુક્ષુગણસેવનીય, અક્ષરપરમવ્યોમાલય,
પરમપુરૂષના ચરણકમળના સેવારસને નથીજ જાણતા તેના અધિકારીઓ
દુર્લભ છે તમે તેમા પૂર્ણ અધિકારી છો તો કોઇ સમયે તેમનો સાક્ષાત્કાર તમને
કરાવીશ સુખેથી મારી પાસેજ તે સમયની પ્રતીક્ષા કરતાથકા રહો પછી
શ્રીહરિકૃષ્ણ ગુરૂના આદેશને અનુસરીને તે તે સમયે ગુરૂવરની સમુચિત સકળ
સેવાને કરતા થકા મુક્તાનંદાદિકની સાથે તત્વવિચાર કરતા થકા અને કેટલાકને

યોગપ્રક્રિયાનો ઉપદેશ આપતા થકા તે પરમ ગુરુના પ્રસાદસમયની રાહ જોતા થકા ત્યાજ સુખેથી સ્વસ્થ થઈ રહ્યા

અનતર શ્રીરામાનદસ્વામી શ્રીકૃષ્ણદિવ્યસ્વરૂપના સદર્શનની લાલસાવાળા તે શ્રીહરિકૃષ્ણનો મનોરથ પરિપૂરણ કરવા પૂજાસમયે પૂજોપકરણસપાદન કરવાના કામમા શ્રીહરિકૃષ્ણને નિયોજતા તેપણ આજ્ઞાનુસારે પૂજાસમયે શ્રીસ્વામિની સન્નિધિમાજ રહીને પૂજોપકરણ ચદન પુષ્પ ધૂપ દીપાદિકને તે તે અવસરે શ્રીસ્વામિના હસ્તમા આપવા તત્પર થયા અનતર કોઈ દિવસે શ્રીસ્વામી સ્વય સમર્પણ કરેલા ચદન પુષ્પાદિ પૂજાપદાર્થોને શ્રીસ્વામિમાત્રદૃશ્ય પોતાનાજ દિવ્ય અદ્ભુત રૂપથી સાક્ષાત્ સન્નિધિ આપીને સ્વીકાર કરતા, પરમાકાશવાસ પરાત્પર શ્રીકૃષ્ણ પરમાત્માને તે પૂજોપકરણસપાદનપરાયણ શ્રીહરિકૃષ્ણના લોચનગોચર કરાવતા, તે પોતે અદ્ભુત દિવ્યસ્વરૂપને ધારી રહેલા, અપરિમિત દિવ્ય વિભૂષણોને ધારી રહેલા, પીતાબરને ધારી રહેલા તે શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરીને વચનને અગોચર કોઈ પણ પરમાનદને પામ્યા

અનતર પોતાથકી કૃષ્ણદીક્ષાગ્રહણમા અભિરુચિવાળા, સમધિક શ્રદ્ધાવાળા, તે હરિકૃષ્ણને 'આ દીક્ષાનુ ઉત્તમ પાત્ર છે, ઔદ્ધવ સપ્રદાયના સસ્થાપનમા તથા અભિવર્ધનમા સમર્થ છે, આચાર્યપદને પણ અનુગુણ છે' એમ મનમા નિશ્ચય કરીને તે પિપળાણામાજ શુભ દિન સવત્ ૧૮૫૭ ના કાર્તિક શુક્લ એકાદશીએ એમને યથાવિધિ દીક્ષા આપીને, તેના અગ્રભૂત 'સહજાનંદ નારાયણમુનિ' એવા નામો આપ્યા દીક્ષાથી દ્વિગુણ દિવ્ય તેજને પામેલા, જ્ઞાનવૈરાગ્યના એક નિધિ આ નારાયણમુનિમા આ સ્વામિને પ્રીતિરસ પ્રતિદિન પ્રવૃદ્ધિ પામતો ગયો અનતર શ્રીસ્વામી રૈવતાચળની તળેટીમા આવેલા ગ્રામોમા રહેલા ભક્તમડળને આનદિત કરવા સહજાનદસ્વામી સાથે વિચરતા વિચરતા જેતપુરને પામ્યા ત્યાના ઉનડાદિ ભક્તોએ સેવ્યાશ્રમ સભામા મળેલા મુમુક્ષુજનોને સત્કથામૃત રસનુ પાન કરાવતાથકા કેટલાક દિવસો કાઢતા કદાચિત્ પોતે દૃઢ વિચારપર થયા કે—'આ ઔદ્ધવમાર્ગની સુપ્રતિષ્ઠા કરનાર અમારા શિષ્યોમા નારાયણમુનિથકી અન્ય કોઈ પણ નથી અમેપણ વિગલિતવય થઈ ગયા છીએ તો હવે સ્વ પ સમયમાજ અમે જેમા અધિષ્ઠાન અત્યારે કરી રહ્યા છીએ એવા આચાર્યપદમા નારાયણમુનિનેજ સ્થાપવા' એમ અવધારીને સભામા તેમને બોલાવીને પોતાનો શુભાશય તેમની આગળ પ્રકટ કર્યો પછી સહજાનદસ્વામી તે આચાર્યભારવહન પુષ્કળ પ્રવૃત્તિવાળુ હોવાથી પોતાને અનુગુણ નથી એમ અવધારીને તેનો બહુ બહુ

નિષેધ કરવા છતાં પણ પૂજ્ય આચાર્યનો આદેશ અનુલ્લંઘનીય હોવાથી તે પદના સ્વીકારમાં સ્વયં સંમત થયા. પછી શ્રીસ્વામીએ શુભ દિવસ સંવત્ ૧૮૫૮ ના કાર્તિક માસના શુકલપક્ષની એકાદશીએ મહોત્સવ સાથે યથાવિધિ આચાર્યપદમાં અભિષેક કરીને સર્વ આત્મીય જનોપ્રતિ બોલ્યા કે-' આ સહજાનંદસ્વામીજી અનન્યસામાન્ય જ્ઞાનવૈરાગ્યસંપન્ન, અનુપમ તપોવૈભવશાળી, સર્વને વિસ્મય કરનાર દિવ્યચરિત્રવાન્, ધર્મની પરા પ્રતિષ્ઠારૂપ, આચાર્યપદને સર્વથા સમુચિત છે' એમ નિશ્ચય કરીને મેં આચાર્યપદમાં એમને સ્થાપન કર્યા છે. તો અતઃપર તમારે સર્વેએ એમની આજ્ઞાને અનુસારે વર્તવું. તે પછી તે સમસ્ત શ્રીસ્વામિશિષ્યો પણ તે ગુરુવરના આદેશને મસ્તકે ગ્રહણ કરીને શ્રીનારાયણમુનિના આદેશમાર્ગના એકાંતિક અનુયાયી થઈ રહ્યા.

તે પછી રામાનંદસ્વામી પોતાના શિષ્યગણો સાથે જેતપુરથી ફણેણી ગામે આવતાં ત્યાંના ભક્તવૃન્દોએ સમર્થન કર્યાથકા શ્રીસહજાનંદ નારાયણમુનિને આચાર્યપદમાં સ્થાપવાથી પોતાને કૃતકૃત્ય માનીને, પોતાની આયુષનો અવસાન સમય સમીપમાં આવતાં કોઈ વિજન સ્થાનમાં બેસીને, ઇન્દ્રિયોને પ્રાણોમાં સંયમીને તે પ્રાણને આત્મામાં અને આત્માને હૃદયગુહાવાસ પરમાત્મામાં જોડી દઈને યોગધારણાથી શ્વાસ ઉપરામ પામતાં સંવત ૧૮૫૮ ના માર્ગશીર્ષ શુકલ ત્રયોદશીએ આ સ્થૂલ દેહને, સૂક્ષ્મ લિંગ દેહને ત્યાગ કરી અને ગુણમય કારણ શરીરને સમતિક્રમ કરીને તેજ અક્ષર પરમ ધામને સુખેથી પામી ગયા. પછી નારાયણમુનિએ તેમનો વિયોગ નહિ સહન કરી શકતા મુક્તાનંદપ્રમુખ સ્વામિશિષ્યોને તત્સમયસમુચિત જ્ઞાનોપદેશથી સમાશ્વાસના કરી, સ્વયં પણ ધૈર્યને સમવલંબીને શ્રીસ્વામિનું ઔર્ધ્વદૈહિક કર્મ કરી, તેમના ચૌદમાને દિવસે થએલી મહાસભામાં ભેગા મળેલા સાધુઓ વર્ણિઓ અને બીજા બધા ભક્તજનોને શ્રીસ્વામિએ પ્રતિષ્ઠાપેલા ઔદ્ધવ સત્સંપ્રદાયનો ઉત્કર્ષ જણાવીને તેમજ પોતાની સ્વામિના આદેશને અનુસારે તેના સંરક્ષણ તેના અભિવર્ધનમાં પૂર્ણ પ્રવૃત્તિ જણાવીને તે સર્વેને ધર્મપ્રતિષ્ઠાપન માટે સ્વાદેશને અનુસારે સજ્જ થઈ રહેવાનું જણાવીને પછી વિસ્તારથી ધર્મ જ્ઞાન વૈરાગ્યાદિકના સ્વરૂપનો સમુપદેશ કર્યો.

તે પછી નારાયણમુનિ ગુરુના આદેશને અનુસરીને ઔદ્ધવ સત્સંપ્રદાયની સર્વત્ર પ્રવૃત્તિ કરવા અને ચોમેર પ્રવર્તેલા અધર્મના ઉન્મૂળનથી ધર્મને ધરામાં પ્રતિષ્ઠાપન કરવા મુનિમંડળને સાથે લઇને તે ફણેણીથકી નીકળી ધોરાજી બાઉર માણાવદર પિપળાણા અગત્રાઇ અને કાળવાણી ગામમાં અનુક્રમે પધારી ત્યાં યથાભક્તમનોરથ રહી તેમને અમૃતમય ઉપદેશોર્વડે ઉજ્જીવન કરતાથકા

તેમની સેવા સ્વીકારી ત્યાંથી માગરોળપત્તને પધાર્યા. નગરથકી બાહારજ કોઈ પ્રચ્છાયશીતળ મહાતરૂની તળેજ પોતાના નિવાસની અનુકૂળતા માનીને મુનિમંડળ સાથે રહેલા તે નારાયણમુનિને જાણીને તે નગરથકી ગોવર્ધનાદિ બહુ જનો તેમના ચરણકમળના દર્શન કરવા આવતા તેમના દિવ્યાદ્ભુત રૂપના દર્શન કરી અને કર્ણામૃતતુલ્ય મધુર ગંભીર ભાષણ સાંભળી અને વિજ્ઞાનરસભરપૂર સદુપદેશનુ કર્ણપુટથી પાન કરીને તેમની પ્રાર્થના કરવા લાગ્યા કે—કેટલાક દિવસો મુનિમંડળસાથે અમારા નગરમા રહેવાવડે અમારી ઉપર અનુગ્રહ કરો. પછી તેમની પ્રાર્થનાને અનુસરીને ત્યા સ્થિતિ કરી રહ્યા પછી ભગવાને પોતાના વચનામૃતથી ભવપથમા પરિભ્રમતાઓની તૃષાનેજ જેમ એમ પથમા પર્યટતા (વટેમાર્ગુ) ઓની પણ તૃષાપીડાને પ્રશમાવા ગ્રામથકી બહાર પથિકજનસમુદાયને સમુચિત સ્થાનમા નિર્મળ મધુર જળવાળી એક વાવ્ય ખોદાવી. એની યથાવિધિ પ્રતિષ્ઠામા પ્રવર્તતા પૂજાવિધિને કરાવનારા મયારામાદિ બ્રાહ્મણોને પોતાનુ પારમૈશ્વર્ય પ્રદર્શાવા પરમાદ્ભુત ચતુર્ભુજ વિષ્ણુરૂપે દર્શન આપ્યુ તેજ નગરમા કોઈ મેઘજીત નામનો વણિક ભગવાનના ઐશ્વર્યપ્રકર્ષને નહિ સહન કરી શકતો, તેમના ચરણાશ્રિત સાધુજનોના અવમાનમા પ્રવર્તેલો, શ્રીરામાનંદસ્વામિના ચરણપ્રસાદથી યોગબળને પામેલો હતો આ વણિક્ ભગવાનનો દિવ્ય વૈભવ નહિ જાણતો હોવાથી સભામા તેમના ઐશ્વર્યના ખંડન માટે પોતાના યોગૈશ્વર્યને પ્રચાર કરવા પ્રવર્તતા, મણિમય મંગળદીપમા પવનજ જેમ એમ તે નિષ્ફળપ્રચાર થતા, ભગવદ્દૃષ્ટિપાતમાત્રથી સમગ્ર પ્રાણવૃત્તિઓ રોકાઈ જતા નિશ્ચેષ્ટ થઈ સમસ્ત યોગબળ હણાઈ જતા અંતે ભગવાનના પાદપદ્મમા પ્રણામ કરી, લજ્જિત વદનને પામીને પોતાને સ્થાનકે ગયો આવા અનેક અદ્ભુત દિવ્ય ઐશ્વર્યો દેખી સુણીને વિસ્મય પામેલા કેટલાક જૈન ગાણપત્ય સૌર શાક્ત શૈવ વૈષ્ણવ વિગેરે જનો સ્વસ્વમનોરથની સિદ્ધિની ઇચ્છાથી ભગવાનની પરિચર્યામા પ્રવર્તતા તેમનો મનોરથ પરિપૂર્ણ કરવા તેમને અભિમત તેતે તીર્થંકર ગણપતિ સૂર્ય શક્તિ શિવ વિષ્ણુ વિગેરે ઇષ્ટદેવના દિવ્ય રૂપે ભગવાને કૃપાથી કરાવેલી સદ્યસમાધિમા સાક્ષાત્ દર્શન દેતા તેમને સર્વકારણ જાણીને તેમના અનન્ય આશ્રિત થઈ રહ્યા આવા અગણિત ઐશ્વર્યો સાંભળીને તે પુરનો વિવેકી યવન રાજા વજીરદીન પણ પોતાના શાળક સાથે ભગવાનની સન્નિધિમા આવી પ્રાર્થના કરતા તેને સમાધિમાં પૂર્વશ્રુત પિગંબરો પ્રદર્શાવતા તેપણ પરમાનંદ પામી તેમને પરાત્પર પરમેશ્વરપણે નિશ્ચય કરી તેમનુ શરણ સ્વીકારી ભક્તિપર થઈ રહ્યો એરીતે એ પુરમા પૌર જનોની પ્રાર્થનાથી ચાતુર્માસ્ય રહેતા તેતે સમયે આવતા મહોત્સવો કરતા

જન્માષ્ટમીના ઉત્સવ દિવસે રાત્રિએ સર્વ ભક્તોને શ્રીકૃષ્ણસ્વરૂપે દર્શન આપતા તેમણે પરમેશ્વરપણે નિશ્ચય કરી ધર્મતત્વને સાભળવા ઈચ્છતા તેમને ભગવાને સદ્ધર્મભરપુર નારાયણગીતાનો ઉપદેશ ર્ક્યો

એરીતે માગરોળમા અપાર અદ્ભુત ઐશ્વર્ય દર્શાવી ત્યાથી નીકળતા બહુ સાધુ વર્ણિઓને શિષ્યજનોને બોધ આપવા નાનાદેશો પ્રતિ મોકલીને, પોતે ભગવાન્ પરિમિત મુક્તાનદાદિ ત્યાગીઓસાથે ફરી કાળવાણી પધાર્યા ત્યાના ભક્તોની પ્રાર્થનાથી અમૃતમય સદુપદેશોવડે સર્વને સમાનદ આપતા થકા ત્યા બે માસ રહ્યા તે ગામમા આબાળવૃદ્ધ સર્વેને પોતાના પ્રસાદબળથીજ યોગાભ્યાસપરિશ્રમ વિનાજ સમાધિસુખનો અનુભવ કરાવતા પરમાનદમય પરમપુરૂષ પોતાવિષે વિલીન હૃદયવાળા થતા દિવસોના દિવસો વીતિ ગયા તેપણ જાણવામા આવ્યા નહિ એરીતે નિરકુશ યોગૈશ્વર્ય પ્રદર્શાવી સર્વને આનદ આપતા આવેલી પ્રબોધિનીનો ત્યા ઉત્સવ કરી, ત્યાથી ભક્તપ્રાર્થનાથી આખા ગામે પધારી ત્યાના ભક્તોની સેવા સ્વીકારી, પાસેજ રહેલા પિપળાણા ગ્રામે પધાર્યા તે બન્ને ગામો અતિ નજીકમા હોવાથી 'અમારા ગામમા પધારીને આ દિવસે અમારી સપર્યા સ્વીકારવી, આજ દિવસે અમારે ગ્રામે પધારીનેજ અમારીજ સેવા સ્વીકારવી' એમ બન્ને ગામોના ભક્તોને પરસ્પર શ્રદ્ધાતિશયે કરાવેલો પોતપોતાનો મનોરથવેગ અસમાવેય પ્રસરતા તે બન્નેના મનોરથને એક સાથેજ પરિપૂરણ કરવા સવિભૂતિ બે રૂપને ધારીને તે સર્વેનો મનોરથ ભગવાને સપૂર્ણ ર્ક્યો હતો પછી તે પિપળાણા ગ્રામમા કાર્તિક પૂર્ણિમાએ ભક્તિદેવીનો મહોત્સવ પ્રવર્તતા સભામા પૂજાવસરે નૃસિહશર્માદિ ભક્તોએ સમર્પેલુ ઘણુક ધન નદીતટે વૈષ્ણવ મહાયાગ કરીને ઋત્વિક્ આચાર્ય આદિ વિપ્રોને સમગ્રપણે દાન કરી દીધુ એરીતે પિપળાણામા અનેક અતિમાનુષ ચરિત્ર કરી ત્યાથી મેઘપુર પધારી ત્યાના ભક્તોએ ગેલ્યાથકા તેમને નિરકુશ યોગૈશ્વર્ય કૃપાથી આપીને, તે ગામમા કોઈ ઋણપીડિત રવજી નામના વિપ્રને દયાથી નિર્દુખી કરીને ત્યાથી માણાવદર પધાર્યા ત્યા પોતાના અનન્ય ચરણસેવક મયારામભટ્ટના ઘરમા તેમની સેવા સ્વીકારતા થકા રહ્યા ત્યા જન્માષ્ટમી મહોત્સવ ઉપર બહુ ભક્તસમાજ ભેળો થયો તેમની સભામા દૈવાસુરવિભાગનો વિસ્તારથી ઉપદેશ ર્ક્યો ત્યાથી બાહેર પધારી ત્યાના ભક્તોની સભામા અહિંસાપ્રધાન પારમૈકાતિક ધર્મનો ઉપદેશ આપતાથકા કેટલાક દિવસો રહીને ત્યાથી મોડા અગત્રેયા શેખપાટ બાદરા અલર થઈ ત્યા ત્યા ભક્તોને વિવિધ ઉપયોગી ઉપદેશો આપવાથી આનદ આપતાથકા ભુજનગર પધાર્યા

ભુજમા પોતાના ચરણપરિચર્યાપરાયણ સુદરજીત્ નામના સુતારના મદિરમાં

તેની પ્રાર્થનાથી નિવાસ કરી રહેતા ત્યાના ભક્તોને સદુપદેશ આપતાથકા કૃપાથી કરાવેલી મધ્યસમાધિમા વૈકુઠાદિ ધામોમા રહેલા દિવ્ય સર્વેશ્વર સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવતા ભક્તોએ સ્તુતિ કર્યાથકા તેમને પરમાનદ આપતા થકા સુખેથી કેટલાક દિવસો રહ્યા તે નગરમા કુબેરજી જગજીવન રામચદ્ર નામના ત્રણ સહોદરો ધનાઢ્ય વિપ્રો પ્રખ્યાતિકામનાથી હિંસામય યજ્ઞ કરવા પ્રવર્તતા, ભગવાનની સન્નિધિમા આવી પોતાનો આશય આવેદન કરી 'યાગશાળામા પધારી અમારી ઉપર અનુગ્રહ કરો' એમ પ્રાર્થના કરતા, આસુર પશુવધને નહિ ઇચ્છતા આ ભગવાન્ યજ્ઞશાળામા પ્રવેશ કરી ત્યા રાજે મળેલા, શ્રુતિહાર્દને નહિ જાણતા શ્રોત્રિયમન્ય ઋત્વિજો તથા યજમાનને પશુહનનમા પ્રત્યવાય અને યાગશ્રુતિનુ વિશદ તાત્પર્ય બોધ કરતા થકા બહુ વાર પ્રતિષેધ કરતા પણ, પોતાના સદુપદેશનો અનાદર કરતા તે આસુરસ્વભાવનિયત હિંસાસ્થાનથકી પાછા આવીને 'આવા હિંસાપ્રચારની પુષ્કળતાવાળા આ શહેરમા ક્ષણપણ રહેવુ નહિ એમ વિચાર કરી મુનિમડળ સાથે ત્યાના ભક્તોએ વળાવ્યાથકા ચાલી નીકળ્યા ભગવાન્ ત્યાથી નિકળતા તેમની આજ્ઞાના અતિક્રમનજન્ય સમુત્કટ પાપથી પ્રવૃદ્ધિ પામેલા રાજકોપાગ્નિમા પડતા તે ત્રણેય યજમાનો પતગીયા અગ્નિમાજ જેમ એમ પડીને પ્રણાશ પામી ગયા

ત્યાથી ભગવાન્ પરવરી માર્ગમા આવતા ધમડકા ભચાઉ કયકોટ પીપળીયુ વિગેરે ગામમા રહેતા રહેતા ત્યાના ભક્તોને દર્શન પૂજન ઉપદેશાદિકનો અવશ્ય લાભ આપતા થકા અને તેમની સેવા સ્વીકારતાથકા રાજકોટ નગરને પામ્યા તે નગરમા કોઈ લક્ષ્મીનામની ગુણગ્રામપરિપૂર્ણ રાજકન્યાએ ભગવાનના દિવ્ય ગુણો જાણતા તેમના ચરણપરિચરણપરાયણ થઇ તેમનુ અખડિત અનુધ્યાન કરતા તેમના પ્રસાદબળથી સ્વતત્ર યોગસિદ્ધિને પામીને તેમનોજ સમાધિમા સાક્ષાત્કાર કરતી થકી પરમાનદને પામી હતી તે નગરના બીજા પણ બહુ જનો ભગવાનનુ અતિમાનુષ અતિઆશ્ચર્યમય ચરિત્ર અનુભવીને અને તેમના ઉપદેશામૃતના આસ્વાદને અનુભવીને તેમના ચરણસરોજના સમાશ્રયણપરાયણ થયા તે પછી ત્યાથી ભગવાન્ શરવાર નામના પુરને પામ્યા ત્યા તુગોજી વેરોજી નામના બે ક્ષત્રિયકુમારો અક્રૂર વિદુર જેવા હતા તે ભગવાનના ચરણારવિંદની સેવા અનન્ય વૃત્તિથી કરવાપર થયા બીજા પણ બહુ ક્ષત્રિયો તેમના ચરણપકજના સમાશ્રયણથી પરમ હર્ષ પામ્યા એક દિવસે થએલી મહાસભામા તુગોજીના પુછવાથી ભગવાને સર્વાપેક્ષાએ લોભદોષની પ્રબળતા કરી આ અવસરમા પ્રથમ માગરોળમા તેમજ આલાવદરમા ભગવાનનુ અતિમાનુષ અદ્ભુત ઐશ્વર્ય

સાક્ષાત્ કરીને તેમના ચરણકમળમાં ભક્તિરસને પામેલા ખટ્વાંગ નામના રાજર્ષિ કારીયાણી ગ્રામથકી આવીને સભામાં ભગવાનની પ્રાર્થના કરવા લ.ગ્યા કે–'આ દાસજન અનુગ્રહ કરવા યોગ્ય છે. આ દાસ પોતાના પુરમાં આપને મુનિમંડળસહિત કેટલોક કાળ રાખીને સમારાધન કરવા સમભિલપે છે' ભક્તરાજ રાજર્ષિના વિનયમધુર વચનથી પ્રસન્ન થએલા ભગવાન્ બોલ્યા કે–અહીં પ્રબોધનીનો ઉત્સવ કરીને પછી તમારા નગરે નક્કી અમે આવીશું મનોરથ પરિપૂર્ણ થતાં આ રાજર્ષિ ત્યાંથી નીકળી પોતાને ગામે આવી ભગવાનને પધારવાની રાહ જોતા થકા તેમના ચરણકમળના નિધ્યાનપર થઇ રહ્યા.

ભગવાનતો શરધારમાં પ્રબોધિનીનો ઉત્સવ સંપૂર્ણ થતાં ત્યાથી નીકળી કારીયાણી પધાર્યા. રાજર્ષિ ખટ્વાંગ પોતાને ગામે પધારેલા ભગવાનને સંમુખ જઈ મહોત્સવપૂર્વક પોતાના પુરમાં પધરાવી સર્વોપકરણપરિપૂર્ણ પોતાના ભવનમાજ તેમનો ઉતારો કરાવી સ્વયં દાસજનસમુચિત સમસ્ત તેમના ચરણપરિચરણને સદા કરતાથકા મહા આનંદને પામ્યા. ત્યાં તે રાજર્ષિને તે ભગવાનમાં પ્રતિદિન ભક્તિરસ પ્રવૃદ્ધિ પામતો ગયો. પરાત્પર સકલલોકકારણકારણ સર્વેશ્વરેશ્વર સહજાનંદસ્વામીનો મનવાણીને અગોચર જે મહિમા સ્વરૂપથી અને ગુણવિભૂતિથી નિરવધિકાતિશય હતો તેને તો આ ભક્તરાજ પ્રથમથીજ જાણતા હતા. તે આ નૈષ્ઠિક એકાતિકભક્ત ખટ્વાંગને ભગવાન્ શ્રીહરિએ પોતાનું અક્ષરપર પરમાદ્ભુત દિવ્ય રૂપનો સાક્ષાત્કાર કરાવ્યો. અને પ્રાર્થના કરતાં વસંતોત્સવસુધી રહેવાની પ્રતિજ્ઞા કરી પછી રાજર્ષિએ પોતાના પ્રિયમિત્ર કે જેમને સ્વમુખેજ શરધારથી આવતાં માર્ગવશાત્ દુર્ગપુરે રાત્રિ રહેતા ભગવાનનો યથાસ્થિત મહિમા જણાવ્યો હતો અને તેથીજ ભગવાનનો સાક્ષાત્ કરવાના મનોરથવાળા થયા હતા તે ભક્તાગ્રેસર દુર્ગનગરેશ્વર અભય રાજાને સપરિવાર દૂતદ્વારા પોતાને ગામે બોલાવી, પોતાના ભવનમાજ વિરાજમાન ભગવાનના ચરણસન્નિધિમાં તેડી જઈને ભક્તિરસભારથી અવનમ્ર સર્વાંગવાળા તેમની સાથે સ્વયં ભગવાનના ચરણકમળમાં સાષ્ટાંગ પ્રણામ કર્યો. પછી ભગવાને ખટ્વાંગે ઓળખાવેલા તે અભયભૂપને આદરથી અભિનંદન આપીને, સકલમુનિજનોના માનસને આહ્લાદ આપનારૂ દિવ્ય પોતાનું પરમાદ્ભુતરૂપ લોચનગોચર કરાવાવડે તથા પોતાનું સમસ્ત સંતાપને સંહરવામાં સમર્થ દિવ્ય વચનામૃત કર્ણગોચર કરાવાવડે કોઈ પણ અપૂર્વ આનંદ તેમને ઉપજાવ્યો. પછી તે રાજા અભયે પ્રાર્થનાવસર પામતાં ભગવાનની એમ પ્રાર્થના કરી કે–આપ અમારા નગરના રાજમાર્ગને ચરણકમળતળમાં વિરાજમાન એવાં કલશ અંકુશ ધ્વજઆદિક દિવ્ય રેખાચિહ્નોવડે અલંકૃત

કરવાને યોગ્ય છો અને મારા ભવનને ભવબ્રહ્માદિજનશોભનીય ચરણરજોવડે પવિત્ર કરવાને યોગ્ય છો આ જન, પુત્ર કળત્ર અમાત્ય ભૃત્ય પૌરવર્ગ સાથે આપના ચરણસરોજના સેવાસાશ્રાજ્યસુખને સમનુભવવાની ઉત્કટ સ્પૃહા રાખે છે આવુ ભક્તિરસભરપુર અભયભૂપનુ વચન સાભળીને પ્રસન્ન થએલા શ્રીહરિ ભગવાન્ બોલ્યા કે–તમારા ભક્તિરસભરપુર ભાવથી અમે બહુ પ્રસન્ન થયા છીએ તમો અહીંજ કેટલાક દિવસો અમારી સેવા કરતાથકા રહો થોડા દિવસોમાજ અમે તમારે નગરે અવશ્ય આવીશુ આવા ભગવાનના વચનામૃતથી અને પ્રત્યક્ષ દર્શનથી પ્રહર્ષ પામેલા સપરિવાર અભયરાજા ભગવાનને પોતાને પુરે પધાર વાના સમયની રાહ જોતાથકા તેજ નગરમા મિત્ર ખટ્વાગની સાથે ભગવત્સેવા સુખને સમનુભવતા થકા સુખેથી રહ્યા ત્યા તે રાજર્ષિએ પોતાને સમર્પેલા બહુ ધનની સાર્થકતા કરવા ભગવાને મોટું સર્વોપયોગી સરોવર ખોદાવ્યુ અને વિષ્ણુ યાગ તથા મહારુદ્રયાગ કર્યો એક દિવસે થએલી સભામા ભગવાને પરોપકારની પ્રશસા કરતા પરોપકારશીલ રતિદેવ રાજાનુ ઉપાખ્યાન કહી સભળાવ્યુ

એ રીતે ભક્તોત્તમ ખટ્વાગનો મનોરથ પરિપૂર્ણ કરીને, તેમના અનુમોદનથી અને સકુટુંબ અભય નરેશની અભ્યર્થનાથી ભગવાન્ શ્રીહરિ દુર્ગપુર જવા ચાલી નીકળતા ખટ્વાગ રાજા અને સપરિવાર અભયરાજા અને અન્ય અનેક ભક્તજનો તથા પરમહંસોથી વીંટાઇને, સામૈયુ લઇને સન્મુખ આવેલા દુર્ગપુર વાસી ભક્તો સાથે સવત્ ૧૮૬૧ ના માઘ શુક્લ એકાદશીએ દુર્ગપુરમા પધાર્યા તે સમયે રાજમાર્ગમા ‘હુ પહેલો હું પહેલો’ એમ ભગવદ્દર્શનના કુતુહળથી આક્રાત ચિત્તવાળા ભક્તજનોનો સમવાય સુમહાન્ થઇ ગયો અને બહુ દૂર રહેવાપણુ ભક્તજનોને ભગવાનના આગમનમહોત્સવના દર્શન કરવા સત્વર બોલાવતા હોય ને શુ? એમ ફરકતા ધ્વજ–પતાકાઓના અચળો વડે તે નગરની હવેલીની પક્તિઓ અતિશય શોભી હતી ભગવાનતો પોતાના ચરણકમળના દર્શન કરવામા સમુત્સાહવાળા સર્વ કોઇને સ્નેહરસસૂચક, મન્દહાસમધુર દૃષ્ટિથી જોતાજોતા અભયભૂપની સાથે તેમના ભવ્ય ભવનમા પ્રવેશ કરી ભવનમધ્યે પ્રકલ્પેલા મહા સભાસ્થાનમા અતિમનોહર સિંહાસનમા સરાજમાન થયા પછી યથાયોગ્ય સર્વ જનો બેસી જતા ભૂપતિ અભય પરા ભક્તિથી સાષ્ટાગ પ્રણામ કરીને સવિનય એમ બોલ્યા કે–પરાત્પર પરમાત્મા પર બ્રહ્મ આપના સાક્ષાત્ દર્શન પામીને હુ આજ ધન્યભાગી થયો છું જે આ ગૃહ ક્ષેત્ર આરામ છે, જે આ રથ અશ્વઆદિક વાહનો છે, જે આ ધન ધાન્યાદિકનો

સમુચ્ચય છે તે તમામ આપનુજ છે, કિં બહુના—જે આ હુ છુ તે પણ આપનોજ છુ તો મને દાસને આપના ચરણસરોજના સેવારસને નિરતર આપો, મારે તેથકી અન્ય પ્રિય ક્યાંઈ પણ નથી આવુ અભય ભૂપનુ ભક્તિરસપરિપૂર્ણ વિનય મધુર વચન સાભળીને ભગવાન્ બોલ્યા કે—અમે સપરિવાર તમારૂ સર્વત્ર પરમ શ્રેય ઇચ્છીએ છીએ તમારા જેવો પુરૂષ લોકમા વિરલ છે, કેમકે ભોગૈકપ્રધાન સપદા હોવા છતા પણ તમારે મુમુક્ષુજનનેજ એક યોગ્ય એવા ભક્તિરસમા પરમાદર વર્તે છે અમે પણ તમારા જેવા ભક્તજનોને પરવશ છીએ અમે પણ અહીં ભક્તજનસપત્તિને સદા સ્પૃહીએ છીએ ભગવાનના આવા પ્રસન્ન વચનથી પ્રસન્ન થએના અભયભૂપાળ તે પોતાના ભવનમા નિવાસ કરી રહેલા ભગવાનમા પ્રતિદિન પ્રવૃદ્ધિ પામતી પરા ભક્તિથી પરિચર્યા આચરતાથકા, પોતાનુ યત્કિંચિત્ ધન તેમની પરિચર્યામાજ એક ઉપાયોગી કરીને અને પરિછદાદિ ઉપકરણપણ તદાયત્ત કરીને સ્વય તેમનો દાસભાવ કે જે સમસ્તમુનિજન સ્પૃહણીય હોઇને પરમપુરૂષાર્થથી નહિ ન્યૂન છે તેનેજ પામીને પરમાનદને પામ્યા આ રાજાને **સુરભભા** અને **સોમાદેવી** નામની બે પતિવ્રતા પત્નીયો હતી આ પણ પ્રત્યક્ષ ભગવાનવિષે પરમ ભક્તિનિષ્ઠાવાળી હતી આ રાજાને **જયા લલિતા પાંચાળી નાની** નામની ચાર પવિત્ર પુત્રિઓ હતી તેમા મોટા જયા લલિતા પ્રકૃતિથી વૈરાગ્યવેગવડે વિશુદ્ધ ચિત્તવાળા, મુમુક્ષાથી વિજ્ઞાન ભક્તિવાર્તાના શ્રવણમા સમુત્સાહવાળા, ભગવાનનો મહિમા યથાસ્થિત જાણીને તેમનેવિષે પરમભક્તિને પામેલા તેમના ચરણારવિંદની સેવાના રસાસ્વાદમા નિસતૃપ્ત અને તેમની કૃપાથી પ્રાપ્ત થએલા તેમના દિવ્ય સ્વરૂપના સાક્ષાત્કારવાળા હતા આ રાજાને એક પુત્ર હતો તે સમસ્તગુણોએ કરીને ઉત્તમ અને નામથી પણ **ઉત્તમ** હતો આ પણ પ્રત્યક્ષ ભગવાનમા સુદૃઢ ભક્તિએ સપન્ન થઈ તેમની સમયોચિત સમસ્ત સેવાને કરતાથકા તેમના પરમ પ્રસાદના પાત્રભૂત થયા એ રીતે બધો પરિવાર સ્વધર્મપરાયણ થઈ પ્રત્યક્ષ શ્રીહરિ ભગવાનની અનન્યભક્તિપરાયણ થયો હતો તે પુરના બીજા બધા જનો પણ પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિપરાયણ થયા આ બધા અભયાદિ ભક્તજનોની ભક્તિને વશ થઇને દુર્ગપુરમા રહેલા ભગવાનની અનેક ગ્રામ નગરના ભક્તો પોતપોતાને ગ્રામ નગરે પધારવાની પ્રાર્થના કરતા, ત્યા ત્યા ધર્મરક્ષણ માટે જવાની ઇચ્છા કરતા તેમના વિયોગને ક્ષણપણ નહિ સહન કરી શકતા સપરિવાર અભયરાજાએ અભ્યર્થના કરતા તેમની ભક્તિપરવશ ભગવાન્ તેમનો મનોરથ પરિપૂર્ણ કરવા બહુધા નિયતનિવાસ દુર્ગપુરમા પ્રતિજ્ઞા કરીને, ધર્મરક્ષણ માટે ત્યા ત્યા મુનિમડળને મોકલીને અને સ્વયપણ પરિમિત

મુનિમંડળથી વીંટાઇને સમીપવર્તી ગામોમા વર્તતા ભક્તોની પ્રાર્થનાથી ત્યા ત્યા પધારીને તેમનો તેમનો મનોરથ પરિપૂર્ણ કરીને દુર્ગપુરમા આવીને સુખેથી રહેતા હતા

એ રીતે ત્યા ત્યા કળિબળને ઉન્મૂલન કરીને સકળ લોકના શ્રેયને કરનારો ધર્મમાર્ગ પ્રવર્તાવતા ભગવાન્ સહજાનંદસ્વામીનો પ્રતાપાતિશય દિગંતને સર્વત પ્રકાશ કરતોથકો પ્રવૃદ્ધિ પામતો ગયો આ અવસરમા કદાચિત્ રાજકોટ નગરમા આવી રહેલા રાજપ્રતિનિધિ ગવર્નરે ભગવદ્દર્શનના કુતુહલથી મોકલેલા દૂતના મુખથકી તેમનો પોતાના દર્શનમા આદરાતિશય સાભળીને, પરિમિત પરિવાર સાથે લઇ ભગવાન્ શ્રીહરિ દુર્ગપુરથકી રાજકોટપુર પધાર્યા પધારેલા ભગવાનને સાભળીને ગવર્નર રાજા સ્વય રાજમંડળસાથે સન્મુખ ઉઠીને પ્રણામ કરી ભગવાનને અનેક રાજસસેવિત સ્વસભાસ્થાનમા અગ્રાસનમા બેસારીને આદરથી પૂજન કરીને વિનયથી એમ બોલ્યા કે–ભગવન્! દુષ્ટનિગ્રહ–શિષ્ટપરિપાલનરૂપ જે રાજપ્રશાસન છે તે ધર્મપ્રવર્તક આપના સાહાય્યથીજ નિર્વિઘ્નપણે અહીં અમારૂ પ્રવર્તે છે નાનાવિધ અકૃત્યકરણમા મૂળ આસુરી અન્તઃકરણવૃત્તિજ છે તે મૂળ રાજાના દંડથી ઉન્મૂલન થતુ નથી, રાજદંડથકી જે ભીતિ વર્તે છે તેતો કેવળ કાર્યને રોકે છે જ્યાસુધી મૂળ પ્રશાંત ન થયુ હોય ત્યાસુધી રાગદ્વેષથી પરાભવ પામેલા જનો બહુબહુ અકૃત્યને કરેજ જાય છે આપે સદુપદેશથી અને અસાધારણ તેજથીજ સર્વે પ્રજાઓનુ તે આંતર રાગદ્વેષરૂપ અકૃત્યકરણ ઉન્મૂલન કર્યુ છે તો હાલમા રાજકીય ધર્મમા આપ અમને મહા સહાયભૂત થયા છો. માટે અમે હાથ જોડીને વારવાર આપના તે સકલલોકહિતકારી પ્રતાપાતિશયને અનુસ્મરણ કરીએ છીએ અનંતર આવા ગવર્નરના વિનયમધુર વચનથી પ્રહર્ષ પામેલા ભગવાન્ બોલ્યા કે–અમે ધર્મસંરક્ષણમાટેજ મનુષ્યમંડળમા આવ્યા છીએ સ્વપ્રવૃત્તિમા અનુકૂળ એવી ધર્મપ્રવૃત્તિવાળા રાજાની સંભૂતિને અમે સર્વદા વાછીએ છીએ જલદી અમારા મૂર્તિમાન્ મનોરથનેજ જેમ એમ આપ રાજાને પામીને અમે બહુ હર્ષ પામીએ છીએ અને 'આપની રાજ્યલક્ષ્મી પ્રતિદિન પ્રવૃદ્ધિ પામતી રહો' એમ ઇચ્છીએ છીએ પછી તે રાજપ્રતિનિધિ (ગવર્નર) ને સમાગમ સદુપદેશાદિવડે બહુ આહ્લાદ આપીને, પછી તેમણે બહુ સન્માન કરેલા અને અનુજ્ઞા આપેલા ભગવાન્ શ્રીહરિ ત્યાથી પાછા દુર્ગપુર પધાર્યા સભામા રાજકોટનગરનુ સમસ્ત વૃત્તાંત કહેતા પરમહંસો બહુ પ્રસન્ન થયા

એરીતે દુર્ગપુરમા રહી અભયાદિ ભક્તોને અત્યાનંદ આપતા ભગવાન્ પોતાના પ્રાદુર્ભાવનુ પ્રયોજન સંપાદન કરવા અને વિદેશમા વર્તતા ભક્તજનોની પ્રાર્થનાને સફળ કરવા મુનિ વર્ણી પદાતિમંડળથી વીંટાઇને દુર્ગપુરથી પરવરતા પ્રથમ સુગુણ-

સાગર સુરસિંહ નામના પાર્થિવની પ્રાર્થનાથી મત્સ્યાલ નામના નગરને પામ્યા ત્યા તે નરેશે ભક્તિપૂર્વક બહુમાનથી સમર્ચન કરેલા ભગવાન્ તે ભક્તોને સદર્શન સલાપ સદુપદેશાદિવડે આનદ આપતાથકા તેમની પ્રાર્થનાથી ત્યા કેટલાક દિવસો રહીને, ત્યાથી નીકળી સિદ્ધપુરને પામ્યા ત્યા બનો તીર્થવિધિ યથાવિધિ કરીને સદુપદેશામૃતથી સર્વને સતૃપ્ત કરીને, વડનગર વિશનગર પધાર્યા ત્યાના ભાવિક ભક્તોએ સેવા કર્યાથકા તેમને ત્યા કેટલાક દિવસો રહીને ધર્મજ્ઞાનાદિકના સ્વરૂપને વિવેચન કરનારા સદુપદેશોવડે સર્વનુ આતર તમ ટાળી નાખીને, ત્યાથી નીકળી તે તે ગામમા ધર્મમાર્ગને પ્રતિષ્ઠાપન કરતા થકા અનુક્રમે શ્રીનગર પધાર્યા તે નગરમા વર્તતા બહુ ભાવિક ભક્તો ભગવાનને પધારેલા સાભળીને ભેગા થઈ ભેટો હાથમા લઈ, સન્મુખ જઈ પ્રણામ કરી ભગવાને અભિનદન કર્યા થકા મગળ વાદ્યઘોષપૂર્વક મહાસભ્રમથી પુરમા પધરાવી નવાવાસમા ઉતારી પ્રતિદિન યથોચિત પરિચર્યાપરાયણ થઈ રહ્યા ભગવદ્દર્શનાર્થે ત્યા આવતા ભક્તજનોનો સમવાય સુમહાન્ થયો પોતાના ચરણકમળનાજ એક સમાશ્રયવાળા પરમપ્રેમરસપરિપૂર્ણ બહુ જનોને ભગવાને પોતાના દિવ્ય પરાત્પર સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવીને કૃતાર્થ કર્યા તેમજ યમ નિયમ પ્રાણાયામાદિ યોગાગોને નહિ જાણતા પણ બહુ જનોને પોતાનીજ અનન્યસામાન્ય પારમેશ્વર શક્તિથી સમાધિ કરાવીને અત્યાશ્ચર્યાવિષ્ટ કરી દીધા આવુ અમાનુષ આશ્ચર્યમય ઐશ્વર્ય સાભળીને બહુ પડિતમાનીઓ પ્રદ્વેષથી દગ્ધ હૃદયવાળા હોવાથી ભગવાનના સમાધિમહિમાની પરીક્ષા કરવા તેમની સમીપે આવતા ભગવાનના દિવ્ય પ્રતાપથી મદરહિત આસુરભાવરહિત થઇ, ભગવાનની કૃપાથી સત્વોન્મેષ પામતા તેમના શરણને પામીને તેમના પ્રસાદના પાત્રભૂત થઈ ગયા એરીતે પોતાનો પરમ પ્રતાપ પ્રદર્શાવતા અને નિજજનોને દર્શન ઉપદેશાદિકવડે અત્યાનદ આપતા ભગવાન્ ત્યા ભક્તિમાર્ગની પરિપુષ્ટિમાટે જન્માષ્ટમી પ્રબોધની વિગેરે મહોત્સવ કરીને ત્યાથી નીકળી જેતલપુર પધાર્યા ત્યા સરોવરતીરે ઉતરી ત્યાના ભક્તોએ સેવ્યાથકા ત્યા ઘણી સામગ્રી સપાદન કરી યથાવિધિ વિષ્ણુયાગ તથા રુદ્રયાગ કરાવ્યો તેમા વિપ્રોને બહુ દક્ષિણા આપી એક પણ અર્થી અકૃતમનોરથ થઈ પાછો ગયો ન હતો તે ગામમા વસ્તુત અધર્મ્ય પણ મધુમાસભક્ષણપ્રચારને ધર્મભિષથી પ્રવર્તાવતા બહુ વામાચારો હતા તે સર્વને ભગવાને પોતાના પ્રતાપથી પરાભવ પમાડીને સદુપદેશથી તે વામમાર્ગથકી બહુ જનોને પાછા વાળીને ધર્મમાર્ગમા સપ્રવર્તાવીને સર્વત્ર ધર્મપ્રચાર કરાવ્યો એરીતે જેતલપુરના ભક્તોને દર્શનાદિકવડે અત્યાનદિત કરીને ત્યાથી ભગવાન્ દર્ભાવતી પધાર્યા ત્યાના ભક્તોએ ભાવથી સેવ્યાથકા

ત્યા તેમણે એક વૈષ્ણવ યજ્ઞનો આરમ્ભ કર્યો આ સમારમ્ભ સર્વને આશ્ચર્ય ઉપજાવનારો થયો હતો જેમા ઘી ઈ કરેલી ઘૃતશર્કરાદિ સામગ્રીઓના ઢગલાઓ ઉન્નત પર્વત જેવા વિરાજતા હતા વસ્ત્ર સુવર્ણાદિ દક્ષિણાદ્રવ્યો મહારાજાઓએ પણ ન સુપાદન કરી શકાય એવા દેખાતા હતા તેવા આ સમારમ્ભમા ભગવાનવિષે સાહજીક અસુયાથી આવરિત અતરવાળા કેટલાક પાપી પાકશાળાદિ ચલાવાના મિષથી અદર પ્રવેશ કરીને સર્વે સુભારોને અસ્થાનમા બહુ ઉપયોગીને મખમ રોજ અધા કોઠારને ખાલી કરીને યજ્ઞમા વિઘ્નસપાદનથી સ્વય અતરમા બહુ હર્ષ પામવા લાગ્યા ભગવાને તો તેમનો દુરાશય જાણી જઇને પણ તેમનો નિગ્રહ નહિ કરતા, સકલ્પમાત્રથી પૂર્વ કરતા અધિક ઘૃતશર્કરાદિ સામગ્રીસમૂહથી અધા ભંડારો ભરી દીધા તે પાપાશયો આવુ ભગવાનનુ અદ્ભુત ઐશ્વર્ય અવલોકીને ભય તથા લાજ પામીને, તત્ક્ષણ ભગવાનના પાદપદ્મમા પ્રણામ કરીને તેમની અનુકપાથી ઉપજીવન પામતા, નિષ્કપટપણે તેમના ચરણકમળની સેવા પરાયણ થયા મહાયાત્રની પ્રવૃત્તિ સાભળીને ગ્રામાન્તરથકી આવેતા હજારોહજાર વિપ્રો ઉત્તમ ભોજ્યપ્રકારો અને વાછિતથકી અધિક દક્ષિણાઓવડે સતૃપ્ત થતા ભગવાનનો જયઘોષ અને યજ્ઞપ્રશસાને બહુ કરતાથકા પોતપોતાને ગ્રામે ગયા એરીતે યજ્ઞને સમાપ્ત કરી તે ઠગાણના ભક્તો ઉપર અનુગ્રહ કરીને ત્યાથી નીકળીને, ગુજરાતપ્રાતના ભક્તોને આનદ આપતાથકા તેમણે પૂજ્યાથકા ત્યા એક માસ રહીને ત્યાથી મહી નર્મદા તાપી નદીને ઉતરીને ભક્તપ્રાર્થનાથી સ ૧૮૬૬ વૈશાખ શુક્લ દ્વિતીયાએ સુરત પધાર્યા ભગવાનને પધારતા સાભળીને અરદેસર ભાવચદાદિ ભાવિક ભક્તો સમુખ જઈ ધામધુમીથી પુરમા પધરાવી લાલકૃષ્ણની વાડીમા ભવ્યભવનમા ઉતારો કરાવી, આદરથી અનુપમ આતિથ્ય કરી, પોતપોતાને ગૃહે પણ પધરાવી મહોપચારથી પૂજા કરી પરમાનદ પામ્યા એક દિવસે ભગવાને સભામા ભક્તિના ભેદો વર્ણવવાપૂર્વક ભક્તભક્તિનુ સ્વરૂપ કહીને, ભક્તોની પોતાવિષે ભક્તિની દૃઢતા કરાવી તે પુરમા ભગવાનનુ અતિમાનુષ ઐશ્વર્ય અવલોકીને તે ભગવાનમા પરમા ભક્તિ પૌરજનોને પ્રવૃદ્ધિ પામી. બહુ પડિતો તત્વ જાણવાની ઈચ્છાથી પાસે આવતા પ્રશ્નાવસર પામીને તેમનાથકી તત્વનિર્ણય જાણીને કૃતાર્થ થઈ ગયા એરીતે સભામા પ્રતિદિન સદુપદેશરૂપ સુધા રસના પ્રવાહથી સર્વને સમુજ્જીવન કરતા અને પોતાના અત્યદ્ભુત દિવ્ય સ્વરૂપના પ્રદર્શનથી અનન્યભક્તોને અત્યાહ્લાદ આપતાથકા ત્યા કેટલાક દિવસો રહ્યા

અનતર સુર્યપુરથી બહુ દૂર નહિ વર્તતા ધર્મપુરના રાણી કુશળકુવર નામના ભગવાનનુ ઐશ્વર્ય સાભળીને તેમના ચરણસરોજની સેવાની અભિલાષા ઉદ્ભ

વતા, પોતાની પ્રાર્થનાને નિવેદન કરનાર મેઈ દૂત ભગવાનની સન્નિધિમા મોકલતા, તેણે રાણીની પ્રાર્થના ભગવાન આગળ નિવેદન કરતા, ભગવાન તેણીની શ્રદ્ધા અને ભક્તિ જાણીને તેણીનો મનોરથ પરિપૂર્ણ કરવા ધર્મપુરપ્રતિ પધાર્યા ભગવાનના પધારવાના સમાચાર સાભળીને હર્ષપ્રકર્ષને પામેલા આ કુશળા રાણી પુત્ર મત્રી આદિક પરિવારસાથે ચતુરગિણી સેના સાથે સન્મુખ આવી, મુનિમડળથી વીંટાએલા ભગવાનને દૂરથી પ્રણામ કરી ગજેન્દ્ર ઉપર બેસારી મહારાજસભ્રમપૂર્વક રાજ માર્ગથી રાજભવનમાં પધરાવી મહામહેલમા ઉતારો કરાવી તેમનુ રાજોચિત મહા પૂજન આતિથ્ય કરીને, પોતાનુ સર્વસ્વ રાજ્યાદિ સમર્પણ કરી પોતાના આત્માને પૂર્ણ મનોરથવાળો માનીને પરમાનદને પામ્યા ભગવાને પણ ધર્મશ્રવણમા સમુત્સુક તે મહારાણીને સર્વ ધર્મતત્વ અને જ્ઞાન ભક્તિવિશેષ કહી સભળાવીને તથા પોતાના દિવ્ય સ્વરૂપનુ દર્શન કરાવીને તેણીને સપૂર્ણ મનોરથવાળી કરી દીધી એમ ભગવાન્ તે મહાભક્ત રાણીને સદ્દર્શન સભાષ સદુપદેશાદિવડે મહાઆનદ આપતા થકા તેણીની પ્રાર્થનાથી એક માસ સુખેથી ત્યા રહ્યા પછી, અભય ભૂપની સ્વવિરહ વ્યથા નિવારવા અને દુર્ગપુરપ્રાતવાસી ભક્તોને આહ્લાદ આપવા ત્યાથી નીકળીને તાપી નર્મદા સાભ્રમતીને અનુક્રમે ઉલ્લઘીને દુર્ગપુરને પામ્યા અભયાદિ ભક્તો મુખ્ય પ્રાણનેજ જેમ એમ તે ભગવાનને પામીને મનવાણીને અગોચર આનદને પામ્યા

એરીતે દુર્ગપુરના તથા દેશાતરના ભક્ત નરનારીઓને અત્યાનદ આપતા શ્રીહરિને આઠ વર્ષ વીતી ગયા તે પછી જેના સમગ્ર મનોરથો સપૂર્ણ થયા છે એવા વૃદ્ધ અભય રાજા પ્રશિથિલ અવયવવાળા થતા આ ગુણમય દેહનો ત્યાગ કરી ભગવાનના પ્રસાદબળથી અક્ષર પરમ ધામને પામ્યા અનતર તેમના તનય નામથી અને ગુણથી ઉત્તમ રાજા પરમાદરથી ભગવાનના ચરણકમળની સમસ્ત સેવા પિતૃકૃત સેવાથકી દ્વિગુણ કરવા લાગ્યા તેમની ભગિનીઓ જયા લલિતા ભ્રાતાનો ભગવાનમા ભક્તિપ્રકર્ષ ભાળીને પરમ પ્રમોદને પામી અનતર આ રાજકુમાર ઉત્તમ સમગ્ર ધન ભગવાનના ચરણકમળનેજ એક અધીન કરી દઇને ભગવાનની અનુજ્ઞા મેળવીને સમગ્ર સુરલોકોને વિસ્મય ઉપજાવે એવો અન્નકૂટોત્સવ ભગવાનપાસે કરાવા તદુયોગી સમગ્ર સામગ્રી તૈયાર કરવા તત્પરતાથી પ્રવર્ત્યા ભગવાને પણ ઉત્તમના પરમાદરને અનુસારે મહોત્સવ કરવા લાગી ગૃહી તમામ ભક્તોને નાના દેશોથકી લેખ દૂતદ્વારા બોલાવ્યા ભગવાનના આદેશને અનુસારે સર્વ હરિભક્તજનો અને પરમહસમડળો યથાસમય દુર્ગપુરમા આવ્યા આ ઉત્તમ નરેશે આશ્વિન કૃષ્ણત્રયોદશીને આરભીને કાર્તિક શુકલ પ્રતિપદાપર્યત પ્રવર્તનારા મહોત્સવમા પર્યાપ્ત સમગ્ર સભાર નિરવધિક તૈયાર કરી રાખ્યો આ ઉત્તમ નૃપની પોતાની

પરિચર્યામાં અને મહોત્સવમાં મહતી પિતાથકી પણ અધિક શ્રદ્ધા અને ઉત્સાહ-શક્તિને જોઇને ભગવાન તેમની ઉપર અતિશય પ્રસન્ન થઈ ગયા. અનંતર સ્વચરણની સેવામાટે આવેલા સર્વકોઈ ભક્તોના મનનયનને આનંદ આપતા ભગવાન્ તે તે અવસરમાં શ્રીકૃષ્ણના મહોત્સવોનો વિધિ આરંભતાં, તે સમયે અનન્યમનથી પરાત્પર સ્વસ્વરૂપનું સકળ બાહ્ય વૃત્તિઓનું નિયમન કરીને ધ્યાન કરતાં સર્વ કોઈના નયનમાર્ગમાં સ્વાસાધારણ કોઈપણ પારમેશ્વર રૂપથી લક્ષમાં આવતા હતા. ત્યારે તે ભગવાનના વાણીને અગોચર પરમાનંદમય પરાત્પર દિવ્ય રૂપનો સાક્ષાત્કાર કરી તે સર્વ ભક્તો પરમાનંદસાગરમાં નિમગ્ન થઈ ગયા હતા. અનંતર દીપાવલીના ઉત્સવદિવસે પ્રાતઃ શ્રીકૃષ્ણની સેવા યથાવિધિ કરી ભગવાન્ સભામાં સિંહાસનમાં વિરાજમાન થતાં, દેશદેશથી આવેલા બધા ભક્તજનોએ વસ્ત્ર વિભૂષણ વિત્તવિગેરે વિવિધ ભેટોવડે પરમાદરથી તેમની પૂજા કરી. પછી ભગવાન્ તે ભક્તોના ભક્તિભરથી પરમ પ્રહર્ષ પામીને તેમને સદુપદેશ આશીર્વચન આદિકવડે આનંદિત કરીને બધુય તે વસ્ત્રાભરણાદિ દ્રવ્યમાત્ર અર્થિઓને આપી દઇને સ્વયં પરા પ્રીતિને પામ્યા. તે પછી સાંજે પ્રદીપોત્સવ બહુ મોટો થયો. પ્રતિપદાએ અન્નકૂટમહોત્સવ સકળસુરમંડળસેવનીય મહાસમારંભથી પ્રવર્ત્યો. ઉત્તમભૂપનાં ભગિની લલિતા ગુણશીલવડે ઉત્તમથકી પણ ઉત્તમા પોતે સાવધાન થઈ સાક્ષાત્ રસ આનંદમય (પરમાત્મા)ને પણ રહસ્યતાના સ્થાનભૂત ઉત્તમ ષડ્રસપરિપૂર્ણ ભક્ષ્યભોજ્યાદિ વિવિધ પાકવર્ગ પાકકુશળ રસોયાપાસે કરાવીને, અન્નકૂટરચનાની રાહ જોતાં ભગવાને યથાવિધિ ગોવર્ધનપૂજા કરાવીને તે મધુરમધુર સુધારસસદૃશ સમગ્ર પાકવર્ગ શ્રીકૃષ્ણને નિવેદન કરીને આરતીસુધીના સમગ્ર પૂજાપ્રકારથી પૂજન કરીને તે આરંભેલા અન્નકૂટમહોત્સવની સમાપ્તિ કરી. અનંતર ભગવાન્ અન્નકૂટમહોત્સવ કરાવવામાં અત્યધિક આદરવાળાં અનન્યભક્ત લલિતાની પોતાવિષે પરા ભક્તિ પેખીને તેની ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છાથી, એજ ઉત્સવને અંતે તેણીએ અનુદિન આરાધન કરાતી શ્રીકૃષ્ણની અર્ચામૂર્તિની આગળ અન્નકૂટોત્સવ પૃથક્ આરંભતાં, તેણીએ વિવિધ રસમય પાકવર્ગ નિવેદન કરવાના સમયે સ્વયં અલક્ષ્ય રૂપે તે અર્ચામૂર્તિમાં સન્નિધિ કરીને તદ્રૂપે થઇને લલિતાને પ્રેમપૂર્વક જોતાંજ સર્વ નિવેદિત પાકવર્ગ પ્રીતિથી જમ્યા. એરીતે લલિતાઉપર સમનુગ્રહ કરીને પછી ભગવાને સર્વ મુનિગણો તથા હરિભક્તગણોને ઈન્દ્રાદિદેવદુર્લભ તે ભગવન્નિવેદિત ચતુર્વિધ પાકથી સ્વયં પીરસીને સંતૃપ્ત કર્યા.

એરીતે અભૂતપૂર્વ અન્નકૂટમહોત્સવ પરિપૂર્ણ થતાં, તે રાત્રિએ સભામાં ભગવાને સત્સંગદીપનો પ્રકાશ કર્યો. વળી પ્રબોધિનીનો મહોત્સવ કરવાની ઈચ્છાવાળા

ઉત્તમ રાજાનો મનોરથ પરિપૂર્ણ કરવા મુનિમંડળ હરિજનમંડળને પ્રબોધનીસુધી દુર્ગપુરમાં રહેવાની આજ્ઞા કરતા, રહેલા તે સર્વને આનંદ આપવા ભગવાન્ પ્રતિ દિન સભામાં ખીરાજીને બહુ ઉપયોગી અર્થોનો આદેશ કરતા, કોઈ દિવસ ધર્મ રક્ષાના ઉપાયો, તો કોઈ દિવસે સ્પર્શાસ્પર્શવિવેક, તો કોઈ દિને ધર્મસિદ્ધિના ઉપાયો તો કોઈ દિવસે ત્યાગીઓને ઉદ્દેશીને નિષ્કામશુદ્ધિવિધિ, તો કોઈ દિને તેમનો આહ્નિકવિધિ, તો કોઈ દિવસે શ્રીકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાન, તો કોઈ દિવસે મંત્ર જપવિધિનો સવિસ્તર સયુક્તિ ઉપદેશ આપતા થકા પ્રબોધનીના ઉત્સવમાં એકા દશીનું માહાત્મ્ય કહેવાપૂર્વક તેના વ્રતની આવશ્યકતા કહીને, તેનો નિર્ણયવિધિ વ્રતવિધિ પૂજાવિધિ જાગરણવિધિ ઉદ્યાપનવિધિ પારણાવિધિ દાનવિધિ વિગેરે ઉપ યોગી બાબતો કહીને, પોતે પણ યથાવિધિ તે વ્રત કરીને અનન્યભક્ત જયાપાસે તેનો સમસ્ત વિધિ કરાવીને, દ્વાદશીએ ત્યાગી ગૃહી સર્વે ભક્તોને અન્નકૂટદિનવત્ વિવિધ રસમય પાક પિરસી જમાડી સર્વને તૃપ્ત કરીને જયાને મહાનંદ આપ્યો. એજ દિવસે રાજાઓએ નીતિજ્ઞાનમાટે વિદુરનીતિની આવશ્યકતાનો ઉપદેશ આપી, પછીના ત્રણ દિવસોમાં પંચમસ્કંધની કથા કરાવી એરીતે અઢાર દિવસ પોતાના અનન્યભક્તોને દર્શન પૂજન આલાપ ઉપદેશાદિકવડે પરમાનંદ પમા ડીને પૂર્ણિમાએ મહોત્સવ કરીને, સર્વને સ્વસ્વદેશમાં જવાની આજ્ઞા આપતા તેઓના પુછવાથી પ્રાપ્ય બ્રહ્મધામનું સ્વરૂપ કહીને, તેમને વિદાય કર્યા પછી સ્વસ્થચિત્ત થઈ જયા લલિતા આદિક ભક્તોની ભક્તિશ્રદ્ધાની પ્રશંસા કરી પછીથી ભક્તસ્ત્રિયોની પંક્તિ સ્વીમારી પોતપોતાનો ભાવ પ્રકટ કરવાપૂર્વક સ્તુતિ કરતા તેમની ઉપર પ્રસન્ન થઈ અભયદાન દીધું

કેટલોક સમય વીતતાં વડતાલના ભક્તોએ પ્રાર્થના કરેલા ભગવાન્ પુષ્પદોળનો ઉત્સવ કરવા મુનિમંડળસાથે દુર્ગપુરથી વૃત્તાલય પધાર્યા ત્યાં મંગળપત્રિકાઓ લખવાથી દેશદેશથકી આવેલા બહુ ભક્તોની ભારે ભીડ થઈ ગઈ તે વૃત્તાલયમાં ભગવાને લક્ષાધિક જનનો સમાવેશ થાય એવા ગ્રામથકી પૂર્વદિશાના ભાગમાં રહેલા ઉપવનમાં (બેઠકમાં) મોટી સભા કરીને તેમાં સર્વને સુખેથી દર્શન થાય એવા ઉન્નત આસનમાં સ્વયં વિરાજીને સમસ્ત સંતાપને સંહરનારા સુધાવરસાદથી શું? એમ કર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિરસપરિપૂર્ણ સદુપદેશ દિવ્યવરસાદથી સર્વભક્તોને આહ્લાદ આપતા થકા ક્ષણમાં સર્વ શ્રોતાઓના મનરૂપ સરોવરને પ્રશાંત રજ પ્રવૃત્તિવાળું અને સંકેતસાધુજનસેવનીય સ્વચ્છ આશયવાળું કરી દીધું આ અવ સરમાં ભગવાનના ભ્રાતાઓ તીર્થયાત્રાર્થે ગએલા સાધુઓના મુખથી ભ્રાતા ભગ વાનનું દિવ્ય વૃત્તાંત જાણતા પરમ હર્ષ પામીને તેમના સમાગમ સુખના અનુભવની

આશાથી સપરિવાર મેસવદેશથકી વૃત્તાલયમા આવ્યા સકળ જનોના મનનેત્રને આકર્ષણ કરતા તે ભગવાનને નિહાળીને, બહુ કાળના વિયોગજન્ય સતાપથી સતપી ગએના અગોને ભગવાનના દર્શનામૃતધારાથી ખુબ સીંચવીને મહાનદનિધિમા નિમગ્ન થઈ ગયા ભગવાને પણ બન્ધુજનસ્નેહસમુચિત વૃત્તિથી આવાઓને અભિનદન કરીને યથાયોગ્ય ઉતારો આદિકનુ આનુકૂલ્ય કરાવી આપ્યુ અનતર ત્યા અભૂતપૂર્વ પુષ્પદોલોત્સવ કરી ભેગા થએલા લક્ષાવધિ ભક્તોને દર્શન સ્પર્શન વગહીરા ઉપદેશાદિવડે સમધિક આનદ આપીને ભગવાન્ ત્યાથી નીકળી બાહ્યદેશીય ભક્તોને ભારે આનદ આપતાથકા દુર્ગપુર પધાર્યા ત્યા રહીને શ્રીભાગવત પુરાણશ્રવણોત્સવ કર્યો

અનતર કેટલાક માસો વીતતા જીવવર્માદિ વીરે ભક્તજનોની પ્રાર્થનાથી પ્રથમ સારગપુર પધાર્યા ત્યાના ભક્તસમાજને દર્શન ઉપદેશાદિવડે આનદ આપતા થકા ત્યા સમધિક સમારભવાળો સકળ ભક્તોને અત્યાહ્લાદ આપનારો જન્માષ્ટમીમહોત્સવ કરીને, ત્યાથી કારીયાણીના વસ્તોખાચર વિગેરે ભક્તોની પ્રાર્થનાથી ત્યા પધારીને સમગ્ર બુધજનોના શ્રવણ મનને પ્રમોદ દેનારા સદુપદેશો સભામા આપતા થકા ત્યા પ્રબોધનીનો મહોત્સવ કર્યો આ અવસરે ત્યા આવેલા જુનાગઢના નિવાસી હેમતસિહ રાજા અને નાગડકાના નિવાસી સુરાભક્તે એક સાથે પ્રાર્થના કરતા ત્યાથી નીકળી માર્ગવશાત્ સુરાભક્તનાજ લોયા ગામમા પધારી ત્યાના ભક્તોને આનદ આપતા થકા ત્યા દિવ્ય વૃતાકશાખ સવ કરીને ત્યાથી નાગડકા પધારી સુરાદિ ભક્તોની પ્રાર્થનાથી ત્યા પાચ દિવસ રહીને ત્યાથી નીકળી કેટલેક દિવસે જુનાગઢ પાસે રહેવા હેમતસિહનાજ પચાળાપુરમા પધાર્યા ત્યા મુનિમ ળસાથે રહેવા ભગવાન હેમતસિહે કરેલી નિરતિશય ભક્તિરસપરિપૂર્ણ મહાપૂજાને પરા પ્રીતિથી સ્વીકારીને, તેમની ભક્તિપરવશ થઈ પ્રતિદિન સભામા શ્રવણમગળ પરમપાવન અમૃતમય ઉપદેશોવડે સર્વ ભક્તોને આનદ આપતા થ ા ત્યાજ બહુ દિવસો રહ્યા એક દિવસે ભગવાન્ ગામથકી બહાર ખાખરાના વનમા બનાવેલા મા વામા રહેલા ગુણગાનપરાયણ મુનિઓને દર્શન દેવા રાત્રિના પ્રથમ ભાગમા પરિમિત જનો સાથે પધાર્યા પોતાપાસે પધારેલા ભગવાનને જાણીને સભ્રમથી સન્મુખ ઉઠીને શુભાસનમા બેસારીને તેમની અનુજ્ઞાથી તેમની ચોમેર મ ડળાકાર ફરતા થકા ફરી તેમના ગુણગાનમા પ્રવર્તતા સમસ્ત બાહ્ય વૃત્તિઓ જેમની અસ્ત થઈ ગઈ છે પોતાવિષે જેમની ચિત્તવૃત્તિઓ વિલીન થઈ ગઈ છે એવા તે પ્રિય પરમહસોને પોતાનુ પરાત્પર પરમાદ્ભુત, રાધારમાસભવૃત દિવ્ય રૂપના સાક્ષાત્ દર્શન આપી કૃતાર્થ કરી પાછા સ્વસ્થાને પધાર્યા તે પછી

હેમંતસિંહની પ્રાર્થનાથી જુનાગઢ પધારી, રૈવતગિરિ ઉપર ચઢીને તેમાં રહેલાં તીર્થોમાં તીર્થવિધિ કરીને, ત્યાંના ભક્તોઉપર અનુગ્રહ કરીને તેમણે સેવ્યાયક। ચૈત્રીપૂર્ણિમાસુધી ત્યાં રહીને, ભ્રાતાઓને યાત્રાર્થે દ્વારકાં મોકલીને સ્વયં ઉત્તમ નરેશ સાથે દુર્ગપુર પધાર્યા.

એક દિવસે દયાનિધિ ભગવાને ભાવિ મનુષ્યોના હિતનો ગૂઢ વિચાર કરતાં, ત્યાં ત્યાં ભગવન્મંદિરો કરાવી તેમાં પ્રતિમાઓ સ્થાપવી, આચાર્ય સ્થાપવા અને સચ્છાસ્ત્ર રચાવવું, એવો શુભ સંકલ્પ કર્યો. સંકલ્પસમસમયેજ દુર્ગપુરમાં આવેલા શ્રીનગરના ભાવિક ભક્તોએ પ્રાર્થના કરતાં ત્યાં રમણીય મહામંદિર કુશળ કારીગરોપાસે કરાવીને ત્યાં સપરિવાર સ્વયં પધારી મહોત્સવસાથે શ્રીનરનારાયણની સંવત્ ૧૮૭૮ ના ફાલ્ગુન શુકલ તૃતીયાએ પ્રતિષ્ઠા કરી. અનંતર કેટલાક દિવસો વીતતાં ભુજનગરના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં મંદિર કરાવી સ્વયં પધારી સંવત્ ૧૮૭૯ ના વૈશાખ શુકલ પંચમીએ નરનારાયણની યથાવિધિ પ્રતિષ્ઠા કરી, તેઓને પૂર્ણમનોરથવાળા કરી પાછા પધાર્યા. અનંતર વૃત્તાલયથી આવેલા કુબેરાદિ ભક્તોએ અભ્યર્થના કરતાં ભગવાને તેમનો મનોરથ પરિપૂર્ણ કરવા ત્યાં અતિરમણીય મહામંદિર કરાવીને સ્વયં પધારીને દેશદેશથી ભક્તસમાજ ભેગો કરીને સંવત્ ૧૮૮૧ ના કાર્તિક શુકલ દ્વાદશીએ મહોત્સવ સાથે લક્ષ્મીનારાયણ અર્ચામૂર્તિ અને અનન્યભક્તોના ધ્યાનાવલંબભૂત હરિકૃષ્ણનામની પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા યથાવિધિ કરીને ત્યાંના ભક્તોને પૂર્ણ અભિલાષવાળા કરી, વટપત્તનના ભક્તોની પ્રાર્થનાથી વાદિવિજયમાટે મુક્તાનંદમુનિને ત્યા મોકલીને સ્વયં દુર્ગપુર પધાર્યા.

એક દિવસે મુક્તિપુરી દ્વારિકાયાત્રાનુ માહાત્મ્ય કહેતાં તેની યાત્રાર્થે પ્રવર્તેલા અયોધ્યાવાસી ભ્રાતૃપુત્ર નંદરામાદિકની સહાયમાટે ભગવાને મોકલેલા મુનિવર સચ્ચિદાનંદજી દ્વારિકા પહોચતાં, ત્યાં અન્નાદિ વેચવાની વસ્તુઓની જગાતનેજ જેમ એમ તીર્થસ્નાન ભગવદ્દર્શન પણ દાણદાનથીજ એક સાધ્ય જોઇને, તેમજ અકિંચન હોવાથી તે જગાતવિત્તને આપવા અસમર્થ, તીર્થસ્નાન ભગવદ્દર્શનની ઉત્કટ ઉત્કંઠાથી સહસ્ર યોજન દૂરદેશથી શ્રદ્ધાથી આવેલા પરમ ભક્તોને ત્યાના ધનલુબ્ધ અધિકારીઓએ કરાતો ઉપરોધ ભર્ત્સન તાડનાદિકરૂપને ભાળીને, આ મુનિ કરુણાર્દ્રહૃદય હોવાથી મનમાં બહુ બહુ ખેદ કરી મંદિરમાં દર્શનાર્થે પ્રવેશ કરતાંજ મદોદ્ધત ગુગળી બ્રહ્મબન્ધુઓએ તિરસ્કારપૂર્વક કાઢી મુકેલા મુનિ તીર્થસ્નાન અને ભગવદ્દર્શનને નહિ પામવા અંતરમાં અત્યંત ઉદ્વિગ્ન થઈ ભગવન્મંદિરની સમીપેજ કોઈ સ્થાનમાં અનશનવ્રત ધારીને રહ્યા. અનંતર સમગ્ર ઇન્દ્રિયવૃત્તિઓને પ્રત્યાહરીને દ્વારિકાધીશ શ્રીકૃષ્ણને ભક્તિરસવીના હૃદયતળમાં

ધારીને, યોગમ્બાથી પ્રણિધાનપરાયણ થઈ, પાચદિવસસુધી સ્તમ્ભનીપેઠે સ્થિર વૃત્તિ થઈ રહ્યા પાચમે દિવસે ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈ પોતાનુ દિવ્ય પરમાદ્ભુત રૂપ નયનગોચર કરાવતાં મુનિએ તેમને પરા ભક્તિથી પ્રણામ કરી સ્તુતિ કરી. પછી પ્રસન્ન થએલા શ્રીકૃષ્ણ ભગવાન્ મુનિપ્રત્યે બોલ્યા કે-'તમારી પરા ભક્તિથી હું બહુ પ્રસન્ન થયો છુ તો તમારા જેવા સાધુજનોને મારા સ્વરૂપનુ દર્શનસુખ સપાદન કરવા વૃત્તાલયમા આવીને શ્રીનારાયણની અર્ચામા નિત્ય સાન્નિધ્ય કરી રહીશ' એવુ વરદાન આપી તત્ક્ષણ અતર્ધાન થઈ ગયા આ મુનિ આવુ વરદાન પામવાથી અત્યત આનદ પામીને યાત્રાળુ અયોધ્યાવાસીઓ સાથે નીકળીને દુર્ગપુરે આવીને ભગવાનને પ્રણામ કરી સમગ્ર દ્વાર વૃત્તાંત નિવેદન કરતા, ભગવાન તથા મુનિવિગેરે સમસ્ત ભક્તો બહુ રાજી થયા તે પછી ભગવાન્ પુષ્પદોત્સવ વૃત્તાલયમા કરાવવાની ઈચ્છાથી મુનિમડળ હરિજનમડળ સાથે વૃત્તાલય પધારી ભગવાન્ શ્રીલક્ષ્મીનારાયણનો પુષ્પદોત્સવ બહુ ઉત્સાહથી કરાવ્યો

આ અવસરમા મુનિમુખ્ય મુક્તાનદજી કે જેમને પ્રથમ ભગવાનેજ વટપત્તન પ્રતિ પારમૈકાતિક ભક્તિમાર્ગના સ્થાપનમાટે મોકલ્યા હતા અને જેમણે ત્યાના વાદિઓને જીતીને સદુપદેશથી ત્યા ઉદ્ધવસપ્રદાયની સર્વત પ્રવૃત્તિ કરી હતી તે વટપત્તનથકી તે નગરના નિવાસી ભક્તવૃન્દસાથે ભગવાનના ચરણકમળની સેવા કરવાની ઈચ્છાથી વડતાલ આવ્યા સભામા વિરાજમાન ભગવાનને પ્રણામ કરી તેમણે પુછતા તે મુનિવર્યે વટોદરનગરમા ઔદ્ધવસપ્રદાયની સમધિક પ્રવૃત્તિ તથા મુમુક્ષુ રાજનો પરમાદર તથા બહુજનોનો ભગવચ્ચરણકમળસેવામા સમુત્સાહ યથાસ્થિત નિવેદન કર્યો અનતર ભગવાન્ વડતાલથકી નીકળીને ભક્તોના ગામોમા રહેતા રહેતા દુર્ગપુર પધાર્યા ત્યા કેટલાક દિવસો રહીને વળી ધર્મદેવનો જન્મોત્સવ કરવા સર્વ ત્યાગી ગૃહી ધર્મકુળ વિગેરેને સાથે લઇને વડતાલ પધાર્યા તે ઉત્સવ પરિપૂર્ણ થતા, બીજો જે સકલ્પ સદાચાર્ય સ્થાપનનો હતો તેને સફળ કરવા, મહાસભા ભરી ભ્રાતા રામપ્રતાપના તનય અયોધ્યાપ્રસાદજીને અને ઈચ્છારામના તનય રઘુવીરજીને પુત્રભાવથી પરિગ્રહ કરીને, તે બન્નેને આચાર્યપદમા સવત્ ૧૮૮૨ ના કાર્તિક શુક્લ એકાદશીએ અભિષેક કરીને, તેમા પ્રથમનાને શ્રીનરનારાયણચરણકમળસેવાપરાયણ અને બીજાને શ્રીલક્ષ્મીનારાયણચરણકમળસેવાપરાયણ કરીને અને આચાર્યપદને વિભાગ કરી આપી તેમને પોતપોતાના દેશમા ધર્મપ્રવર્તનકાર્યમા આદેશ કરીને, ભક્તોને પણ તદુપયોગી ઉપદેશ આપ્યો આ અવસરમા વડોદરા નગરના નરપાળ સયાજીરાવ મહારાજાએ મોકલેલા મન્ત્રી નારૂપત ભગવાનની સમીપે આવીને ભક્તિથી પ્રણામ કરી તેમનો

મનોરથ પ્રાર્થનાગર્ભિત નિવેદન કરતા, તેમની ઉપર પ્રસન્ન થએલા ભગવાન્ મહારાજાના પ્રેમને પરવશ થઈ, સ્વલ્પ સમયમા આવવાનો સદેશો નારૂપન્તમુખથી મહારાજાપ્રતિ મોકલીને, સ્વય પરમહંસમંડળથી વીંટાઇને પરિમિત પદાતિઓને સાથે લઈને વૃત્તાલયથકી નીકળી વટપત્તનની સમીપની ભૂમિને પામ્યા અનતર મહારાજાની આજ્ઞાથી નારૂપત મત્રી ચતુરગિણી સેનાસાથે ભગવાનની સન્મુખ આવી પાદમા પ્રણામ કરી મહાગજેન્દ્ર ઉપર બેસારીને, મહાસંભ્રમથી સમલકૃત કરેલા રાજમાર્ગેથી રાજભવનપ્રતિ તેડી લાવ્યા સ્વય મહારાજા રાજભવન નજીક પધારેલા ભગવાનને અભિમુખ જઇને ભક્તિભારાવનમ્ર મસ્તકથી પ્રણામ કરતા ભગવાને અભિનદન કર્યાથકા ભવનની અદર સભાસ્થાનમા પધરાવી મહારાજોચિત આસનમા બેસારીને સ્વય ભક્તિતરગિત હૃદયથી અપનિમિત ઉત્તમ વસ્ત્ર વિભૂષણાદિવડે પૂજા કરીને પરિપૂર્ણ મનોરથવાળા થયા ભગવાન પણ પ્રેમરસપરિપૂર્ણ પ્રગ ભ વાણીવડે આશિષ આપીને ધર્મામૃત વચનોવડે તે મહારાજાને મહાઆનદ ઉપજાવીને, સર્વ સભાસદ જનોને પણ સમસ્ત સચ્છાસ્ત્રોના સારભૂત વચનોવડે આહ્લાદ આપીને, મહારાજાની અનુજ્ઞા થતા પોતાને ઉતારે પધાર્યા ત્યાના ભક્તોને પણ આનદ આપતાથકા સદપરિવાર રહેલા ભગવાનનુ રાજાએ ત્રણ દિવસ આતિથ્ય કર્યું ચોથે દિવસે યથાપૂર્વ મહોત્સવથી મહારાજાએ સીમાડાસુધી વળાવેલા ભગવાન્ ત્યાથી નીકળી વડતાલ પધાર્યા એક દિવસે એકાતમા બેસી સમસ્ત સમાશ્રિતોને ધર્માદિ તત્વનો અવબોધ આપના શિક્ષાપત્રી નામથી સર્વ સચ્છાસ્ત્રસારનો પ્રકાશ કર્યો તે પછી ત્યાથી અમદાવાદ પધારી ત્યા પુષ્પદોળોત્સવ કરી ત્યાથી નીકળી બાહ્યદેશમા વિચરતા ધોળેરા પધારી ત્યા ભક્તપ્રાર્થનાથી અદ્ભુતાનદ મુનિદ્વારા કરાવેલા મદિરમા મદનમોહન શ્રીકૃષ્ણની સવત્ ૧૮૮૨ ના વૈશાખ શુક્લ ત્રયોદશીએ પ્રતિષ્ઠા કરી દુર્ગપુર પધાર્યા કોઈ અવસરે આચાર્યપદાધિષ્ઠિત દત્તપુત્રોને ઉદ્દેશીને ભગવાને ત્યાગી ગૃહી સ્ત્રીપુરૂષોનો સામાન્ય વિશેષ દીક્ષાવિધિ તથા વાર્ષિકવ્રતોત્સવવિધિ કહ્યો કોઈ અવસરે ગોપાળાનદ મહામુનિને ઉદ્દેશીને ત્યાગિધર્મામૃતનો ઉપદેશ કર્યો કોઈ દિવસે નિત્યાનદ મુનિવરને ઉદ્દેશીને જ્ઞાનોપદેશ કર્યો એક સમયમા સનાતન સદ્ધર્મનુ સવિસ્તર સ્વરૂપ સમજવા સ્પૃહતા શિવરામભટ્ટને સમુદ્દેશીને વર્ણાશ્રમના સામાન્ય વિશેષધર્મો કહી સભળાવ્યા અનતર કોઇ સમયે આવેલા જુનાગઢનિવાસી ભક્તજનોએ પ્રાર્થના કરેતા ત્યા મહામદિર કરાવી ત્યા પોતે પધારી સવત્ ૧૮૮૪ ના વૈશાખ કૃષ્ણ દ્વિતીયાએ રાધારમણાદિ પ્રતિમાઓ પધરાવી તે દેશના નિવાસી ભક્તોનો મનોરથ પરિપૂર્ણ કરી પાછા દુર્ગપુર પધાર્યા એક દિવસે વર્ણિરાજ

મુકુદાનદજીને ઉદ્દેશીને ભગવાને બ્રહ્મચારીઓના ધર્મો સવિસ્તર કહ્યા એક સમયે શતાનંદમુનિને ઉદ્દેશીને સાગ યોગનો ઉપદેશ કર્યો

એરીતે ધર્મમાર્ગને ચોમેર પ્રવર્તાવતા અને ભક્તિમાર્ગને પ્રવૃદ્ધિ પમાડતા અને કળિયુગને પણ સત્યયુગ કરતા થકા ભગવાન્ વિશેષત દુર્ગપુરમા રહ્યા પોતાના પરમૈકાતિક ભક્ત સપરિવાર ઉત્તમ રાજાની અભ્યર્થનાથી દુર્ગપુરમા રમણીય મહામદિર કરાવી તેમા સવત્ ૧૮૮૫ ના આશ્વિન શુક્લ દ્વાદશીએ સર્વાવિર્ભાવકાર ણભૂત પોતાના દિવ્ય સ્વરૂપથી અનન્ય શ્રીગોપીનાથ નામનુ અર્ચાસ્વરૂપ પધરાવી સર્વને કૃતાર્થ કર્યા અનતર ભગવાને તૃતીય સકલ્પનુ સમનુસ્મરણ કરી સર્વાર્થ પરિપૂર્ણ સત્સગિઓના સજીવનરૂપ સત્સગીજીવન નામનુ મહાશાસ્ત્ર મહામુનિ શતાનદજીદ્વારે કરાવીને ધર્માદિકનુ રહસ્ય સર્વજનસુગમ કરી આપ્યુ

એરીતે પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન્ શ્રીસ્વામિનારાયણ અખિલમગળકારી પોતાનુ અતિમાનુષ ચરિત્ર અવનિતળમા પ્રખ્યાપન કરતા, પૃથ્વીમા વિજ્ઞાન પ્રકાશને વિસ્તારતા, ભગવદ્ભક્તિસુધાપ્રવાહને ઉત્તરગિત કરતા, અપરાધિઓ ઉપરપણ અનુકપાથી અનુગ્રહ કરતા દીનજનો ઉપર અતિશય દયા કરતાથકા બ્રહ્માદિદેવ દુર્લભ પણ પોતાનુ પરમાદ્ભુત દિવ્ય સ્વરૂપ સર્વના લોચનગોચર કરીને, પ્રાદુર્ભાવનુ પ્રયોજન પરિપૂર્ણ થતા અનન્યભક્ત ત્યાગી ગૃહીઓને પાસે બોલાવી ધર્મજ્ઞાનાદિ રહસ્યનો દૃઢરીતે ઉપદેશ આપવાવડે સર્વની શાતિ કરી, સ્વય સ્વાત્મસ્વરૂપસમાધિમા વિલીન થઈ સવત્ ૧૮૮૬ ના જ્યેષ્ઠ શુક્લ દશમીએ સ્વેચ્છાથી સ્વીકારેલા માનુષમજાતીય શરીરનો ત્યાગ કરી પોતાના અસાધારણ તેજોવિશેષ યુક્ત થઈ સર્વને નિહાળતાજ પોતાના પરમ અક્ષરપદમા પધાર્યા

એરીતે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીસ્વામિનારાયણે આ પવિત્ર ભારત ભૂમિકાપર લોકકલ્યાણાર્થે પોતાનો પ્રાદુર્ભાવ ૪૯ વર્ષ ૨ બે માસ ૧ એક દિવસ પ્રગટ કર્યો હતો તેમનામા સકળ લોકસમાશ્રયણોપયોગી કારૂણ્ય સૌશીલ્ય વાત્સલ્ય ઔદાર્ય ક્ષમા વિગેરે ગુણો નિ સીમ સર્વસજ્જનહૃદયાહ્લાદક સર્વજનસાક્ષિક થયા હતા તેમની સર્વાકર્ષક દિવ્યમૂર્તિ અને દિવ્ય સ્વાભાવિક ચેષ્ટા વિગેરેનુ વિસ્તૃત વર્ણન અન્યત્ર પ્રસિદ્ધ છે, વિસ્તારભયથી અત્ર વર્ણવ્યુ નથી એરીતે આ શ્રીહરિચરિત્ર ગ્રથોપદેષ્ટાની વિશિષ્ટતા જણાવા માટે સક્ષેપમા સૂચવ્યુ

લિ. શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ.

श्रीहरिर्जयति।

શિક્ષાપત્રીનું પરમ હાર્દ અને વિષયો—

આ શિક્ષાપત્રીનું પરમ હાર્દ નિવૃત્તિધર્મમાંજ વર્તેછે. નિવૃત્તિધર્મતો આજ નિર્ધાર્યો છે—જે વેદવિધિઓચિત અર્થાં પુત્રપશ્વાદિ ઐહિક ફળ અને સ્વર્ગાદિ પારલૌકિક ફળનો આરંભ કે જે વારેવારે જનનમરણના બીજભૂત છે તેને માટે થાય નહિ, કિંતુ ત્રૈવર્ગિક (ધર્મ અર્થ કામ) ફળના અનેકવિધ આરંભોના અત્યાયાસથકી પુરૂષને નિવૃત્ત કરે—પાછો વાળે. 'यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः' એમ ગીતામાં કહ્યું છે. કેટલાકો એવો વિભાગ કરે છે કે—ચક્ષુરાદિ ઇન્દ્રિયોના દર્શનાદિ વ્યાપારોના વિરામનું પ્રાધાન્ય હોવાથી વિદ્યા (જ્ઞાન) કે જે ચતુર્થાશ્રમ સંન્યાસને સમુચિત છે તેજ નિવૃત્તિધર્મ છે અને જે ઇન્દ્રિયવ્યાપારોની પુષ્કળતાવાળો, ગૃહસ્થનાજ એક ઉપયોગનો ક્રિયામય (વિદ્યા થકી બીજો) તે પ્રવૃત્તિધર્મ છે, આવો તો વિભાગ પંડિતોના હૃદયપ્રિય નથી. ઇન્દ્રિયવ્યાપારની વિરતિના પ્રાધાન્યથી વિદ્યામાં કશો ગુણ નથી તેમ ઇન્દ્રિયવ્યાપારના આધિક્યથી ક્રિયામયમાં કશો દોષ નથી. "જે કર્મેન્દ્રિયોનો સંયમ કરીને, પાપ નહિ નષ્ટ થએલાં હોવાથી અજીત બાહ્ય અંતઃકરણવાળો હોઇને આત્મજ્ઞાન માટે પ્રવર્તતાં વિષયવ્યાસક્ત હોવાથી આત્માથકી વિમુખ મનવાળો થઇ, મનવડે વિષયો કે જેનાથકી ઇન્દ્રિયોનો નિરોધ કરવા કામતો હતો તેજ વિષયોને સંભારતો રહે છે તે મિથ્યાચાર—અન્યથા સંકલ્પ કરીને અન્યથા આચરનારો કહ્યો છે. પ્રથમ આત્મજ્ઞાન માટે ઉદ્યમી થઇ પછી તેનાથકી વિપરીત વર્તતાં તેથકી વિનષ્ટ થાય છે. ઉપાયનું વિપરીતપણું થતાં ફળનું વિપરીતપણું થાય છે. કર્મયોગ નહિ કરીને જ્ઞાનયોગાર્થે પ્રવર્તેલાને આ અનર્થ થાય છે. માટે જેતો ઇન્દ્રિયોને પૂર્વાભ્યસ્ત વિષયોને સજાતીય શાસ્ત્રીય કર્મોમાં આત્મદર્શનાર્થે પ્રવર્તેલા મનવડે નિયમમાં કરીને, તેનાં તેજ સ્વતઃ કર્માસક્ત ઇન્દ્રિયોવડે કર્તાપણાનું અભિમાન અને ફળાનુસંધાનનો પરિત્યાગ કરવાપૂર્વક કર્મયોગને આરંભે છે તે જ્ઞાનનિષ્ઠપણું

પુરૂષ થકી શ્રેષ્ઠ છે." એમ ગીતામાં સ્વયં ભગવાને કહ્યું છે. વિદ્યાપણુ વિજ્ઞાનસ્વભાવતાને લીધે વિદ્યા કહેવાતી નથી (વિદ્યામાં સ્વતઃ વિદ્યાપણું નથી) કિંતુ પરંબ્રહ્મ પરમાત્માને અવલંબીને પ્રવર્તેલી હોવાથી વિદ્યા કહેવાય છે. અન્યથાતો અવિદ્યાજ છે. એજ રીતે ભલે ક્રિયામય હોય પણ જો તે પરમાત્માને સ્પર્શ કરેછે તો વિદ્યાને સમાન યોગક્ષેમવાળો કેમ ન થાય ? થાયજ. (તુલ્ય ન્યાય છે) વસ્તુતાએ જે કર્મ છે તે સર્વશરીરી પરમાત્માના આરાધનરૂપ હોવાથી તે આરાધ્ય પરમાત્માનો સ્પર્શ કરેજ છે. માટેજ શ્રુતિ 'न कर्म लिप्यते नरे' એમ કહે છે. માટેજ ભગવાને ગીતામાં સર્વ કર્મની પરમાત્માની આરાધનરૂપતા કહેવાપૂર્વક નિષ્કામપણે અવશ્ય કર્તવ્યતા કહી છે—'यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् । स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥' 'मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि' 'मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा । निराशीर्निर्ममो भूत्वा' 'सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः' चेतसा सर्वकर्माणि मयि सन्न्यस्य मत्परः । बुद्धियोगमुपाश्रित्य' 'स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः' 'यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् । यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥' 'एतान्यपि च कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च । कर्तव्यानीति मे पार्थ ! निश्चितं मतमुत्तमम् ॥' 'कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः' 'तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर । असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः ॥' 'कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि । योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥' 'एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः । कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥' ઇત્યાદિ. આમાં બહુ બહુ કહેવાથી શું ? ઉપનિષદ્રૂપ ગાયોનું દોહન કરનારા ગોપાળનંદન શ્રીકૃષ્ણ ભગવાને ઇન્દ્રિયવ્યાપારગર્ભિત કર્મયોગનીજ જ્ઞાનયોગની અપેક્ષાએ ઉત્કૃષ્ટતા 'कर्म ज्यायो ह्यकर्मणः' 'तयोस्तु कर्मसन्न्यासात्कर्मयोगो विशिष्यते' ઇત્યાદિકથી કહી છે. શ્રુતિએ પણ 'क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः' એમ કહ્યું છે. આમ કહેવાથી 'નિવૃત્તિધર્મમાં અધિકારતો એકલા સંન્યાસીનેજ છે બીજા (ગૃહસ્થ) ને નથી' એવો જે કોઇનો વાદ છે તેપણ આપાતરમણીય છે—વસ્તુવિચાર કરતાં રમણીય નથી.

તે આ નિવૃત્તિધર્મ, કર્મ જ્ઞાન ઉપાસન એવા ભેદથી ત્રણ પ્રકારનો છે. તેમાં પ્રથમનો 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' 'यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः' 'ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा' 'मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा' 'यत्करोषि यदश्नासि' 'स्वकर्मणा तमभ्यर्च्य' 'मदर्थमपि कर्माणि' ઇત્યાદિકમાં કહ્યાપ્રમાણે ફળસંબંધ અને કર્તાપણાનો સંબંધ ત્યાગ કરવાપૂર્વક 'આ સર્વશરીરી પરમાત્માનુંજ આરાધન છે' એવી બુદ્ધિથી અનુષ્ઠાન કરાતો તે તે વર્ણાશ્રમાનુબંધી કર્મરૂપ જાણવો. બીજોતો પ્રકૃતિવિલક્ષણ જ્ઞાનૈકધન શુદ્ધ સ્વાત્મસ્વરૂપના અનુધ્યાનરૂપ 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य' આમાં કહ્યા મુજબનો જાણવો. ત્રીજોતો પરંબ્રહ્મ પરમાત્મા નારાયણના ધ્યાનોપાસનરૂપ જાણવો. આજ ભક્તિયોગ કહેવાય છે. 'એનાજ અંગભૂત પૂર્વના બે અનુક્રમે કર્મયોગ જ્ઞાનયોગ કહ્યા છે. આ ત્રણમાં વિધિઓ—'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः' 'योगस्थः कुरु कर्माणि' 'नियतं कुरु कर्म त्वं' 'लोकसङ्ग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि' 'कुर्याद्विद्वांस्तथाऽसक्तः' 'कार्यं कर्म समाचर' 'कुरु कर्मैव तस्मात्त्वं' 'य आत्मा अपहतपाप्मा विजरो विमृत्युर्विशोकोऽविजिघत्सोऽपिपासः सत्यकामःसत्यसङ्कल्पः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' 'आत्मा वाऽरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' 'शान्त उपासीत' 'आत्मानमेव लोकमुपासीत' 'भूमा त्वेव विजिज्ञासितव्यः' 'तज्जिज्ञास्यदन्तस्तदन्वेष्टव्यम्' 'मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय' 'मच्चित्तः सततं भव' 'मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु' 'भज मां भक्तिभावतः' ઇત્યાદિક છે. તો આ રીતે વેદવિધિઓવિત કર્મયોગાદિ જે ત્રણ છે તે નિવૃત્તિધર્મ ગણ્યો છે. (આનેજ એકાંતિકધર્મ કહે છે) આમાં મુમુક્ષુને અધિકાર છે. આ ત્રણમાં ભક્તિયોગ પ્રધાન છે. બીજા બેતો ભક્તિયોગને માટે (અંગ) છે. ભક્તિયોગનુંજ પ્રાધાન્ય જણાવા ભગવાને 'तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यच्चेति दृश्यताम् ॥ गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम्' એમ કહ્યું છે. આમાં સર્વથા—આ નિર્દેશથી આવો અર્થ જણાય છે, સર્વ પ્રકારે—જે ભોગ્ય અન્નપાનાદિ

અને જે ભોગોપકરણ પુષ્પહાર ચંદનાદિ અને જે ભોગસ્થાન ગૃહબગીચાદિ તે બધાય પ્રકારે પરમાત્માજ ભજનીય છે. ભક્તિમાં આ જ વિશેષ છે, જેથી આ દશામાં લૌકિકપ્રિય પદાર્થમાત્રને સર્વથા ભુલી જઇને પરમાત્મૈકપ્રિય થાય છે. અથવા સર્વથા–ઉપાયપણે અને ઉપેય (પ્રાપ્ય)-પણે ભગવાન્ ભજનીય છે. આથી ભક્તિથકી બીજા ફળનો આસ્વાદ લેવાનો પણ જે ભક્તિનિષ્ઠામાં બાકી રહેતો નથી. તે આ વિશેષ એમાં જણાવ્યો. યદ્યપિ નિઃશ્રેયસના સાધનસમુદાયમાં કર્મયોગ જ્ઞાનયોગની પરિગણના પ્રખ્યાત છે. તથાપિ તે બન્ને નિઃશ્રેયસને સાક્ષાત્ સંપાદનારા નથી કિંતુ પોતાથકી સમધિક જે ભક્તિયોગ તેને સંપાદન કરી આપીને સ્વયં ક્ષીણશક્તિવાળા થઇ જાય છે. ભક્તિજ સાક્ષાત્ નિઃશ્રેયસને કરનારી છે. માટેજ સ્વયં ભગવાન્ 'निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम्' એમ ભક્તિથકી બીજું નિઃશ્રેયસ કરનાર કાંઇપણ સાધન નથી એમ કહે છે. જે 'शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च' ઇત્યાદિકથી કહેલા તે તે વર્ણ-સ્વભાવાનુસારી ગુણો છે. તથા જે 'शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वाऽऽत्मन्येवात्मानं पश्येत्' આમાં કહેલા યોગાંગભૂત ગુણો છે તથા જે લોકમાં પ્રતિષ્ઠાસંપાદક ગુણો છે. કિં બહુના–જે આ શિક્ષાપત્રીમાં આ વચનથી પહેલાં અહિંસા સત્ય અસ્તેયાદિ આદેશ કર્યા છે અને આથી આગળ આદેશ કરવામાં આવનારા છે તે આ તમામ ગુણોનું આજ પરમ ફળ માન્યું છે, શું? તો પરમાત્મામાં ભક્તિ થવી. આ ભક્તિ જો ન નિષ્પન્ન થાય તો આ સર્વ ગુણો સંપન્ન થએલા પણ નિરર્થકજ છે. એમ 'गुणिनां गुणवत्तायाः ज्ञेयं ह्येतत्परं फलम्। कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यघः॥' આ વાક્યથી જણાવ્યું છે. આ બધો અર્થ 'नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया। शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा॥' 'भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन!। ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप!॥' 'भक्त्यैकलभ्यः पुरुषोत्तमोऽसौ' 'प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम्' 'इदं हि पुंसस्तपसः श्रुतस्य वा स्विष्टस्य सूक्तस्य च बुद्धिदत्तयोः। अविच्युतोऽर्थः कविभिर्निरूपितो यदुत्तमश्लोकगुणानुवर्ण-

નમ્ ॥' 'तत्कर्म हरितोषं यत्सा विद्या तन्मतिर्यया' 'विद्यादिभिर्गुणैर्नृणां साधितैरपि किं फलम् । यद्यन्ते नीयते याम्यैर्दूतैर्माकिं विना हरेः ॥' 'अवैष्णवस्य तु गुणाः श्रुताद्या विमला अपि । न शोभन्ते यथा राजन् ! भूषणान्यधवस्त्रियाः ॥' 'प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव ! । नोपायो विद्यते सध्र्यङ्' ઇત્યાદિ વચનોથી સ્પષ્ટ કર્યો છે. તો આ રીતે આથી આ શિક્ષાપત્રીનું પરમ તાત્પર્ય ભક્તિયોગમાં છે એમ સ્ફુટ જણાય છે. યદ્યપિ ભગવાને પૂર્વભાગમાં અને ઉત્તરભાગમાં બહુ બહુ ક્રિયામય ધર્મોનો ઉપદેશ આપ્યો છે તથાપિ મુમુક્ષામાત્રથી 'કર્મો કામબીજ છે માટે આપણે મુમુક્ષુએ તે કરવાની શી જરૂર ? જ્ઞાનજ જે સર્વ કિલ્બિષને નાશ કરનાર છે તેજ ઉપસેવન કરવું' એમ અભિમાનીને સ્વકર્મનો ત્યાગ કરી દઇને જે મહો જ્ઞાનના મિષથી યથેચ્છાચરણમાં પ્રવર્તે છે તેમને નિયમમાં લાવવા તેવા તેવા કર્મમય ઉપદેશો 'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः' એની પેઠે પ્રવર્ત્યા છે. માટે મન્વાદિ નિબંધોની પેઠે વર્ણસામાન્યને (કાઇ વિશેષ વિના) અધિકાર કરીને આ પ્રબન્ધની પ્રવૃત્તિપણ નથી, કિંતુ મુમુક્ષુને અધિકાર કરીને પ્રવૃત્તિ છે. જુવો–પ્રારંભમાજ 'श्रात्रो रामप्रतापेच्छारामयो.' આને આરંભીને 'अतो भवद्भिर्मदिच्छयैः' ઇત્યત વચનથી આત્મીયોને ઉદ્દેશીનેજ પ્રવૃત્તિ કરી છે. આત્મીય તો શિષ્યો છે. તેઓતો પોતાના ચરણારવિંદના સમાશ્રયવાળા મુમુક્ષુઓ છે. 'प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम्' આ નિર્દેશથી 'નિષ્કામપણે ધર્મનું અનુષ્ઠાન અસ્મદીયોએ કરવું' એમ વ્યજીત થાય છે. આને અનુસરીને તે તે ધર્મોમા પ્રીત્યૈવ-સ્વય પ્રીતિથીજ વર્તવું પણ ફળાકાક્ષાથી નહિ, એવો તો એનો અર્થ છે માટેજ ભગવાન્ 'धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ।' 'धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा' એમ અકામપણે અનુષ્ઠાન કરેલાજ ધર્મનુ ભક્તિ સાથે સાહિત્ય (અગભાવ) સંભવે છે. 'विद्या चाविद्यां च यस्तद्वेदोभयं सह' એવી શ્રુતિ છે. એ રીતે જે આત્મસ્વરૂપના વિજ્ઞાનનુ વચન 'हृस्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम्' ઇત્યાદિ છે તે પણ સ્વતત્ર આત્મયોગ (જ્ઞાનયોગ) માટે નથી, કિંતુ ભક્તિયોગના અગ-

પણેજ ઉપયોગ માટેછે. માટેજ 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥' એમ ભગવાને કહ્યું છે. આ અર્થ ભગવાને અન્યત્ર (સત્સંગિજીવનમાં) 'धर्मादीनां लक्षणानि मत्त्वद्भानामथाग्य ते ! । कथयामि विविच्यैव' 'तस्मात् भवद्भिः सततं स्वधर्मनियतस्थितैः । उत्साहेनैव कर्तव्या तद्भक्तिः श्रद्धयाऽन्वितैः ।' 'धर्मो ज्ञानं च वैराग्यं भक्तेर्वेचानि तत्त्वतः । अङ्गानि त्रीण्युत्तमाङ्गत्वपादास्यान्यनुक्रमात्' ઇત્યાદિ વચનોવડે સુસ્પષ્ટ કર્યો છે. તો આ રીતે આમાં કર્મયોગ જ્ઞાનયોગનો ભક્તિના અંગપણે ઉપદેશ આપેલો હોવાથી આ પ્રબન્ધનું ભક્તિયોગમાંજ ઉદાર હાર્દ છે એમ સ્પષ્ટ સમજાય છે. આમાં બીજા બહુ આદેશો પ્રસંગાનુપ્રસંગથી પ્રાપ્ત થએલા છે, એટલામાત્રથી એમાં આનું પરમ હાર્દ નથી. જે પ્રધાનપણે પ્રતિપાદ્ય હોય તે પરપણુંજ તે નિબન્ધનું સમુચિત છે. (આ બધી હાર્દ અભિપ્રાય વચનામૃત તથા સત્સંગિજીવનમાં સ્વવચનથી તેતે સ્થળે વિસ્તારથી સુસ્પષ્ટ કર્યો છે, જેથી તેમનું પણ આ પ્રધાનની સાથે એક હાર્દ છે)

આમાં પ્રધાનપણે વિષયો આ છે—નિઃશ્રેયસ, તેનું સાધન, તેમાં જે પ્રતિકૂળ હોય તેનો પરિત્યાગ અને જે અનુકૂળ હોય તેનો અંગીકાર આ ચાર છે. તેમાં જે નિઃશ્રેયસ—આત્યંતિક કલ્યાણ છે તે સર્વ કર્મનો પ્રક્ષય થયા પછી થનારો જે બ્રહ્માત્મ સ્વાત્મસ્વરૂપનો આવિર્ભાવ તે પૂર્વક પરમાત્માની પ્રત્યક્ષપ્રાપ્તિરૂપ માન્યો છે. આ અર્થ 'अश्व इव रोमाणि विधूय पापं चन्द्र इव राहोर्मुखात्प्रमुच्य । धूत्वा शरीरमकृतं कृतात्मा ब्रह्मलोकमभिसम्भवानि । 'स एष सम्प्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परंज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते ॥' ઇત્યાદિ શ્રુતિએજ અનુવર્ણવ્યો છે. આજ અર્થ આમાં 'तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम्' આ વચનથી ભગવાને કહ્યો છે. આવા નિઃશ્રેયસનું સાધનતો ભક્તિરૂપાપન્ન જ્ઞાન કે જે ધ્યાનઉપાસનશબ્દવાચ્ય હોઇને સ્વાત્મ પરમાત્માના યથાસ્થિત જ્ઞાનગર્ભિત છે. તેમાં શ્રુતિ છે 'आत्मा वाऽरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' 'यमेवैष वृणुते तेन लभ्यः' 'समाने वृक्षे पुरुषो

निमग्नोऽनीशया शोचति मुह्यमानः । जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः' 'द्वासुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति' ॥ ઇત્યાદિ. તે આ અર્થ ભગવાને 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥' આ વચનથી કહ્યો. આના શેષભૂત, આત્મા પરમાત્માના સ્વરૂપને વિવેચન કરનારાં વચનો 'हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् । ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥ हृदये जीवचज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥ स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः । उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥' ઇત્યાદિ છે. નિઃશ્રેયસના સાધનભૂત જે ભક્તિ કહી તેનું લક્ષણ 'माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे' આનાથી નિરૂપણ કર્યું. માધવ–લક્ષ્મીપતિ ભગવાનમાં જે નિરતિશય સ્નેહ તે ભક્તિ જાણવી. તેવું સૂત્ર છે–'सा परानुरक्तिरीश्वरे' ઇતિ. માયિક વસ્તુઓમાં જે રાગ તે નિઃશ્રેયસના સાધનમાં વિરોધી છે, માટે આ પરિત્યાજ્ય છે. તે આ અર્થ 'वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु' આ વચનથી વર્ણવ્યો છે. श्रीकृष्णेतरवस्तुषु–'માયિક વસ્તુઓમાં' એવો એનો અર્થ છે. માયાનું સ્વરૂપ નિરૂપણ કરતાં ભગવાને 'जीवस्य चाहंममताहेतुः' આ વચનથી અહંકાર મમકારમાં રાગબીજતાના ઉપપાદનથી તે બન્નેની પરિત્યાજ્યતા જણાવી છે. ભગવાનના મહિમાનું જે જ્ઞાન છે તે ભગવાનમાં ભક્તિને વધારનાર હોવાથી નિઃશ્રેયસના સાક્ષાત્ સાધનભૂત ભક્તિયોગમાં અનુકૂળ છે, માટે તે અત્યંત અંગીકાર્ય માન્યું છે. આ અર્થ 'एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः । सोऽविकल्पेन योगेन युज्यते नात्र संशयः ॥' આ ગીતાવચનમાં વિસ્પષ્ટ છે. તે આ અર્થને અભિપ્રાય કરીને ભગવાને 'माहात्म्यज्ञानयुक्' એમ કહ્યું છે. વળી આ બીજે પ્રકારપણ પ્રતિકૂળ અનુકૂળ વિભાગમાં વર્તે છે— અંતઃકરણની જે મલિનતા તે નિઃશ્રેયસમાં પ્રતિકૂળ અને તેની જે નિર્મળતા તે અનુકૂળ છે. જો મન નિર્મળ ન હોય તો ઉપાસનરૂપ ભક્તિયોગ ઘટે નહિ. મનની નિર્મળતામાં ઉપાય તો એક ।हिंसादि दुश्चरितथकी निवृत्ति

અને અન્ય સત્ત્વાદિ ગુણવિભાગને અનુસારે કરવાપણે કહેલાં કર્મોનું ફળાભિસન્ધિ વિના અનુષ્ઠાન માન્યો છે. તેવી શ્રુતિ છે–'नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः । नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात्' 'क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः' ઇત્યાદિ. તે આ અભિપ્રાયથી હેય ઉપાદેયનો વિભાગ જણાવા ભગવાને 'कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः' ઇત્યાદિ કહ્યું છે. આના પ્રસંગથીજ આમાં અધિકારને અનુસારે અનેકવિધ વિધિનિષેધો નિરૂપણ કર્યા છે.

આ રીતે સંગ્રહથી સંનિરૂપણ કરેલા નિઃશ્રેયસ, તેનું સાધન, તેમાં વિરોધિની હેયતા, તેમાં અનુકૂળની ઉપાદેયતા, આ ચાર પ્રધાન વિષયોનું વિશેષપણે વિજ્ઞાન મેળવવા વાંછતા જનોને અધિકાર કરીને સ્વાભિમત પ્રમાણો 'वेदाश्च व्याससूत्राणि' ઇત્યાદિ વચનોથી સવિશેષ વિભાગ કરીને ભગવાને પ્રદર્શાવ્યાં. એમાં વિશેષપણ આ ઉપદર્શાવ્યો છે—'एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः । मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ॥' ઇતિ. પ્રાધાન્ય તો પરમ તાત્પર્યરૂપ સમજવું. યદ્યપિ વેદો અને સ્મૃતિઓ રાગદ્વેષને ઉપજાવનારા અર્થોને અને તેના ઉપાયોને પ્રતિપાદન કરે છે, તેટલામાત્રથી તેઓનું પરમ તાત્પર્ય તેમાં નથી. તેઓ રાગદ્વેષપરવશ, રજતમની પ્રધાનતાવાળા જનોને અત્યનર્થકર સ્વચ્છંદાચરણથકી પાછા વાળીને નિયમમાં કરવા કેવળ પ્રવર્તે છે. આ અર્થ વ્યાસે ભાગવતમાં કહ્યો છે-'लोके व्यवायामिषमद्यसेवा नित्यास्तु जन्तोर्नहि तत्र चोदना । व्यवस्थितिस्तेषु विवाहयज्ञसुराग्रहैरासु निवृत्तिरिष्टा ॥' 'कर्ममोक्षाय कर्माणि विधत्ते ह्यगदं यथा' ઇતિ. આવા વિશેષના ઉપદેશથી–'પ્રતિપાદન કરવા ઇચ્છેલા જે નિઃશ્રેયસ, તેનું સાધન, તેમાં વિરોધિનો પરિત્યાગ, તેમાં અનુકૂળનો સ્વીકાર, તે રૂપ અર્થો તેમાં જેમની પ્રમાણતા માનવામાં આવે છે તેજ વેદ સ્મૃતિઓ નિઃશ્રેયસમાં વિરોધી રાગપરપણ છે' એવી મંદમતિઓની આશંકાનું સમાધાન થઇ જાય છે. તેમાં ઉપનિષદોના વિમર્શરૂપ જે વ્યાસસૂત્રો પરમતત્ત્વના વિનિર્ણયમાં પ્રધાન પ્રમાણપણે પરિગણ્યાં છે

અને જે તેના ઉપબૃંહણોમાં પ્રથમભૂત ભગવદ્ગીતા પરિગણી છે તે બન્ને અતિગહન હોવાથી બીજા વ્યાખ્યાતાઓના બુદ્ધિભેદને લીધે વિપરીત સમજણ થાયજ. તો તેના નિરાકરણમાટે તે બન્નેના અર્થનો નિર્ણય કરવામાં શ્રીમાન્ રામાનુજાચાર્યે કરેલું વ્યાખ્યાનજ સ્વીકારવું એમ જણાવામાટે ભગવાને 'शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् । रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥' એમ કહ્યું. આ રીતે આ પ્રબન્ધનો પ્રધાન વિષયવિભાગ અને તેનું ઉચ્ચ હૃદય સૂક્ષ્મ દૃષ્ટિથી સમીક્ષણ કરીને આ નિબન્ધમુખમાં પ્રકાશ કર્યું.

હવે સ્થૂળ દૃષ્ટિએ કહીએ તો—આ શિક્ષાપત્રીલેખનું હાર્દ ત્રૈવર્ગિક (ધર્મ અર્થ કામ) કે નિઃશ્રેયસ પુરૂષાર્થમાં જે અધિકારી છે તે સર્વ કોઇને હિતનો અવબોધ આપવામાં વર્તે છે. માટેજ આરંભમાં 'सर्वजीवहितावहः-'સર્વ જીવોના હિતને કરનારો' એમ કહ્યું અને અંતમાં તે धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम्-'જેઓ આ શિક્ષાપત્રીને અનુસરીને વર્તશે તેઓ ધર્માદિ ચાર પુરૂષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે' એમ કહ્યું. યદ્યપિ આ લેખ આત્મીય જનોને અભિમુખ કરીને પ્રવર્ત્યો છે તથાપિ સર્વ કોઇને યથાધિકાર સંગ્રહ કરેછે. તે આ ધર્માદિકનું સ્વરૂપ અન્યથા—વિપરીત અવધારીને કે યથાર્થ નહિ અવધારીને જેઓ તેમાં પ્રવર્તનારા છે તેઓ અનુકૂળ અર્થથકી પતિત થાય છે. માટે એવાઓના હિતજ્ઞાનાર્થે તે ધર્માદિકનું સારથી સંનિરૂપણ કરવુ જરૂરનું જણાય છે. યદ્યપિ ઘણા નિબન્ધો વર્તે છે કે જેમણે તેમનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું છે. ભલે તેવા નિબન્ધો હોય પરંતુ તેઓ પોતાનો આશય સરલ હૃદયાળુઓને પ્રકાશ કરી આપતા નથી તે ગ્રંથો ગહનગતિવાળા હોવાથી નાનાવિધ ન્યાયના સંચાલનમાં અતિશય શક્તિવાળાઓએજ સુખેથી ઉતરી શકાય એવા છે. વળી મંદમતિઓને તે ધર્માદિકના અપરિમિત શાખા ઉપશાખાવિભાગોને જણાવતા થકા વિવિધ વિકલ્પોના પ્રદર્શનથી ભમાવી પણ દે છે. કળિકાળમાં માનવ અલ્પ આયુષવાળો અને અલ્પ મતિવાળો હોવાથી એમાં અનુપ્રવેશ કરીને સુખેથી પોતાને અનુરૂપ મોક્ષ-

માર્ગને શીરીતે સ્વીકારી શકે? વળી સ્મૃતિઓ કે શ્રુતિઓ અનિયમિત ગતિવાળી છે (श्रुतयोऽपि भिन्नाः स्मृतयोऽपि भिन्नाः) તે ગુણાનુસારે પ્રવર્તતી ભિન્નભિન્ન રૂચિને અનુસારે ધર્માદિકનો ઉપદેશ કરેછે, તેથી તેમાં અંતે અશુદ્ધિનો સ્પર્શ અવર્જનીય છે. (આવેજ) જેમ ત્રૈવર્ગિક ધર્મમાં શ્રાદ્ધમાં માંસનું વિધાન, અતિથિઓને માટે માંસસહિત મધુપર્ક, સ્વર્ગસુખ સંપાદનસારૂ પશુહનનનો વિધિ, સૌત્રામણિયાગમાં સુરાનું વિધાન, પરમારણમાટે ઉપાયનું પ્રદર્શન, એવમાદિ. તેમાં હિંસા ગર્ભિત હોવાથી અશુદ્ધિનો યોગ છેજ. એરીતે જ્ઞાનબાબતમાં કપિલ (સાંખ્ય) પરમેશ્વરને પડ્યા મુકીને પુરૂષ (આત્મા) વિશુદ્ધિમાત્રથી તૃપ્તિ માનીને કૈવલ્યકામનાનુસારી વિજ્ઞાનને કહેછે. પાતંજળો પણ (યોગવાળા) પ્રાયઃ તેમજ માને છે. એમને મતે પરમેશ્વર પણ હસ્તાવલંબમાત્ર છે. (મુખ્ય નહિ) પરમાનંદમય પરબ્રહ્મને દૂર કરે છે તેથી તેવા વિજ્ઞાનથી ફળ શું? તેતો અજ્ઞાનજ છે, તો તેમનો પણ વિજ્ઞાનમાર્ગ અશુદ્ધજ છે. એરીતે બીજા પણ તેતે જ્ઞાનવાદિઓ એવાજ છે. ભક્તિબાબતમાં પણ તેમજ છે-કોઈ અગ્નિમાં કોઈ સૂર્યમાં કોઈ ઈન્દ્રમાં તો કોઈ બીજા કોઇમાં પ્રેમાતિશયને ભક્તિ કહે છે. કોઇતો માયાશબલિત બ્રહ્મમાં પ્રેમપ્રકર્ષને ભક્તિ કહે છે, એરીતે ભક્તિની ગતિ અનિયમિત (એકમાં નિયમવાળી નહિ) તેતે પ્રબન્ધમાં કહી છે. વળી કોઈ ભક્તિને અતઃકરણની નિર્મળતા થવામાત્રમાં ઉપકારક માનીને તે થતાં તે ભક્તિનો પ્રક્ષય કહીને અંતે તેમાં અશુદ્ધિનેજ માનેછે. બીજા વળી કેટલાકો ભક્તિમાહાત્મ્યવાદમાત્રને આદર કરીને ધર્મમાર્ગે રહિતજ ભક્તિમાર્ગને જણાવતાં તેની અત્યંત અશુદ્ધિનેજ કરી દેછે. તો ધર્મ જ્ઞાન ભક્તિના સારાંશના અવધારણનો અન્ય નિબન્ધથકી અસંભવ અને ઉલટું અશુદ્ધિવ્યાસજ તેનું જ્ઞાન થવાનો સંભવ જાણીને, શુદ્ધ સારતમ તેના સ્વરૂપના વિજ્ઞાનવાસ્તે આ ભગવાનના લેખનો આરંભ છે. વળી તે સમયે કેવળ ધર્મના મિષથી હિંસા માંસ સુરામાં પ્રીતિ અને જ્ઞાન ભક્તિના મિષથી (આલંબથી) સ્ત્રી દ્રવ્ય રસમાં લોલુપતા અત્યધિક પ્રવર્તેલી હતી. તેમાં ધર્માંશમાં પ્રાણિપી-

ક્નરૂપ કલકનો જે પ્રસાર હતો તેનો પરિહાર 'देवतापितृयागार्थमप्य जादेश्च हिंसनम्। न कर्तव्य ઇત્યાદિ વચનવડે કર્યો તથા અર્થકામનિમિત્તે જે મનુષ્યમારણરૂપ અસનર્થકર કલકનો પ્રસાર હતો તે 'स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित्। मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥' ઇત્યાદિકથી પ્રતિષેધ કર્યો માસ મદિરાદિ ભક્ષણનો જે પ્રસગ હતો તે 'न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित्। न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥' આથી નિષેધ કર્યો 'भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुपाः । पापे प्रवर्तमानाः स्युः कार्यमेषां न सङ्गमः ॥' ઇત્યાદિકથી ભક્તિજ્ઞાનના ખોટા આનાથી અધર્મમા પ્રવર્તનારાઓનો પ્રસગ પ્રતિષેધ કર્યો 'स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित्' આનાથી—જે વર્ણનિમિત્તથી પ્રવર્તેલા કે જે આશ્રમનિમિત્તથી પ્રવર્તેલા કે તે બન્ને નિમિત્તથી પ્રવર્તેલા ધર્મો, જેના નહિ આચરણમા પ્રત્યવાય આપનારા છે તેમના નહિ ત્યાગના વિધાનથી કેવળ કામનામૂળક, (સકામ) શાખા ઉપશાખાપણે વિસ્તારને પામેલા કર્મોમા અનાદર સૂચવ્યો છે તેથી કર્મોમા જે સારાશ (નિષ્કામતારૂપ) છે તેમા આનુ તાત્પર્ય જણાય છે વળી આમા કામનામૂળક કોઈ પણ યજ્ઞાદિ કર્મનો સાક્ષાત્ શબ્દથી ઉપદેશ પણ આપ્યો જણાતો નથી, કિંતુ વિશેષપણે કૃષ્ણભક્તિને અનુગુણજ કર્મોનુ વિધાન 'कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले । धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥' ઇત્યાદિકથી કર્યું છે આમા 'धर्मेण सहिता कृष्णभक्तिः' એમ કૃષ્ણભક્તિ અને ધર્મના સાહિત્યનો ઉપદેશ વારેવારે આપ્યો છે, તો વર્ણાશ્રમધર્મોની પણ સ્વતન્ત્ર અન્યઅન્ય દેવોના આરાધનરૂપપણે કર્તવ્યતા નથી કિંતુ સર્વાંતર્યામી કૃષ્ણ નારાયણના આરાધનરૂપપણેજ કર્તવ્યતા છે એમ સૂચવ્યુ છે ભિન્નભિન્ન દેવતાપરતા જે છે તે કૃષ્ણમા ભક્તિને રોકી રાખે છે માટે 'આ જે યજ્ઞાદિ કર્મ છે તે સર્વશરીરી શ્રીકૃષ્ણનુજ સમારાધન છે' એવી બુદ્ધિથી કરાતાજ કર્મો કૃષ્ણભક્તિસાથે સાહિત્યને યોગ્ય થાય છે (બીજા નહિ) તો આ રીતે કર્મોમા આની (કૃષ્ણારાધનબુદ્ધિથી

કરાતા કર્મની) સારતરપરતા પ્રાપ્ત થઈ. 'भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् । नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥' 'विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् । महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥ साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः । एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥' ઇત્યાદિકથી ભગવાનસંબન્ધિ કર્મોનું વિધાન કર્યું છે, તો આથી એની સારતમપરતા પ્રાપ્ત થઈ. આ રીતે કર્મમાં સાર સારતર સારતમ વિભાગ જણાવ્યો. આ અર્થ 'सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥' આ વચનથી જણાવ્યો છે. 'भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् । जप्यं...जप्यो न क्षुद्रदैवतः ॥ આ વચનથી–આવેલા દુઃખના નિવારણમાટે કૃષ્ણભક્તિમાં નહિ અંતરાય કરનારોજ ઉપાય કહેતા ભગવાને સર્વત્ર ઐહિક કે પારલૌકિક ફળમાં 'ભગવદ્ભક્તિમાં વિઘ્ન કરનારૂં કર્માંતર નહિ કરવું' એમ સૂચવ્યું છે. એમ કહેવાથી આ ગ્રન્થમાં કર્મોની ગતિ અન્ય ગ્રંથોમાંજ જેમ એમ અનિયત નથી (એકમાં નિયમિત કરેલી છે). અશુદ્ધ પણ નથી (શુદ્ધ છે) અને અસારભૂત પણ નથી. (સારભૂતજ છે) એજ રીતે 'ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम्' આને આરંભીને 'स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः । उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥' ઇત્યિત વચનોવડે કરેલા જ્ઞાનસ્વરૂપના નિરૂપણથી જ્ઞાનવાદમા બીજા તેમણે તેમણે જે કલક (આત્મા દેહથકી વિલક્ષણ નથી, જ્ઞાનસ્વરૂપ નથી, સ્વાભાવિક જ્ઞાનગુણક નથી, અણુ નથી. માયા મિથ્યા છે, અબ્રહ્માત્મક સ્વતન્ત્ર છે, ત્રણ ગુણના સમુદાયરૂપ છે. જીવ બ્રહ્મજ છે, જીવથકી ઈશ્વર ભિન્ન નથી, ઈશ્વર નિરાકાર નિર્ગુણ છે, સર્વેશ્વર કૃષ્ણ નથી, કૃષ્ણ પરંબ્રહ્મ નથી, બ્રહ્મજ પરિણામ પામે છે, પરમાત્મા અવતાર ધરતા નથી, અવતાર માયાજન્ય મિથ્યા છે, ઇત્યાદિ) પ્રતિપાદન કરાય છે તેનું પણ સારૂં સંશોધન કર્યું, એમજ 'कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥'–'કૃષ્ણ, તેમના અવતાર અને તેમની પ્રતિમાનું ધ્યાન કરવું, બીજાનું ન કરવું' એમ કહેવાથી તેઓ

તેઓએ યથેચ્છ પ્રતિપાદ કરેલી, ભક્તિમાં અનિયમિતા ગતિ (કોઇએ રૂદ્રમાં કોઇએ બ્રહ્મામાં, કોઇએ ઇન્દ્રાદિકમાં) નો પરિહાર કર્યો. 'तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि' 'गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम्। कृष्णे भक्तिश्च' આનાથી 'ભક્તિજ આત્યંતિક કલ્યાણમાં પ્રધાન સાધન છે' એમ નિરૂપણ કરવાવડે બીજાઓએ ભક્તિમાં પ્રતિપાદન કરેલી અપ્રધાન સાધનપણાની અશુદ્ધિનું નિવારણ કર્યું. 'धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्वहः' ઇત્યાદિકથી 'ધર્મસહિતજ ભક્તિ નિઃશ્રેયસમાં સાધન છે' એમ કહેવાવડે ધર્મમાર્ગનો પરિત્યાગ કરી કુમાર્ગે ગએલાઓએ ભક્તિમાર્ગમાં આપાદન કરેલી અત્યંત અશુદ્ધિનું નિરાકરણ કર્યું છે. તો આ રીતે આ નિબન્ધ ત્રૈવર્ગિકમાં કે નિઃશ્રેયસમાં પ્રવર્તતા મંદમતિઓને પણ ધર્મ જ્ઞાન ભક્તિરૂપ તેતે સાધનોને વિશુદ્ધ કરીકરીને સારથી અને સુખેથી ગ્રહણ કરાવતાં અર્થમાટે સમર્થ થાય છે. તેમાં નિઃશ્રેયસમાં ઉપયોગી જે ઉપનિષદ્સંબંધિ વિજ્ઞાન છે તે વિવિધ વાદિઓના વિરૂદ્ધ વિરૂદ્ધ મતોના વિક્ષોભને લીધે દુર્જ્ઞેય જાણીને તેની સુગમતા માટે શ્રીમાન્ રામાનુજાચાર્યે કરેલા શ્રીભાષ્ય ગીતાભાષ્યની આદરણીયતા ભગવાને 'शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् । रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥' આ વચનથી સ્પષ્ટ કરી છે. આથી–ઉપનિષદનો મત સૂત્રોવડે જણાવતા વ્યાસનો હાર્દ અભિપ્રાય શ્રીમાન્ રામાનુજાચાર્યવિરચિત ભાષ્યજ સંશય વિપરીતજ્ઞાન અન્યથાજ્ઞાનના નિવારણપૂર્વક પ્રકાશ કરે છે, બીજું શાંકરાદિ ભાષ્ય નહિ. તો આથી 'તત્ત્વજ્ઞાનમાં અમો પૃથક્ પ્રયત્ન કરતા નથી' એમ ભગવાને જણાવ્યું. તે આ પણ અર્થની દૃઢતા સાક્ષાત્ સ્વશબ્દથી પણ કરી–'मतं विशिष्टाद्वैतं मे' ઇતિ. આથી આપાતતઃ જણાતું અદ્વૈત વિવર્તવાદ (માયાવાદ) સ્વરૂપપરિણામવાદાદિ (વલ્લભનો) મૂળક જે છે તે વેદાંતનું હાર્દ નથી, માટે તેમાં અમારાએ પ્રવેશ ન કરવો એમ પણ જણાવ્યું છે. તો વિજ્ઞાનાંશમાં શ્રીરામાનુજાચાર્યસિદ્ધાંતજ અમારાએ આશ્રયણીય છે એવો ભગવાનનો હૃદ્ગત અભિપ્રાય જણાય છે. મુક્તિ પણ તેમણે માનેલી રીતિથીજ અભીષ્ટ છે, કેમકે 'कृष्णसेवा मुक्तिश्च गम्य-

ताम्' એવું સ્વવચન છે. યદ્યપિ 'गोलोको धाम चेप्सितम्' એમ ગોલોક-શબ્દથી આમાં પરમધામ કહ્યું છે, તેમના મતમાં તો પરમપદ વૈકુંઠ આદિક શબ્દથી કહ્યું છે. તથાપિ આ અર્થ અત્યંત ભેદ પાડનાર નથી, કેમકે નામ ભિન્ન છે પણ ધામરૂપ અર્થ એક હોવાથી એની સાથે વિરોધ નથી. માટેજ શતાનંદમુનિએ શિક્ષાપત્રી ટીકામાં 'एतदेव धाम वैकुण्ठशब्देनाप्युक्तम्'-આજ (અક્ષર) ધામ વૈકુંઠશબ્દથી પણ કહ્યું છે, એમ કહ્યું છે. તેમાં વળી 'लोकं विकुण्ठमुपनेष्यति गोकुलं स्म' એવું ભાગવતવચન પણ પ્રમાણપણે પરિગ્રહ કર્યું છે. 'चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चेच्छिकम्' આ જે કહ્યું તે પણ અત્યંત ભેદ કરનાર નથી, કેમકે દિવ્યાકારનો યોગ બન્નેએ અંગીકર્યો છે. શ્રીમદ્રામાનુજાચાર્યે મુક્તપ્રાપ્ય જે ભગવત્સ્વરૂપ તે શ્રીમન્નારાયણશબ્દથી કહ્યું છે, આમાં તો કૃષ્ણશબ્દથી કહ્યું છે, તે આતો ફક્ત નામભેદમાત્ર છે, માટે એથી વસ્તુતત્વમાં ભેદ નથી. માટેજ આમાં 'श्रीमन्नारायणस्मृत्या सहिताः' એમ કહ્યું. અને વળી 'स राधया युतो ज्ञेयो' એમ કહીને અંતે 'अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा' એમ કહ્યું. નિઃશ્રેયસની સાધનતા પણ ભક્તિમાંજ મુખ્ય માની છે, 'निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम्' એવું સ્વવચન છે. શ્રીરામાનુજાચાર્ય-અભિમત નિઃશ્રેયસોપાયપણ આજ છે. નારાયણ મહેશનું જે ઐકાત્મ્ય જ્ઞાન કહ્યું છે તેપણ અંતર્યામી પરમાત્મામાં પ્રાધાન્યદૃષ્ટિ ધારીને પ્રસંગથી પ્રાપ્ત થયું છે. માટે એથી પણ એમની સાથે વિરોધ નથી. અથવા ભલે એટલો વિશેષ હોય-રામાનુજાચાર્યના મતને અનુસરનારાઓ 'નારાયણજ સર્વોપર છે' એવી નિષ્ઠાના અતિશયને લીધે શિવમાં જે પ્રદ્વેષ રાખે છે તે અનર્થ અર્થે થાય છે, માટે તેના નિષેધાર્થે શિવની પણ આદરણીયતા જણાવા ઐકાત્મ્યબોધ કર્યો છે. માટેજ આગળ 'विष्णुः शिवो गणपतिः' ઇત્યાદિકથી એમની પૂજ્યતા કહી. આટલામાત્રથી શ્રીરામાનુજાચાર્યસિદ્ધાંતથકી પ્રચ્યુતિ નથી. દીક્ષા અને તેના અંગભૂત ઊર્ધ્વપુંડ્રધારણાદિ પણ બહુધા શ્રીરામાનુજાચાર્યપદ્ધતિને અનુસરેછે. તો બહુધાપણે તત્વવિજ્ઞાનમાંજ જેમ એમ દીક્ષાંગ પુંડ્રધારણાદિકમમાં પણ શ્રીમાન્

રામાનુજાચાર્યની પદ્ધતિ ભગવાનના અભિપ્રાયમાં અનુવર્તેછે એમ સ્પષ્ટ જણાય છે. ભગવાને ગુરુપરંપરામાં પણ શ્રીરામાનુજાચાર્યનો સમાવેશ કર્યો છે, આ પણ એજ અર્થનું સમર્થન કરે છે. જે વ્રતોત્સવનિર્ણય શ્રીમાન્ વિઠ્ઠલેશે કહેલા પ્રકારને અનુસરીને કહ્યો છે તેમાં નિમિત્ત બહુધા આ માર્ગમાં શ્રીકૃષ્ણવિષે પ્રેમરસાતિશયનું પ્રાધાન્ય વ્રતોત્સવમાં વર્ણવ્યું છે એજ છે, તે આનું અનુસરણ શ્રીકૃષ્ણ પરમાત્મામાં પરાનુરાગ સંપાદન કરનાર હોવાથી આદર કર્યું છે. એટલામાત્રથી વિશિષ્ટાદ્વૈતસિદ્ધાંતનો ભંગ નથી, ઉલટું શ્રીકૃષ્ણમાં ભક્તિરસનું પોષકજ છે, આ અનુકૂળતાજ છે. આ રીતે 'વિશિષ્ટાદ્વૈત મતજ પ્રધાનપણે શ્રુતિહાર્દ છે' એમ જાણીને તેનું સંરક્ષણ કરતા ભગવાને 'જે અવિરૂદ્ધ હોય અને જે અનુકૂળ હોય તે અનાગ્રહથી અન્યથકીપણ અંગીકાર કરવું' એમ પોતાનો સર્વથકી સારગ્રહણરૂપ ગુણ જણાવ્યો છે.

આ પણ એક પ્રધાનપણે વિષયવિભાગ છે–ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ આ ચાર છે. તેમાં ધર્મ નિષેધરૂપ અને વિધિરૂપ છે. નિષેધ મધ્યે-વિશેષપણે હાર્દ પ્રાણિપીડનપ્રતિષેધરૂપ ધર્મમાં છે, કેમકે તેની પણ કવચિત્ ધર્મકોટીમાં આપાતત ગણના થાય છે. રાજસ તામસને પણ અધિકાર કરીને તેને પણ ધર્મપણે કેટલાક સ્મૃતિકારો કહે છે. તેઓતો વેદવાદમાં રૂચિવાળા છે. જેમ સ્વર્ગાદિ સુખાભાસ છે તેમ તેનુ સાધન પણ ધર્માભાસજ છે. ધર્મના નિષ્કર્ષ (સારાંશ) ને જણાવનારાઓને તે આદરણીય નથી. વિધિરૂપમાં-વિશેષપણે તાત્પર્ય કૃષ્ણદીક્ષા અને તેના અંગભૂત ધર્મમાં છે, કારણ કે તે મોક્ષમાર્ગમાં સાક્ષાત્ સંગત છે. વિજ્ઞાનબાબતમાં તો–જીવ માયા અને ઈશ આ ત્રણના ભેદનું જે વિજ્ઞાન તેમાં વિશેષપણે તાત્પર્ય છે. આતો આમાં અનેકવાર આવેદન કર્યું છે. ભક્તિ તો શ્રીકૃષ્ણ પરમાત્મા પરબ્રહ્મમાં કરવી, આ અર્થ પણ આમાં અનેકવાર નિવેદન કર્યો છે જ્ઞાન ભક્તિની સિદ્ધિ ધર્મ વૈરાગ્ય વિના થતીજ નથી, આ બાબત પણ આમા વિશેષપણે કહેવા ઈચ્છેલી છે, આ પણ આમાં વારેવારે વિદિત કર્યું છે. 'भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः। पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः॥' ઇતિ.

આમાં આ બીજેપણ વિષયવિભાગક્રમ કહી શકાય- સામાન્યધર્મે વિશેષધર્મે વિજ્ઞાન અને ભક્તિ. તેમાં વિશેષ ધર્મમા-દીક્ષાધર્મે વર્ણધર્મ આચાર્યધર્મે ગૃહસ્થધર્મે સ્ત્રીધર્મે નૈષ્ઠિકધર્મે સાધુધર્મે, એમ વિશેષવિભાગ છે. તેમાં આચાર્યધર્મોનો ઉપદેશ આપતાં ભગવાને પ્રધાનપણે સચ્છાસ્ત્રાભ્યાસની તથા લક્ષ્મીનારાયણાદિ દેવસેવાની તથા અન્નાર્થિઓને અન્નદાનની અવશ્ય કર્તવ્યતામાં સ્વહાર્દ-'कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात्' 'लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि' 'आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तित.' આ વચનથી પ્રકાશ્યું છે. આમાં 'आदरात्' અને 'यथाविधि' એવો વિશેષ કહ્યો છે. તેથી-આદર વિના કે વિધિ વિના તેના આચરણનો પ્રતિષેધ કર્યો. આજ અર્થ ભગવાનના હાર્દને 'પ્રધાનપણે જણાવી દેછે. તે આ ત્રણ બાબતોથકી પણ સદ્વિદ્યાપ્રદાનમાં ભગવાનનો વિશેષ ભાવ જણાય છે-'संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च। प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥' એવું સાક્ષાત્ સ્વમુખવચન છે. આ વચનમાંજ 'भुवि यत्सुकृतं महत्' એમ બીજા થકી આમાં વિશેષ વર્ણવ્યો છે. અન્નદાનથી સુકૃત થાય ખરૂં પણ મહત્ સુકૃત નહિ. અન્નદાનતો ફક્ત ક્ષુધાનિવારણ કરીને વિજ્ઞાનના મુખ્ય સાધનભૂત માનુષ દેહના સંરક્ષણમાત્રમાંજ પર્યવસાન પામે છે. માટે વિજ્ઞાનસાધનકોટિમાં તેનું સ્થાન બહુ દૂર રહેછે. સદ્વિદ્યાદાન તો સન્નિધિમાં રહેછે, કેમકે તે સદ્વિદ્યા કહેવાય છે. તેનાથી વિજ્ઞાનસંપત્તિ મળે છે, જે તે સંપત્તિ પરબ્રહ્મને પમાડેછે. તેજ સાચી વિદ્યા ગણાય. માટેજ 'अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः' એમ શ્રુતિ કહે છે. આથી-અર્થમાંજ એક ઉપયોગી થનાર વિદ્યાના પ્રવર્તનની અપેક્ષાએ તેનાથી ભિન્ન, ધર્મમાંજ એક ઉપયોગી થનારી વિદ્યાનું જે પ્રવર્તન તેજ આચાર્યનો વિશેષધર્મ છે, આ અર્થ અતિ સ્ફુટ થયો. આજ રીતે બીજા ધર્મોમાં પણ તેને વિશેષો સૂક્ષ્મ દૃષ્ટિથી સમજી લેવા, વિસ્તારભયથી આ સ્થળે વર્ણવ્યા નથી. આ ઉક્ત બધા અર્થનો વિસ્તાર ભાષ્ય ટીકાથકી જાણવો.

લિ. હરિજીવનદાસ શાસ્ત્રી, વડતાલ.

प्रादुर्भावमुपेयुषः क्षितितले धर्मं कलौ रक्षितुं
सर्वस्मात्परतः परस्य सहजानन्दस्य सर्वेशितुः ।



शिक्षापत्रीलेखक श्रीसहजानंदस्वामिस्वरूपमिदम् ।

शिक्षापत्रनिलेखनाय विहितारम्भस्य दिव्याद्भुतं
रूपं मे हृदये चकास्तु सततं श्रेयःप्रदं योगिनाम् ॥१॥

श्रीस्वामिनारायणो जयति ।

शिक्षापत्रीध्यानम् ।

विज्ञाने विलयं गते प्रसरति क्षोण्यां तमस्यान्तरे
दिङ्मूढेषु भवाध्वगेषु परितः पीडैकशेषे विधौ ।
कारुण्यादवतीर्य मुक्तिजननीं शिक्षामदाद्यामिमां
साक्षादक्षरदिव्यधामनिलयस्तामन्वहं चिन्तये ॥१॥

संसारकर्दमविवर्तनपङ्किलानां नैर्मल्यमाकलयितुं रचितावताराम् । आविद्यसंतमसनिर्हरणे समर्थामादेशपत्रि ! भवतीमनुचिन्तयामि ॥२॥

काऽप्यञ्जनशलाकेयमन्तस्तिमिरहारिणी ।
प्रज्ञादृष्टिप्रकाशाय शिक्षापत्र्युपसेव्यताम् ॥३॥

नानादेशनिवासिशिष्यजनतामुद्दिश्य याऽऽविष्कृता
साक्षादक्षरवासिना नृवपुषा नारायणेन स्वयम् ।
सा त्वं संग्रथितासि पावनि ! शतानन्दर्षिणा ग्रन्थतः
शिक्षापत्रि ! भवापहन्त्रि ! भवतीमस्यान्वहं चिन्तये ॥४॥

शतानन्देन मुनिना मध्ये सत्सङ्गिजीवनम् ।
ग्रथितां भगवत्प्रोक्तां शिक्षापत्रीमहं श्रये ॥५॥

समस्तशास्त्रदुग्धाब्धिमथ्योद्धृतमनुत्तमम् ।
शिक्षापत्र्यमृतं किञ्चिदमृतत्वाय कल्पते ॥६॥

शिक्षापत्र्यमृतं यदेव सहजानन्दः शरण्यः सतां
देवः प्राशयदाश्रितानिह मुकुन्दानन्दमुख्यान् पुरा ।
यत्पीत्वा प्रभवन्ति सम्पदमनायासेन तामासुरी-
मुच्छेत्तुं तदुपास्महे भवभयप्रध्वंसनैकौषधम् ॥७॥

संसारसागरगतान्स्वयमुद्दिधीर्षुः
श्रेयस्तदेकमखिलेष्वभिकाङ्क्षमाणः ।
आदेशमालिखितुमाहृतपत्रलेखो
नारायणः स्फुरतु मे हृदि वर्णिवेषः ॥८॥

व्यञ्जयन्नाश्रितस्नेहं मुग्धसितमुखाम्बुजः ।
आदेशमालिखन्नस्तु हृदि मे धर्मनन्दनः ॥९॥

स्वामिनारायणस्यैतत्स्वरूपमपरं हरेः ।
शिक्षापत्र्यात्मना भूमौ चकास्त्यखिलमङ्गलम् ॥१०॥

शिक्षापत्रि ! समस्तशिष्यनिवहैरभ्यर्थितेनादरात्
देवेनाखिलकारणेन सहजानन्देन याऽऽविष्कृता ।
तां त्वां सर्वफलप्रदां भगवतो देवस्य तस्यापरां
मूर्तिं देवि ! विभावयन्ननुदिनं सेवे मुहुः प्रेमतः ॥११॥

शिक्षापत्र्यमृतं हिताय जगतामाविष्कृतं यन्मया
मद्भक्तैरिदमादरादनुदिनं सेव्यं समस्तैरपि ।
इत्यादिष्टमनुस्मरन् भगवतः प्रेम्णान्वहं यः पठेद्
शिक्षापत्रमिदं स याति परमं धामाक्षरं शाश्वतम् ॥१२॥

शिक्षापत्रीविषयानुक्रमणिका ।



शिक्षापत्री ।

गुर्जरानुवादसहिता ।

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि । वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥ लिखामि सहजानन्दस्वामी

શિક્ષાપત્રીને લખવા ઇચ્છતા ભગવાન્ શ્રીસહજાનંદસ્વામી સ્વયં અખિલ મંગળમૂર્તિ છે પણ 'આરભવા ધારેલા પ્રબન્ધની પરિસમાપ્તિ અને સર્વત્ર પ્રચાર મંગળથી થાય' એમ લોકોને જણાવતાથકા આરંભમાં શિષ્ટાચાર પ્રાપ્ત ઇષ્ટદેવતાસ્મરણરૂપ મંગળનુ અનુકરણ કરેછે—જેમનો વામભાગ રાધાથી સમલંકૃત છે, જેમનુ વક્ષ સ્થળ અદૃશ્ય દિવ્યરૂપ શ્રી–લક્ષ્મીથી સમલંકૃત છે, દિવ્ય વૃંદાવનવિષે વિહાર કરવામા રસિક (ક્ષરાક્ષરવિલક્ષણ પુરૂષોત્તમ) એવા શ્રીકૃષ્ણ ભગવાનનું યોગકળાવડે રૂડિરીતે ઉઘાડેલા હૃદયારવિંદમા સન્નિધિ પામેલાનું પ્રીતપૂર્વક ચિંતન કરૂં છુ ॥૧॥

શ્રોતાઓના ચિત્તની એકાગ્રતા કરવા પ્રથમ કરવા ઇચ્છેલાની પ્રતિજ્ઞા 'लिखामि' આ શ્લોકથી કરેછે–કરવા ઇચ્છેલાની જો પ્રતિજ્ઞા ન કરે તો 'આ અર્થ કાંઇ અપેક્ષિત નથી' એવી સંભાવનાને લીધે શ્રોતાઓ ઉદાસીન થઇ રહે. શંકા–પ્રતિજ્ઞામાત્રથી લાભ શો ? પ્રતિજ્ઞામાત્રથી કાકદંતની પરીક્ષાને સાંભળવા કોઇ પણ પ્રેક્ષાવાન્ સાવધચિત્તવાળો થતો નથી, તો આ પ્રબન્ધ પ્રયોજનવાળા અર્થનેજ અવબોધે છે એમ પ્રથમ જાણવું જોઇએ ? આવી આશંકાને ટાળતા થકા 'शिक्षापत्रीं लिखामि' એમ કહે છે. ધર્મશિક્ષણજ આનો વિષય હોવાથી યથાશિક્ષણ ધર્મોનું અનુષ્ઠાન કરતાં શ્રેયને પામે, એમ હિતાવબોધકપણાનુ જ્ઞાન થતાં શ્રોતાઓના ચિત્તની એકાગ્રતા થાય શંકા–ગુણમય આ પ્રપંચમાં પ્રકૃતિથીજ જેઓ ઇન્દ્રિયારામો છે તેઓને

1 'चिन्तये हृदा' इति पाठान्तरम् ।

सर्वान्निजाश्रितान् । नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थित.

દૃષ્ટ વિષયો અનંત વિદ્યમાન સને ધર્માદેશના શ્રવણમાં ત્વરા ક્યાંથી થાય ? કે જેથી અવહિતચિત્તવાળા થાય ? એમ કહેતા હો તો તે સત્ય છે તેવા ઇન્દ્રિયારામોના પ્રતિ આ શિક્ષાપત્રી લખવાનો પ્રયત્ન નથી, કિંતુ જેઓ દૈવી સંપદાએ સંપન્ન છે તેમનાજ પ્રત્યે આ આયાસ છે એમ જણાવા 'सर्वान्निजाश्रितान्' સર્વે નિજાશ્રિતો પ્રત્યે લખુંછું એમ કહેછે શંકા–ત્યાં ત્યાં સન્નિધિ આપીને આપે તેમને તેમને ધર્મ ગ્રહણ કરાવ્યો છે, તો હાલમાં આ યત્ન તમારો વ્યર્થ છે ? એમ જો કહેતા હો તો કહું છું કે–'नानादेश-स्थितान्' નાના દેશમાં રહેલા જનો પ્રતિ શિક્ષાપત્રી લખું છું આ કાળના અનંતપણાનું પણ ઉપલક્ષણ છે, દેશો બહુ છે અને કાળપણ ભાવી બહુ છે તો દેશથી દૂર રહેલા અને કાળથી દૂર રહેલા (દૂર દેશ કાળમાં રહેલા) ઓને સન્નિધિ આપીને અવબોધ આપવો દુર્ઘટ છે, માટે સર્વ દેશ સર્વ કાળમાં વ્યાપ્તિને સમુચિત શિક્ષાપત્રીઉલ્લેખનનો વ્યાપારજ સમુચિત છે શંકા–આપ ભગવાન વાસુદેવને દૂર દેશ કયો ? (દૂર દેશ છેજ નહિ) તો સર્વત્ર એક સાથે સન્નિધિ આપીને સાક્ષાત્ ઉપદેશથી તેતે જનોનું સમુજ્જીવન કરો, આ લેખની શી જરૂર ? એવી આશંકામાં કહેછે કે–'वृत्तालयस्थित' હું હાલમાં માનુષસાજાત્યભાવનાથી લોકાનુગ્રહમાટે સંકલ્પ ધારીને ગુજરાત દેશમાં આવેલા વૃત્તાલય નામના પુરમાં રહ્યો છું તો અવ તરણ સંકલ્પના ભંગનો આ અવસર નથી શંકા–આ રીતે પરને હિતનો અવબોધ આપવાથી તમને શો લોભ ? એમ કહેતા હો તો કહુંછું કે–હું તો 'सहजानन्द' છું જે સહજાનંદ હોય તેને અન્ય થકી અર્થનો આશ્રય કોઇ નથી (કશા અર્થની એને અપેક્ષા નથી) અપૂર્ણ અપ્રાપ્તાનંદ અલ્પાનંદને પરના આશ્રયથી તેના સંપાદનની અપેક્ષા રહે હું સહજાનંદ છું અથાપિ સ્વામી છું સ્વામીએ સ્વીય જનોનું શ્રેય સંપાદન કરવું જોઇએ, નહિતો સ્વામિપણું નિરર્થક થાય, 'આ તો મારા સ્વામીનો આદેશ છે' એના ભાનથી આદરણીય છે, સ્વામી પણ સહજાનંદ છે, તો તેમનો આદેશ વિશેષપણે આદરણીય છે અને વળી આદેશ કરવામાં આનનારો અર્થ ધર્મશિક્ષણ

॥२॥ भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः । यावयोध्याप्रसादा-ख्यरघुवीराभिधौ सुतौ ॥३॥ मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचा-रिणः । गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥४॥ सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः । मुक्तानन्दादयो ये स्युः साधव-श्चाखिला अपि ॥५॥ स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः ।

માંજ એક પર્યવસાયી છે તો વિષયોત્કર્ષની દૃષ્ટિથી વિશેષપણે આદરણીય છે. અહીં શિક્ષાશબ્દથી હિતતમ ધર્મતત્ત્વ વિષય કહ્યો છે, તેથીજ હિતજ્ઞાન મેળવવું એ પ્રયોજન કહ્યું છે, 'निजाश्रितान्' આથી અધિકારી કહ્યા છે, સંબન્ધતો લેખ અને અર્થનો વાચ્યવાચક ભાવ સ્ફુટ છે, એરીતે આ શ્લોકમાં અનુબંધચતુષ્ટય ઉક્તપ્રાય છે. 'सहजानन्दस्वामी' આ પદથી કર્તા (વક્તા) ની વિલક્ષણતા જણાવી છે, 'शिक्षापत्रीं' આ પદથી વિષયની વિલક્ષણતા જણાવી છે, તો ભગવત્પરોએ આ લેખ અત્યાદરણીય છે એમ જણાવ્યું છે. અપરિમિત દાસવર્ગ છતાં પણ 'હું લખું છું' એમ લખવામાં પણ પોતાનું સાક્ષાત્ કર્તાપણ કહ્યું છે તેથી આશ્રિતો ઉપર પ્રેમાતિશય સૂચવ્યો છે ॥૨॥

પ્રતિપાદન કરવા ધારેલા ભિન્નભિન્ન ધર્મમાં જેજે ભિન્નભિન્ન અધિકારિ-પણે અભિપ્રાય કરેલા છે તેમનો અધિકારભેદને અનુસારે નિર્દેશ કરતા-થકા તેમને સદુપદેશશ્રવણમાં ઉપયોગી સદ્બુદ્ધિની આશસારૂપ આશી-ર્વચનથી અનુગ્રહ કરેછે—ધર્મદેવથકી જન્મ જેમનો છે એવા રામપ્રતાપ ઇચ્છારામ નામના જે અમારા મોટા નાના ભાઇઓ છે તેમના જે આ પુત્રો અયોધ્યાપ્રસાદ રઘુવીર નામના આચાર્યપદમાં સ્થાપન કર્યા છે, તથા જે મારા આશ્રિત મુકુંદાનંદપ્રમુખ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ છે તથા જે મદાશ્રિત મુક્તાનંદાદિ સમસ્ત સાધુઓ છે તથા મારા આશ્રયને પામેલા જે મયા-રામભટ્ટપ્રમુખ ગૃહસ્થો છે તથા મારા શિષ્યભાવને પામેલી જે સધવા વિધવા વનિતાઓ છે, તે આ સર્વએ મેં પ્રેરેલી આશિષો વાંચવી. (આ-શીર્વાદો અંગીકાર કરવા) અમે પ્રેરેલી આશિષો વ્યવહારમાર્ગને અભિ-મત નથી, કિંતુ શાસ્ત્રાભિમત છે જે ધન ધાન્યાદિકની આશિષો છે તેતો

श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ॥६॥ एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः । अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥७॥ ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदा-

વ્યવહારમાર્ગનાજ એક વિષયવાળી છે, જેતો ધર્મજ્ઞાનની અભિવૃદ્ધિના અવલંબનવાળી છે તેતો શાસ્ત્રસંમત કહેવાય, માટેજ તે સદાશિવ ગણાય, કેમકે ધર્મજ્ઞાનની અભિવૃદ્ધિથી નિઃશ્રેયસની સિદ્ધિ થાય છે. આ રીતે મેં પ્રેરેલી સ્વધર્મમાં રૂચિજનક હોવાથી સ્વધર્મનું રક્ષણ કરનારી શાસ્ત્રસંમત સદાશિષો શ્રીમન્નારાયણની સ્મૃતિપૂર્વક અવધારવી. આથી સકળ આશિષોને પરિપૂર્ણ કરનારા શ્રીમન્નારાયણનું અનુસ્મરણ કરીને પ્રેરેલી આ શિષો ફળ વિનાની નજ હોય એમ જણાવ્યું છે. એરીતે પ્રથમ પરમ હિતેચ્છુ ભગવાને આશ્રિતો ઉપર સદાશિષથી અનુગ્રહ કર્યો ॥૩-૬॥

એરીતે સર્વ સમાશ્રિતોને સદાશિષ આપીને, લેખાર્થની આદરણીયતા જણાવા તેની અવધાર્યતાનો ઉપદેશ કરેછે—આ પત્રીલેખ-પત્રીમાં લખેલો અર્થ અવધારવો. આ લેખાર્થના અવધારણથી અમને લાભ શો ? તો આથી પરલાભ થાય છે, કેમકે આ લેખ હિતને કરે છે, પ્રિય હિત આ એમાં હિતજ ઉત્કૃષ્ટ ઉપાદેય છે, 'श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते' એવી શ્રુતિ છે, તો આ પ્રિયકારકની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હિતકારક લેખ અવશ્ય અવધારવા લાયક છે, વર્ણથી વર હોય કે અવર હોય સર્વકોઇ જીવોના હિતને આ લેખાર્થ સંપાદન કરેછે, માટે સર્વકોઇએ અવધારવા યોગ્ય છે, આમાં જેજે અર્થ લખેલો છે તે સર્વ નિર્મૂળ નથી, બધોય અર્થ સહેતુક—સપ્રમાણજ છે. આનું અવધારણ અનવહિત મનથી કરવું, મનની જે એકાગ્રતા તે અવધાનતા જાણવી ॥૭॥

લેખાર્થને અવધારીને લેખને અનુસારેજ સર્વેએ વર્તવું, જેના અનુપાલનમાં મહત્ સુખ મળે છે અને જેના અતિલંઘનમાં મહત્ દુઃખ મળેછે એવો તે સચ્છાસ્ત્રસાર આમાં નિરૂપણ કરૂંછું એમ કહેછે—સચ્છાસ્ત્ર-સત્ત્વપ્રધાનોએ પ્રવર્તાવેલું અથવા સત્ત્વપ્રધાનોને અધિકાર કરીને પ્રવર્તેલું જે શાસ્ત્ર તેના પરમ તાત્પર્યવિષયભૂત એવા અહિંસાદિ સદાચારોને સદાય જે

चारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥८॥ तानुलङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥९॥ अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः । प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥१०॥ कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र

મનુષ્યો પાલન કરેછે તેઓ આ લોક પરલોકમાં મહત્સુખને પામેછે. લોકમાં જે મનુષ્યો તો તે સદાચારોને ઉલ્લંઘન કરીને યથેચ્છ વર્તેછે, કુબુદ્ધિ તે મનુષ્યો આ લોક પરલોકમાં મહત્ દુઃખને અનુભવેછે. તો આ સચ્છાસ્ત્રારનો અવબોધ આપનારા શિક્ષાપત્રીગ્રંથને અનુસરીનેજ મારા આશ્રયણપરાયણ તમારે સર્વેએ પ્રીતિથીજ સાવધાનપણે નિરંતર વર્તવું ॥૮–૧૦॥

એરીતે મંગળાચરણાદિ શાસ્ત્રાવતરણ કરીને. હવે સદાચારોને કહેતાં દુરાચારથકી નિવૃત્તિને પ્રથમ ઉપદેશ કરેછે. શ્રુતિ પણ જ્ઞાનના સાધનનો ઉપદેશ કરતાં પ્રથમ 'नाविरतो दुश्चरिताद्' એમ દુઃશ્ચરિતથકી નિવૃત્તિનોજ ઉપદેશ આપેછે. (नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः । नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात्' આ શ્રુતિ છે) વિહિતનું આચરણ નહિ કરવાની અપેક્ષાએ નિષિદ્ધનું આચરણ સમધિક પાપ અત્યંત વિરોધિ છે, તેમાં પણ પ્રાણિહિંસારૂપ ક્રૂરકર્મ મહાનર્થકારી હોવાથી તેનાથકી નિવૃત્તિનો પ્રથમ ઉપદેશ આપેછે—અત્ર–પ્રાણિવર્ગમાં કોઈપણ પ્રાણિની હિંસા નજ કરવી. શંકા–જૂ માંકણ આદિક અતિક્ષુદ્ર જીવોને પીડવામાં અનર્થ શો ? (કશો નથી) તો એમ નથી, પ્રાણ તો સર્વેકોઈને પ્રિયતમ છે, તેના ઉપઘાતથકી થતું દુઃખ મહત્તર સર્વેકોઈને તુલ્યજ છે, તો હાથી હોય કે મચ્છર હોય મનુષ્ય હોય કે માંકણ હોય કોઈ પણ પ્રાણિની હિંસા નજ કરવી. જે કોઈ સર્વભૂતસુહૃદ્ સર્વશરણ્ય મારા આ આદેશને અતિલંઘન કરીને પાપાચરણ કરે તો તે મામક–મારો છેજ નહિ, મારા આશ્રયથકી ભ્રષ્ટજ થાય છે, તો મદાશ્રયણપરાયણોએ તે હિંસા નજ કરવી. સૂક્ષ્મતર જુ માંકણ લીખ મચ્છર આદિક અલ્પપ્રાણ વૃત્તિવાળાઓનું અંગ ફેરવવામાં કે શયન અટનાદિ ક્રિયામાં ઈચ્છા ન હોય તોપણ ઉપમર્દન (હિંસા) થાયજ, તેનો અહીં પ્રતિષેધ નથી,

मामकैः । सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥११॥ देवता-
પરંતુ બુદ્ધિથી-જાણી જોઈને કદાપિ-તેઓ પોતાને નિદ્રાદિકમાં ઉપઘાત કરે તોપણ ન કરવી. 'मा हिंस्यात्सर्वा भूतानि' એવી શ્રુતિ છે ॥૧૨॥

જે 'अग्नीषोमीयं पशुमालभेत' આ વિધિપ્રાપ્ત પશુહનન તેથકી પણ નિવૃત્તિ પામવી એજ પરમ ધર્મ હોવાથી મદાશ્રિતોએ તેથકી નિવૃત્તિપરજ રહેવું એમ હવે કહે છે—જેમ સ્વર્ગ સુખાભાસ છે તેમ તેના સાધનકોટિમાં ગણાતું પશુહનન ભલે વેદે 'કરવું હોય તો કરો' એમ અભ્યનુજ્ઞા આપેલું હોય પણ ધર્માભાસજ છે, તેથકી પણ નિવૃત્તિજ પામવી એતો પરમ ધર્મ છે, આજ અહિંસાવ્રતરૂપ પ્રકૃષ્ટ ધર્મ પારમૈકાંતિકધર્મપ્રધાન સચ્છાસ્ત્રોમાં કહ્યો છે, તો મદાશ્રિતોએ આજ મહાન્ ધર્મ આશ્રય કરવા યોગ્ય છે, માટે દેવતા પિત્રિઓના યાગમાંપણ અજાદિ પશુની હિંસા ન કરવી. 'अहिंसा परमो धर्मः' 'अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता' 'न भूतानामहिंसाया ज्यायान् धर्मोऽस्ति कश्चन' એવી સ્મૃતિ છે.

અહિંસા સમસ્ત સચ્છાસ્ત્રનો સારાર્થ છે, તેનું ભાષ્યમાં સ્પષ્ટ વિસ્તૃત નિરૂપણ કર્યું છે. તેને સંક્ષેપમાં સુજનોના મનઃપ્રસાદ માટે યથામતિ નિરૂપણ કરૂં છું—શંકા-'अग्नीषोमीयं पशुमालभेत' ઇત્યાદિ જે વેદવિહિત હિંસા તે હિંસાજ ન કહેવાય, (ધર્મ કહેવાય) તો તેનો પ્રતિષેધ કેમ થઇ શકે ? સમાધાન-ભલે વેદવિધિબોધિત છે પણ એમાં હિંસાપણું જતું રહ્યું નથી, (અધર્મ છે) માટે નિષેધ કરાયછે. શંકા-ભલે હિંસા છે પણ તેનું ધર્મત્વ જતું રહેતું નથી, કેમકે તેમાં 'अग्नीषोमीयं पशुमालभेत' ઇત્યાદિ વેદવિધિનો અન્વય છે. સમાધાન-વેદવિધિ બોધિત જે અર્થ છે તે ધર્મ છે એમ વૈદિકો કહેછે. 'मा हिंस्यात् सर्वा भूतानि' ઇત્યાદિ નિવર્તનાલક્ષણ જે અર્થ છે તે અધર્મ છે એમ વૈદિકો કહે છે. આ હિંસા નિવર્તનાલક્ષણા છે (અધર્મ છે) માટે પ્રતિષેધ કરાયછે. શંકા-'मा हिंस्यात् सर्वा भूतानि' આ સામાન્યપણે પ્રાપ્ત થતાં પ્રતિષેધવચનોની 'अग्नीषोमीयं पशुमालभेत' આ વિશેષવિધિ સંસ્પૃષ્ટથકી અન્યત્ર ગતિ સ્વરસા છે, તો 'मा हिंस्यात् सर्वा भूतानि' આ હિંસાનિષેધક સામાન્ય શ્રુતિ 'अग्नीषोमी-

पितृयागार्थमप्यजादेश्च हिंसनम्। न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तो-
यं पशुमालभेत' આ વિશેષવચનથી પ્રાપ્ત થતી હિંસાનો પ્રતિષેધ કરવા યોગ્ય નથી. જે સામાન્ય શાસ્ત્ર છે તે પોતાનો વિશેષ શાસ્ત્રથી ઉપમર્દ પ્રાપ્ત થતાં પોતે વિષયાંતરમાં અવકાશ લઇને ખસી જાય છે. તો અહીં 'न हिंस्यात्' આ સામાન્ય શાસ્ત્ર 'अग्नीषोमीयं पशुमालभेत' આ વિશેષ વિધિની સાથે વિરોધ આવતાં અગ્નીષોમીયવ્યતિરિક્ત હિંસાને અવલંબેછે. એટલે 'मा हिंस्यात्' આ શ્રુતિ અગ્નીષોમીયપશુહિંસા થકી અન્ય હિંસાનો નિષેધ કરેછે. **સમાધાન**–તમે કહો છો તે સત્ય છે, જો ઉત્સર્ગશાસ્ત્ર (સામાન્ય શાસ્ત્ર) ને અપવાદ શાસ્ત્ર હોય તો તેની તેવી ગતિ થાય. પ્રકૃતમાં આ બન્ને શાસ્ત્રોને ઉત્સર્ગપણું અપવાદપણું છેજ નહિ. એટલે ઉત્સર્ગાપવાદ ન્યાયનો અહીં અવકાશજ નથી. જો વિરોધ હોય તો તેનો અવકાશ આવે. 'मा हिंस्यात्' આ નિષેધ શાસ્ત્રથી અનર્થહેતુતા (પ્રત્યવાય જનકતા) જણાવી છે અને 'अग्नीषोमीयं पशुमालभेत' આ વિધિ શાસ્ત્રથી ક્રતૂપકારકતા જણાવી છે. એરીતે ભિન્ન ભિન્ન વિષય છે માટે આ બન્ને શાસ્ત્રને પરસ્પર વિરોધજ નથી. જો એકજ બાબત અનર્થમાં હેતુ થાય અને તેના અભાવમાં પણ હેતુ થાય તો બન્ને વિરૂદ્ધ કહેવાય, પણ અનર્થ-હેતુત્વ અને ક્રતૂપકારકત્વ પરસ્પર વિરૂદ્ધ નથી. વિધિબળાત્ જો ન કરે તો યાગ નિષ્ફલ થાય નહિ, માટે અગ્નીષોમીય પશુની હિંસા યજ્ઞમાં ઉપકારક થઇને સ્વર્ગપ્રયોજક પણ થાય અને 'मा हिंस्यात्' આ નિષેધ વચનમાં વિષય થાય છે માટે અનર્થહેતુ (પાપજનક) પણ થાય. માટે ક્રતુમાં ઉપકારક છે એટલામાત્રથી અનર્થહેતુ ન થાય એમ કહી શકાય નહિ. આથી જે અનર્થ હોય તેનાથી ક્રતુમાં કશો ઉપકાર થાય નહિ કિંતુ અપ-કારજ થાય, એવી શંકાનો અવકાશ નથી. **શંકા**–જો યાગીય હિંસા 'मा हिंस्यात्' આ નિષેધમાં વિષય થઇને પ્રત્યવાયજનક છે એમ જાણવામા આવે તો યાગમાં કોઈ જન પ્રવર્તેજ નહિ? તેથી વિધિશાસ્ત્રની નિરર્થકતા થઈ જાય. **સમાધાન**–જો આ અનર્થસાધન છે એટલુજ જાણે તો તેમાં ન પ્રવર્તે, આ અર્થસાધન છે એમ પણ જાણે તો અર્થમાં અત્યધિક રૂચિને

ऽस्ति यन्महान् ॥१२॥ स्त्रिया धनस्य वा प्रास्यै साम्राज्यस्यापि वा

લીધે તેમા કેમ ન પ્રવર્તે ? પ્રવર્તેજ. જેને મહાસુખ સ્વર્ગફળમા ઉત્કટ રાગ થાય તે અલ્પપાપ પશુહનન સાધનમા પણ પ્રવર્તે પ્રબળ ફળની લાલસાથી તેના સાધનમા પ્રયત્ન કરતા ક્ષુધજનો મધ્યે મધ્યે આવી પડતા અવર્જનીય દુ ખોને સહન કરે છે, આ અર્થ લોકપ્રસિદ્ધ છે. જેને પશુહનન જન્ય દુ ખમા ઉત્કૃષ્ટ દ્વેષ થાય તે સ્વર્ગને સમધિક સુખ જાણતો હોય તો પણ તેવા યાગમા ન પ્રવર્તે જેઓ સત્ત્વપ્રકૃતિવાળા હોઇને અલ્પ પણ પાપમા ભયશીલ હોય તેઓને તેનાથકી નિવૃત્ત કરવા આ (અહિંસા મય) મહાન્ ધર્મ કહ્યો છે વસ્તુતાએ તો-'अग्नीषोमीय पशुमालभेत' આ વિધિપ્રાપ્ત જે હિંસા તેથકી અન્ય હિંસાજ 'मा हिंस्यात्सर्वा भूतानि' આ હિંસાપ્રતિષેધ શ્રુતિનુ ૫' છે. 'देवतापितृयागार्थं' આ વચનમા વિધિ પ્રાપ્ત હિંસાનુ ખડન કર્યું નથી, કિંતુ હિંસામાત્ર થકી નિવૃત્તિ પામવારૂપ જે ઉત્તમ ધર્મ છે તેનુ વિધાન પ્રકૃષ્ટ સત્ત્વગુણી આત્મીય જનોને અધિકાર કરીને કર્યું છે બીજુ તો ભાષ્યથકી જાણવુ ॥૧૨॥

પશુની હિંસાનો પ્રતિષેધ કર્યો, હવે તેથી અધિક અનર્થ આપનારી મનુષ્યહિંસાનો પ્રતિષેધ કરેછે—અદૃષ્ટ ફળ (સ્વર્ગ) પ્રાપ્ત્યર્થ થતી પશુહિંસાનો પ્રતિષેધ કર્યો હવે દૃષ્ટ ફળ (સ્ત્રી ધન રાજ્યાદિ) પ્રાપ્ત્યર્થે થતી મનુષ્યહિંસા જે પશુહિંસાથકી પણ ક્રૂર છે તેનો પ્રતિષેધ કરેછે—પ્રબળ સુખને આપનારી અને અલ્પ દુ ખને દેનારી હિંસાનો પ્રથમ પ્રતિષેધ કર્યો, હવે અલ્પ સુખ આપનારી અને પ્રબળ દુ ખને દેનારી મનુષ્યહિંસાનો પ્રતિષેધ કરેછે—યદ્યપિ-મનુષ્યનો ઘાત ન કરવો, અજાદિ પશુનો ઘાત ન કરવો, જૂ માકણ આદિકનો પણ ઘાત ન કરવો, આવા અનુક્રમથી કરેલો નિષેધ સગત થાય છે જૂ માકણ આદિકનો ઉપઘાત ન કરવો, અજાદિ પશુનો ઉપઘાત ન કરવો, મનુષ્યનો ઉપઘાત ન કરવો, આવા ક્રમથી અહીં કરેલો નિષેધ તો સગત થતો નથી, કેમકે માકણ આદિકની હિંસાના નિષેધથીજ દૃષ્ટાર્થ મનુષ્યહિંસાનો કૈમુતિક ન્યાયથી (માકણ આદિકની હિંસા ન થાય તો મનુષ્યની તો થાયજ

१ 'साम्राज्यस्य च वा' इति पाठान्तरम् ।

ન્ધોની સ્ત્રીધન રાજ્યાદિ વિવિધ કામનાતિશયને લીધે થતી પ્રાણિમારણની પ્રવૃત્તિની વિચિત્રતાને જણાવતા થકા તેથકી કામનાધિક્યને દૂર કરવા નિવૃત્ત કરેછે મનુષ્ય તો સકળ પ્રાણિવર્ગને મધ્યે શ્રેય સાધનમા યોગ્ય ઉત્કૃષ્ટ જન્મ હોવાથી તેની હિંસા નજ કરવી સ્ત્રીધનાદિ ક્ષુલ્લક વિષયોપભોગ માટે પ્રવર્તતા રાગાન્ધજનો તે વિષયોપભોગમા વિરોધ કરનારાઓનો પશુની પેઠે ઘાત કરે છે જેમ કામુક નરો કામિનીના ઉપભોગમાટે તેમા વિરોધ કરનારાઓનો વિનાશ કરે છે ધનલુબ્ધ ચોર લોકો તેની પ્રાપ્તિમા વિરોધ કરનારાઓનો નાશ કરે છે વિત્ત વનિતા વિગેરે વિવિધ વિષયોપભોગના અર્થી રાજાનુચરો રાજાને નાશ કરેછે તો આવા અતિક્ષુદ્ર વિષય સુખભોગ માટે નિઃશ્રેયસમા અત્યંત ઉપયોગી માનુષ જન્મની સંપત્તિવાળાનો ઘાત નજ કરવો વયથી કે વર્ણથી કે અન્ય જે કોઈ થકી અવર કે વર કોઇ પણ મનુષ્યની તો હિંસા ન કરવી તે આ હિંસા કવચિત્–મહાપરાધ સતે પણ ન કરવી અથવા કવચિદપિ–કોઇ પણ નિમિત્તે ન કરવી, આથીપણ અન્ય અભિમતતમ હોય તેપણ નિમિત્તે ન કરવી તે હિંસા સર્વથા ન કરવી–સર્વ પ્રકારે તે થકી નિવૃત્ત થવુ ઇતર હિંસાથકી મનુષ્યહિંસા અત્યંત અનર્થહેતુ છે, તેમા નિમિત્તભૂત એના જન્મની વિલક્ષણતા (ઉત્કૃષ્ટતા) તુશબ્દથી જણાવી છે તેતો 'दुर्लभो मानुषो देहो' 'देहोऽयं मानुषो राजन् ! पुरुषस्याखिलार्थदः । अतस्तस्य वधो वीर ! सर्वार्थवध उच्यते ॥' ઇત્યાદિ વચનમા સુપ્રસિદ્ધ છે ॥૧૩॥

મનુષ્યવધની અત્યંત અનર્થહેતુતા કહી હવે તેના પ્રસંગથી આત્મવધની તેથીપણ અત્યંત અનર્થહેતુતા આ શ્લોકથી કહેછે—ધનાદિલુબ્ધો પોતાના ધણીને કે બીજા કોઇ ધનાઢ્યને હણીને અભિલષિત ઐહિક અર્થાભાસનેપણ પામે છે, જેતો કોપવેગાદિકને લીધે વિવેકવિભ્રષ્ટ થઇને આત્માનેજ ઘાત કરે છે તેતો ઐહિક પારલૌકિક સમગ્ર ભોગના સાધનભૂત શરીરના નાશથી ઐહિક સુખાભાસ થકી પણ ભ્રષ્ટ થઇને અને

घातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा । अयोग्याचरणात्क्वापि न विषोद्बन्धनादिना ॥१४॥ न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि

અધતમ નરકમા પણ પ્રવેશ કરે છે, આવો વિશેષ 'આત્મઘાતસ્તુ' આ તુશબ્દથી જણાવ્યો છે કેટલાએક અવિવેકિઓ પોતાના પ્રાણપરિત્યાગમાં સ્વાતંત્ર્ય પોતાનુ સમઝીને, પ્રત્યવાયાતિશયને નહિ વિચારીને, ક્રોપવેગને લીધે કે કોઇ અયોગ્ય કર્માચરણજન્ય લજ્જાતિશયને લીધે વિષભક્ષણ-કંઠપાશ-કૂપપતનાદિકે કરીને આત્મઘાત માટે પ્રયત્ન કરે છે તેતો અત્યત અનર્થમા હેતુ છે, જીવતો નર પ્રાણિપીડનપ્રાપ્ત પ્રત્યવાયને પ્રાયશ્ચિત્તના અનુષ્ઠાનથી પરિહાર કરવા સમર્થ થાય અને કદાચિત્ નિર્વેદ પામતા નિઃશ્રેયસ માટે પણ યત્ન કરે. તો આત્મઘાત નજ કરવો કદાપિ-વ્યાધિ વિગેરે અનિવાર્ય દુઃખના નિવારણને નિમિત્તે પણ પર્વતશિખરપતન અગ્નિ-પતનાદિકમા પ્રવૃત્તિ પણ તેવીજ અનર્થહેતુ હોવાથી નજ કરવી વળી જે સ્વર્ગાદિ સુખની લીપ્સાથી ગગાદિ તીર્થમા મહર્ષિઅનુમત આત્મઘાત છે તે પણ નજ કરવો સ્વર્ગનુ સુખ અતિ અલ્પ છે, નિઃશ્રેયસના સાધન-ભૂત શરીરનો વિનાશ કરવાથી થતો અનર્થતો પ્રબળ છે, સ્વર્ગનુ સાધન સુકર ઉત્તર કાળમા દુઃખ ન આપે એવુ જપ હોમાદિ શુ નથી ? છેજ તો અલ્પફળની આકાક્ષામા આત્મઘાત વિના ઉપાયાતરનુ અનુષ્ઠાનજ શ્રેષ્ઠ છે. અલ્પ નિમિત્ત માટે આત્મઘાતતો કોદરાકણમાટે નિધિત્યાગ જેવો અત્યત અનુચિત છે માટેજ 'तस्मादुह न पुरायुषः स्व कामी प्रेयात्' એમ શ્રુતિ કહે છે આત્મઘાતની અત્યત અનર્થહેતુતા સ્મૃતિમા કહી છે-'क्रोधात्प्राय विषं वह्निं शस्त्रमुद्बन्धन जलम् । गिरिवृक्षप्रपातं च ये कुर्वन्ति नराधमा । महापातकिनो ये च पतितास्ते प्रकीर्तिता ॥' ઇતિ ॥૧૪॥

સર્વ દેશ સર્વ કાળાદિકમા વ્યાપ્ત અહિંસાવ્રતનો ઉપદેશ પ્રથમ કર્યો, હવે તેવો માસાદિ અનશનવ્રતનો આત્મીય જનો પ્રતિ ઉપદેશ આપે છે—મારા આશ્રિતોએ 'હુ સર્વથા માસ ખાઇશ નહિ' એવા સકલ્પ-પૂર્વક માસભક્ષણથકી સર્વથા નિવૃત્તિપરજ થવુ. 'सर्वथा न भक्ष्य' આથી પ્રાણપ્રયાણમા અનુમત પણ માસભક્ષણથકી નિવૃત્તિનો આદેશ

क्वचित् । न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥ अकार्याचरणे

કર્યો છે. ક્વચિદપિ-દેવતાયાગમાં કે પિતૃયાગમા કોઈ પણ સ્થળે યજ્ઞશિષ્ટમપિ-યજ્ઞાવશેષપણ 'देवान् पितॄन् समभ्यर्च्य खादन् मासं न दोषभाक्' એમ અનુમતિ આપેલુ પણ માંસ મદાશ્રિતોએ ન ભક્ષણ કરવું. આજ ધર્મ પારમૈકાન્તિકોએ સમાશ્રણીય સર્વભૂતસૌહાર્દની સીમાભૂમિ છે. એ રીતે સર્વથા માંસનિવૃત્તિરૂપ ધર્મવિશેષનો આદેશ કરીને, સર્વથા સુરાથકી નિવૃત્તિરૂપ ધર્મવિશેષનો આદેશ કરેછે—સૌત્રામણી યાગમાં કે અન્યત્ર કોઈ કાળીભૈરવાદિ દેવને નિવેદન કરેલું પણ સુરામદ્ય નજ પિવું. મદ્યમાંસાદિ થકી નિવૃત્ત થવું એજ સર્વને નહિ ઉદ્વેગ કરનારો પરમ ધર્મ છે. આજ શાસ્ત્રનો પરમ તાત્પર્યાર્થ છે. તેવી સ્મૃતિ છે–'यो यजेताश्वमेधेन मासि मासि यतव्रत. । वर्जयेन्मधु मांसं च सममेतद्युधिष्ठिर ! ॥ न भक्षयति यो मांसं न हन्यान्न च घातयेत् । तन्मित्रं सर्वभूतानां मनुःस्वायंभुवोऽब्रवीत् ॥ ददाति यजते चापि तपस्वी च भवत्यपि । मधुमांसनिवृत्त्येति प्राह चैवं बृहस्पतिः ॥' ઇત્યાદિ ॥૧૫॥

પરનું તથા પોતાનું હનન ન કરવું એમ કહ્યું, હવે પરના તથા પોતાના કર ચરણ કર્ણ નાસા શિશ્નાદિરૂપ અવયવનો ઉચ્છેદ ન કરવો એમ કહે છે—ક્વાપિ-કોઈ પણ દેશ કે સમયમાં અથવા કામ કે ક્રોધ નિમિત્ત સતે બીજાએ જો પોતાનુ અકાર્ય-કેશગ્રહણ પાદપ્રહારાદિ કર્યું હોય તો એકદમ ક્રોધથી તેના કર ચરણાદિ અગનો વિચ્છેદ છરી આદિક શસ્ત્રાદિકે કરીને નજ કરવો તથા પોતાથી કદાચિત્ પ્રમાદથી કે અપ્રમાદથી અકાર્ય-પરદાર પરદ્રવ્યાદિકનો સ્પર્શ થઈ ગયે સતે લજ્જાવેગથી કે કોપવેગથી પોતાના અગનો ચ્છેદ શસ્ત્રાદિકે કરીને નજ કરવો અથવા–'कस्यापि प्राणिनो हिंसा नैव कार्या' ઇત્યાદિ વચનથી 'સર્વ પ્રકારે કીટાદિકની પણ હિંસા ન કરવી' એમ જે કહ્યુ તે સત્ય છે, પરંતુ સર્પ વીછીઆદિક જે પરને પીડા કરનારા જતુ છે તેના દાઢઆદિક એક અંગનો ઉચ્છેદતો લોક ઉપકાર માટે થાય છે? એવી આશકામા કહે છે કે—અગચ્છેદ પણ ન કરવો. 'આ સર્પ વીંછી બહુ લોકોને કરડે છે' એવા

क्वापि जाते स्वस्य परस्य वा । अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥१६॥ स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामि

ક્રોધથી તેના શસ્ત્રાદિવડે વિષાવયવનું વિચ્છેદન પણ ન કરવું. અંગચ્છેદ પણ પ્રાણિપીડાજ કહેવાય, પરને દુઃખ દેવું તે પીડાજ કહેવાય, એજ હિંસાશબ્દનો અર્થ છે, પ્રાણવિયોગને અનુકૂળપણે કે નહિ અનુકૂળપણે પરને દુઃખ કરનારો જે વ્યાપાર તે હિંસાજ ગણાય, માટે અંગવિચ્છેદપણ હિંસાજ કહેવાય, આ હિંસા પણ 'मा हिंस्यात्' આ નિષેધમાં વિષય થાય છે માટે તે પણ અનુચિત છે. એ રીતે પાઠક્રમની અપેક્ષાએ અર્થક્રમ પ્રબળ હોવાથી ઉત્તરાર્ધની પ્રથમ યોજના કરીને હવે પૂર્વાર્ધની યોજના કરે છે—ક્વાપિ-કોઈ પણ નિમિત્તથી અકાર્યાચરણ-પરપરિચર્યાદિ અધર્મ ભૃત્ય ભાર્યાદિકથી થઈ જતાં, સ્વસ્ય-પોતાના ભૃત્ય ભાર્યાદિક કે પરસ્ય-જેના સંસર્ગથી સ્વીય ભૃત્યાદિકના ધર્મની ભંગશંકા આવી હોય તેના કર્ણ નાસાદિ અંગનો છેદતો નજ કરવો. હિંસક સર્પાદિકના દાંત પાડવા વિગેરે પણ હિંસાજ છે એમ જ્યારે નિશ્ચય થાય છે તો અન્યત્ર (પુરૂષાદિકમાં) અંગચ્છેદ હિંસાજ છે તેમાં કહેવુંજ શું ? આ તો અત્યંત અનર્થ અતિ દૂર પરિહરણીય છે, તો ધર્મભંગના પ્રસંગથી સ્વીયજનોના કે ધર્મભંગ કરવાની શંકાથી પરજનોના કર્ણ નાસાદિ અંગનો છેદતો નજ કરવો. અથવા-અકાર્યાચરણના પ્રસંગ વિનાપણ પરજને કહેલા દુર્વચનથી ઉપજેલા ક્રોધવેગથી પોતાના કે પરના અંગનો છેદ શસ્ત્રાદિકે કરીને ન કરવો. પ્રાણોપઘાતજ જેમ એમ અંગોપઘાત પણ હિંસા જ છે. હિંસાનોતો નિષેધ કર્યો છે ॥૧૬॥

પરને પીડા કરવાના વ્યાપાર થકી નિવૃત્તિ પામવારૂપ પરમ ધર્મનો ઉપદેશ આપવા પ્રવર્તેલા ભગવાને પ્રથમ પ્રાણિમારણ અને તેના અંગછેદરૂપ પીડન વ્યાપાર થકી નિવૃત્તિનો ઉપદેશ આપ્યો, હવે પરદ્રવ્યના અપહરણરૂપ પરપીડન વ્યાપારથકી નિવૃત્તિનો ઉપદેશ આપે છે—સ્તેનકર્મ-ચોરકર્મ જે ઠગાઈથી પરધનહરણ તે ન કરવું. આ આચાંડાળ સાધારણ

१ 'स्तेयकर्म' इति पाठान्तरम् ।

ધર્મ છે, માટે કેનચિત્-કેનાપિ-વર્ણની અતર્ગત કે નહિ અતર્ગત ચાડાળાદિ કોઇએ પણ ન કરવું. અથવા કેનાપિ-કોઈ પણ પ્રાણધારણાદિ નિમિત્તેપણ ન કરવું. 'न हर्तव्यं परधनमिति धर्मः सनातनः' એમ મોક્ષધર્મમાં કહ્યું છે. કોઇ એવી શકા કરે કે-ધર્મિકપ્રયોજને કરેલુ ચોરકર્મ તો સુકૃતમાટે થાય છે ? તો તેમ નથી. ન્યાયોપાર્જીત દ્રવ્યવડેજ ધર્મનુ અનુષ્ઠાન કહ્યું છે. 'स्वप्रया लब्धवित्तेन न्याय्येन वृषमाचरेत्' એવી સ્મૃતિ છે. માટે ધર્માર્થેપણ ચોરીનું કર્મ નજ કરવું. તથા જે કાષ્ઠ ફળ પુષ્પ પત્રાદિ કોઇના બાગમાં ચોમેર પડેલુ સર્વસુલભ હોય તે પણ તેના ધણીની આજ્ઞા વિના (પુછ્યા વિના) ન ગ્રહણ કરવું, કેમ કે તેમા પણ પરનું સ્વામિપણુ સરખુજ હોવાથી તેનું ઉપહરણ પણ અપહરણજ ગણાય, (ચોરીજ કહેવાય) 'तृणं वा यदि वा काष्ठं पुष्पं वा यदि वा फलम् । अनापृच्छन् हि गृह्णानो हस्तच्छेदनमर्हति' એમ સ્મૃતિમાં નિષેધ કર્યો છે. અથવા-અનુમતિ વિના પણ સ્વામિની સમક્ષ કે અસમક્ષ ઉત્તમને નીચ નિર્ગુણ થકી યજ્ઞમાં અપેક્ષિત કેટલાક દ્રવ્યના આહરણની 'ઇચ્છા હોય તો કરો' એવી અનુજ્ઞા 'यज्ञश्चेत्प्रतिरुद्धः स्यादेकेनाङ्गेन यज्वन.' ઇત્યાદિ વચનથી આપી છે. તેમજ દેવ અગ્નિ ગાય આદિક અર્થે પુષ્પ કાષ્ઠ તૃણાદિનું સર્વ થકી પોતાનું હોય· એમજ વિના શકા આહરણની 'द्विजस्तृणैध.पुष्पाणि सर्वतः स्ववदाहरेत्' ઇત્યાદિ વચનથી અનુજ્ઞા આપી છે, તે થકી પણ નિવૃત્તિ પામવારૂપ ધર્મવિશેષનો ઉપદેશ આ શ્લોકથી ભગવાને આપ્યો છે. કેનચિત્-ઉત્તમ જને પણ સ્તેનકર્મ-પરદ્રવ્યનુ અપહરણ ધર્માર્થમપિ-યજ્ઞાદિ ધર્મ નિમિત્તેપણ ધણીની સમક્ષ કે અસમક્ષ ન કરવુ. જે અલ્પ કાષ્ઠ પુષ્પાદિ તે પણ પારકું ધર્માર્થે-દેવાદિ માટે પણ ન ગ્રહણ કરવું. ધણીને પુછીનેજ ગ્રહણ કરવું. અનુજ્ઞા આપેલા પણ તેથકી નિવૃત્તિ પામવી એજ નિ શ્રેયસમાં સાધનભૂત છે, માટે તે આ સર્વથા અસ્તેયવ્રત મુમુક્ષુ મારા આશ્રિતોએ ઉપસેવન કરવું. જેમ ઠગદગર્ભિત ચોરીથકી નિવૃત્તિ આવશ્યકી છે, જેમ બલાત્કારગર્ભિત સાહસથકી નિવૃત્તિ આવશ્યકી

पुम्भिः स्त्रीभिश्च मा श्रितैः । द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥१८॥ अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न । जगन्नाथ-

છે તેમ અસ્તેયવ્રત (સર્વ દેશ કાળમાં ચોરી ન કરવી) માં નિષ્ઠાવાળા મુમુક્ષુને ધર્માર્થપણ પરદ્રવ્યહરણ થકી નિવૃત્તિ આવશ્યકી છે. આવુંજ અસ્તેયવ્રત યોગના અંગપણે શાસ્ત્રમાં ગણ્યું છે ॥૧૭॥

દુશ્ચરિત થકી નિવૃત્તિનો ઉત્તમ ઉપદેશ આપતા ભગવાને પરપીડનરૂપ દુશ્ચરિતનિવૃત્તિ આટલા નિબંધથી ઉપદેશ કરી. હવે પરપત્નીપરિગ્રહાદિરૂપ દુશ્ચરિત થકી નિવૃત્તિનો આદેશ આ શ્લોકથી કરે છે—मा श्रितैः-મુમુક્ષુ પુરૂષોએ તથા સ્ત્રિયોએ વ્યભિચાર (પરાંગનાસંગ પરપુરૂષસંગ) નજ કરવો. દુશ્ચરિત થકી જે નિવૃત્તિ છે તે ઉપાસનાનું અંગ હોવાથી મુમુક્ષુઓપ્રતિ વિશેષપણે તેનો ઉપદેશ યુક્ત છે. 'परदारा न गन्तव्याः सर्ववर्णेषु कर्हिचित्' 'व्यभिचारात्तु भर्तुः स्त्री लोके प्राप्नोति निन्द्यताम्' એવી સ્મૃતિ છે. તથા દ્યૂતાદિ વ્યસનો થકી વિમુખ થવું. 'नाक्षैः क्रीडेत्कदाचन' એવી સ્મૃતિ છે. આદિશબ્દથી વેશ્યોપસેવન વિગેરે વ્યસનોનો સંગ્રહ સમજવો. જે માદક ભાંગ્ય આદિક તેનું પણ સેવન ન કરવું. આદિશબ્દથી ગાંજો અફીણ આદિકનું ગ્રહણ કરવું. 'न भक्षयं मादकं किंचित्' એવી સ્મૃતિ છે ॥૧૮॥

'नाद्यं भंगादि' આ ખાદ્યપણાનો નિષધપ્રસંગ પ્રાપ્ત થતાં તેના પ્રસંગથી ખાદ્યનિષેધાંતર કહે છે—જેઓએ રાંધેલું અન્ન અગ્રાહ્ય-અભોજ્ય હોય તેવા નીચ જાતીય જનોએ રાંધેલું અન્ન નજ જમવું. ભલે તે કૃષ્ણનિવેદિત હોય તોપણ કૃષ્ણપ્રસાદબુદ્ધિથી નજ ખાવું. પરં 'આ ભગવત્પ્રસાદ છે' એવા માનમાત્રને યોગ્ય છે. એટલે તેમાં અંજળિમાત્ર ઉચિત છે. વર્ણાદિ મર્યાદા ભગવાને બાંધેલી હોવાથી તેનું ઉલ્લંઘન તેના આશ્રિતોને યોગ્ય નથી. એ રીતે જેનું અન્ન અભોજ્ય હોય તેના પાત્રમાં રહેલું જળ કૃષ્ણનિવેદિત પણ નજ પીવું. શૂદ્રાદિકની અભોજ્યાન્નતા અને તેના પાત્રમાં રહેલા પાનીયની સાક્ષાત્ અપેયતા 'नाद्याच्छूद्रस्य पक्वान्नं' ઇત્યાદિ વચનથી જાણવી.

૧ 'जगन्नाथपुरोऽन्यत्र' इति पाठान्तरम् ।

पुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥१९॥ मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये। नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन॥२०॥

જગન્નાથપુરમાં તો આનો અપવાદ છે, ત્યાંનો તેવો પણ ભગવત્પ્રસાદ ભોજ્ય છે. તે સ્થળમાં તેવો ભગવાનનો મહિમા પુરાણમાં વર્ણવેલો સ્પષ્ટ છે ॥૧૯॥

મિથ્યાપવાદનું આરોપણ પણ પરપીડનપ્રાય હોવાથી તેનાથકી નિવૃત્તિનો આદેશ હવે કરે છે—મિથ્યાપવાદ (આણે આ અયુક્ત કર્યું એમ) નજ આરોપણ કરવો. कस्मिंश्चिदपि-વિદ્યા વૃત્ત વિગેરેવડે ઉત્તમ કે નીચ કોઇની પણ ઉપર. અથવા શત્રુ કે અશત્રુ કોઇની પણ ઉપર ન આરોપવો. ભલે કદાચિત્ પરની ઉપર મિથ્યાપવાદના આરોપણથી મહાન્ સ્વાર્થ સિદ્ધ થતો હોય તથાપિ તે નજ આરોપવો. મિથ્યાપવાદથી સ્વાર્થ સિદ્ધ કરતાં થએલા પરદ્રોહથી [illegible] થાય છે તે યાજ્ઞવલ્ક્યમુનિએ કહ્યું [illegible]
मिथ्याभिशापदोषं च सः [illegible]

આથી જેઓ તો સ્વાર્થ વિના પરોત્કર્ષ નહિ સહન થવામાત્રથી મિથ્યાપવાદને આરોપેછે તેઓની અત્યંત ક્રૂરતા સૂચવી છે. યદ્યપિ અર્થવિશેષ માટે અલ્પ અનર્થ પણ સહન થાય છે, પરાપવાદથી પ્રાપ્ત થતો અનર્થ અતિપ્રબળ હોવાથી કોઈ પણ અર્થાકાંક્ષાથી સહન થાય એવો નથી, ગૃહ આરામ ક્ષેત્ર કળત્ર આદિકના સંબન્ધથી પ્રાપ્ત થતા પણ સુખની અપેક્ષાએ આ અતિદારૂણ મિથ્યાવાદજન્ય પારલૌકિક દુઃખ થાય છે, માટેજ કહેછે કે-સ્વાર્થની સિદ્ધિ માટે પણ ન આરોપવો, એવો પણ ભાવ છે. અથવા-મિથ્યાપવાદ આરોપનારાને સ્વાર્થલાભબુદ્ધિથી તાત્કાલિક કોઈ આસ્વાદ અંદર ગુપ્તવિષવાળા મધમાંજ જેમ એમ આવે છે, જેતો કોપવેગથી 'તું માતૃગામી છું' ઇત્યાદિ દુર્વચનો બોલે છે તેતો કેવળ એક અનર્થનેજ પામે છે, તાત્કાલિક અર્થાસ્વાદ આભાસને પણ પામતો નથી, આવી વિષમતા જણાવા માટે 'स्वार्थस्य सिद्धये' એમ કહ્યું છે. તથા પર હૃદયમાં ખેદ કરનારા અપશબ્દો કઠોરભાષણાદિરૂપ કદાચન-સ્વયં અન્ય અપકારિએ અતિક્લેશ પમાડતાં પણ તે સમયેપણ નજ બોલવા. કોપવેગ સહનજ કરવો એવો ભાવાર્થ છે ॥૨૦॥

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि । वेदानां च न कर्तव्या

'અપશબ્દ ન બોલવા' આ અપશબ્દનિષેધના પ્રસંગથી નિંદાની વિષયવિશેષમા અત્યત અનર્થહેતુતા જણાવા કહે છે—પ્રથમ પ્રતિષેધ કરેલો અપશબ્દ કોપમૂળક છે અને નિષેધ કરાતી આ નિંદા અસૂયામૂળક છે એવો ભેદ જાણવો અગ્નિ આદિત્ય આદિક દેવતાઓ ઉપાસના કરતાં અભ્યુદય આપનારી છે, ભાગીરથ્યાદિ તીર્થો તથા વિપ્રો પણ તેવાજ છે. ઉભયસ્થ એમની નિંદાતો અત્યત અનર્થકારી છે, માટે તે નજ કરવી આ ત્રણનો ઉત્કર્ષ જન્મસિદ્ધ હોવાથી તેમા સમતાના અભિપ્રાયથી 'દેવતાતીર્થવિપ્રાણાં' એમ એક સાથે નિર્દેશ કર્યો છે. સાધ્વી સંતો આદિકનું તો વૃત્ત વિજ્ઞાનાદિકૃત ઉત્કર્ષથી વિલક્ષણપણુ હોવાથી આ વર્ગથી વિલક્ષણતા જણાવાજ એમા તેમનો સંગ્રહ નહિ કરીને પૃથક્ નિર્દેશ કર્યો છે. એટલે દેવતા તીર્થ વિપ્રોની અપેક્ષાએ સાધ્વીઓનો અને દેવતા તીર્થ વિપ્ર સાધ્વીઓની અપેક્ષાએ સતોનો અને તે બધાની અપેક્ષાએ વેદોનો ઉત્કર્ષ છે, એવા અભિપ્રાયથી ઉત્તરોત્તર તેમનો શ્લોકમા નિર્દેશ કર્યો છે સાધ્વી સ્ત્રિયો અગ્નિશિખાજ જેમ એમ પ્રમાદથી પણ પરાભવ કરતા બાળી દે છે કેવળ પરાભવ કરનારાનેજ નહિ કિંતુ કુળને પણ બાળી દે છે માટે તેણીઓની નિંદા નજ કરવી અગ્નિઆદિક દેવો પણ પતિવ્રતાના વચનથી પોતાનું દાહાદિસામર્થ્ય સકેલી લે છે, આ અર્થ સુપ્રસિદ્ધ છે વિપ્રતો પતિવ્રતા વિષયમા ક્ષુદ્રતેજવાળો છે આ અર્થ ભિક્ષાર્થે કોઈ ગૃહસ્થના ગૃહપ્રતિ આવેલા કૌશિક નામના વિપ્રના અને પ્રારભેલી પતિપરિચર્યાને પરિસમાપ્ત કરીને ભિક્ષા આપવા આવેલી પતિવ્રતાના સવાદમા સ્પષ્ટ છે. તો જડ તીર્થ થકી પતિવ્રતાના ઉત્કર્ષમા કાઇ કહેવાનુ રહેતુ નથી 'असन्नेव स भवति असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद् सन्तमेनं ततो विदु' એ રીતે બ્રહ્મજ્ઞાનસપત્તિને લીધે સચ્છબ્દવાચ્ય જે બ્રહ્મવિદો છે તેમનુ પતિવ્રતાઓની અપેક્ષાએ શ્રેષ્ઠપણુ છે એમા કોઇ કહેવાનુજ નથી સર્વ થકી શ્રેષ્ઠ બ્રહ્મદર્શી સતોના પ્રસાદથી સકળ ઉપતાપની ઉપશાંતિ થાય

निन्दा श्रव्या न च कचित् ॥२१॥ देवतायै भवेद्यस्यै सुरा-

છે અને નિગ્રહથી સહસ્રસુકૃતે કરીને પણ ન નિવારણ થાય એવો નરકપાત થાય છે. માટે એમની નિંદા નજ કરવી. વેદો સર્વ ધર્મમાં મૂળ હોવાથી તેની નિંદા ધર્મમાત્રની નિંદારૂપ છે તો તે સર્વથા નજ કરવી. જેના અર્થજ્ઞાનથી તે સંતો બ્રહ્મજ્ઞાની થાય છે તે સ્વતઃપ્રમાણભૂત, સર્વદા તેઓએ પણ ઉપસેવ્ય, વાચ્ય પરબ્રહ્મજ જેમ એમ પોતેપણ અપરિચ્છિન્ન એવા વેદો સંતોની અપેક્ષાએ અતિશ્રેષ્ઠ હોય એમાં કહેવાનું રહેતું નથી. આ ઉત્તરોત્તર ઉત્તમોની નિંદા અત્યંત અનર્થહેતુ હોવાથી પોતે નજ કરવી. અને કોઈ દુર્જન કરતો હોય તો તે નિંદા ક્યારેય ન સાંભળવી. 'देववेदद्विजातीनां साधुतीर्थमहात्मनाम् । गुरोः पतिव्रतानां च तथा यज्वितपस्विनाम् ॥ परिवादं न कुर्वीत परिहासेऽपि पुत्रक ! । कुर्वतामविनीतानां न श्रोतव्यः कथञ्चन ॥' એમ માર્કંડેય પુરાણમાં કહ્યું છે. આ 'देवतातीर्थ' શ્લોકથી દેવતાદિકની નિંદા કરનારા દુર્જનોના પ્રસંગમાં મારા આશ્રિતોએ ન રહેવું, એમ નિજજનોને શિક્ષણ આપ્યું છે ॥૨૧॥

'आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः । स्मृतिलाभे सर्वग्रन्थीनां विप्रमोक्षः ॥' આ શ્રુતિ સાત્વિક આહારનું સેવનજ સત્ત્વગુણની વિવૃદ્ધિ સંપાદન કરવા દ્વારા મોક્ષોપાયભૂત ઉપાસનને નિષ્પાદન કરવાનું કહે છે, તો મુમુક્ષુઓએ સાત્વિક આહારનુંજ સેવન કરવું એમ જણાવા, જેનો તામસ સ્વામી હોય તેજ જેમ એમ જેનો દેવ તામસ હોય તે અન્નાદિ પણ આશ્રયદૂષિત હોવાથી પરિત્યાજ્ય છે એમ કહે છે— ચંડિકા આદિક જે તામસ દેવતાઓ છે તેમને નિવેદન કરેલું ભલે જાનિથી ખાવાયોગ્ય પણ અન્નફળાદિ નજ ખાવું. તામસ દેવતાના સંબન્ધથી તેને નિવેદન કરેલું અન્નાદિપણ દૂષિત થાય છે. તામસ ફળમાત્રને આપે છે, તામસવૃત્તિવાળાઓએ આરાધના કરાય છે, તામસ પ્રક્રિયાવડે આરાધના કરાયછે માટે તે દેવતાઓનું તામસપણું જાણવું. વસ્તુતાએ તો જે મૂર્તિની તાંત્રિક તામસ પ્રક્રિયા સુરામાંસાદિપ્રધાનથી પૂજા થતી હોય તે ચંડિકા હોય કે બીજી કોઈ હોય તેને નિવેદન કરેલું અન્ન ફળાદિ પણ

मांसनिवेदनम् । यत्पुरोऽजादिर्हिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥२२॥ दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि । प्रणम्यं[1] तानि

न ભક્ષણ કરવુ માટેજ ચડિકાદિકનો નામથી નિર્દેશ નહિ કરતા 'દેવતાયૈ મવેચસ્યૈ' એમ સામાન્યપણે નિર્દેશ કર્યો છે તે ચડિકા આદિક દેવતાઓનુ તામસપણુ 'દેવતાયૈ મવેચસ્યૈ સુરામાસનિવેદનમ્' આથી સ્પષ્ટ કર્યું છે જે ચડિકાઆદિક દેવતાને સુરામાસાદિકનુ નિવેદન થતું હોય, જે ચડિકાઆદિકની અર્ચા આગળ મેષ મહિષાદિ પશુઓની હિંસા થતી હોય, તેમને નિવેદન કરેલુ ન ખાવુ 'न भक्ष्य सर्वथा मास' આ વચનથી માસનિવૃત્તિતો પ્રથમથીજ પ્રાપ્ત છે તો સામાન્યબોધક એવો પણ આ શબ્દ માસ થકી બીજા જાતિથી અદૂષિત ફલાદિકનોજ બોધ કરે છે તેવી દેવતાને નિવેદન કરેલુ ફલાદિકપણુ ન ખાવુ એવો અર્થ કરવો તામસનો સસર્ગ સાત્વિકોએ ત્યાગ કરવો તામસના સસર્ગ થકી અન્ન દુષ્ટ થાય છે, માટે તે ન ખાવુ તેમા 'तर्प्यन्ते तामसैर्मासैश्चण्डाद्या यास्तु देवता । ताभ्यो निवेदित किञ्चिदपि ग्राह्य न सात्त्विकैः ॥' એવુ પાચરાત્રમા વચન છે ॥૨૨॥

તામસદેવતાના પ્રસગથકી 'શિવાદિ તામસ દેવ છે' એવી દૃષ્ટિથી તેમને વિષે આવતા અનાદરાદિ પ્રસગનો પરિહાર કરે છે—કેટલાકો તમ પ્રવર્તક રૂદ્ર તામસ દેવ છે એવી દૃષ્ટિથી માર્ગમા આવતા તેમના મદિરને તથા તેમના દર્શનને અતિવધીને ચાલ્યા જાય છે, તે અત્યત અનર્થ આપનાર છે તો ભગવાનના એકાતિક ભક્ત મુમુક્ષુઓએ પણ જે શિવાલયાદિ દેવમદિરો હોય તેમને જવાના માર્ગમા જોઇને 'આ દેવમદિર છે' એવી ભાવનાથી અવશ્ય પ્રણામ કરવો તથા તે મદિરમા દૃશ્યમાન શિવાદિદેવનુ પણ દર્શન આદરથી કરવુ 'वर्त्मनि दृष्ट्वा' એમ કહ્યુ છે તેથી ભગવન્મદિરપ્રતિ પ્રતિદિન જવાનુ વિધાન કર્યું છે તેની પેઠે અહીં પ્રતિદિન જવાનુ ન જાણવુ, આ અર્થ જણાવ્યો છે યદ્યપિ પરમપુરૂષ મોક્ષપ્રદ ભગવાનજ મુમુક્ષુ જનોએ ઉપાસ્ય છે તથાપિ તેમના ભક્તકોટિમા પ્રવિષ્ટ

1 'प्रणम्य' इति पाठान्तरम् ।

तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥ स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् । परधर्मो न चाचर्यो न च,पाषण्डकल्पितः ॥२४॥ कृष्ण-

શિવાદિકમાં આદર પ્રણામનું અતિલઘંન મહા અનર્થ અર્થે થાય, તો અવશ્ય તેમાં આદર કરવો. ,આદર ન કરે તો દેવહેલનદોષનો પ્રસંગ પ્રાપ્ત થાય, તે અનર્થકર છે એમ સ્મૃતિમાં કહ્યું છે–देवताप्रतिमां दृष्ट्वा यतिं दृष्ट्वा च योगिनम् । नमस्कारं न यः,कुर्यात्प्रायश्चित्तीयते हि सः ॥' 'देवं देवालयं दृष्ट्वा वृद्धं विप्रं,तपस्विनम् । गुरुं प्रव्रजितं साध्वीं प्रणमेत्सद्य आदरात् ॥' ઇત્યાદિ. માટેજ,

યદ્યપિ ભગવાનથકી ઉર્ં

મુમુક્ષામાત્રથી કર્મની પરિત્યાજ્યતા ભ્રમને ટાળવા માટે કહે છે—જે વર્ણ નિમિત્તથી પ્રવર્તતો અને જે આશ્રમનિમિત્તથી પ્રવર્તતો અને જે બન્ને નિમિત્તથી પ્રવર્તતો ધર્મ છે તે केनापि–અમુમુક્ષુ કે મુમુક્ષુ કોઇએ પણ ત્યાગ કરવો નહિ તેમાં–'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा.' એવી શ્રુતિ છે. તો 'યજ્ઞ દાન તપ આદિક કર્મ બંધક હોવાથી મુમુક્ષુએ ન કરવું' એમ ભરમાવું નહિ. ફળસંગ–કર્તૃત્વ ત્યાગપૂર્વક કરેલુ જે કર્મ (નિષ્કામ) તેજ ઉપાસનમાં ઉપકારક થાય છે, માટે મુમુક્ષુએ ધર્મકર્મનો ત્યાગ ન કરવો. તથા શ્રૌત સ્માર્ત ધર્મ પણ પોતપોતાના વર્ણને અનુગુણજ અનુષ્ઠાન કરવો, પણ પરને અનુગુણ નહિ એટલે વિપ્રાદિકે ક્ષત્રિયાદિ ધર્મનુ અનુષ્ઠાન ન કરવું. તે મનુએ કહ્યુ છે–'वर स्वधर्मो विगुणो न पारक्यः स्वनुष्ठितः । परधर्माश्रयात्सूनं सद्यः पतति जातितः ॥' ઇતિ તથા पाखण्ड कल्पित–પાશબ્દથી કહેલા વેદધર્મને ખંડન–નિષ્ફળ કરનારા જે બૌદ્ધ જૈનાદિકો તેમણે કલ્પેલા ધર્મનુ આચરણ તે કરવું. તેવી નિરૂક્તિ કરી છે–पालनाच्च त्रयीधर्मः पाशब्देन निगद्यते । खण्डयंति तु तं यस्मात् पाखण्डस्तेन कीर्तितः ॥' ઇતિ ॥२४॥

પાખંડના પ્રસંગથી તેના જેવાજ વૈદિકાભાસો અને ભક્તાભાસોના

---

१ 'पाखण्डकल्पित.' इति पाठान्तरम् ।

भक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः । स्यात्तन्मुखान्न वै श्रव्याः कथा वार्ताश्च वा प्रभो. ॥२५॥ स्वपरद्रोहजननं सत्यं भाष्यं न

प्रसंगनी परिहार्यता जणावा कहे छे—जेओ वेदमां श्रद्धाए रहित होय अने जेओ उपरथी भक्तिनो आटोप बतावता होइने अंतरमां तो विषयवासनाथी परिपूर्ण होय, तेओ वस्तुतः धर्म ज्ञान भक्तिथी विमुख होवाथी पाखंडी जेवाज छे तेवाओना वाक्यश्रवणथी धर्म भक्ति थकी प्रच्युति थायज वारेवारे तेओनी साथे करेलो वाणीप्रसंग कदाचित् चित्तने कलुषित करीज दे माटे तेवाओना मुखथकी भगवाननी पण कथा वार्ता नज सांभळवी केमके तेओ अंतरमां विषयरागथी भरपुर होवाथी कृष्ण कथा प्रवचनना मिषथी श्रोताओना हृदयने स्फटिकमणि जेवा स्वच्छने पण पोताना हृदयमां रहेला विषयरागथी चोमेर रंगी नाखे तेने लीधे धर्म तथा भक्तिथी भ्रष्ट थायज, माटे तेवा कृष्णभक्ति स्वधर्म विमुखोनो प्रसंग बहु दूरथीज परहरवो ते हरिभक्तिविलासमां कह्यु छे-'येषां गुरौ च जप्ये च विष्णौ च परमात्मनि । नास्ति भक्तिः सदा तेषां वचनं परिवर्जयेत् ॥' इति पुराणमूळक होय ते कथा जाणवी अने कर्णाकर्णिकामात्रथी सांभळेला जे चरित्रविशेषो ते वार्ता जाणवी ॥२५॥

सत्यासत्य स्वरूपना विवेके रहित केटलाक मंदमतिओ 'जेवुं जोयुं होय तेवुंज बोलवुं एज सत्य छे' एम मानीने द्रोहकारकपणे वचनने वदे छे यथार्थ नहि कहेवामां अधर्म थाय एवी आशंकाने लीधे तेवुं पोताने के परने पीडा करनारुं वचन कदाचिदपि-संकटमां पण न बोलवुं भूतोनुं हित थाय एवुं यथादृष्टार्थ वचनज सत्यशब्दनी प्रवृत्तिनुं निमित्त छे धर्मता भूतोना उपकारकपणेज मानी छे पण भूतोना उपघातकपणे मानी नथी यथादृष्टार्थ होय पण जो ते भूतोना उपघातने करनार थाय तो ते धर्मकोटिमां समावेशने योग्य केम थाय ? नज थाय माटेज नारदजीए 'सत्यस्य वचनं श्रेयः सत्यज्ञानं तु दुष्करम् । यद्भूतहितमत्यन्तमेतत्सत्यस्य लक्षणम्' एवुं सत्यनुं लक्षण कह्युं छे वचनांतर पण छे-'दृष्ट

कर्हिचित् । कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥२६॥
चौरपापिव्यसनिनां सङ्गः पाषण्डिनां[1] तथा । कामिनां च न कर्तव्यो

श्रुतं चानुमितं स्वानुभूतं यथार्थतः । कथनं सत्यमित्युक्तं परपीडाविवर्जितम् ॥ सत्यां वाचमहिंसां च वदेदनपवादिनीम् । कल्कापेतामपरुषाम-नृशंसामपैशुनाम् ॥' 'वर्जयेदुशतीं वाचं हिंसायुक्तां मनस्तुदाम्' ઇત્યાદિ. યોગસૂત્રભાષ્યમાં વ્યાસદેવે આ અર્થનું સમર્થન કર્યું છે તથા ભારતમાં કર્યું છે. વિસ્તારતો શિક્ષાપત્રીભાષ્ય થકી જાણવો.

તથા કૃત-ઉપકારને ઘ્નન્તિ-અપકારથી જે નાશ કરે તે કૃતઘ્ન કહેવાય, તેમનો સંગ દ્રોહમાં પ્રવર્તક હોવાથી સર્વથા ત્યાગ કરવો. તેમાં વચન છે-'शरणागतदीनस्त्रीहिंसकान्, संवसेन्न तु । चीर्णव्रतानपि सदा कृतघ्नसहितानिमान् ॥ बालघ्नांश्च कृतघ्नांश्च विशुद्धानपि धर्मतः । शरणागतहन्तॄंश्च स्त्रीहन्तॄंश्च न संवसेत् ॥' ઇતિ. ભારતમાં કૃતઘ્નોપાખ્યાનમાં સર્વ દુષ્ટોની અપેક્ષાએ કૃતઘ્નની અધમતા કહી છે-'ये च दोषसमायुक्ता नराः प्रोक्ता मयानघ ! । तेषामप्यधमा राजन् ! कृतघ्ना मित्रघातकाः ॥' ઇતિ. કૃતઘ્નનું લક્ષણ વિદુરનીતિમાં કહ્યું છે-'सत्कृताश्च कृतार्थाश्च मित्राणां न भवन्ति ये । तान् मृतानपि क्रव्यादाः कृतघ्नान्नोपभुञ्जते ॥' ઇતિ. તથા લુંચા-'આટલું ધન તું અમને આપ્ય, નહિ તો આ દાવામાં તારું પ્રાતિકૂલ્ય થશે' એમ એકાંતમાં બીક બતાવીને લાંચથી અપહરણ થતું જે દ્રવ્ય તે કસ્યાપિ-અધાર્મિકનું પણ નજ લેવું. આણે અન્યાયથી મેળવ્યું છે, ભલે આપણને આપે, એવી દુરાલોચના ન કરવી. આ લાંચ લેનારને દેશપાર કરવાનું યાજ્ઞવલ્ક્યમુનિ કહે છે-'उत्कोचजीविनो द्रव्यहीनान् कृत्वा विवासयेत्' ઇતિ. આ પણ પરપીડનનો વ્યાપારવિશેષ છે. માટે પીડનમાત્ર થકી નિવૃત્તિ કરતા ભગવાને આ અર્થનો અહીં ઉપદેશ આપ્યો છે ॥૨૬॥

કૃતઘ્નસંગના પરિત્યાગ પ્રસંગથી સંગાંતરની પરિત્યાજ્યતા બે શ્લોકથી

१ 'पाखण्डिना' इति पाठान्तरम् ।

जनवचनकर्मणाम् ॥२७॥ भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः । पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥२८॥

કહે છે—જેમ કૃતઘ્નીનો સંગ ત્યાજ્ય છે તેમ ચોરાદિકનો સંગ ત્યાજ્ય છે જેઓ ચોર હોય, જેઓ પાપી–બીજા પાપાચરણશીલ હોય, જેઓ દ્યૂતાદિ અષ્ટાદશ વ્યસનશીલ હોય, જેઓ પાખંડી–વૈદિકધર્મવિદ્વેષી હોય, જેઓ કામી–વિષયોપભોગમાં તીવ્ર રાગી હોય અને જેઓ જનોને છેતરીનેજ જીવન ઇચ્છતા હોય, ઇત્યાદિ દુઃશીલોનો સંગ–મૈત્રી અને સહસ્થિત્યાદિ નજ કરવો તેવાઓનો સંગ નિર્મળ એવા પણ મનને કલુષિત કરી દે દુઃસંગની દૂષકતા વાસુદેવમાહાત્મ્યમાં કહી છે–'यादृशो यस्य सङ्गः स्यात् ब्राह्मणा वा नृणामपि । बुद्धिः स्यात् तादृशी तस्य कार्योऽतो नासतां हि सः ॥' ઇતિ ॥૨૭॥

જેઓ શાસ્ત્રાધ્યયનજન્ય આત્મપરમાત્મ તત્ત્વનું યથાર્થ જ્ઞાન જે પરોક્ષરૂપ છે તેનાથીજ 'હું જ્ઞાનનિષ્ઠ છું' એમ પોતાને જ્ઞાની માનીને તથા પરાનુરાગરહિત શ્રવણ કીર્તનાદિરૂપ ભક્ત્યાભાસથીજ 'હું ભક્તિનિષ્ઠ છું' એમ પોતાને ભક્ત માનીને, 'કર્મ કરવાનું આપણે શું પ્રયોજન છે ?' એમ સમજીને વિહિતનું અતિલંઘન કરનારા અને નિષિદ્ધનું આચરણ કરનારા જે સ્ત્રીદ્રવ્યરસમાં અત્યંત લોભીયા જનો છે તેઓના જ્ઞાનાભાસથી અને ભક્ત્યાભાસથી ભરમાવું નહિ તેમનો સંગ બહુ દૂરથી પરિત્યાગ કરવો અથવા–જ્ઞાનનિષ્ઠ કે ભક્તિનિષ્ઠોએ પોતાનું જ્ઞાનબળ કે ભક્તિબળ પ્રબળ અવલંબીને, 'વિષયસંગિઓનો સંગ આપણને શો અનર્થ કરનાર છે' એવા અનાદરથી તેઓએ તેવાઓનો સંગ ન કરવો એમ કહે છે—જેઓ સ્ત્રી દ્રવ્ય રસાસ્વાદમાં અત્યંત લુબ્ધ હોઇને પરસ્ત્રીસંગાદિ પાપમાં પ્રવર્તેલા હોય તેમનો સંગ પોતાને જ્ઞાનનિષ્ઠા તથા ભક્તિનિષ્ઠા પ્રબળ હોય તોપણ ન કરવો, કારણ કે વિષયસંગિઓનો સંગ પરિનિષ્પન્ન એવા પણ જ્ઞાનભક્ત્યાદિક થકી પુરૂષને ભ્રષ્ટ કરેજ માટેજ ભાગવતમાં 'तस्मात्सङ्गो न कर्तव्यः स्त्रीषु स्त्रैणेषु चेन्द्रियैः । विदुषा चाप्यविस्रब्धः षड्वर्गः किमु मादृशाम् ॥' એમ કહ્યું છે ॥૨૮॥

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः। कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥ अगालितं न पातव्यं पानीयं च पय-

પાપી પાખંડી પ્રમુખ અસંતોના સંગનો પ્રતિષેધ કર્યો, હવે અસચ્છાસ્ત્રોના સંગનો પ્રતિષેધ કરે છે—कृष्णस्य–સકળવેદાંતવેદ્ય, સમસ્ત જગતની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયરૂપ લીલા જેમની છે, પરંબ્રહ્મ અક્ષરધામાધિપતિ પુરૂષોત્તમનું તથા તેમના સાધુસંરક્ષાર્થે થતા રામ કૃષ્ણ વરાહાદિ અવતારોનું તથા તેમની વિભૂતિ વિગેરેનું જેમાં खंडन–'સર્વેશ્વર કોઈ છેજ નહિ, ભલે સર્વેશ્વર કોઈ હોય પણ તે કૃષ્ણ તો નહિજ, ભલે કૃષ્ણ સર્વેશ્વર હોય પણ પરંબ્રહ્મતો તેમનાથી પણ ઉપરી, ઐશ્વરભાવે રહિત, માટેજ નિર્ગુણ નિરાકાર છે' એ રીતે પરંબ્રહ્મ કૃષ્ણના ઐશ્વર્યનું ખડન તેમજ 'પરબ્રહ્મ કૃષ્ણ નથીજ અવતરતા, ભલે પરમેશ્વર પરંબ્રહ્મ કૃષ્ણ અવતરેછે પણ માયિક રૂપથીજ અવતરે છે' એમ તેમના અવતારના ઐશ્વર્યનું ખંડન युक्तिभिः–પોતાની અતિમાત્રથી ઉત્પ્રેક્ષા કરેલી (પ્રમાણમૂળક નહિ) અસતી યુક્તિઓએ કરીને કર્યું હોય, તે શાસ્ત્રો (પરદૃષ્ટિથી) कदाचन–ખડન અવસરમાં પણ न मान्यानि–તેમાં રહેલી યુક્તિજાળને જોઇને પણ શ્લાઘાલાયક નથીજ. સર્વથા અસાર અતિતુચ્છ હોવાથી દૂરથી ત્યાજ્ય છે. તેવાં અસચ્છાસ્ત્રો (વસ્તુદૃષ્ટિથી) વેદબાહ્ય ચાર્વાક બૌધ જૈનાદિકનાં છે. તથા વૈદિકોમાં પણ કાપિલ જૈમિનીય શુષ્કવેદાન્ત વિગેરેનાં છે. આ સર્વે પ્રકારભેદથી કૃષ્ણ અને કૃષ્ણાવતારોનું યુક્ત્યાભાસથી ખડન કરનારાં છે, માટે અનાદરણીય છે. યાજ્ઞવલ્ક્યમુનિએ ચાર્વાકાદિ અસચ્છાસ્ત્રાધિગમને ઉપપાતકમાં ગણ્યું છે–'असच्छास्त्राधिगमनमाकरेष्वधिकारिता । भार्याया विक्रयश्चैषामेकैकमुपपातकम् ॥' ઇતિ ॥૨૯॥

ઘણું કરીને જલાદિ પાનીય પદાર્થોમાં ઝીણા જતુઓ અદૃશ્યપણે રહેલા હોવાથી તેને ગાળ્યા વિના પાન કરનારાને અવશ્ય મહાદોષ સૂક્ષ્મજંતુભક્ષણરૂપ થાય છે, તો તેના પરિહાર માટે વિશેષપણે ઉપદેશ કરે છે—વસ્ત્રવડે ગાળ્યા વિનાનું જળ તથા દુધ નજ પિવું. તેવું વચન પણ છે–'वस्त्रपूतं जलं पिबेत्' ઇતિ (पयसशब्दथी ઘૃતતૈલાદિકનુ ઉપલક્ષણ

स्तथा । स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥ यदौषधं च सुरया संपृक्तं पललेन वा । अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत्क्वचित् ॥३१॥ स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन । मल-

करी लेवु, એટલે તે પણ ન ખાવુ) આ પ્રતિષેધ તેમા સૂક્ષ્મ જંતુઓના ભક્ષણની સંભાવના હોવાથી તેના પરિહાર માટે છે તેવુ વચન છે—'अपूतजलपाने हि मासभक्षणसम्भवात् । पुराणे दोष इत्युक्त पेय वस्त्रालित जलम् ॥' इति તથા જેમા ઝીણા જંતુઓ ઝાઝા હોય એવા જળથી સ્નાનાદિ કર્મ પણ ન જ કરવુ 'स्नानादि' આ આદિશબ્દથી જળસાધ્ય લૌકિક અલૌકિક કર્મનો સંગ્રહ સમજવો, કારણ કે તેવા જળમા સ્નાન કરવાથી અશુદ્ધિ ટળતી નથી અને અતિસૂક્ષ્મ જંતુઓની હિંસા થાય છે આ બન્ને નિષેધો દૃષ્ટ અદૃષ્ટ અનર્થના પરિહાર માટે છે એમ જાણવુ ॥૩૦॥

જે ઔષધમા સુરાદિ સંસર્ગ જણાતો હોય કે તેવી શંકા આવતી હોય, એવા તેને ન જ ખાય એમ કહે છે—યદ્યપિ ઓષધિમાથી બનાવેલુ હોવાથી જાતિએ કરીને અદુષ્ટ એવુ પણ જે ઔષધ વ્યાધિહરપણુ હોય તથાપિ તે જો લેશથી પણ માસ કે મદિરાથી મિશ્રિત હોય તો તે ક્યારેય ન ખાવુ માટેજ જેનો અપરિચયને લીધે આચાર ન જાણવામા આવતો હોય એવા વૈદ્યે આપેલુ જે ઔષધ તેમા પણ ક્વચિત્ અભક્ષ્ય મદ્યમાસાદિ અપવિત્ર પદાર્થની મેળવણીનો સંભવ હોવાથી તે પણ ક્યારેય ન ભક્ષણ કરવુ તેવા ઔષધના ભક્ષણમા અનર્થ કહ્યો છે-'अज्ञानात्प्राश्य विण्मूत्र सुरासंसृष्टमेव वा । पुन संस्कारमर्हन्ति त्रयो वर्णा द्विजातय ॥' 'मासमिश्राशदप्राशे तप्तकृच्छ्र विशोधनम्' એવી સ્મૃતિ છે જેતો ઔષધાંતરથી ન નિવારણ થાય એવા વ્યાધિ વિગેરેના પ્રશમન માટે માસમિશ્રિત ઔષધની અભ્યનુજ્ઞા ક્વચિત્ સ્મૃતિમા આપી છે તે કાળભેદ–અધિકારિભેદ (યુગભેદ અને અમુમુક્ષુ અધિકારી) વિષયવાળી હોવાથી ઉત્તમાધિકારી (મુમુક્ષુ)ઓને માટે ધર્મ પદને યોગ્ય નથી ઉત્તમાધિકારિઓને માટે તો તેની નિવૃત્તિજ પરમ ધર્મ હોવાથી તે પક્ષ મદાશ્રિતોએ આશ્રયણીય નથી ॥૩૧॥

१ 'ससृष्ट इति पाठान्तरम् ।

मूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥३२॥ अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च । स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्प-

જે સ્થળમાં મળોત્સર્ગ કરતાં લૌકિક અનર્થ રાજદંડાદિ થાય કે અલૌકિક અનર્થ નરકાદિ થાય, ત્યાં તે ન કરવો એમ હવે કહે છે—'અહીં મળમૂત્રનો ત્યાગ ન કરવો' એમ લોક–રાજાદિકે નિષિદ્ધ રાજકીય-સ્થાન, રાજમાર્ગ, ચોક, પરગૃહનું આંગણું આદિક અને 'न गोव्रजे न वल्मीके नोदके न च भस्मनि । न गर्तेषु ससत्त्वेषु न तिष्ठन्न च वर्त्मनि ॥' ઇત્યાદિ શાસ્ત્રે નિષિદ્ધ એવાં સ્થાનોમાં મળમૂત્રનો ત્યાગ ક્યારેય ન કરવો. તથા ષ્ઠીવન–નાસામળાદિકનો પણ ત્યાગ ન કરવો. યદ્યપિ ષ્ઠીવન પણ મળત્યાગરૂપ હોવાથી 'ष्ठीवनं तथा' એવો જુદો નિર્દેશ વ્યર્થ છે તથાપિ સ્થળવિશેષને જાણનારાને પણ પ્રમાદને લીધે એકદમ સર્વત્ર ષ્ઠીવનનો પ્રસંગ બહુવાર આવતો હોવાથી તેના પરિહાર માટે તેનો પૃથક્ પ્રતિષેધ કર્યો છે. ઉક્તસ્થાનથકી ભિન્ન સ્થાનમાં તેને કરે ॥૩૨॥

અદ્વારથી જે પ્રવેશાદિ છે તે દૃષ્ટ અનર્થ છે, તે થવાની સંભાવના પદેપદે વિદ્વાનોને પણ અવર્જનીય હોવાથી વિશેષપણે તેનો નિષેધ કરે છે—અદ્વાર–અલ્પ એવું દ્વાર જે ક્વચિત્ આપત્કાળમાં ગુપ્તપણે નીકળી જવા આવવા માટે ઘરમાં મૂકેલું તેનાથી અથવા—અદ્વાર દ્વારવ્યતિરિક્ત વાડ કોટ ભીંત આદિકના ઉલ્લંઘનથી કે જાળીયું બારીના છિદ્રાદિકથી પર-ગૃહમાં પ્રવેશ ન કરવો અને તેવા અદ્વારથી પરગૃહથકી બહાર નિકળવું પણ નહિ 'नाचक्षीत धयन्तीं गां नाद्वारेण विशेत्क्वचित्' એવી યાજ્ઞ-વલ્ક્યસ્મૃતિ છે. 'अद्वारेण न चातीयात् ग्रामं वा वेश्म वा वृतम् । रात्रौ च वृक्षमूलानि दूरतः परिवर्जयेत् ॥' એવી મનુસ્મૃતિ છે. આપત્કાળ વિનાતો ઘરના ધણીએ પોતાના ઘરમાં પણ અદ્વારથી પ્રવેશ અને તેથી નિર્ગમનનો ત્યાગ કરવો. તે કાશીખંડમાં કહ્યું છે—'अद्वारेण न गन्तव्यं स्ववेश्मपरवेश्मनोः' इति. એમજ ધણીની આજ્ઞા વિના ક્ષણપણ તેના

१ 'अमार्गेण' इति पाठान्तरम् । २ 'वाऽऽसः' इति पाठान्तरम् ।

तिम् ॥३३॥ ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात्कार्या न पूरुषे. । न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ॥३४॥ अपमानो न कर्तव्यो

ઘરમા વિશ્રાતિ નિમિત્તેપણ વાસ ન કરવો એમ કહે છે—જેનો રક્ષક ધણી હોય એવુ સ્થાન-ઘર કે બીજુ બગીચો વિગેરે કે ધર્મશાળા વિગેરે કોઇપણ બેસવા યોગ્ય જે સ્થળમાત્ર તેમા તેના ધણીને આસનાદિ અવકાશ પુછયા વિના કે લોકથી તેના ધણીનુ સ્વરૂપ પુછી જાણ્યા વિના એકક્ષણ પણ વાસ ન કરવો ધણીની આસનાદિકની અનુજ્ઞા લીધા વિના ઉતારો કરે તો તેનો ધણી કોપ પામીને તિરસ્કાર કરે કે કાઢી મુકે તો પોતાને પણ કોપ ઉત્પન્ન થતા મહાન્ કલેશ થાય અને જો ધણીનુ જાત્યાદિ સ્વરૂપ જાણ્યા વિના ઉતારો કરતા તેનો ધણી જો નીચ જાતિનો હોય તો પોતાને દોષપ્રસગ આવે માટે તેના ધણીને પુછીને તેમજ તેની જાત્યાદિ જાણીનેજ નિવાસ કરવો તેમા 'परतव्यासनोद्यानगृहयानानि वर्जयेत् । अदत्तानि' એવુ યાજ્ઞવલ્ક્યસ્મૃતિનુ વચન છે ॥૩૩॥

જ્ઞાનવાદપણ સ્ત્રિયોથકી ન સાભળવો, સાભળે તો તેના સગથી અનર્થની પ્રાપ્તિ થાય, એવા અભિપ્રાયથી કહે છે—**જ્ઞાન** આત્મપરમાત્મતત્ત્વને બોધ આપનારૂ વચન અને **વાર્તા**-લૌકિક વૃત્તાત તે બન્નેનુ શ્રવણ નારીના મુખથકી નરોએ નજ કરવુ આ સ્થળે વાર્તાનુ ગ્રહણ દૃષ્ટાત માટે જાણવુ જેમ લોકવાર્તાનુ શ્રવણ નારીમુખથી અનર્થકારક છે તેમ જ્ઞાનશ્રવણપણ અનર્થ અર્થેજ થાય છે, માટે તે પણ તેણીના મુખ થકી નજ કરવુ. 'આ તો તત્ત્વાવબોધક છે' એમ કહેવાથી કશો વિશેષ નથી, કેમકે બન્નેમા સગદોષ સરખોજ છે સગદોષોમા આ સ્ત્રીસગ પ્રબળ મોહક હોવાથી તેતો દૂરથીજ ત્યાગ કરવો **તથા** જે કોઇપણ સ્ત્રિયોની સાથે તથા રાજા અને તેના પરિજનો સાથે વિવાદ પુરૂષોએ નજ કરવો રાજાસાથે વિવાદજ જેમ એમ નારી સાથે વિવાદપણ અત્યત અનર્થકર છે ઉક્ત અર્થમા સ્મૃતિવચનો છે-'न गायेत्सह नारीभिर्न स्वपेन्नाप्यनि व्रजेत् । ताभ्य कथा न शृणुयाद् श्रावयेत्ता न चैकला ॥' 'स्त्रीभी राज्ञा च तत्पुत्रैः पोष्यैश्चातिथिमातुलै । वृद्धबालातुराचार्यैर्वैद्यैर्न विवदेत् क्वचित् ॥' ઇત્યાદિ ॥૩૪॥

गुरूणां च वरीयसाम् । लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥३५॥ कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् । पाठनी-

આ લોક પરલોકમાં અનર્થકર હોવાથી ગુર્વાદિકનું અપમાન ન કરવું એમ કહે છે—જે गुरवः—'आचार्यश्च पिता ज्येष्ठो भ्राता चैव महीपतिः । मातुलः श्वशुरस्त्राता मातामहपितामहौ । वर्णश्रेष्ठः पितृव्यश्च पुंस्येते गुरवो मताः ॥' આ સ્મૃતિએ કહેલા આચાર્ય આદિક તથા જે वरीयसः—વય વિદ્યા વૃત્ત વિગેરેવડે વરિષ્ઠ તથા લોકમાં જે प्रतिष्ठिताः—ધનાદિકવડે પ્રતિષ્ઠાને પામેલા રાજપરિજનાદિક તથા જે विदुषः—વેદાર્થવિજ્ઞાનસંપન્ન તથા જે શસ્ત્રધારી રાજભટાદિક, આ સર્વેનો અપમાન—માનભંગ આ લોકમાં કે પરલોકમાં કે બન્ને લોકમાં યથાસંભવ અનર્થ માટે થાય છે, માટે તે નજ કરવો. તે શ્રીભાગવતમાં કહ્યું છે-'यस्त्विह वा आत्मसम्भावनेन स्वयमधमो जन्मतपोविद्याचारवर्णाश्रमतो वरीयसो न बहु मन्येत स मृतक एव मृत्वा क्षारकर्दमे निरयेऽवाक्शिरा निपतति ततो दुरन्ता यातना ह्यश्नुते ॥' ઇતિ ॥૩૫॥

જે લૌકિક યત્કિંચિત કાર્ય તે સહસા—વિચાર્યા વિના નજ કરવું. પોતાની બુદ્ધિથી સારીરીતે વિચારીને કે સત્પુરૂષોને પુછીનેજ કરવું પણ અકસ્માત ન કરવું. અન્યથા મહા અનર્થપ્રસંગ આવે છે ધર્મકાર્યતો સંકલ્પેલું શ્રેય સાધનતાનો એક દેશ હોવાથી સત્વર—સંકલ્પોદય થાય એજ સમયમાં કરવું. કેમકે વિલંબ કરવા જાય તો ધર્મમાં ઉપજેલી શ્રદ્ધાનો વિરામપ્રસંગ છે. 'धर्मस्य त्वरिता गतिः.' એવુ વચન છે અને ક્ષણાંતરમાં વિપરીત બુદ્ધિના ઉદયનો સંભવ છે. તો ધર્મકાર્ય સહસા કરાય તો પણ કશી હાનિ નથી માટેજ 'अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च साधयेत् । गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्' એમ સ્મૃતિ કહે છે. તથા પોતે જે વેદાદિ વિદ્યા ભણી હોય તે પ્રયોજનનિરપેક્ષ ભણાવવી જે અધ્યયન છે તે અધ્યાપન માટેજ છે, આ અધ્યાપન જીવીકા નથી, આ તો બ્રાહ્મણનો ધર્મ છે, માટે ભણેલી વેદાદિ વિદ્યા પાત્રમાં આપવી, પાત્રમાં ન આપે તો નિરર્થક થાય

याऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥२६॥ गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः । विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन

છે વિદ્યાદાન અતિદાન કહ્યું છે, 'त्रीण्याहुरतिदानानि गावः पृथ्वी सरस्वती' એવી સ્મૃતિ છે બહુવિધ વિદ્યાઓને મધ્યે બ્રહ્મવિદ્યા મુખ્ય કહી છે– 'विद्यानां च परा विद्या ब्रह्मविद्या समीरिता । अतस्तद्दानतो राजन् सर्वदानफलं भवेत्' એવી સ્મૃતિ છે તથા સતાં–ભગવાનના એકાંતિક ભક્ત સાધુઓનો સંગ–દર્શન–પૂજન–વંદન–વાક્યાવધારણાદિરૂપ સમાગમ પ્રતિદિન અવશ્ય કરવો આજ સર્વથી ઉત્તમ શ્રેયોમાર્ગ છે તેમાં વચન છે– सतां प्रसङ्गान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः । तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति ॥' 'ततो दुःसङ्गमुत्सृज्य सत्सु सज्जेत बुद्धिमान् । सन्त एवास्य छिन्दन्ति मनोव्यासङ्गमुक्तिभिः ॥' ઇત્યાદિ ॥૨૬॥

ગુરૂ દેવ અને રાજાના દર્શન કરવા જવું ત્યારે ઠાલે હાથે તેમની સમીપે નજ જવું યથાશક્તિ કિંચિત્ ફળાદિ ભેટ લઇનેજ જવું 'गुरुदेवनृपसन्निधौ' એમ નહિ કહીને 'गुरुदेवनृपेक्षार्थं' 'દર્શન કરવા' એમ કહ્યું છે, તેથી તે ગુરૂ દેવ રાજા થકી ફળવિશેષની વાંછા નહિ રાખીને ફક્ત દર્શન માત્રનેજ ઇચ્છતા પણ જને ફળાદિ ઉપહાર હાથમાં લઇને જવું એવો અભિપ્રાય થાય છે, તો બીજા ફળવિશેષની આકાંક્ષાવાળાએ તો ફળાદિ ભેટ લઇનેજ જવું જોઇએ, એમાં કાંઇ કહેવાનું રહેતું નથી માટેજ શ્રુતિ 'समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्' એમ કહે છે સ્મૃતિ પણ 'रिक्तपाणिर्न गच्छेत्तु राजानं दैवतं गुरुम्' એમ કહેછે તથા વિશ્વાસઘાત ન કરવો– 'તારૂં કાર્ય અવશ્ય કરીશ એમ સ્વયં કોઇને વિશ્વાસ આપીને, પછી તેનો ઘાત–જે તે થકી વિરૂદ્ધાચરણ તે નજ કરવું વિશ્વાસ આપીને તેનો ભંગ કરવો તે મહાપાતક છે એમ સ્મૃતિ કહેછે—'स महापातकी भूमौ यो विश्वास्यान्यमर्दयेत्' इति 'विश्वस्तघातिना चैव कृतघ्नानां नरेश्वर । शूद्रस्त्रीसङ्गिनां चैव निष्कृतिर्नास्ति कुत्रचित्' ॥ એવી પણ સ્મૃતિ છે તથા પોતાની શ્લાઘા પોતાના મુખે કરીને નજ કરવી ચકારાત્ 'પરનિંદા

च ॥३७॥ यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः । तद्दूष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ॥३८॥ धर्मेण रहिता कृष्णभक्तिः

પણ ન કરવી' આ અર્થ જણાવ્યો છે. 'निन्दाऽन्यस्यात्मनः श्लाघा द्वयं सुकृतनाशनम्' એવું વ્યાસવચન છે. યદ્યપિ 'સ્વશ્લાઘા ન કરવી' એમ કહેવાથીજ 'સ્વમુખે ન કરવી' આ અર્થ તો અર્થથીજ આવી જાય છે, (શ્લાઘા તો મુખથીજ થાય, અન્ય અંગથી નહિ) તો 'स्वमुखेन' એમ કહેવાની જરૂર નથી. તથાપિ અહીં 'स्वमुखेन' એમ કહ્યું છે તો-જે મુખથી પરશ્લાઘા કરવી જોઇએ તેજ સ્વમુખથી સ્વશ્લાઘા અને પરનિંદા કરાય આતો કોઈ મહાન્ મુખનો દુષ્ટ વ્યાધિ કહેવાય, આ વિશેષ અર્થ જણાવ્યો છે ॥૩૭॥

જે વસ્ત્ર ધારવા છતાં પણ પોતાનાં અંગપ્રત્યંગો પણ દૃશ્ય-ઇતર જનના નયનવિષય થાય તે શિષ્ટોએ દૂષણીય, અંગપ્રત્યંગને સંતાડવામાં અસમર્થ સૂક્ષ્મ વસ્ત્ર નજ ધારવું, કારણ કે વસ્ત્રનું કાર્ય તો ગોપ્ય અવયવોનું આવરણ કરવું એજ માન્યું છે, તે જો સિદ્ધ ન થાય તો તે વસ્ત્ર વ્યર્થ છે. કોણે તેવુ વસ્ત્ર ન ધારવું ? તો मदाश्रितैः—સાત્વિક મારા આશ્રિત નરનારીઓએ ન ધારવું. તેવો વેષતો કેવળ રજોગુણી વિલાસવિભ્રાંતોનો છે. સાત્વિકોને તો તેવા સૂક્ષ્મ વસ્ત્રનું ધારણ અનુચિત છે. 'अतिसूक्ष्मं च दृश्याङ्गं स्फाटितं जालसन्निभम् । न धार्यं मलिनं वासो धार्यं शुचि घनं च तत् ॥' એમ સદાચારદીપમાં કહ્યું છે ॥૩૮॥

ધર્મનું ભક્તિમાં અંગપણું કહેતા થકા મહાભય નિમિત્તમાં પણ ભક્તિની અત્યાજ્યતાને કહેછે—મુમુક્ષાને લીધે ભક્તિયોગમાં પ્રવર્તેલાઓએ અવશ્ય ધર્મપૂર્વકજ તેનું અનુષ્ઠાન કરવું. આ સ્થળે ધર્મ પોતપોતાના વર્ણાશ્રમને ઉચિત વિધિનિષેધરૂપ કર્મવિશેષ જાણવો. તેના વિના તો તે ભક્તિયોગ ન કરવો. ધર્મના અનુષ્ઠાન વિના ભક્તિની સિદ્ધિ થતી નથી માટે તેમાં યત્ન ન કરવો આ ધર્મભક્તિને અગાંગિભાવ 'विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह । अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥' 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसाऽनाशकेन' 'क्रियावानेष ब्रह्मविदां

कार्या न सर्वथा । अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥३९॥ उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः । पुम्भिः स्पृश्या न वनि-

तरिह.' ઇત્યાદિ શ્રુતિશતથી સિદ્ધ થએલો છે. સૂત્રકાર પણ કહેછે–, आम्रयाणात्तत्रापि हि दृष्टम्' 'सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत्' 'सहकारित्वेन' ઇતિ. શંકા–જ્ઞાનકર્મને અંગાંગિભાવ ભલે હોય, ભક્તિને તો તેની અપેક્ષા નથી, એમ કહેતા હોતો તેમ નથી. જ્ઞાનનો જે પરિપાક એજ ભક્તિયોગ છે, તો જ્ઞાનનેજ જેમ એમ ભક્તિયોગને ધર્મનું અંગપણું છેજ. धर्मो मद्भक्तिकृत् प्रोक्तः' 'मद्भक्तियोगोऽभयदः स्वधर्ममनुतिष्ठताम्' 'भक्तिः सिध्यति धर्मेण' ઇત્યાદિ વચનો છે. તો ભક્તિશબ્દવાચ્ય ધ્યાનવિશેષ કે જે સમગ્ર ઇન્દ્રિયોના વ્યાપારની નિવૃત્તિથીજ એક સાધ્ય છે તેમાં કર્મ કે જે સમગ્ર ઇન્દ્રિયોની પ્રવૃત્તિરૂપ છે તેનું નિરોધિપણું છે એમ માનીને ધર્મકર્મનો પરિત્યાગ કરીને ભક્તિમાત્રમાં પ્રવૃત્તિ સર્વથા ન કરવી, ધર્મે સહિતજ કરવી. તથા અજ્ઞ–ભગવાન અને તેમના ભક્ત અને તેમના ધર્મનું માહાત્મ્ય નહિ જાણનારા જનોએ કરેલી પોતાની નિંદાના ભય થકી કે પરોપદ્રવ ભય થકી સર્વથા પ્રાણસંશય પ્રસંગમાં પણ ભગવાનની ભક્તિનો ત્યાગ નજ કરવો. સંસૃતિભય થકી બીજો મહાભય કોઈ નથી, એને પણ પ્રશમાવનારા સર્વાનંદમય શ્રીકૃષ્ણનું સેવન કરતાં કશો ભય છેજ નહિ, તો પામરદૃષ્ટિથી ભયપણે જણાતો વપુવિપત્તિપર્યંત પણ ક્લેશ ઉપસ્થિત થતાં કૃષ્ણાનુસ્મરણનો પરિત્યાગ ન કરવો. બહુ બહુ ભય પમાડતાં પણ બાળ પ્રહ્લાદે ભગવદ્ભક્તિનો ત્યાગ કર્યો નહિ. 'यस्य त्राता चक्रपाणिर्दुर्जनस्तं करोति किम् । ततो न तद्भयाद्भक्तिं जह्याद्विष्णोर्नरः सुधीः ॥ रोरूयमाणान् बहुशो यथा क्रोष्टून् मृगाधिपः । तृणवन्मन्यते धीरो विष्णुभक्तस्तथाऽन्त्यधान् ॥' એમ વિષ્ણુધર્મોત્તરમાં કહ્યું છે. અહીં ભક્તિધર્મનું સાહચર્ય કહ્યું છે તો જેમ અજ્ઞકૃત નિંદાદિકના ભયને લીધે ભક્તિનો ત્યાગ ન કરવો તેમ ધર્મનો પણ ત્યાગ ન કરવો, એમ પણ જાણવું ॥૩૯॥

ભક્તિમાં નિયમવિશેષ કહીને, ભક્તોને ભગવન્મંદિરમાં કદાચિત્ સંભાવિત પ્રામાદિક વિયોજક સ્પર્શવિશેષનો નિષેધ કરેછે—નરોએ નારીઓનો

ત્યાં પુરૂષોએ તથા સ્ત્રિઓએ પરસ્પર અંગસ્પર્શનો પરિહાર કરીને 'વર્તવું, કેમકે તેવો સ્પર્શ હૃદયમાં વિક્ષોભ કરનારો છે.' દર્શનાર્થે કૃષ્ણમંદિરપ્રતિ આવેલા પુરૂષોએ તથા વનિતાઓએ તો સર્વથા તે પરસ્પર અંગસંગ પરિત્યાગ કરવો. જ્યાં પ્રશાંતમાનસ રહેવું જોઇએ ત્યાં ઇન્દ્રિયવિક્ષોભ થાય તે તો અત્યંત અનર્થ અર્થે થાય. નિત્યેજ ભગવાનની સમીપે ભગવત્સેવાના અવસરમાં જનસંમર્દ (ભીડય) હોયજ, જન્માષ્ટમ્યાદિ ઉત્સવ દિવસોમાં તો વિશેષપણે તે સંમર્દ હોયજ, તો તેવા સમયમાં ભગવન્મંદિર પ્રતિ આવેલા સ્ત્રી પુરૂષોએ ત્યાં પરસ્પર અંગસ્પર્શ અસ્પૃશ્ય ચાંડાળાદિ સ્પર્શવત્ બહુ દૂરથી પરિત્યાગ કરવો ॥૪૦॥

આટલા નિબન્ધથી નિષેધરૂપ ધર્મવિશેષોનો આદેશ કરીને, હવે વિધિરૂપ ધર્મવિશેષોનો આદેશ કરેછે. તેમાં સત્સંપ્રદાયસિદ્ધ, સાત્વિકશાસ્ત્રાવબોધ્ય દીક્ષાવિશેષની મુમુક્ષુઓએ પ્રાપ્યતા અને દીક્ષિતના નિયમવિશેષને કહેછે—કૃષ્ણદીક્ષા—જે દીક્ષામાં ઇષ્ટદેવ કૃષ્ણજ સમુપાસ્ય છે અને તેમનો મંત્રજ જપ્ય છે તે આ કૃષ્ણદીક્ષા કહીછે. દીક્ષાતો ગુરુમુખથકી નિયમવિશેષે યુક્ત મંત્રવિશેષના ગ્રહણાદિરૂપ છે. જે વિમળ જ્ઞાનને આપે અને સર્વ પાપનો ક્ષય કરે તે આ 'દીક્ષા' એવું સાર્થક નામ' નિરૂક્તિગમ્ય છે. 'दीयते विमलं ज्ञानं क्षीयते कर्मवासना । तेन दीक्षेति सा प्रोक्ता मुनिभिस्तत्ववेदिभिः ॥' એવી નિરૂક્તિ છે. કૃષ્ણસંબન્ધિનીનુંજ તેવું દીક્ષાપણું ઘટે છે, કેમકે શ્રીકૃષ્ણજ પરંબ્રહ્મ છે, પરંબ્રહ્મ પુરૂષોત્તમના સમાશ્રયણથકી બીજાનું (રૂદ્રાદિકનું) સકળ પાપને હરવાપણું અને વિમળ જ્ઞાનને આપવાપણું નથી. તો મુમુક્ષુઓએ કૃષ્ણદીક્ષા અવશ્ય પામવી. 'ભગવાન થકી આ; તેમના થકી આ' એવી પરંપરાથી ગુરૂપદને પામેલા બ્રહ્મદર્શી આચાર્યથકી તે દીક્ષા પામવી. દીક્ષાધારણની આવશ્યકતા સ્મૃતિમાં કહીછે-'अवश्यं वैष्णवो दीक्षां प्रविशेत्सर्वयत्नतः। दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः ॥'—'सम्प्राप्य वैष्णवीं दीक्षां विष्णुं भुवि भजन्ति ये । ते

लिके गले । धार्यं नित्य चोर्ध्वपुण्ड्र ललाटादौ द्विजातिभि ॥४१॥
तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरे । कार्य पूजावशिष्टेन केस

कृतार्था मनुष्या वै भारभूता सुवोऽपरे ॥' ઈત્યાદિ દીક્ષાવિધિતો પાચરા ત્રોક્ત પ્રકારવાળો સત્સંગિજીવનથકી જાણવો તે દીક્ષાને પામેલાઓએ તે દીક્ષાના અંગભૂત તુલસીમાળાયુગળનુ ગળામા ધારણ અવશ્ય કરવુ તે પણ નિત્ય ધારવુ, તેથી ઉપવીત આપેલા વિપ્રને યજ્ઞોપવીતનીપેઠે સદા ધારવાપણુ કહ્યુ તેવી સ્મૃતિ છે 'धारणीया कण्ठदेशे तुलसीकाष्ठमालिका । वैष्णवेन विशेषेण भगवत्प्रीतिवर्धिनी ॥' 'यज्ञोपवीतवद्धार्या तुलसीकाष्ठमालिका' ઈત્યાદિ તથા ઊર્ધ્વપુડ તિલક લલાટાદિકમા નિત્ય ધારવુ દ્વિજોને વૈદિક કર્મમાત્ર અધિકાર છે આવી દીક્ષાઓમા નથી એવો અજ્ઞાનિઓનો જે પ્રવાદ છે તેના ખડનમાટે 'द्विजातिभि' એમ કહ્યુ છે માટેજ સ્મૃતિ કારોએ સર્વ કર્મમા તેના ધારણની આવશ્યકતા કહી છે-'पूजाकाले जपे होमे साय प्रात समाहित । नामान्युच्चार्य विधिना धारयेदूर्ध्वपुण्ड्रकम् ॥' 'स्नान दान जपो होम सन्ध्या स्वाध्यायकर्म च । ऊर्ध्वपुण्ड्रविहीनेन तत्सर्वं निष्फल भवेत् ॥' 'यज्ञो दान जपो होम स्वाध्याय पितृकर्म च । वृथा भवति विप्रेन्द्र ! ऊर्ध्वपुण्ड्र विना कृतम् ॥' ઈત્યાદિ ચકારાત્ તપ્તમુદ્રાધારણ પણ વૈષ્ણવોને નિત્ય હોવાથી જાણી લેવુ તે પદ્મપુરાણમા કહ્યુ છે 'अग्निहोत्र यथा नित्य वेदस्याध्ययन यथा । ब्राह्मणस्य तथैवेद तप्तमुद्रादिधारणम् ॥' ઇતિ તથા આચારદીપમા કહ્યુ છે- 'उपवीतादिवद्धार्या शङ्खचक्रगदादय । ब्राह्मणस्य विशेषेण वैष्णवस्य विशेषत ॥' ઇતિ તથા કાશીખડમા કહ્યુ છે- 'ब्राह्मण क्षत्रियो वैश्य शूद्रो वा यदि वेतर । शङ्खचक्राङ्कितनुस्तुलसीमालिकाधर । गोपीचन्दनलिप्ताङ्गो दृष्टश्चेत्तदघ कुत ॥' ઇત્યાદિ ॥૪૧॥

હવે કૃષ્ણદીક્ષાને પામેલાને ધાર્યપણે કહેલા ઊર્ધ્વપુડમા અપેક્ષિત દ્રવ્ય વિશેષને કહેછે—કૃષ્ણદીક્ષાને પામેલાએ ધારવાનુ ઊર્ધ્વપુડ તો ગોપીચદ નથી કરવુ એમ કહેવાથી દીક્ષાતરમા અભ્યનુજ્ઞાત દ્રવ્યાતરની નિવૃત્તિ કરીછે ગોપીચ નથી ઊર્ધ્વપુડધારણ શ્રુતિસ્મૃતિસિદ્ધ છે 'अथ गोपीचन्दन नमस्कृत्योद्धृत्य गोपीचन्दन पापघ्न इत्यारभ्य तस्मादूर्ध्वपुण्ड्र धारयेत्' એવી

रादियुतेन च ॥४२॥ तन्मध्य एव कर्तव्य पुण्ड्रद्रव्येण चन्द्रक ।

શ્રુતિ છે 'आचम्य तिलक कुर्याद्गोपीचन्दनमृत्स्नया । ऊर्ध्वपुण्ड्र ऋजु सौम्य दण्डाकार प्रकल्पयेत् ॥' એવી સ્મૃતિ છે પક્ષાતર કહેછે—અથવા કૃષ્ણપૂજા કરતા અવશેષ રહેલા (પ્રસાદભૂત) ચદનથી તે કરવુ પ્રશસ્તપણામા નિમિત્તભૂત ભગવાનનો અગસબન્ધ બન્નેમા મુખ્ય છે માટે ગોપીચદનની સાથે ચદનનો વિકલ્પ જાણવો વિકલ્પ પણ સમ જાણવો સમ વિકલ્પમા રૂચિજ નિયામિકા છે (રૂચિ હોય તે પક્ષ ગ્રહણ કરે) અથવા લાભાલાભકૃત વ્યવસ્થિત વિકલ્પ લેવો વ્યવસ્થા તો ગોપીચદનના અલાભમા પૂજાવશિષ્ટ ચદન લેવુ લાભમા તો ગોપીચદનજ લેવુ તેમા પ્રમાણ છે–'शालग्रामशिला लग्न कुङ्कुम चन्दन वा यस्तु धारयते स मुक्तो भवति' 'तिलक तु द्विज कुर्याच्चन्दनेन यदृच्छया । एव सदीया विप्राश्च क्षत्रिया वैश्यजातय । मृदैव वा चन्दनेन कल्पितैरूर्ध्वपुण्ड्रके ॥' ઈત્યાદિ પક્ષાતર કહેછે—અથવા કેસર કુકુમાદિકે યુક્ત હરિપૂજાવશિષ્ટ ચદનથી કરવુ યદ્યપિ આ પક્ષમા દ્રવ્યાતરનુ વિધાન નથી, દ્રવ્યતો એનુ એજ છે તથાપિ વિશેષણભેદ માનથી વિકલ્પ કોઈપ્રકારે નિર્વાહ કરવો (ગુણવિધિ જાણવો) અથવા केसरादियुतेन આ પક્ષાતર નથી કિંતુ વિશેષણમાત્ર છે હરિપૂજાવશિષ્ટ ચદનમા કેસરાદિ સુગન્ધિ દ્રવ્યત્વે યુક્તપણુ ગુણાતર લાવવા માટે ઘટતુ નથી કેમકે પૂજાવશિષ્ટપણાથકી અધિક કાઈ પણ ગુણસપાદક જગતમા છેજ નહિ કિંતુ પૂજામા ઉપકરણભૂત ચદન કેસરાદિ સુગન્ધિ દ્રવ્ય સયુક્ત હોવુ જોઇએ, એમ ચદનના સ્વરૂપના ઉત્કીર્તનમાત્રમા તાત્પર્ય છે, તો આ પક્ષાતર નહિ સમજતા ચદનનુ केसरादियुतेन આ વિશેષણમાત્ર જાણવુ એટલે આ ત્રીજો વિકલ્પ નથી ॥૪૨॥

પુડ્રમા કરવાનો બીજો વિશેષ કહે છે—ઊર્ધ્વપુડ્રના મધ્ય ભાગમા (ઉપર કે નીચે નહિ) જેનાથી ઊર્ધ્વપુડ્ર કર્યુ હોય તેજ ગોપીચદનાદિ દ્રવ્યથી ચદ્ર જેવો ગોળ ચદ્રક નિયમથી કરવોજ અથવા રાધા લક્ષ્મીની પૂજા કરતા અવશેષ રહેલા પ્રસાદભૂત કુકુમથી તે ચદ્રક કરવોજ. આ ચદ્રકની પરિકલ્પના પુડ્રમા લક્ષ્મીસહિત હરિનુ સાનિધ્ય જણાવવાના

कुङ्कुमेनाथवा चन्द्रो राधालक्ष्मीप्रसादिना ॥४३॥ सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके । द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥४४॥ भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे । धार्ये कण्ठे

અભિપ્રાયથી છે. તેવું વચન છે–'निवसत्यूर्ध्वपुण्ड्रे तु श्रिया सह हरि: स्वयम्' ઇતિ. તથા 'हारिद्रेण तु चूर्णेन कुङ्कुमेन सुगन्धिना । ऊर्ध्वपुण्ड्रस्य मध्ये तु लक्ष्मीस्थानं प्रकल्पयेत् ॥ ऊर्ध्वपुण्ड्रस्य मध्ये तु हरिद्राचूर्णकुङ्कुमम् । धारयेद्वैष्णवो नित्यं कमलाप्रीतये नृप ! ॥' ઇત્યાદિ વચનો છે. 'ऊर्ध्वपुण्ड्रं सचन्द्रकम्' એમ દીક્ષાવિધિમાં કહ્યું છે. ભગવાનના અંગસંગવાળા પ્રસાદભૂત ચંદનાદિકવડે અથવા રાધા રમાના પ્રસાદભૂત કુંકુમવડે ચંદ્રક કરવો આ બે પૈકી એકમાં વિશેષ ન હોવાથી સમ વિકલ્પ સમજવો. સમ વિકલ્પમાં રૂચિજ નિયામિકા છે–રૂચિ હોય તે કરવુ ॥૪૩॥

દ્વિજો માટે દીક્ષાંગપણે કહેલા ઊર્ધ્વપુંડ્રધારણાદિકનો સચ્છૂદ્રોમાં પણ અતિદેશ કરે છે—જે 'विशुद्धान्वयसञ्जातो निवृत्तो मद्यमांसतः । द्विजभक्तो वणिग्वृत्तिः सच्छूद्रः स प्रकीर्त्यते ॥' આ સ્મૃતિએ કહેલા લક્ષણવાળા સચ્છૂદ્રો ગોપ નાપિત કુલાલાદિ કૃષ્ણભક્ત હોવાથીજ કૃષ્ણદીક્ષાને પામેલા હોય, પોતાના ધર્મમા રૂડી રીતે વર્તતા તેઓએ તો દ્વિજાતિની પેઠે તુલસીમાળાધારણ અને ઊર્ધ્વપુડ્રધારણ કરવુ. 'कृष्णभक्ता' આથી દીક્ષામાં અધિકાર જણાવ્યો છે 'निजधर्मेषु संस्थितैः' આ વિશેષણથી દ્વિજોની પેઠ કર્મવિશેષમા અધિકાર જણાવ્યો છે તેનો વિશેષ શૂદ્રકમળાકરમાં પ્રપચ કર્યો છે 'ब्राह्मणाः क्षत्रिया वैश्या सच्छूद्राश्च मुमुक्षव । वृन्दास्रगूर्ध्वपुण्ड्राढ्या गृह्णीयुर्वैष्णवं मनुम् ॥ दीक्षावान् शूद्रवर्णोऽपि कृतोर्ध्वतिलको भवेत्' ઇત્યાદિ નારદપચરાત્રમા કહ્યુ છે 'शूद्रे तु वर्तुल प्रोक्त' આ સ્મૃતિને અનુસારે દીક્ષાગપણે સામાન્યતઃ પ્રાપ્ત થતા ગોળાકારપણાના નિવારણ માટે આ અતિદેશ સચ્છૂદ્રોમા કર્યો છે ॥૪૪॥

હવે અસચ્છૂદ્રો માટે તો સામાન્યત પ્રાપ્ત ગોળાકારજ પુડ્ર દીક્ષાગભાવને યોગ્ય છે, એવા અભિપ્રાયથી કહે છે—સચ્છૂદ્રો થકી ઇતર અસચ્છૂદ્રો અને વર્ણબાહ્ય ભક્તોએ કેવળ ચદ્રક–લલાટમાં ઊર્ધ્વ આકાર વિના

ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥४५॥ त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता। तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥४६॥ ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः। उभयोर्ब्रह्मरूपेण

કરેલુ ગોળાકારજ પુંડ્રક ધારવું. તુળસીમાળાના સ્થાનભૂત ગળામાં તો અદન આમળી આદિક કાષ્ઠથી બનાવેલી બેવડી માળા ધારવી ॥૪૫॥

એ રીતે દીક્ષાંગપણે ઊર્ધ્વપુંડ્ર તુળસીમાળા ધારણનો નિયમ કહીને, સ્વયં ઉદાર ભગવાન્ પોતાના આશ્રયણમાં અભિમુખ થએલા સર્વ જનોના સમુજ્જીવન માટે ત્રિપુંડ્રધારણાદિકની પોતાના આશ્રયણમાં પ્રતિકૂળપણાની શંકાને ટાળતા થકા, ત્રિપુંડ્રરુદ્રાક્ષધારણાદિકની અભ્યનુજ્ઞા આપે છે—જે વિપ્રવિગેરેને પોતાના કુળપારંપર્યક્રમથી ધારવાપણે પ્રાપ્ત થએલું ત્રિપુંડ્રરુદ્રાક્ષનું ધારણ (દીક્ષાવિશેષના અંગપણે નહિ) તે મારા આશ્રયણને ઉન્મુખ થએલા તે વિપ્રાદિકોએ क्वापि–કોઈપણ સમયે (મારી સન્નિધિપ્રતિ સમાગમ સમયે પણ) त्याज्येति न–ત્યાગ કરીનેજ આવવું જોઇએ એવો નિયમ નથી. ત્યાગ કરો અથવા ધારો. ભાવની ઉન્મુખતામાત્રથી અનુકૂળ થએલો હું તેવાઓનેપણ દીક્ષાગ્રહણનિરપેક્ષ અનુગ્રાહ્ય કોટિમાં પરિગણીને તેમના અંત:કરણની સંશુદ્ધિને સંપાદન કરું છું. એમાં શંકા નથી. આ સ્થળે વિશેષતો ભાષ્ય થકી જાણવો. ॥૪૬॥

ત્રિપુંડ્ર રુદ્રાક્ષના ધારણમાં અવિદ્વેષ નિરૂપણ કર્યો, હવે તેના પ્રસંગથી વૈષ્ણવોને શિવવિષે અવિદ્વેષને સંપાદન કરવા આદેશ કરે છે—જે નારાયણ અને જે મહેશ તેમનું ઐકાત્મ્ય–એક સમસ્ત જગતના કારણભૂત પરંબ્રહ્મ, સ્થિતિ સંહારના નિર્વાહ માટે તેતે રૂપે અવતરીને અનુપ્રવેશ કરી રહેલા હોવાથી એકાત્મપણુંજ જાણવું. આ સ્થળે નારાયણશબ્દથી બ્રહ્માદિ ત્રિમૂર્તિમાંથી એક વિષ્ણુઅવતાર કહેવા ઇચ્છયો છે. આ ત્રણેય મૂર્તિઓ જગતની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયરૂપ લીલા જેમની છે એવા પરંબ્રહ્મને બ્રહ્માંડની અંતર્ગત વ્યષ્ટિ સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ લય કરવામાં દ્વારભૂત છે. માટેજ વેદોમાં પરબ્રહ્મના રૂપ–અસાધારણ સ્વભાવ જે જગત્કારણત્વાદિક તેનાથી વિષ્ણુ અને રુદ્રનું પ્રતિપાદન કર્યું છે. તો એ રીતે પરબ્રહ્મના અવ-

वेदेषु प्रतिपादनात् ॥४७॥ शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् । मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥४८॥ प्रत्यहं

તારરૂપ શિવમાં પ્રત્યગાત્મવ્યક્તિ સ્વરૂપનો ભેદ સતેપણ વિષ્ણુમાંજ જેમ એમ પ્રીતિ કરવી, (ઉદાસીનતા ન રાખવી) એવો ભાવ છે. વસ્તુતાએ બન્નેને મધ્યે પરબ્રહ્મતા કેની? એમ કહેતા હો તો તે 'स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः' એમ આગળ કહેશે. માટે સ્વરૂપૈક્યપરપણે વ્યાખ્યાન કરવામાં તો ભગવાનનું હાર્દ નથી. અન્યત્ર એ બન્નેના પ્રત્યગાત્મભેદનું નિરૂપણ ભગવાનેજ કર્યું છે. આ સ્થળે વિશેષ ભાષ્યથકી જાણવો ॥૪૭॥

એ રીતે પ્રાસંગિકનો ઉપદેશ આપીને, હવે આશ્રિતોને પ્રતિદિન કર્તવ્ય-વિશેષનો આદેશ આપતાં, પ્રથમ ભગવાનના આશ્રિતોએ પણ ધર્મકર્મની અવશ્ય કર્તવ્યતા જણાવા માટે આપદ્ધર્મની ગૌણતા અને પ્રાણપ્રયાણ સમયમાત્રમાં ઉપયોગિતાનો અવબોધ આપે છે—મન્વાદિ શાસ્ત્રોમાં 'अजीवंस्तु यथोक्तेन ब्राह्मणः स्वेन कर्मणा । जीवेत् क्षत्रियधर्मेण स ह्यस्य प्रत्यनन्तरः ॥ उभाभ्यामप्यजीवंस्तु कथं स्यादिति चेद्भवेत् । कृषिगोरक्षमास्थाय जीवेद्वैश्यस्य जीविकाम् ॥' 'आर्तो ग्रताहेऽप्यश्नीयादन्नं विष्णुनिवेदितम्' 'जीवितात्ययमापन्नो योऽन्नमत्ति यतस्ततः । आकाशमिव पङ्केन न स पापेन लिप्यते ॥' ઇત્યાદિ વચનથી જે આ આપદામાં ગૌણપક્ષપણે અભ્યનુજ્ઞા આપેલો ધર્મ જે વૃત્ત્યંતરના આશ્રયરૂપ કે સર્વાન્નભક્ષણાદિરૂપ છે તેજ આપદા વિના કે અલ્પ આપદામાં મુખ્યપક્ષપણે કર્હિચિત્-કદાપિ-વિદ્યાસપત્તિ સતેપણ મદાશ્રિત માનવોએપણ ન આશ્રય કરવો. પ્રાણપરિરક્ષણ માટે કદાચિત્ આશર્યો હોય પણ તે પ્રાણલાભને પામીને તત્કાળ પરિત્યાગજ કરવો ॥ ॥૪૮॥

સર્વે કોઈ આશ્રિતોએ સરખી રીતે અનુદિન અનુષ્ઠાન કરવાના ધર્મવિશેષોનો આદેશ (આહ્નિક) ૭ શ્લોકોવડે કહે છે—પ્રતિદિન 'पञ्चपञ्च उषःकालः सप्तपञ्चारुणोदयः । अष्टपञ्च भवेत्प्रातः शेषः सूर्योदयः स्मृतः ॥' આ સ્મૃતિએ કહેલા લક્ષણવાળા રવિના ઉદયકાળ પહેલાંજ (રાત્રિના અંતિમ બ્રાહ્મ નામના મુહૂર્તમાં) જાગીને કૃષ્ણસ્મરણ અવશ્ય

तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः । विधाय कृष्णस्मरणं कार्यः शौच-
કરવુંજ. આજ અહીં આશ્રિતોપ્રતિ પ્રવર્તતો વિશેષ વિધિ છે, કારણ કે બ્રાહ્મ મુહૂર્તમાં જાગવાનું તો સામાન્યપણે પ્રમાણાંતરથીજ પ્રાપ્તજ છે. અને ઉઠીને ધર્માર્થચિંતનમાત્ર અન્યત્ર કહ્યુ છે. 'ब्राह्मे मुहूर्ते बुध्येत धर्मार्थावनुचिन्तयेत्' એવી સ્મૃતિ છે. યદ્યપિ विधाय-કરીને, એમ અનુવાદસદૃશ નિર્દેશ છે, शौचविधि. कार्यः-શૌચવિધિ કરવો, આ સાક્ષાત્ વિધિ છે. અથાપિ પ્રાપ્ત અપ્રાપ્તની પર્યાલોચના કરીને કૃષ્ણસ્મરણમાં વિધિની યોજના કરવી અપ્રાપ્ત અર્થમાં વિધિ છે. કૃષ્ણસ્મરણ પ્રમાણાંતરથી પ્રાપ્ત નથી. તે પછી શૌચ-મળોત્સર્ગ કર્યા પછી ગુદા લિંગ હસ્ત પાદની મૃત્તિકા જળાદિકવડે શુદ્ધિ કરવાનો પ્રકાર યથાવિધિ કરીને, પછી 'न तिष्ठन्न मजन्नुर्चाश्च स्वपन् दन्तधावनम्' એવી સ્મૃતિ છે, માટે એક સ્થાનમા બેસીનેજ (દંતધાવનમાં આ નિયમ જાણવો) મૌન રહીને દંતધાવન-દાંતની શુદ્ધિ વિહિત કાષ્ઠજળવડે કરીને, પછી शुच्यम्बुना-શુદ્ધ જળવડે-અહીં શુદ્ધિ દૃષ્ટ પ્રકારથી અને અદૃષ્ટ પ્રકારથી કહેવા ઇચ્છી છે, કૃમિ કર્દમાદિ દૂષિત જળથી સ્નાન ન કરે તેમ નિર્મળ હોય પણ જો ચંડાળાદિદૂષિત હોય તો એવા જળથી સ્નાન ન કરે, સ્નાનમાત્રથી પાપને ટાળવાપણારૂપ પાવનપણુંપણ શુચિ શબ્દથી કહેવા ઇચ્છ્યું છે, એથી તીર્થોદક કહેવામાં તાત્પર્ય નિકળેછે, તીર્થતા તો મહાત્માઓના ચરણરજના સંસર્ગથી છે અને કવચિત્ જન્મસિદ્ધ પણ છે. તીર્થતાદિ ગુણવિશેષનો લાભ ન થાય તોપણ દોષાભાવનીતો અવશ્ય અપેક્ષા છે, તો શુદ્ધ-કૃમિ કર્દમાદિથી નહિ દૂષિત, ચંડાળાદિથી નહિ દૂષિત તીર્થોદકવડે યથાસંભવ 'प्रातःस्नानाद्यतोऽर्हः स्याद्दैवे पित्र्ये च कर्मणि । मनःप्रसन्नताहेतुं तत्कुर्यादन्वहं ततः ॥' ઇત્યાદિ સ્મૃતિએ કહેલું સ્નાન કરીને, પછી ધોએલાં વાસસી-વસ્ત્રધારણમાં 'होमदेवार्चनाद्यासु क्रियासु पठने तथा । नैकवस्त्रः प्रवर्तेत द्विजो नाचमने जपे ॥ एकवस्त्रो न भुञ्जीत न कुर्याद्देवतार्चनम् । विकच्छोऽनुत्तरीयश्च नग्नश्चावस्त्र एव च ॥ श्रौतं स्मार्तं तथा कर्म न नग्नश्चिन्तयेदपि ॥' ઇત્યાદિ વચનો છે અને એમાં 'नोत्तरीयमधःकुर्यान्नोपर्यधःस्थमम्बरम् । नान्तर्वासो विना जातु निवसेद्वसनं

विधिस्ततः ॥४९॥ उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् । स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥५०॥ उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले । असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम्

ત્રુધ ॥' એવો વિશેષ કહ્યો છે, માટે આવા નિયમથી અધોવસ્ત્ર અને ઉત્તરીય વસ્ત્રને ધારીને, પછી શુચિભૂતલે—વાળીને કે જળ છાંટીને કે લીંપીને શુદ્ધ કરેલા તથા ચડાળાદિકવડે નહિ દૂષિત તથા સ્વત પાવન એવા ભૂભાગમાં (દેવમદિરાદિકમા) નાખેલા અને અસંકીર્ણ—'आसनान्तरसंसृष्ट दीर्घं द्विजासनोचितम् । स्वस्य देवस्य चैकं यत्तत्सङ्कीर्णं नृपासनम्' આ વિષ્ણુધર્મોત્તરમા કહેલુ જે સકીર્ણ તેથકી ભિન્ન અસંકીર્ણ (પોતાનેજ સુખેથી બેસી શકાય એવુ પૃથક્ પરિકલ્પેલુ) અને શુદ્ધ—અપવિત્ર પદાર્થના સ્પર્શે રહિત એવા આસનમા—'कौशेय कम्बलं चैव अजिन पटमुत्तमम् । दारुजं पत्रज कौशमासन परिकल्पयेत्' આ વ્યાસ સ્મૃતિમા કહેલા કુંબલાદિ જે કોઈ આસનમાં પૂર્વાભિમુખે કે ઉત્તરા ભિમુખે બેસીનેજ યથાવિધિ આચમન કરીને, પછી ઊર્ધ્વપુડ્ તિલક ચદ્રક સહિત કરવુ એ રીતે સામાન્યત પ્રાપ્ત શૌચાદિકનો અનુવાદ કરીને, ઊર્ધ્વપુડ્રધારણનુ વિધાન કર્યુ, તેમા દતધાવનમા 'બેસીનેજ કરવુ' એવો નિયમ, સ્નાનમા 'પવિત્રજળવડે કરવુ' એવો કરણનિયમ, વસ્ત્રના વિધારણમા ધોવાપણારૂપ અને ઉત્તરીયસહિતપણારૂપ વિશેષણનિયમ અને આચમનમા 'બેસીનેજ કરવુ' એવો વિશેષણનિયમ પ્રતિપાદન કર્યો આ ઊર્ધ્વપુડ્રધારણ પુરુષોએજ કરવુ બીજાએ નહિ યદ્યપિ ઊર્ધ્વપુડ્રધારણ 'कृष्णदीक्षा गुरो प्राप्तै' આ શ્લોકમા વિહિત છે તથાપિ આગળ કૃષ્ણપૂજા કહેવામા આવશે તેમા તેની અવશ્ય અપેક્ષિતતા દૃઢ કરવા અહીં ફરી અનુવાદ કર્યો છે. શંકા—પુરુષોની પેઠે સ્ત્રીઓને પણ આગળ જપ પૂજાદિ કરવાનુ કહેશે તેમા અગપણે પુડ્ અપેક્ષિત છે ? એવી શકામા સ્ત્રધવા નારીઓએ કેવળ કુકુમનો ગોળ ચદ્રક કરવો (પણ ઊર્ધ્વપુડ્ નહિ) તે ભાલમાત્રમા કરવો પણ પુરુષોની પેઠે વક્ષ સ્થળપ્રમુખ સ્થાનાતરમા પણ ન કરવો ભાવ એવો છે કે—સ્ત્રીઓને જપપૂજાના અગપણે

॥५१॥ कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् । कार्यः सधवनारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ॥५२॥ पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया । मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ॥५३॥

પુંડ્રની અપેક્ષા નથી, તેણીઓના પ્રતિ પુંડ્રનો કવચિત્ પણ વિધિ નથી. સધવા સ્ત્રીઓને માટે 'ललाटे कुङ्कुमं नासाभूषणं करकङ्कणम् । कण्ठसूत्रं च सधवा दूरयेन्न कदाचन ॥' આ સ્મૃતિએ કુંકુમનું વિધાન કર્યું છે, તો તેજ કુંકુમ તેણીઓએ ધારતાં 'ગોળાકાર ધારવું પણ ત્રિપુંડ્રની પેઠે આડું ન ધારવું' આ વિશેષજ છે, તે આગળ કહેવામાં આવનારી કૃષ્ણપૂજા આદિકમાં અંગપણે અપેક્ષિત છે, કેમકે આડો આકારતો શૈવોનું ચિહ્ન છે. વિધવા વનિતાઓને તો કુંકુમનોજ પ્રસંગ નહિ હોવાથી તેના આકારવિશેષનિયમનો પ્રસંગ પણ નથી. માટેજ વિધવા નારીએ ભાલમાં ઊર્ધ્વપુંડ્ર અને કુંકુમાદિવડે ચંદ્રક નજ કરવો. એટલે ઊર્ધ્વપુંડ્રનો સ્ત્રીમાત્રમાં પ્રસંગ નથી અને કુંકુમનો વિધવાઓમાં પ્રસંગ નથી. માટે તેણીઓએ શૂન્યલલાટ વાળીજ રહેવું.

ઊર્ધ્વપુંડ્રધારણ પછી અખિલૈઃ-પુરૂષો સ્ત્રીઓ બ્રાહ્મણો અને બીજા સર્વ કોઇ પણ અમારા આશ્રિતોએ પ્રતિદિન પૂર્વોક્ત પ્રકારે સ્નાનાદિ કરીને પોતપોતાની મર્યાદા નહિ ઉલ્લંઘન કરીને અવશ્યપણે કૃષ્ણપૂજન કરવું. તેમાં પ્રથમ મનથીજ યથાદૃષ્ટ યથાશ્રુત ધ્યાન કરેલા કૃષ્ણનું મનઃકલ્પિત અર્ઘ્યાદિ ઉપચારોવડે (માનસ) પૂજન કરવું, માનસપૂજન કર્યા પછી 'તેજ મનમાં ધ્યાન કરેલા ભગવાન્ બહાર અર્ચામાં સન્નિધિ પામી રહ્યા છે' એવી ભાવના કરીને ગુરૂએ આપેલી રાધાકૃષ્ણની ચિત્રમયી પ્રતિમાનું બાહ્ય ઉપચારોવડે આદરથી પૂજન કરીને સાષ્ટાંગ પ્રણામ કરવો. આ સ્થળે જે ચિત્રઅર્ચા કહી છે તે મંત્રવિશેષનિરપેક્ષ સર્વસાધારણપણે પૂજાની સુગમતા સારૂ છે. ચિત્રપ્રતિમામાં સ્નાન અનુલેપ આદિક ઉપચાર ભાવમાત્રથી જાણવો પણ બાહ્ય નહિ. બાહ્ય પૂજા કર્યા પછી આચાર્યે આપેલા અષ્ટાક્ષર કૃષ્ણમંત્રનો યથાશક્તિ અવશ્ય જપ કરવો. 'यज्ञानां जपयज्ञोऽस्मि' એમ ભગવાને જપયજ્ઞનું શ્રેષ્ઠપણું ગીતામાં વર્ણવ્યું છે તેમાં

१ 'मानस' इति पाठान्तरम् ।

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चा तत आदरात् । शक्त्या जपित्वा तन्मन्त्रं कर्तव्यं व्यावहारिकम् ॥५४॥ ये त्वम्बरीषवद्भक्ताः स्युरि-

પણ વળી કૃષ્ણમંત્ર સકળ ફળમાં સાધન છે, સર્વથા ઉત્તમ છે અને મુમુક્ષુઓએ ગ્રહણ કરવા યોગ્ય છે માટે અવશ્ય જપવો તેપછી પોતાની વૃત્તિને સમુચિત વ્યાવહારિક કર્મ કરવું. દેહધારણમાં ઉપયોગી દ્રવ્યાર્જનાદિકમાં અને ધર્મમાં નહિ વિરોધી એવા અર્થ ક્રમમાં જે પ્રવૃત્તિ તે **વ્યાવહારિક** શબ્દથી કહી છે વ્યાવહારિક કર્મમાં અભ્યનુજ્ઞા (ઇચ્છા હોય તો કરો) છે પણ વિધિ નથી, કેમકે તેતો રાગથી પ્રાપ્ત છે અપ્રાપ્ત અર્થમાં વિધિ છે મંત્રજપપર્યંતનું ઉક્ત કર્મનું અનુષ્ઠાન કર્યા વિના વ્યાવહારિક કર્મ ન કરવું, એમાં ભગવાનનું હાર્દ છે શંકા-નિત્યકર્મ સંધ્યાદિક અહીં કેમ ન કહ્યું ? તો તે સત્ય છે તે તો દ્વિજોના પ્રતિ સ્મૃતિમાં વિહિત હોવાથી તે થકીજ પ્રાપ્ત છે માટે સર્વ આશ્રિતોના પ્રતિ સાધારણપણે કહેવા યોગ્ય અને પારમૈકાતિક ધર્મ હોવાથી વિશિષ્ટણે વિધિ કરવા યોગ્ય જે માનસ-પૂજનાદિ તેમાત્ર અહીં કહ્યું છે ॥૪૯-૫૪॥

જે જનોતો આત્મા આત્મીય સર્વ પોતાના સ્વામી પરમાત્મા સર્વ-શરણ્ય ભગવાનને સમર્પીને સ્વયં સમસ્ત ભારે રહિત થઇ શરણ્ય સ્વામિની પરિચર્યારૂપ સર્વ વૃત્તિવાળા છે, તે આત્મનિવેદિઓના પ્રતિ કર્તવ્ય આહ્નિકમાં વિશેષ છ શ્લોકથી કહે છે—ઇહ અમારા આશ્રિતોને મધ્યે જેતો અંબરીષ નૃપતિની પેઠે આત્મનિવેદી ભક્તો હોય, એટલે 'આત્મા પરમાત્માનો એક દાસભૂતજ છે' એવું આત્માનું યથાર્થ સ્વરૂપ સમજતા સ્વતંત્રપણાના અભિમાને રહિત થઇ, પોતાના પરિરક્ષણમાં પોતાની પ્રવૃત્તિથકી પરાઙ્મુખ થઇ, 'તમામ શાસ્ત્રવિહિત અને અભ્યનુજ્ઞાત કર્મ સ્વામિની પરિચર્યારૂપજ છે' એવો નિશ્ચય કરીને તેને કરનારા છે તેમણેપણ માનસ પૂજનપર્યંત સર્વ કર્મ પૂર્વોક્ત ક્રમથી કરવુંજ એટલે અંબરીષ રાજાની પેઠે આત્માને ભગવાનના એક દાસભૂત જાણીને ભક્તિયોગમાં પ્રવર્તેલાએ બીજા વ્યાવહારિક કર્મનો પરિત્યાગ કરીને માનસપૂજાપર્યંતનું પૂર્વ વિહિત કર્મનું અનુષ્ઠાન કરવુંજ 'યે તુ' આ તુશબ્દથી પૂર્વોક્ત ભક્તો થકી આમનું

१ 'जप्त्वाऽथ' इति पाठान्तरम् ।

ह्यात्मनिवेदिनः । तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥५५॥
शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः । द्रव्यैर्यथाप्तैः

सुकृतगौरवरૂપ વિલક્ષણપણું કહ્યું છે. સુકૃતગૌરવને લીધેજ ભગવદેક-પરાયણતા અને ભગવત્પ્રાપ્તિમા ત્વરાવિશેષ થાય છે અંબરીષ નરેશ પૂર્વે આત્મા આત્મીય સર્વ ભગવાનના શેષભૂત સમઝીને, સમસ્ત ઇન્દ્રિઓ-વડે સર્વદા ભગવાનનેજ સેવતા થકા પરા ભક્તિને પામ્યા હતા. આ તેમનું આત્મનિવેદિવર્તન ભાગવતના નવમસ્કંધમાં 'स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने । करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥' ઇત્યાદિ વચનથી કહ્યુ છે ॥૫૫॥

'कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तै. सदा' આવો વિધિ છે તો બાહ્ય ઇન્દ્રિયોનો ભગવદર્થે વિનિયોગ કરવા અવશ્ય અર્ચાનો આશ્રય કરવોજ એવા અભિપ્રાયથી 'शैली वा धातुजा मूर्ति.' એમ કહે છે. જો અર્ચાનો આશ્રય ન કરે તો બાહ્ય ઇન્દ્રિઓને અગોચર એવા ભગવાનમાં બાહ્ય ઇન્દ્રિયોની વિનિયોજના નજ ઘટે, જ્યાંસુધી તેવો વિનિયોગ ભગવાનમાં ન થાય ત્યાંસુધી પ્રેમપૂર્વક સ્મૃતિનો અભ્યાસપણ ન થાય, જ્યાંસુધી સ્મૃત્યાભ્યાસ ન થાય ત્યાંસુધી ભક્તિયોગની પણ નિષ્પત્તિ ન થાય, જ્યાંસુધી તે ન નિષ્પન્ન થાય ત્યાંસુધી સંસૃતિજ થયા કરે. માટેજ ભગવાન કરુણાનિધિ આશ્રિતોના મનોરથને અનુસારે કોઈ અર્ચાવિશેષમાં સ્વય સન્નિધિ કરે છે. તો તેઓએ અષ્ટ પ્રકારની પ્રતિમાઓ મધ્યે શિલામયી કે સુવર્ણાદિધાતુમયી કૃષ્ણમૂર્તિની અથવા શાળગ્રામનીજ અનન્ય મન થઇ જેવા મળી આવે એવા ચન્દનાદિ ઉપહાર પદાર્થોવડે પૂજા કરવી ચિત્રાર્ચાની અપેક્ષાએ શૈલી આદિકમાં સકલભોગાર્પણરૂપ પરિપૂર્ણ પરિચર્યાવૃત્તિની અનુકૂળતાના અભિપ્રાયથી શૈલીઆદિકનું ગ્રહણ કર્યું છે. આવાહનની અપેક્ષા વિના ભગવાનના સાન્નિધ્યવિશેષના અભિપ્રાયથી જુદો શાળગ્રામનો નિર્દેશ કર્યો છે. 'જેવા મળે એવા ઉપચારો' એમ કહ્યુ છે જેથી સુવર્ણાદિકમયજ કાંઇ પણ પૂજોપકરણ તૈયાર કરવાં જોઇએ એવો નિયમ નથી પત્ર કે પુષ્પ કે ફળ કે જળ જે કાંઇ પણ વસ્તુ ભલે હોય, એમાં ભાવબન્ધની

कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥५६॥ स्तोत्रादेरथ कृष्णस्य पाठः
कार्यः स्वशक्तितः। तथानधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ॥५७॥
हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः। कृष्णसेवापरैः प्रीत्या

અપેક્ષા છે. આ પ્રતિમાપૂજાવિધાનથી બાહ્ય ઇન્દ્રિયોની યથાસંભવ ભગવત્પરતાનો આદેશ કર્યો. અર્ચાના અર્ચન અનંતર કૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ યથાવિધિ યથાશક્તિ કરવો ॥૫૬॥

મંત્રજપ કર્યા પછી કૃષ્ણસંબન્ધિ વિષ્ણુસહસ્રનામ નારાયણકવચ સ્તોત્ર આદિકનો પાઠ યથાશક્તિ કરવો. જેઓએ સંસ્કૃતનો અભ્યાસ ન કર્યો હોય તેમણે તો ભગવાનનાં ગોવિંદ નારાયણ વાસુદેવાદિક નામોનું સંકીર્તન સ્તોત્રાદિ પાઠની પેઠે નિયમથી કરવું. આથી વાગિન્દ્રિયનો ભગવત્કર્મમાં વિનિયોગનો આદેશ કર્યો આ પણ મનોવૃત્તિએ સહિત સમજવો, કેમકે અર્થાનુસંધાને યુક્ત છે, જપ સ્તોત્રાદિકમાં અર્થાનુસંધાનની પ્રાયઃ અપેક્ષા છે. 'ગીર્વાણ વાણી નહિ ભણેલાએ નામસંકીર્તન કરવું' એમ કહેવાથી જપસ્તોત્રાદિકમાં અર્થજ્ઞાનની અપેક્ષા સૂચવી છે, અન્યથા ગીર્વાણ નહિ ભણેલાને પણ સ્તોત્રપઠનમાત્રનો સંભવ છે, નામકીર્તન તો ગીર્વાણ ભણેલાએ પણ કર્તવ્યજ છે, તો સંસ્કૃત નહિ ભણેલા, માટેજ અર્થજ્ઞાનવિહીનોએ નામકીર્તન વા કરવુ, એવુંજ તાત્પર્ય છે. અર્થાત્ અર્થજ્ઞાને સહિત સ્તોત્રપાઠાદિ કરવુ. 'तद्गुणकीर्तन' એવો પાઠ હોય તો- પ્રાકૃતભાષાબદ્ધ, શ્રીકૃષ્ણગુણવર્ણનરૂપ ગદ્યપદ્યનો પાઠ કરવો, એવો અર્થ કરવો. 'स्तवैरुच्चावचैः स्तोत्रैः पौराणैः प्राकृतैरपि । स्तुत्वा प्रसीद भगवन्निति वन्देत दण्डवत् ॥' એમ ભાગવતમા કહ્યું છે ॥૫૭॥

જે દેહધારણ માટે કરાતું દ્રવ્યાર્જન અન્નભક્ષણાદિ તેપણ આણે સ્વાર્થ સારૂ ન અનુષ્ઠાન કરવું, કિંતુ તે ભગવદર્થ કર્મના શેષપણેજ કરવું, એમ હવે કહે છે—દેહધારણમાં સમુચિત દ્રવ્યાર્જનાદિ પાકાંત કર્મ 'ભગવાનના યાગમાટેજ છે' એમ સમઝીને પ્રેમપૂર્વક કરવું. કરીને ભગવાનને પૂજાસમયે તેનું નિવેદન કરીને પછી તેમના પ્રસાદભૂત (શેષભૂત) તે અન્નાદિકજ 'આ જમવાથી ભગવાનમાં ભક્તિની વૃદ્ધિ થશે' એવી બુદ્ધિથી

૧ 'तद्गुणकीर्तनम्' इति पाठान्तरम्। ૨ 'निवेद्य हरयेऽन्नाद्यं' इति पाठान्तरम्।

भवितव्यं च तैः सदा ॥५८॥ प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः । सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥५९॥

જમવું. એ રીતે તમામ આ દ્રવ્યાર્જન ભોજનાદિકનો ભગવત્પ્રીણન કર્મમાં અંતર્ભાવ કરવો, દેહયાત્રામાં ઉપયોગી જે વ્યાવહારિક કર્મ પ્રથમ આશ્રિતમાત્રમાં અભ્યુજ્ઞાત છે તેમાં આત્મનિવેદી પ્રત્યે આ વિશેષ ઉપદેશ કર્યો છે. દેહયાત્રાના શેષભૂત (અંગભૂત) એવી પણ જે સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓ તે ભગવદારાધનના શેષભૂતપણેજ કરી દેવી એટલું તાત્પર્ય છે. આવાજ અભિપ્રાયથી સારથી સગ્રહ કરીને કહે છે કે–તે આત્મનિવેદીઓએ સદા–પ્રબોધને પ્રારંભીને સ્વાપપર્યંત વિહિત અને અભ્યનુજ્ઞાત આહિક સકલ કાર્યના કરણસમયે પ્રીતિથી કૃષ્ણસેવાપરજ થવું. એટલે સર્વ કર્મ અત્યત પ્રીતિપૂર્વક કૃષ્ણસેવારૂપજ કરવું. આવા ક્રમથી સર્વ ઇન્દ્રિયોનો ભગવદર્થ કર્મમાં સદા વિનિયોગ કરવો. આત્મ-નિવેદિઓના આવા ધર્મો ભગવાનેજ ભાગવતના એકાદશ સ્કંધમાં 'श्रद्धा-मृतकथायां मे शश्वन्मदनुकीर्तनम्' આને આરંભીને 'एवं धर्मैर्मनुष्याणा-मुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥' ઇત્યત વચનથી કહ્યા છે ॥૫૮॥

તે આ આત્મનિવેદિઓની સ્થિતિ ગુણાતીતજ જાણવી, એમ આ શ્લોકથી કહે છે—નિષ્પન્નસમાધિવાળા હોઇને બ્રહ્મમાં લીન થએલાજ જેમ એમ આ ભક્તો નિર્ગુણજ, જાણવા. કેમકે તેમના સ્વરૂપને જાણનારાઓએ તેઓને તેમજ કહ્યા છે: જ્ઞાનપરિપાકની અપેક્ષાએ આ ભક્તિનો પરિપાક પ્રકૃષ્ટ છે, જે હેતુમાટે આ ભક્તો પરમ પ્રેમલક્ષણ પરમ સમાધિએ સંપન્ન હોઇને તે પરમાત્મા થકી અન્યપણે આત્માને પણ જોતા નથી અને તેમને વિષેજ સદા રમે છે. વળી એમની જે સર્વ ક્રિયાઓ છે તે નિર્ગુણ આરાધ્ય શ્રીહરિને વિષેજ સંબંધ ધરાવતી હોવાથી નિર્ગુણ–ગુણવિરોધિ પરમ નિ શ્રેયરૂપ કાર્યને કરનારી થાય છે. શ્રીભાગવતમાં સ્વય ભગ-વાનેજ તેવા ભક્તનું નિર્ગુણપણું 'सात्त्विकः कारकोऽसङ्गी रागान्धो राजसः स्मृतः । तामसः स्मृतिविभ्रष्टो निर्गुणो मदपाश्रयः ॥' ઇત્યાદિ વચનથી

भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित्। न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥६०॥ सर्वैरशक्तौ वार्धक्यादृरीयस्यापदाथवा।

કહ્યું છે. નિર્ગુણ હરિના સંબન્ધથી તેમના ભક્તોની ક્રિયાઓનું પણ નિર્ગુણપણું વિષ્ણુધર્મોત્તરમાં કહ્યું છે—'यथा गङ्गाम्बुनो योगाद्‌ध्यावार्यपि गाङ्गताम्। यानि निर्गुणतामेवं क्रिया गुणमयी हरेः ॥' ઇતિ ॥૫૯॥

એ રીતે પરમાત્મામાં પરમ પ્રેમપૂર્વક અખંડિત અનુસ્મૃતિ માટે યત્કિંચિત્ કર્મ ભગવદર્થપણે કરનારાઓએ તેમને નહિ નિવેદન કરેલું પત્ર કંદ મૂળ ફળાદિક પણ પરહરવું, એમ આ શ્લોકથી કહે છે—આ આત્મનિવેદી ભક્તોએ તો ભગવાનને નહિ નિવેદન કરેલું જળ પણ (અપિશબ્દથી દુગ્ધાદિકની તો વાતજ શી કરવી?) ક્યારેય પણ આપદામાં પણ નજ પીવું. તથા ભગવાનને નહિ અર્પણ કરેલું પત્ર કંદ ફળાદિક પણ નજ ભક્ષણ કરવું. (અપિશબ્દથી અન્નની તો વાતજ શી કરવી?) ભગવાનને અનિવેદિત અન્નાદિકના સેવનથી કદાચિત્ સત્ત્વોન્મેષનો હ્રાસપ્રસંગ છે. 'आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः' આ શ્રુતિએ ધ્રુવા સ્મૃતિ માટે આહારની શુદ્ધિ પણ પ્રતિપાદન કરી છે. આહારશુદ્ધિતો ભગવાનના એકાંતિક ભક્તને ભગવાનને અનિવેદિત અન્નાદિક થકી નિવૃત્તિ મુખ્યતમ માની છે માટેજ સ્મૃતિ 'पत्रं पुष्पं फलं तोयमन्नपानादिकं हरेः। अनिवेद्य न भुञ्जीत विष्णुभक्तः कदाचन ॥' એમ કહે છે. વચનાંતરો છે—'इक्षुदण्डफलापूपाः खाद्यानि विविधानि च। गन्धो मृगमदश्चैव कर्पूरं तैलमञ्जनम् ॥ रत्नाभरणजातं च वस्त्रं सकलवाहनम्। प्रसादमेव भोक्तव्यमन्यथा दोषभाग्भवेत् ॥' 'सर्वलाभोपहरणं दास्येनात्मनिवेदनम्' ઇત્યાદિ. આ સ્થળે આટલું જાણવું—કૃષ્ણદીક્ષા બે પ્રકારની સામાન્યદીક્ષા મહાદીક્ષા એવા ભેદથી કહી છે. તેમાં સામાન્યદીક્ષા મુમુક્ષામાત્ર નિમિત્તવાળી છે અને મહાદીક્ષા જ્ઞાનવૃત્તાદિકના ઉત્કર્ષવિશેષની સંપત્તિ નિમિત્તવાળી છે. તેમાં દ્વિતીયદીક્ષામાં નિષ્ઠાવાળા આત્મનિવેદી કહ્યા છે. આજ 'ये त्वम्बरीषवद्भक्ताः' આ વચનમાં નિર્દેશ કર્યા છે. તો પ્રથમ સામાન્યદીક્ષાનિષ્ઠોના પ્રતિ નિયમવિશેષ છ શ્લોકથી કહીને,

१ 'दूरस्थात्' इति पाठान्तरम्।

भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्यं यथाबलम् ॥६१॥ आचार्येणैव

પછી આત્મનિવેદિઓનો વિશેષ 'शैली वा' ઇત્યાદિ પાંચ શ્લોકથી કહ્યો. વિશેષ અન્યથકી જાણવો ॥૬૦॥

જે અનુદિન આરાધન કરાતી અર્ચા તે બાહ્ય અર્ચનમાં જરાને લીધે કે આપદાને લીધે અશક્ત બનેલા જને ઉપેક્ષા કરવા યોગ્ય નથી, કિંતુ સમુચિત પાત્રમાં સમર્પણ કરવા યોગ્ય છે, એમ હવે કહે છે—सर्वैः- સામાન્યદીક્ષાનિષ્ઠ કે વિશેષદીક્ષાનિષ્ઠ સર્વ કોઈ ભક્તોએ વૃદ્ધ વયનિમિત્તથી થએલી ઇન્દ્રિયોની શિથિલતાને લીધે કે રોગનિમિત્તથી થએલી શિથિલતાને લીધે કે અતિમોટી દેશભંગાદિ આપદાને લીધે બાહ્યપૂજા વિધાનમાં અસામર્થ્ય પ્રાપ્ત થતાં અનુદિન આરાધન કરાતું અર્ચારૂપ કૃષ્ણસ્વરૂપ અને શાળગ્રામ અન્ય અનુકૂળતાવાળા ભક્તને આપીને, (ફરી પૂજાની અનુકૂળતાની સંભાવના ન હોય તો આપીજ દઇને અને અનુકૂળતા હોય તો થાપણવિશેષરૂપે તેને આધીન કરીને) યથામનોબળ વર્તવું. એટલે બાહ્યઇન્દ્રિયોની શિથિલતા સતેપણ જો મનનું બળ હોય તો માનસપૂજન સમગ્રપણે કરવું, જો તેમાં પણ અન્તિમસમયને લીધે કિંચિત્ વિકળતા વર્તે તો ભગવાનનું ચિંતનમાત્ર કરવું. શુભાશ્રય ભગવાનનું પ્રેમપૂર્વક અનુચિંતન જો અંતિમસમયે પણ થાય તો આત્યંતિક શ્રેય માટે થાય છે. તો જ્યાંસુધી મનોબળ હોય ત્યાંસુધી ભગવત્સ્મરણાદિરૂપ માનસારાધનપર વર્તવું. 'आपत्काले वैष्णवानां विहितं मानसार्चनम्। एकमेव न चाहं तु द्वितीयं शक्त्यभावतः ॥' એમ લઘુહારીત સ્મૃતિમાં કહ્યું છે ॥૬૧॥

અહીં પ્રસંગાત્ અર્ચામૂર્તિમાં વિશેષ કહે છે—જે અર્ચારૂપ કૃષ્ણસ્વરૂપ આચાર્યેજ પ્રતિષ્ઠા કર્યું હોય અને પ્રાર્થના કરવાથી આચાર્યે પ્રતિદિન પૂજવામાટે પોતાને જે આપ્યું હોય તેજ સેવવું. બીજુંતો કૃષ્ણસ્વરૂપ પણ કેવળ ભગવદ્રૂપ હોવાથી વંદનીય છે પણ ધ્યાનાવલંબપણે ગ્રાહ્ય નથી. આચાર્યે ઉપદેશ કરેલોજ મંત્ર જેમ ધ્યાનમાં કરણપણે આલંબન થાય છે તેમ ધ્યેયસ્વરૂપપણ તેમણે વિષયપણે નિર્દેશ કરેલું ધ્યાનાવલંબન થવાને યોગ્ય છે. જેમ વેદનો અધ્યયનરૂપ સંસ્કાર છે, જેમ મંત્રનો ગુરુ-

दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥६२॥ भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् । नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥६३॥ कार्यास्तस्य कथा वार्ताः

પદેશરૂપ સંસ્કાર છે તેમ અર્ચાનો પણ આચાર્યે ધ્યાન કરવાપણા રૂપ સંસ્કાર છે. તે સંસ્કાર ન હોય તો શિષ્યના ધ્યાનમાં વિષયભૂત થઇને અર્ચાવિશેષપણ ઉપકાર કરે નહિ. તો અર્ચામૂર્તિને શુભાશ્રયપણે પરિગણનમાં અપેક્ષિત આ વિશેષ ગ્રહણ કરવો ॥૬૨॥

પ્રથમ "प्रत्यहं तु प्रबोद्धव्यं' એમ પ્રસ્તુત કરીને, પ્રબોધને આરંભીને બધી કર્તવ્યતાનું નિરૂપણ કર્યું. હવે સામાન્યપણે સાયંસમયમાં કર્તવ્યતાનો આદેશ કરે છે—સમસ્ત મારા આશ્રિતોએ સમસ્ત જનોના સમુજ્જીવન માટે અમોએ કે અમારાએ પ્રતિષ્ઠાપન કરેલા ભગવન્મંદિર પ્રતિ પ્રતિદિન પાંચ વખંત દર્શનાર્થે જવું, અશક્તોએ તો સાયંસમયે વા જવું. ત્યાં જઇને ભગવાનના દર્શનથી ઉપજેલા આનંદથી પરવશ થઇને ભગવાન્ રાધિકાપતિનાં નારાયણ–વાસુદેવ–હરિ–ગોવિંદ–માધવ ઇત્યાદિ નામોનું સમ્યક્–એકાગ્ર ચિત્તથી કીર્તન–ઉચ્ચારણ ઉચ્ચ સ્વરથી લજ્જાએ રહિત થઇ પરા ભક્તિથી તાળિકાદિવાદનપૂર્વક કરવું. કારણ કે કળિયુગમાં ભગવન્નામસંકીર્તનનુંજ પરમ મુક્તિના સાધનપણે વિધાન કર્યું છે. તે ભાગવતાદિકમાં કહ્યું છે 'कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः । कीर्तनादेव कृष्णस्य मुक्तबन्धः परं व्रजेत् ॥' 'कलौ सङ्कीर्त्य केशवम्' 'कलौ तद्धरिकीर्तनात्' ઇત્યાદિ. નામસંકીર્તન કર્યા પછી તે ભગવાન સંબન્ધિની કથા (પુરાણમૂળક) તથા વાર્તા (કર્ણાકર્ણિકામાત્રથી સાંભળેલા ગુણચરિત્રવિશેષો) પરમાદરથી સ્વયં કરવી અને બીજાએ કરાતી પરમાદરથી સાંભળવી. કારણ કે–ભગવત્કથાશ્રવણ કીર્તનાદિક મોક્ષમાં હેતુ છે. તે ભાગવતમાં કહ્યું છે–'शृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः । त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं पदाम्बुजम् ॥' 'अशेषसङ्क्लेशशमं विधत्ते गुणानुवादश्रवणं मुरारेः' 'मदाश्रयाः कथा मृष्टाः शृण्वन्ति कथयन्ति च । तपन्ति विविधास्तापा नैतान्मद्गतचेतसः ॥' ઇત્યાદિ.

श्रव्याश्च परमादरात् । वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥६४॥ प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः । संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥६५॥ यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु

જન્માષ્ટમી એકાદશ્યાદિ ઉત્સવપ્રસંગમાં તો વીણા વેણુ મૃદંગ વિગેરે વાજીંત્રોના નાદોએ સહિત કૃષ્ણનાં દિવ્યચરિત્રોનું કીર્તન કરવું. (ગુણચરિત્રગીતો ગાવાં) 'अभ्यङ्गोन्मर्दनादर्शदन्तधावाभिषेचनम् । भक्ष्याद्यं गीतनृत्यानि पर्वणि स्युरतान्वहम् ॥' એમ ભગવાને કહ્યું છે ॥૬૩-૬૪॥

'प्रत्यहं तु प्रबोद्धव्यं' ઇત્યાદિ શ્લોકોમાં કહેલા પ્રકારને અનુસરીનેજ सर्वैरपि-જેમને વ્યાવહારિક કાર્યની અભ્યનુજ્ઞા આપી છે એવા પણ મારા આશ્રિતોએ પ્રતિદિન કર્મ કરવું. આ 'प्रत्यहं तु प्रबोद्धव्यं' ઇત્યાદિકથી કહેલા આહ્નિકનો ઉપસંહાર છે. હવે ઉપદેશ કરેલા અર્થની દૃઢતા માટે આત્મહિતપર જે પ્રબન્ધો તેમનું પરિશીલન કરવું એમ કહે છે—મદાશ્રિતોએ અવશિષ્ટ અવસરમાં સંસ્કૃત-દેવભાષાના ઉપનિષદાદિ અને પ્રાકૃત-દેશભાષાના તત્વહિતપર સત્પ્રબન્ધો હોય તેમના અર્થનો અભ્યાસ-વારંવાર મનન, એટલે ઉપદેશપ્રાપ્ત તત્ત્વાર્થની સાથે એક કરીને પર્યાલોચન યથામતિ કરવું 'पशुतुल्यो नरो ज्ञेयः सच्छास्त्राभ्यसनं विना' એમ પદ્મપુરાણમાં કહ્યું છે ॥૬૫॥

એ રીતે આત્યંતિક શ્રેય માટે અનુદિન અનુષ્ઠાન કરવાના ધર્મનો આદેશ કરીને, હવે 'कर्तव्यं व्यावहारिकम्' આથી અભ્યનુજ્ઞા આપેલા વ્યાવહારિક કર્મમાં વિશેષ પ્રસંગાત્ શ્રેયસાર ઉપદેશે છે—જે પુરૂષ (પ્રયોજ્ય) જેવા ધાર્મિકત્વાદિ ગુણોએ યુક્ત હોય તેને તેવા ગુણાનુસારિજ ધર્માદિ કર્મમાં વિચાર કરીનેજ પ્રયોજતા પુરૂષે પ્રયોજવો. એટલે ધર્મરસિકને ધર્મકાર્યમાં અને અર્થરસિકને અર્થકાર્યમાં, એવા ક્રમથી નિયોજવો. અન્યથા-વિપરીતપણે વિનિયોજન કરે તો અનર્થની પ્રાપ્તિ અને અર્થની હાનિ થાય. ચોમેર પુષ્કળ વિભવ સતે પણ વિનિયોજ્ય જનના ગુણની પર્યાલોચના કર્યા વિના વિનિયોજના કરેતો વિભવની હાનિ માટે થાય. તો પ્રયોજ્ય પુરૂષના ગુણનું પરિશીલનજ વ્યાવહારિક કર્મમાં પ્રવર્તનારાઓને અવશ્ય

कर्मणि । योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥६६॥ अन्नवस्त्रादिभि सर्वे स्वकीया परिचारका । सम्मानमनीया सतत यथा योग्य यथाधनम् ॥६७॥ यादृग्गुणो य. पुरुषस्तादृशा वचनेन स ।

અપેક્ષિત વિવેક છે 'धर्मकृत्येषु धर्मज्ञानर्थकृत्येषु पण्डितान् । स्त्रीषु क्लीबान् नियुञ्जीत नीचान्नीचेषु कर्मसु ॥' એમ યાજ્ઞવલ્ક્યે કહ્યુ છે ॥૬૬॥

પરિજનાદિવિવેકવશાળી પુરૂષે પોતાની કે પોતાનાની પરિચર્યા આચરનારા જે પરિજનો હોય તે સર્વેને નિરતર તેતે કાળમા યથાયોગ્ય–તેતે પરિજનોની યોગ્યતાને અનુસારે યથાધન–પોતાની ધનસપત્તિને અનુસારે અન્ન વસ્ત્રાદિકવડે સતોષ પમાડવા પણ ક્લેશ પમાડવા નહિ પરિજનોવિષે જે દાક્ષિણ્ય રાખવુ એજ સ્વામિનો મહાન્ ગુણ પરલોકમાપણ કલ્યાણમાટે થાયછે આથી પોષ્યવર્ગનુ ઉપલક્ષણ કરી લેવુ પોષ્યવર્ગ કાશીખડમા કહ્યો છે–'माता पिता गुरु पत्नी चापत्यानि समाश्रिता । अभ्यागत प्रपन्नोऽग्नि पोष्यवर्गा अमी नव ॥' ઇતિ પોષ્યવર્ગના પોષણની અવશ્ય કર્તવ્યતા સ્કદ પુરાણમા કહી છે–'भरण पोष्यवर्गस्य दृष्टादृष्टफलोदयम् । प्रत्यवायो ह्यभरणे भर्तव्यस्तत्प्रयत्नत '॥ ઇતિ તથા ભારતમા કહ્યુ છે–'एक सम्पन्नमश्नाति वस्ते वासश्च शोभनम् । असविभज्य भृत्येभ्य को नृशसस्तत पर ॥' ઇતિ ॥૬૭॥

પ્રાય પરસ્પર પ્રેમ આભાષણથી થાય છે, જો આભાષણમા વિગુણતા આવે તો પ્રેમાનુબધ ન જ થાય, તો દેશ કાળાદિકને અનુસારે આભાષણની કુશળતા અવશ્ય અપેક્ષિત છે, એમ કહે છે—જે પુરૂષ જેવા જાતિ કુળ વિદ્યા તપ આદિક ગુણવિશેષે સપન્ન હોય તે તેવા ગુણને અનુસારે યોગ્યેવા વચનથી બોલાવવા યોગ્ય છે એટલે જાતિ વિદ્યાદિકે કરીને જે મહત્તર કોઈ હોય તે તો વયે કરીને બાળ હોય તોપણ તેના ગુણને અનુગુણ ગૌરવ ગર્ભિતજ વચનથી બોલાવવા યોગ્ય છે જો પરિમિત બોલવાના સ્વભાવવાળો હોય તેતો પરિમિતજ કેટલાક ગભીર શબ્દના વિન્યાસથી બોલાવવો જો બહુ બોલવાના સ્વભાવવાળો હોય તેતો અતિપ્રિય અતિઅધિક વચનવિન્યાસથી બોલાવવો આવી પુરૂષગુણની અનુગુણતાજ જેમ એમ દેશાદિકની અનુગુણતા પણ આભાષણમા અવશ્ય આશ્રયણીય છે એમ કહે છે—તથા દેશ

देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥६८॥ गुरुभूपालवर्षिष्ठ-त्यागिविद्वत्तपस्विनाम् । अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥६९॥ नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके । उपवेश्यं

કાળને અનુસારે બોલાવવા યોગ્ય છે. એટલે બાલ્ય મિત્ર એવોપણ ન્યાયાધીશ આદિક જે ન્યાયાધીશ સ્થાનમાં બેઠેલો હોય તો ત્યાં મૈત્રીને અનુસારે યથેચ્છ ન બોલવવા યોગ્ય છે. કિંતુ દેશને અનુસારે રાજાની સમીપમાંજ જેમ સવિનયજ બોલાવવો. એરીતે બીજાને શોકસમય જોઇને પોતે પણ તે સમયને અનુસારે તેની સાથે બોલે પણ પ્રહર્ષિતભાવથી ન બોલે. એ રીતે ઉક્ત પ્રકારે ન બોલાવતાં અન્યથા બોલાવે તો અનર્થપ્રસંગ છે પુરૂષગુણાનુગુણ અને દેશકાળાનુગુણ વચન બોલનારો જન વ્યવહારમાં પણ શ્રેયને પામે. માટેજ 'वर्णाश्रमकुलोपेतान् योगिनश्च सतो नरान् । राजकीयांश्च शूरांश्च भाषयेत यथोचितम् ॥' એમ નીતિવિવેકમાં કહ્યુ છે ॥૬૮॥

અભ્યુત્થાન-સન્મુખ ઉઠવું વિગેરે સત્કારને લાયક ગુર્વાદિકને વિષે અભ્યુત્થાનાદિકની કર્તવ્યતા કહે છે—વિનયસંપન્ન મારા આશ્રિતોએ ગુરૂ-મન્ત્રોપદેષ્ટા વિદ્યાધ્યાપક અને પિતાપ્રમુખ, ભૂપાળ-પ્રશાસનથી સન્માર્ગમાં નેતા, વર્ષિષ્ઠ-વયથી શ્રેષ્ઠ, ત્યાગી-આશ્રમથી શ્રેષ્ઠ, વિદ્વાન્-વેદાર્થને જાણનારો, તપસ્વી-કૃચ્છ્રચાંદ્રાયણાદિવડે શરીરશોષણમાં નિષ્ઠાવાળો, આ સર્વેનો અભ્યુત્થાન-તેમને જોઇનેજ તત્ક્ષણ આસનમાથી ઉઠીને સન્મુખ જવું, પ્રણિપાત કરવો, આસનમાં બેસાડવા વિગેરે સત્કારવડે સન્માન-આદર કરવો. અન્યથા અધિક અનર્થાપત્તિ થાય. તેમાં વયોવૃદ્ધ થકી બીજા ગુર્વાદિકો બાળ હોય કે તરૂણ હોય કે વૃદ્ધ હોય તોપણ માનનીય છે. 'वयोऽवरेऽपि गुर्वादावभ्युत्थानं नमस्क्रियाम् । आतिथ्यं चादरेणैव श्रद्धया कुर्वन् सुखी भवेत् ॥' એવી સ્મૃતિ છે ॥૬૯॥

એરીતે ગુર્વાદિકની અભ્યુત્થાનાદિકવડે સત્કાર્યતાને કહીને, હવે તેમના સન્નિધિમાં વર્જ્ય આસનવિશેષને કહેછે—ગુરૂ, દેવ (પ્રતિમામાં રહેલા) અને રાજાને સમીપે તથા પૂર્વ શ્લોકમાં કહેલા વયોવૃદ્ધ ત્યાગી વિદ્વાન્ અને તપસ્વીઓની સમીપે અને સભામાં પણ વામ પાદને જમણા સાથળ

सभायां च जानू बद्ध्वा न वाससा ॥७०॥ विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् । पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥७१॥

ઉપર મુકીને કે દક્ષિણ પાદને ડાબા સાથળ ઉપર મુકીને (પગ ઉપર પગ ચઢાવીને) તથા વસ્ત્રથી એક કે બે ઢીંચણને બાંધીને બેસવું નહિ. આવું આસન અવિનયનું અભિવ્યંજક છે. 'आचार्यस्य च वृद्धादेरन्तिके च सदस्यपि । वीरासनेन पुरुषो नासीत प्रौढपाद्य च ॥'. એવી સ્મૃતિ છે. 'पर्यावेष्ट्य श्रोणिपादं वाससाग्रे महात्मनाम् । नोपाविशेच्च सदसि पृष्ठे कृत्वा च न चोत्तमान् ॥' એમ સદાચારદીપમાં કહ્યું છે ॥૭૦॥

દેહયાત્રાર્થે પ્રવર્તેલાઓએ પણ લૌકિક કર્મમાં ઘણું કરીને વિવાદ પરિત્યાજ્યજ છે, પરંપરાએ આચાર્ય સાથે પ્રવર્તતો વિવાદતો સર્વથી અધિક અનર્થહેતુ હોવાથી અત્યંત પરિત્યાજ્ય છે, એમ હવે કહે છે—આવૃત્તિથી ભાવ એમ નિકળે છે કે–વિવાદ ન કરવો–ન્યાય્ય અર્થ સતે પણ જીવિતક્લેશ ન હોય તો વિવાદ કોઇએ ન કરવો. 'આ મારૂં છે એનું નથી' એમ વાદિપ્રતિવાદિનો પરસ્પર જે વિરૂદ્ધ વાદ (દાવો) તે વિવાદ જાણવો. પોતાના આચાર્ય સાથે તો કોઈ પણ નિમિત્તે–જીવિતક્લેશ હોય તોપણ ન્યાય્ય અર્થ હોય તોપણ તેવો વિવાદ નજ કરવો. અથવા વિવાદ–વિરૂદ્ધ વાદ, અર્થાત્ વાક્કળહ ન કરવો. પોતાના આચાર્ય સાથે તો क्वचिदपि–રહસ્યમાં પણ એવો વાક્કળહ અત્યંત ન કરવો. કારણ કે–સમસ્ત મનુષ્યોએ પોતાના આચાર્ય અન્ન ધન વસ્ત્રાદિવડે અને અભ્યુત્થાન પ્રણિપાત આત્માઆત્મીયઅર્પણ આદિકવડે યથાશક્તિ પૂજનીય છે. તો એ રીતે જે પૂજ્ય છે તેની સાથે વિવાદતો આ લોક પરલોકમાં અત્યંત અનર્થે અર્થે થાય. 'गुरोर्विरुद्धं यद्वाक्यं न वदेत्सर्वयत्नतः । वदेद्यदि महामोहाद्रौरवं नरकं व्रजेत् ॥' એવી સ્મૃતિ છે. તથા 'यैः शिष्यैस्तु सदाराध्या गुरवो ह्यवमानिताः । पुत्रमित्रकलत्रादिसम्पद्भ्यः प्रच्यवन्ति ते ॥' એમ અગસ્ત્યસંહિતામાં કહ્યું છે. તથા 'उपहारैर्यथाशक्ति काले काले निजं गुरुम् । अर्चयेद्देववत्प्राज्ञः सर्वदेवमयो गुरुः ॥' એમ વિષ્ણુરહસ્યમાં કહ્યું છે. માટે પોતાના આચાર્યનું અતિલંઘન તેમની સાથે વાગ્વિવાદરૂપ પણ નજ કરવું ॥૭૧॥

૧ 'आचार्येण' इति पाठान्तरम् ।

तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् । तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥७२॥ अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि । आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥७३॥ पूर्वે-

વળી મારા આશ્રિત જનોએ પોતાના આચાર્યને અન્ય ગ્રામથકી પોતાના ગ્રામપ્રતિ આવતા સાંભળીને જલદી આદરથી—આદર જણાવનાર વાદિત્ર ધ્વજ પતાકાદિ સહિત તેમને સન્મુખ જવું તથા તે પોતાના આચાર્ય પોતાના ગ્રામ્ થકી ગ્રામાંતર પ્રતિ જાય ત્યારે ગ્રામની ભાગોળ સુધી વળાવા જવું. 'प्रत्युद्गच्छेत्समायान्तं यान्तं चानुव्रजेद्गुरुम् । ग्रामान्तावधि सीमान्तावधि चास्त्यागावधि ॥' એવી સ્મૃતિ છે. એ રીતે જે આચાર્ય ગ્રામથકી આવતાં અને નિકળતાં ગ્રામાંતપર્યંત તેમના આશ્રિતોએ સન્મુખ ગમન અને પશ્ચાત્ ગમન આદિકવડે સત્કારને યોગ્ય છે તેમની સાથે વિવાદ નજ કરવો ॥૭૨॥

પ્રથમ આશ્રિતોને પણ દેહપોષણની સિદ્ધિસારૂ લૌકિક કર્મ કરવાની અભ્યનુજ્ઞા આપી, તે લૌકિક કર્મમાં પ્રવર્તનારાઓને અવશ્ય અપેક્ષિત અર્થો આટલા પ્રબન્ધથી નિરૂપણ કર્યા. તેમાં પ્રથમ અંતરંગ પ્રયોજ્ય પુરુષના ગુણનું પરીક્ષણ, તે પછી પરિજનાદિકમાં દાક્ષિણ્ય, પછી બહાર આભાષણની કુશળતા, ભૂપાળાદિ સત્કાર્ય જનના સત્કરણની કર્તવ્યતા અને અનુચિત વિવાદની પરિત્યાજ્યતા ક્રમથી કહીને, હવે એવમાદિ વિશેષોને અવધારીને લૌકિક કર્મમાં પ્રવર્તતા પુરૂષે શાસ્ત્રથકી અવિરૂદ્ધમાંજ પ્રવર્તવું પણ તેથકી વિરૂદ્ધમાં નહિ, એમ કહે છે—જે કર્મથી ધનલાભાદિ બહુ ઐહિક ફળ મળતું હોય પણ જો તે પોતાના વર્ણધર્મ કે આશ્રમધર્મને વિરૂદ્ધ હોય તો તે નજ કરવુ. કારણ કે ધર્મજ અનુષ્ઠાન કરતાં અર્થમાટે કામમાટે અને ફળાનુસંધાન નહિ રાખી અનુષ્ઠાન કરનારાના મોક્ષમાટે પણ થાય છે. તો ધર્મથકી બીજાનેવિષે મરીચિકામાં જળભ્રમ જેવો ફળભ્રમજ છે, તો આવા સર્વાર્થસાધક ધર્મનું અતિલંઘન અને તેથકી વિપરીત અધર્મનું આચરણ અતિઅનર્થ માટેજ છે માટે દૃષ્ટ બહુ લાભને આપનારૂં પણ જો શાસ્ત્રવિરૂદ્ધ હોય તો તે કર્મ પરિત્યાગ કરવું. 'धर्मापेतं यत्कर्म यद्यपि स्यान्महाफलम् । न तत्कुर्वीत मेधावी न तद्धितमिहो-

१ 'तच्छ्रितैः' इति पाठान्तरम् ।

महद्भिरपि यदधर्माचरणं कचित् । कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥७४॥ गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्र-

च्यते ॥' એવી પરાશરસ્મૃતિ છે. 'ऐहिकं तु सुखं यत्तद्यच्चाप्यामुष्मिकं सुखम् । धर्मेणैव तदाप्नोति धर्मभ्रष्टो विनश्यति ॥' એવી પણ સ્મૃતિ છે ॥૭૩॥

જે પૂર્વના મહર્ષિઓ કે દેવોનું આચરણ ધર્મવિરૂદ્ધ જેવું કિંચિત્ જણાતું હોય તેતો આપણે પ્રમાણપણે પકડવું નહિ. કેમકે તેઓતો વેદાર્થસાક્ષાત્કારસંપન્ન અતિતેજસ્વી હોવાથી વિધિનિષેધને નહિ વશ્ય હોઈને આપણને વિધિનિષેધનો આદેશ કરનારા છે, માટે તેઓ વંદનીય છે પણ આક્ષેપને યોગ્ય નથી માટે તેમનું જે જે બીજું સત્ય દયાદિ સદાચરણ તેજ પ્રમાણપણે પરિગ્રહ કરવું 'यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि' એવી શ્રુતિ છે. તથા ભારતમાં ભીષ્મ પિતામહે કહ્યુ છે–'कृतानि यानि कर्माणि दैवतैर्मुनिभिस्तथा । नाचरेत्तानि धर्मात्मा श्रुत्वा चापि न कुत्सयेत् ॥ सञ्चिन्त्य मनसा राजन् ! विदित्वाशक्यमात्मनः । करोति यः शुभं कर्म स वै भद्राणि पश्यति ॥' ઇતિ ॥૭૪॥

લૌકિક પ્રવૃત્તિમાં પણ कस्यापि–શત્રુ કે મિત્ર કે બીજા ઉદાસીન કોઇની પણ ગુહ્યવાર્તા પોતે જાણેલી कुत्रचित्–રહસ્યમા કે સભામાં અથવા કોઈ પણ મહાલાભ નિમિત્તે પણ નજ પ્રકાશ કરવી કેમકે તેના ઉદ્ઘાટનથી પરને અનર્થની પ્રાપ્તિ કે અર્થની હાનિ થાય 'न कञ्चिन्मर्मणि स्पृशेत्' એમ યાજ્ઞવલ્ક્યે કહ્યુ છે. 'कस्यचिदपि रहस्यवृत्तं न प्रकाशयेत्' એવી તેની ટીકા છે. માટેજ નારદજીએ ભગવત્પ્રસન્નતાના હેતુભૂત સ્વગુણો કહેતાં 'परस्य गुह्यं न च भिन्नपूर्वं'–પરનું ગુહ્ય મેં પૂર્વે પ્રકાશન કર્યું નથી; એમ પોતાનો ગુણ કહ્યો છે તથા समदृष्ट्या–શ્વાન ચાંડાળ બ્રાહ્મણાદિ પિંડભેદ સતે પણ 'આત્મા જ્ઞાનૈકાકાર એકજ છે' એવી દૃષ્ટિને લીધે જો કદાચિત્ ઔપાધિક બ્રાહ્મણાદિ ભેદનો તિરસ્કાર કરીને કાય વાણીથી સર્વેની સપર્યા સરખી કરવામાં આવે તો બ્રાહ્મણાદિ પિંડવિશેષને અનુસરીને કરેલી ભગવાનની આજ્ઞારૂપ શાસ્ત્રમર્યાદાનો વિલોપ થતાં મહા અનર્થજ થાય. તો આત્મતત્ત્વવિવેકને પામેલાઓએ પણ ઔપાધિક બ્રાહ્મણાદિ ભેદને અનુસરીને

चित् । समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥७५॥ विशेषनि-

પૂજાવિધિમાં તારતમ્યનો અવશ્ય આશ્રય કરવો એમ કહે છે—ઉક્ત સમદૃષ્ટિને લીધે યથોચિત પૂજાનો વ્યતિક્રમ નજ કરવો. આજ આશ્રિતોને વિશેષપણે ઉપદેશ્ય છે, કેમકે તેઓ આત્મતત્ત્વના વિવેકને યથાર્થ પામ્યા છે. કેટલાક મનોવૃત્તિમાત્રથીજ સત્કાર્ય છે, (તેતો જાતિથી અંત્ય હોય અને જ્ઞાનથીતો મોટા હોય તે) કેટલાક તો સન્મુખ ઉઠીને સત્કાર્ય છે, (તે તો ક્ષત્રિયો બ્રાહ્મણાદિકે પણ છે) કેટલાક તો સન્મુખ ઉઠવું અને પ્રણામ વડે સત્કાર્ય છે, કેટલાક તો સન્મુખ ઉઠવું પ્રણામ કરવો અને પાદ પકડવાવડે સત્કાર્ય છે, (તેતો ગુરૂવિગેરે જાણવા) (ગુરૂપત્ની આદિક તો યુવતિ હોવાથી પાદગ્રહણને અયોગ્ય છે, માટે અભ્યુત્થાન પ્રણામથી સત્કાર્ય છે) તેઓ તેઓ તેતે ક્રમથીજ સત્કાર્ય છે પણ અન્યથા નહિ. ચંડાળ તો આત્મજ્ઞાનીએ મનથીજ સત્કાર્ય છે, કારણ કે શુદ્ધાશુદ્ધ પિંડસંયોગકૃત જે શાસ્ત્રમર્યાદા છે તે ઉલ્લંઘનીય નથી. 'शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः' એ જે સામ્યદર્શન તે 'આત્મસ્વરૂપ દેહાદિવિલક્ષણ અવિષમ જ્ઞાનૈકાકાર છે' એવું મનન કરવા માટે પ્રવર્ત્યું છે પણ બ્રાહ્મણાદિ પિંડવિશેષકૃત મર્યાદાના વ્યતિક્રમ માટે નહિ. તેવા સામ્યદર્શનથી તો ભૂતદયાદિ ગુણવિશેષ જે સર્વોપકારક છે તે સંપાદનીય છે પણ સ્વેચ્છાચરણાદિ અવગુણ સંપાદનીય નથી. આવા અભિપ્રાયથીજ કપિલદેવે 'जीवाः श्रेष्ठा ह्यजीवानां' ઈત્યાદિ વચનથી સર્વ ભૂતોમાં ન્યૂનાધિક વિવેકનો ઉપદેશ કર્યો છે. 'अपूज्यपूजनाच्चैव पूज्यानामप्यपूजनात् । नृघातकसमं पापं शश्वत् प्राप्नोति मानवः ॥' આ સ્મૃતિએ તેવાપણામાં દોષપણ કહ્યો છે ॥૭૫॥

હવે નૈમિત્તિક ધર્મવિશેષોનો ઉપદેશ કરે છે—માસવિશેષને અધિકાર કરીને પ્રવર્તનાર છે. માટે 'વિશેષનિયમો' કહેવાયછે. તે નિયમો સર્વ મદાશ્રિત માનવોએ આષાઢાદિ ચાર માસોમાં અનુપાળવા. અર્થાત્ ચાતુર્માસ્યમાં બહુ નિયમો સામાન્યપણે અને વિશેષપણે ધર્મશાસ્ત્રમાં સ્વસ્વધર્મનિષ્ઠ ચાર વર્ણાશ્રમિઓને અનુપાળવાના કહ્યા છે, તેમાં ભગવાનના સંબન્ધને લીધે હું કહીશ એવા વિશેષનિયમોમાંથી હરકોઈ એક પણ

यमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि । एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥७६॥ विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् । महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥७७॥ साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः । एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥७८॥ एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् । कृष्णजन्मादि-

અવશ્ય અનુપાળવો અશક્ત-ચાર માસ વિશેષ નિયમ ધારવા અસમર્થ માનવોએ તો શ્રાવણ નામના એકજ માસમાં તે વિશેષ નિયમ ધારવો ચાતુર્માસ્યવ્રતધારણની આવશ્યકતા ભારતમાં કહી છે-'आषाढे तु सिते पक्षे एकादश्यामुपोषितः । चातुर्मास्यव्रतारम्भं कुर्वीत नियतो नरः ॥ कार्तिके शुक्लपक्षे तु द्वादश्यां तत्समापयेत् । अकुर्वंस्तद्व्रतं याति किल्बिषं वत्सरोद्भवम् ॥ एकमासमशक्तस्तु धारयेदेव तद्व्रतम् ।' ઇતિ ॥૭૬॥ વિશેષ નિયમોને કહેછે—नियम्यन्ते इति नियमाः -કર્તવ્યપણે નિયમથી વિધાન કરાય તે નિયમ કહેવાય, અર્થાત્ અવશ્ય જે કરવા યોગ્ય હોય તે નિયમ કહેવાય તે આ નિયમો-વિષ્ણુની કથાનું શ્રવણ અને વાચન, તેમના ગુણનુ કીર્તન, તેમની મહાપૂજા, તેમના મન્ત્રનો જપ, તેમના સ્તોત્રનો પાઠ, તેમને પ્રદક્ષિણા, તેમને સાષ્ટાંગ પ્રણામ, એરીતે આઠ કહ્યા છે. આજ નિયમો બીજા ચાતુર્માસ્યમા શાકાદિવર્જનરૂપ કહેલા સામાન્ય નિયમોથકી અતિ ઉત્તમ મેં માન્યા છે, કારણ કે ઇન્દ્રાદિ તનુઓને નહિ દ્વારભૂત કરીને ભગવાનમા સાક્ષાત્ પ્રવર્તે છે અને ભગવત્પ્રીતિમા પરમ હેતુ છે સારતમ હોવાથી આ નિયમોનું પ્રધાનપણે નિરૂપણ કર્યુંછે ચકારથી-બીજાપણ વિશેષ ધર્મોનો સંગ્રહ સમજવો યદ્યપિ આ ધર્મવિશેષો સર્વે એકનાથી અનુષ્ઠાન કરી શકાય નહિ, તો યથાસંભવ આમાથી એક પણ અવશ્ય ભક્તિ-પ્રેમથીજ અનુષ્ઠાન કરવો 'भक्त्या' એમ કહ્યુ છે તેથી ભગવત્પ્રીત્યર્થેજ ધારવો પણ તેથકી વ્યતિરિક્ત ફળના અનુસધાનથી નહિ ॥૭૭-૭૮॥

ભગવાનની અત્યન્ત પ્રસન્નતા કરનારા અને નહિ કરવામા નિત્ય હોવાથી અત્યંત અનર્થ કરનારા વ્રતવિશેષની પ્રીતિપૂર્વક કર્તવ્યતાને કહે છે—સર્વ-શુકલ કૃષ્ણ પક્ષની એકાદશી નિમિત્તનુ વ્રત ઉપવાસ પૂજા જાગરણાદિ

नानां च शिवरात्रेश्च सोत्सवम् ॥७९॥ उपवासदिने त्याज्या दिवा

નિયમરૂપ આદરથી કરવું.' જેમ સર્વ કોઈને ફળમાં અત્યાદર સ્વાભાવિક વર્તે છે તેમ આદરથી-સ્વયંપ્રયોજનબુદ્ધિથી (આજ ફળ છે) કરવું તથા જન્માષ્ટમી રામનવમીપ્રમુખ ભગવત્પ્રાદુર્ભાવ દિનનિમિત્તનું વ્રત ઉપોષણાદિ તેતે પ્રાદુર્ભાવોત્સવના વિધાનપૂર્વક આદરથી કરવું. (તે દિવસોમાં ભગવાનનો ઉત્સવ વિશેષપણે કરવો) એરીતે ભગવત્સંબન્ધિ વ્રત કહીને ભાગવતસંબન્ધિ વ્રતને કહે છે કે-શિવજી ભાગવતોમાં અગ્રગણ્ય છે, 'शिवं महाभागवतं' એમ ભાગવતમાં કહ્યું છે, માટે ભગવદ્ભક્તોએ પણ તેમના ભક્તોમાં અગ્રણીપણાની દૃષ્ટિથી શિવરાત્રિનિમિત્તનું વ્રત કરવું. તેપણ સોત્સવ-તેમના ઉત્સવપૂર્વક અથવા ભગવદુત્સવપૂર્વક આદરથી કરવું. વ્રતદિવસોમાં ઉત્સવો તો નાનાવિધ ગીત વાદિત્રનાદોએ સહિત ભગવન્મહાપૂજા સાધુબ્રાહ્મણસમર્ચન કૃષ્ણકથાકીર્તનશ્રવણ આદિકે સહિત જાગરણરૂપ કરવા. પરંતુ તે દિવસોમાં પણ લૌકિક વ્યવહારપ્રસંગથી દિનનિર્વાહ ન કરવો. 'नित्यं भक्तिसमायुक्तैर्नरैर्विष्णुपरायणैः । पक्षे पक्षे च कर्तव्यमेकादश्यामुपोषणम् ॥' એમ નારદજીએ કહ્યું છે. 'न करोति यदा विष्णोर्जयन्तीसम्भवं व्रतम् । यमस्य वशमापन्नः सहते नारकीं व्यथाम् ॥' ... त्रिव्रतं यस्तु न करोति परात्परम् । ... ' એમ સ્કંદપુરાણમાં કહ્યું છે. આ વ્રતો નિત્ય છે એમ નારદપંચરાત્રમાં કહ્યું છે. તે વચન-'व्रतानि विष्णुभक्तानां नित्यानीमानि सत्तमः । एकादश्योऽखिलाः शुद्धा द्वादशी वामनस्य च । श्रीरामदेवसज्जन्मनवमी दिव्यसिद्धिदा । कृष्णजन्माष्टमी चाथ नृसिंहस्य चतुर्दशी । शिवरात्रेश्चेति मुख्यव्रतान्युक्तानि तत्त्वतः ॥' इति ॥७९॥

ઉક્ત ઉપવાસ વ્રતદિવસોમાં પ્રયત્નપૂર્વક દિવાનિદ્રા ત્યાગ કરવી. કારણ કે મૈથુનથીજ જેમ એમ કેવળ દિવાસ્વાપથી ઉપવાસનો નાશ થાય છે-ફળ નહિ થવાથી વ્યર્થ થાય છે. 'उपवासः प्रणश्येत दिवास्वापाच्च मैथुनात्' એવું વચન છે. યદ્યપિ 'दिवास्वापं न कुर्वीत स्त्रियं चैव परित्यजेत्' એમ સામાન્યપણે દિવાસ્વાપનો પ્રતિષેધ કરેલોજ છે. તથાપિ અહીં વ્રતભંગરૂપ

निद्रा प्रयत्नतः । उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्त्रणाम् ॥८०॥ सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः । श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥८१॥ कार्यास्तमनुसृत्यैव सर्वे एव व्रतोत्सवाः । सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥८२॥ कर्तव्या द्वारिका-

વિશેષ અનર્થ જણાવામાટે વિશેષપણે પ્રતિષેધ કર્યો છે માટેજ તેના ત્યાગમા 'પ્રયત્નપૂર્વક' એમ કહ્યુ છે ઉપવાસમા આળસ આદિકને લીધે દિવસે પણ નિદ્રા આવવાનો પ્રસગ છે, તેનો પ્રયત્નથી પરિહાર કરવો ॥૮૦॥

જે આ એકાદશ્યાદિ વ્રતનો આદેશ કર્યો અને જે વ્રતદિવસોમા ઉત્સવવિધાનનો આદેશ કર્યો, તેનો સર્વ પ્રકારનિર્ણય, સર્વ વૈષ્ણવોના અગ્રેસર શ્રીવલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ કહેલા વ્રતોત્સવનિર્ણયને અનુસારેજ અમારા આશ્રિતોએ કરવો તે તે ઉત્સવમા કૃષ્ણનો સેવાપ્રકાર (ભગવાનને ચદન પુષ્પ વસ્ત્ર વિગેરેનુ અર્પણ, નૈવેદ્ય નિવેદન, નીરાજન નિવેદન વિગેરે) પણ તેમણે કહેલા માર્ગને અનુસારે કરવો ॥૮૧-૮૨॥

દ્વારિકાપ્રમુખ તીર્થોમા યાત્રા-ગમન કરવી શ્રીકૃષ્ણના સબન્ધવિશેષ મહિમાને લીધે દ્વારિકાનુ પ્રથમ ગ્રહણ કર્યુ છે તરન્તિ-ભવાબ્ધિને જનો આનાથી તરી જાય છે માટે તીર્થ-પુણ્યક્ષેત્રો કહ્યા છે અથવા તીર્થોમા યાત્રા-ઉત્સવો કરવા તીર્થોમા જઇને ત્યા ભગવન્મહાપૂજન સાધુવિપ્રસતર્પણ વિગેરે ઉત્સવો કરવા યાત્રાશબ્દ ઉત્સવવાચક પણ વિશ્વકોશમા કહ્યો છે તે આ તીર્થયાત્રા યથાવિધિ-'तीर्थयात्रां चिकीर्षुः प्राग्विधायोपोषणं गृहे' ઇત્યાદિ ધર્મશાસ્ત્રોક્ત તીર્થવિધિને અનુસારે કરવી અથવા સ્વસ્વવિધિને નહિ ઉલ્લઘન કરીને કરવી, એટલે ફલાનુસધાને રહિત કરવી મુમુક્ષુઓના પ્રતિ સર્વ કર્મમાત્ર ફલાભિસન્ધિ વિનાજ કર્તવ્યપણે શાસ્ત્રો વિધાન કરે છે, તો યથાવિહિત મુમુક્ષુઓએ કર્તવ્યબુદ્ધિથીજ તીર્થયાત્રાદિક કરવુ એમ કરવાથીજ તે ભક્તિમાટે થાય વળી सर्वैरपि-સર્વ કોઇએ પણ કરવી એટલે ભક્તિને પામેલા નિષ્પન્નોએ પણ કરવી આથી અનિષ્પન્નોએજ જેમ એમ નિષ્પન્નોએ પણ પુણ્યતીર્થયાત્રા કરવી તેમા અનિષ્પન્નોને તો મનોનિર્મળતા સપાદન કરવાદ્વારા ભક્તિવૃદ્ધિ માટે થાયછે નિષ્પન્નોને તો સ્વય-

मुख्यतीर्थयात्रा यथाविधि । सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥८३॥ विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः । एताः

પ્રયોજનપણે ભક્તિમાટે થાયછે, એટલે 'આ ભગવાનના સંબન્ધને લીધે પૂજ્ય' સ્થાનો હોવાથી પ્રેમપૂર્વક સેવવા લાયક છે' એવો ભાવ છે. તીર્થયાત્રાનું ભગવદ્ભક્તિમાં હેતુપણું ભાગવતમાં કહ્યું છે–'शुश्रूषोः श्रद्दधानस्य वासुदेवकथारुचिः । स्यान्महत्सेवया विप्राः ! पुण्यतीर्थनिषेवणात् ॥' ઇતિ. માટે મદાશ્રિત ત્યાગી ગૃહી સર્વેએ પણ કરવી. તે આ યાત્રા **યથાશક્તિ** કરવી-બહુ તીર્થયાત્રા કરવાની શક્તિ ન હોય તો એકલી દ્વારિકાયાત્રા પણ કરવી. અથવા–કરવીજ જોઇએ એવો આગ્રહ નથી. હસ્તપાદાદિ શક્તિ સતે કરવી. જો આગ્રહ ન હોય તો ભક્તિસાધન મનોનિર્મળતા ક્યાંથી સિદ્ધ થાય ? એવી આશંકામાં ભક્તિપ્રવાહનાં બહુ સાધનો છે તો સાધનાંતરથી નિર્મળતા થાયજ. જે દીનવત્સળતા છે એજ સર્વ તીર્થાટનથકી પણ અતિશ્રેષ્ઠ છે. તેના વિના તીર્થયાત્રાનું પણ વ્યર્થપણું છે, માટે દીનજનોવિષે વત્સળતાવાળા અવશ્ય થવું. અથવા–યથાશક્તિ તીર્થયાત્રા કરવી. એમ કરનારા સર્વેએ ત્યાં રહેલા દીનજનોવિષે વત્સળતાવાળા યથાશક્તિ થવું. એટલે યથાશક્તિ તીર્થવાસી દીન જનોને અન્નાદિ દેવું. 'दरिद्रेष्वङ्गहीनेषु विपन्नेष्वामयाविषु । दयस्वाऽनुकम्पां कुर्वीत दीनेषु देवहतेषु च ॥' એવી સ્મૃતિ છે ॥૮૩॥

મારા એકાંતિક ભક્ત પરમપુરૂષાર્થપરાયણોએ પણ જે પંચાયતનપૂજા સ્મૃતિઆચારથી પ્રાપ્ત છે તે દેવતાંતરના ભજનપ્રસંગની બુદ્ધિથી પરિત્યાગ ન કરવી કિંતુ કરવીજ, પૂજનીયોનું યથોચિત પૂજનમાત્ર વ્યતિક્રમ માટે નથી, સર્વોત્કૃષ્ટપણે સમાશ્રય કરવો એજ વ્યતિક્રમ કર્યો ગણાય, તો પાંચમાં પ્રધાન વિષ્ણુને અને તેમને અભિવ્યાપીને શિવાદિકની સંકલના કરીને પંચાયતનપૂજા પણ કરવી એમ હવે કહે છે—મારા આશ્રિત જનોએ વિષ્ણુ શિવ ગણપતિ પાર્વતી અને સૂર્ય આ પાંચ દેવતાઓ પૂજ્યપણે માનવા–જાણવા. વિષ્ણુનો પ્રથમ નિર્દેશ કર્યો છે તેથી વૈષ્ણવોને વિષ્ણુપ્રમુખ પંચાયતન સન્નિવેશ સમજવો. તે એવી રીતે કે–પોતાને

पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥८४॥ भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् । जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवत- ॥८५॥ रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः । हित्वाऽऽशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥८६॥ जातायामथ तन्मुक्तौ

सन्मुख मध्यभागमा विष्णु, ईशान कोणमा शकर, अग्नि कोणमा गणपति, नैर्ऋत कोणमा सूर्य अने वायु कोणमा पार्वती ॥८४॥

દેવતાંતરના પ્રસંગથી આદેશ કરે છે—કોઈ સમયે ભૂત પ્રેત પિશાચ બ્રહ્મરાક્ષસ આદિકનો ઉપદ્રવ આવે તો તેના પરિહાર માટે ક્ષુદ્ર દેવ કાળ ભૈરવાદિકનુ ઉપાસન ન કરવુ, કિંતુ નારાયણકવચનો જપ કરવો તથા હનુમાનજીના મંત્રનો જપ કરવો આ મંત્ર અમારા સંપ્રદાયપ્રસિદ્ધ ગ્રહણ કરવો, કેમકે તે બહુ વીર્યવાળો છે 'महात्मान हनुमन्त च समाराधयिष्यति । आराधितोऽहमेवात्र भविष्यामि हि तेन तु ॥' એવુ રામાયણમા રઘુનાથવાક્ય છે, તો ભગવાનના એકાંતિક મહાભક્ત હનુમાનજીના આરાધનમા અન્યાશ્રય દોષનો પ્રસંગ નથી ॥૮૫॥

જગતમા બહુ જનો ગ્રહણ સમયે મંત્રસિદ્ધિની આકાંક્ષાથી ક્ષુદ્રમંત્ર જપમા પ્રવર્તે છે, અમારા આશ્રિતોએ તે માર્ગ તુચ્છ હોવાથી પરિત્યાગ કરવો, કિંતુ તેવા સમયે સ્નાન કરી શુદ્ધ થઇ સમસ્ત શ્રેયમા મૂળભૂત શ્રીકૃષ્ણમંત્રનો જપ કરવો એમ કહે છે—સૂર્યચંદ્રના ગ્રહણનો સ્પર્શકાળ થતાં, તત્ક્ષણજ બીજી લૌકિકી સમગ્ર ક્રિયાઓનો ત્યાગ કરી, સ્નાનાદિકથી શુદ્ધ થઇ નિયમિત મનવાળા થઇ સમસ્ત મારા આશ્રિતોએ કૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો કે નામમંત્રનો જપ કરવો 'चन्द्रसूर्योपरागे च स्नात्वा प्रयतमानसः । स्पर्शादिमोक्षपर्यन्तं जपेन्मन्त्रं जगत्पते ॥' એમ પુરશ્ચરણચંદ્રિકામા કહ્યુ છે અનંતર તે સૂર્યચંદ્રની ગ્રહણથકી નિર્મુક્તિ થતા પહેરેલાં વસ્ત્રે સહિત શુદ્ધિસ્નાન કરીને, अन्यै —ગૃહસ્થોથકી બીજા–સાધુ બ્રહ્મચારી [illegible] હોવાથી દાનમા અનધિકાર છે માટે) [illegible] ચારોથી કેવળ પૂજા કરવી તેનાથીજ સકળ દાનફળની સિદ્ધિ થાય છે ગૃહસ્થ જનોએ તો યથાશક્તિ ગોસુવર્ણ,

कृत्वा स्नानं सचेलकम् । देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ॥८७॥ जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः । पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ॥८८॥ भाव्यं शमदमक्षान्तिस-

દિકનું દાનપણ મુક્તિસમયે સંકલ્પેલું કરવું અને પૂજા પણ કરવી, કારણ કે અશેમાં અધિકારની સંપત્તિ છે. 'ग्रस्यमाने भवेत्स्नानं ग्रस्ते होमजपादिकम् । मुच्यमाने भवेद्दानं मुक्ते स्नानं विधीयते ॥' 'सर्वेषामेव वर्णानां सूतकं राहुदर्शने । स्नानं स्यादुपरागादौ मध्ये होमजपादि च ॥' 'मुक्तौ यस्तु न कुर्वीत स्नानं ग्रहणसूतके । स सूतकी भवेत्तावद्यावत्स्यादपरो ग्रहः ॥' ઇત્યાદિ સ્મૃતિઓ છે ॥८६-८७॥

ગ્રહણ નિમિત્તના સ્નાનપ્રસંગથી જે સુપ્રસિદ્ધ છે તેનેપણ જણાવે છે—પોતાના સંબન્ધિજનના જન્મનિમિત્તનું અને મરણનિમિત્તનું જે આશૌચ તે પોતપોતાના સપિંડાદિ સંબન્ધને અનુસારે યથાશાસ્ત્ર પાળવું. દશાહાદિ અવધિવાળી કોઇપણ અદૃષ્ટ પ્રકારથી જે અશુચિતા શાસ્ત્રૈકગમ્યા છે તેતો ક્યારેયપણ તિરસ્કાર કરવા યોગ્ય નથી કિંતુ અનુસરવા યોગ્યજ છે. એટલે શૌચનિમિત્તનું સંધ્યાદિ કર્મ કાંઇ પણ ન કરવું. આશૌચધર્મ ચારેયપણ વર્ણોને સાધારણ છે. યદ્યપિ આ ધર્મ સર્વે વર્ણને સાધારણ હોવાથી મૂળમાં मम-'મારા આશ્રિતો' એમ કહેવાની જરૂર નથી. તથાપિ ભલે મુમુક્ષુઓ મત્પરાયણ હોય પણ જ્યાંસુધી શરીરસંબન્ધ હોય ત્યાંસુધી શરીરસંબન્ધી બ્રાહ્મણાદિ વર્ણવિભેદ જતો રહેતો નથી, તો તેના નિમિત્તથી પ્રવર્તેલા પણ બધા વિધિઓ યથાવિધિ વિધિવશયોએ અનુષ્ઠાન કરવાજ જોઇએ એવા અભિપ્રાયથી 'मम' એમ કહ્યું છે. મારા આશ્રિતોએ પણ આશૌચ અનુ-પાળવું. આશૌચનિર્ણય તો તત્પરાયણ ધર્મશાસ્ત્રોથકી જાણવો ॥८८॥

બ્રાહ્મણાદિ ચારેયપણ વર્ણોએ પોતપોતાના વર્ણને અનુગુણ ગુણવૃત્તપરાયણ થવું જોઇએ, અન્યથા જન્મમાત્રથી તેઓ પ્રશસાતા નથી, એવા આશયથી ચારેય વર્ણોનું લક્ષણ (ઉત્કર્ષ કરનાર ગુણવિશેષ) કહે છે—બ્રાહ્મણોએ શમ દમ ક્ષાંતિ સંતોષ આદિક ગુણલક્ષણોએ લક્ષિત થવું. તેમાં શમ-

न्तोपादिगुणान्वितैः । ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥८९॥ वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः । भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥९०॥ संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं

અંતર ઇન્દ્રિયનો નિગ્રહ. દમ–બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ. ક્ષાંતિ–પરે પોતાને પીડા પમાડતાંપણ તેના પ્રતિ અવિકૃતચિત્તપણું. સંતોષ–યદૃચ્છાલબ્ધ અન્નધનાદિકથી અલંબુદ્ધિ. આદિશબ્દથી સત્ય તપ દયા દાનાદિકનો સંગ્રહ સમજવો. તેમાં સ્મૃતિઓ છે–'सत्यं दानं तपः शौचमानृशंस्यं दमो घृणा । दृश्यन्ते यत्र विप्रेन्द्र ! स ब्राह्मण इति स्मृतः ॥ जितेन्द्रियो धर्मपरः स्वाध्याय-निरतः शुचिः । कामक्रोधौ वशे यस्य तं देवा ब्राह्मणं विदुः ॥ योऽध्यापये-दधीते यो याजयेद्वा यजेत वा । दद्याद्वापि यथाशक्ति तं देवा ब्राह्मणं विदुः ॥ क्षमा दया च विज्ञानं सत्यं चैव दमः शमः । अध्यात्मनिरतिर्ज्ञानं एतद्ब्राह्मणलक्षणम् ॥' ઇતિ. ગીતામાં પણ કહ્યું છે—'शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च । ज्ञानं विज्ञानमास्तिक्यं ब्राह्मं कर्म स्वभावजम् ॥' ઇતિ. ક્ષત્રિયોએ શૌર્ય ધૈર્ય ઔદાર્ય વીર્ય આદિક ગુણલક્ષણોએ યુક્ત થવું. તે ગીતામાં કહ્યું છે—'शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् । दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥' ઇતિ. વૈશ્યોએ કૃષિકર્મ વણુજવ્યાપાર વ્યાજવટો વિગેરે વૃત્તિવાળા થવું. તે ગીતામાં કહ્યું છે–'कृषिगोरक्षवाणिज्यं वैश्यं कर्म स्वभावजम्' ઇતિ. શદ્રોએ દ્વિજ–ત્રૈવર્ણિકની સેવાદિ વૃત્તિપરાયણ થવું. તે ગીતામાં કહ્યું છે–'परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम्'ઇતિ ॥૮૯–૯૦॥

એ રીતે વર્ણોનું લક્ષણ કહીને, તેમાં દ્વિજોએ સંસ્કારાદિ યથાકાળ કરવાનું કહે છે—'गर्भाधानं पुंसवनं सीमन्तो जातकर्म च । नामक्रिया निष्क्रमोऽन्नप्राशनं वपनक्रिया ॥ कर्णवेधो व्रतादेशो वेदारम्भक्रियाविधिः । केशान्तः स्नानमुद्वाहो विवाहाग्निपरिग्रहः । त्रेताग्निसङ्ग्रहश्चैव संस्काराः षोडश स्मृताः ॥' આ સ્મૃતિએ કહેલા ગર્ભાધાનાદિ સોળ સંસ્કારો તથા 'स्नानं सन्ध्याजपो होमः स्वाध्यायः पितृतर्पणम् । देवतापूजनं चेति षट् कर्माणि दिनेदिने ॥' આ સ્મૃતિપ્રોક્ત સ્નાનાદિ ષટ્ નિત્ય કર્મો તથા 'अमा–मृदु–तुष्ट–क्षान्ति–धृति–दान–सहनलम्भः । आन्तरभयं च पूर्वेद्युः

यथाधनम् । स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥९१॥ अज्ञानाज्ज्ञानतो वापि गुरु वा लघु पातकम् । क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥९२॥ वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागव-

---

पण्णवत्यः प्रकीर्तिताः ॥' આ સ્મૃતિપ્રોક્ત છન્નું પ્રકારનું શ્રાદ્ધ નામનું પિતૃકર્મ, આ સર્વ કર્મ દ્વિજ—ત્રૈવર્ણિક મારા આશ્રિતોએ યથાકાલં—'પૂર્વાહ્ણો વૈ દેવાનાં મધ્યંદિનો મનુષ્યાણામપરાહ્ણઃ પિતૃણાં' આ શ્રુતિએ અને 'પૂર્વાહ્ણે દૈવિકં કર્માઽપરાહ્ણે પૈતૃકં તથા' ઇત્યાદિ સ્મૃતિએ કહેલા તે તે કર્મકાળને નહિ ઉલ્લંઘીને, યથાધનં—શ્રાદ્ધાદિકમાં મુખ્ય ગૌણ પક્ષનું આશ્રયણ દ્રવ્યની અનુકૂળતાને અનુસારે, પોતપોતાની વેદશાખાના બોધાયનાદિ મહર્ષિઓએ રચેલાં ગૃહ્યસૂત્રમાં (કલ્પસૂત્ર) કહેલી રીતિને અનુસારેજ (પણ ભિન્ન શાખાના ગૃહ્યસૂત્રને અનુસારે નહિ) કરવું ॥૯૧॥

એ રીતે તેતે કાળમાં સંસ્કારાદિકની કર્તવ્યતા કહીને, હવે તેનું ઉલ્લંઘનાદિ પાપ જો થઇ જાય તો તેનો પ્રાયશ્ચિત્તથી પરિહાર કરવો એમ કહે છે—ક્વાપિ—કોઈ સમયે અજ્ઞાનથી કે જ્ઞાનથી પણ ગુરૂ લઘુ (મોટું નાનું) પણ પાપ કુસંગને લીધે કે સ્વભાવદોષાદિકને લીધે પોતે જો કર્યું હોય તો તેમાં વિહિત પ્રાયશ્ચિત્ત (વિશોધન સત્કર્મ) स्वशक्तितः—ગુરૂ લઘુ પ્રાયશ્ચિત્તમાંથી એક પોતાની શરીરશક્તિને અનુસારે કરવું. એટલે કરણ કલેવરની કુશળતા હોય તો લઘુપ્રાયશ્ચિત્તનો આશ્રય ન કરવો. 'विहितस्याननुष्ठानान्निन्दितस्य च सेवनात् । अनिग्रहाच्चेन्द्रियाणां नरः पतनमृच्छति ॥ तस्मात्तेनेह कर्तव्यं प्रायश्चित्तं विशुद्धये । एवमस्यान्तरात्मा च लोकश्चैव प्रसीदति ॥' એમ યોગીશ્વરે કહ્યુ છે. 'प्रायश्चित्तमकुर्वाणाः पापेषु निरता नराः । अपश्चात्तापिनः कष्टान् नरकान् यान्ति दारुणान् ॥' આ સ્મૃતિએ પ્રાયશ્ચિત્ત નહિ કરવામાં મહાઅનર્થ કહ્યો છે. આ પ્રાયશ્ચિત્તશબ્દ પાપક્ષયાર્થે નૈમિત્તિક કર્મવિશેષમાં રૂઢ છે એમ વિજ્ઞાનેશ્વર કહે છે. પ્રાયશ્ચિત્તનો પ્રકાર તત્પરાયણ ધર્મશાસ્ત્રો થકી જાણવો. પાપો પાંચ પ્રકારનાં કાત્યાયને કહ્યાં છે—'महापापं चातिपापं तथा पातकमेव च । प्रकीर्णकं चोपपापमित्येवं पञ्चको गणः ॥' ઇતિ ॥૯૨॥

---

१ 'यथाबलं' इति पाठान्तरम् ।

ताभिधम् । पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ॥९३॥ तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता । श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥९४॥ धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः । एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥९५॥ स्वहि-

કહ્યા અને કહેશે એવા ધર્મસ્વરૂપો તથા કહેશે એવા તત્ત્વ ઉપાય પુરૂષાર્થસ્વરૂપોના નિર્ણયમા વેદો અને તે મૂળ જેમા છે એવી સ્મૃતિઓનુ પ્રામાણ્ય જણાવતા થકા, તેમા પોતાને અત્યત અભીષ્ટ આઠ સચ્છાસ્ત્રોને ત્રણ શ્લોકથી કહેછે—**વેદા**–આનો અપૌરૂષેયપણારૂપ અને સ્વત પ્રમાણપણારૂપ વિશેષ છે, આજ વિશેષ વેદોના ઇષ્ટપણામા હેતુ છે **વ્યાસસૂત્રો**–જે શારીરકમીમાસાશાસ્ત્રરૂપ છે, તત્ત્વ હિત અને પુરુષાર્થના નિર્ણયમા કાપિલાદિ સૂત્રોની અપેક્ષાએ પ્રકૃષ્ટ અને ઉપનિષદોના અર્થ નિર્ણયરૂપ છે, આ એનો વિશેષ અભિમતપણામા હેતુ જાણવો **શ્રીમદ્‌ભાગવતનામનુ પુરાણ**–આ પુરાણ બીજા પુરાણોની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે, એનો ઉત્કર્ષ તો ભક્તિપ્રકાશનની પુષ્કળતારૂપ છે અનેક પુરાણોના નિરચનથી પણ નહિ સતુષ્ટ થએલા વ્યાસ ભગવાને આનો આરભ કર્યો છે, આ વિશેષ છે, આજ એના અભિમતપણામા નિમિત્ત છે ભારતમા **શ્રીવિષ્ણુનામસહસ્ર**–આમા વિશેષ વક્તા (ભીષ્મ) ની વિલક્ષણતારૂપ અને શ્રોતા (યુધિષ્ઠિર)ની વિલક્ષણતારૂપ અને વિષય (સકળ પુરૂષાર્થ સપાદક સ્વાદુતમ લઘુતર ઉપાયતારૂપ)ની વિલક્ષણતારૂપ છે, આજ એના ઇષ્ટપણામા કારણ છે ભારતમા **ગીતા** એનો વિશેષ સાક્ષાત્ ભગવાનના મુખારવિંદથકી વિનિકળવાપણુ અને સર્વોત્કૃષ્ટ શરણાગતિઉપાયપરપણુ છે, આજ વિશેષ એના પ્રિયપણામા બીજ છે ભારતમા વિદુરપ્રોક્તા **નીતિ**–એમા નીત્યતરની અપેક્ષાએ વિશેષ વક્તા (વિદુર)ની વિલક્ષણતારૂપ [illegible]

[illegible]

એનો વિશેષ સ્મૃત્યતરની અપેક્ષાએ અધ્યાત્મવિચારના આધિક્યરૂપ છે

तेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि । श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥९६॥ तत्राचारव्यवहृतिनिष्कृतानां च

તે આ આઠ સચ્છાસ્ત્રો મને ઇષ્ટ છે–તે તે વિશેષના યોગને લીધે ઇષ્ટ છે. એનાથી અવિરૂદ્ધ બીજાં પણ શાસ્ત્રો પ્રમાણુજ છે ॥૯૩-૯૫॥

હિતનો બોધ કરનારાં આ સચ્છાસ્ત્રો હિતેચ્છુ અમારા આશ્રિત સર્વેએ સાંભળવાં એમ કહે છે—પોતાના હિતની અપેક્ષાવાળા અમારા સમાશ્રિત સર્વેએ પણ આ શ્રુતિ અને તેના ઉપબૃંહણભૂત સચ્છાસ્ત્રો યથાધિકાર સાંભળવાં. 'સર્વેએ સાંભળવાં' એમ કહ્યું તેમાં 'શૂદ્રોએ વેદ વિના' એમ જાણવું. તેઓને વેદમંત્રના શ્રવણમાં પણ અધિકાર નથી. વેદશ્રવણ શૂદ્રોને માટે સ્કંદપુરાણમાં નિષેધ કર્યો છે–'वेदश्रुतौ नाधिकारः कचिच्छूद्रस्य विद्यते । पुराणश्रवणे त्वस्ति देवब्राह्मणसन्निधौ ॥' ઇતિ. તથા 'स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा' એમ શ્રીભાગવતમાં કહ્યું છે. જે દ્વિજો અધ્યયન બોધનાદિકમાં સમર્થ હોય તેમણે તે સચ્છાસ્ત્રો ભણવાં ભણાવવાં અને તેની કથા પણ વાંચવી. મૂળમાં 'द्विजैः' એવો નિર્દેશ કર્યો છે તેથી શૂદ્રોને પઠનમાં અને બોધનમાં અધિકાર નથી એમ જણાય છે ॥૯૬॥

તે આ આઠ સચ્છાસ્ત્રોને મધ્યે યાજ્ઞવલ્ક્યસ્મૃત્યાદિકમાં અભિમત વિશેષાંતરને કહે છે—તે સચ્છાસ્ત્રો મધ્યે જે આ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ સચ્છાસ્ત્રપણે પરિગણી છે તે નિત્ય નૈમિત્તિકાદિ સદાચાર, ઋણાદાનાદિ વ્યવહાર અને પાપશોધન પ્રાયશ્ચિત્તના નિર્ણયમાં મિતાક્ષરાનામની ટીકાએ સહિત ગ્રહણ કરવી. (મિતાક્ષરા ટીકાથી તેનો અર્થ જાણવો, આ વિશેષ અહીં વિધાન કર્યો છે) 'धर्मनिर्णये' એમ નહિ કહેતાં 'आचार–व्यवहृति–निष्कृतानाम्' એમ જુદુ જુદુ પાડીને નિર્દેશ કર્યો છે, તો તે મિતાક્ષરા વ્યાખ્યા આચાર-વ્યવહાર–પ્રાયશ્ચિત્તના નિર્ણયમાત્રમાંજ પ્રમાણને યોગ્ય છે પણ અધ્યાત્મ-વિચાર પ્રકરણમાં પણ પ્રામાણ્યને યોગ્ય નથી એમ વ્યંજીત થાય છે. આ ઉપરથી અધ્યાત્મપ્રકરણમાં જે જીવબ્રહ્મનું ઐક્યપરપણે વ્યાખ્યાન છે તદંશમાં મિતાક્ષરાની અનાદરણીયતા સિદ્ધ થાય છે. યાજ્ઞવલ્ક્યવચનોનો

निर्णये । ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥९७॥ श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ । सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥९८॥ दशम॰ पञ्चम॰ स्कन्धौ याज्ञवल्क्यस्य

આશયતો અન્યજ છે મિતાક્ષરામા પણ જે સ્વસપ્રદાયાનુસારી ન હોય તે ત્યાગ કરવુ એમ તુશબ્દ જણાવે છે ॥૯૭॥

સમસ્તવેદવેદ્ય અનવધિકાતિશયાનંદ પરબ્રહ્મ કૃષ્ણના માહાત્મ્યજ્ઞાન માટે આ સચ્છાસ્રો મધ્યે રહેલા શ્રીમદ્ભાગવતનો દશમસ્કધ અને પચમ- સ્કધ બીજા તદવબોધક સર્વે સચ્છાસ્રોની (વેદોનીપણ) અપેક્ષાએ અધિક- પણે જાણવા કારણ કે સર્વથી પરતરપણુ સતે સર્વસમાશ્રયણીત્વ વાત્સલ્ય સૌલભ્ય આદિક કલ્યાણગુણો આ દશમસ્કધમાજ સ્પષ્ટ પ્રકાશે છે પચમ સ્કધ કૃષ્ણનાજ એક ઉપાસક જનોના મહિમાના અનુવર્ણનપર હોવાથી કૃષ્ણના મહિમાનુવર્ણનપરજ છે એમ જાણવુ ॥૯૮॥

'वेदाश्च व्याससूत्राणि' આનાથી નિર્દેશ કરેલા પ્રમાણોમા પ્રવેશ કરીને સમયને પરિશોધીને સારાસારાશનો વિભાગ કરીને, ઉપાદેયતો સારાશ છે તે ગીતામાં કહ્યુ છે—'यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके । तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥' ઇતિ સારાશમા પણ સાર સારતર સારતમ એવા ભેદથી વિભેદ જાણવો તેમા સર્વ કર્મ ફલાભિસન્ધિ વિના કરાતું સારભૂત છે, જેમકે એવુ કર્મ બધન માટે થાય નહિ, પર મનની નિર્મળતા સપાદનદ્વારા ઉપાસનમા ઉપયોગી થઇ અપુનરાવૃત્તિમાટે ઉપ યોગી થાય છે મનના રાગાદિ મળ પકવ થતા યોગયોગ્ય મનને પામીને, યમનિયમાદિ અષ્ટાગયોગના અભ્યાસથી સુસસ્કૃત થએલા મનથી પ્રાપ્ય પરમપુરૂષનુ તૈલધારાવત્ અવિચ્છિન્ન વારવાર અનુસ્મરણ પ્રેમથી કરાતુ માનસસાક્ષાત્કારપર્યવસાયી જે થાય તેતો સારતર છે જે પોતાના શત પ્રયત્નથી પણ અલભ્ય, જડભરતચરિત્રને અનુવર્તનારાઓએ પણ દુષ્પ્રાપ, ભગવાનના અનુગ્રહથીજ એક લભ્ય, અવિવેકિઓને વિષયોમાજ જેમ એમ ભગવાનમા સુદૃઢ જે રાગાનુગાપ્રવિશેષ ફળભક્તિશબ્દવાચ્ય

च स्मृति । भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥९९॥

છે તે આ સારતમ છે, કેમકે ઇતરની પેઠે પોતાના પ્રયત્નથી સપાદન કરવાને અયોગ્ય છે 'या प्रीतिरविवेकाना विषयेष्वनपायिनी । त्वामनुस्मरत सा मे हृदयान्नापसर्पतु ॥' એમ કેવળ પ્રાર્થનીય છે ભગવાનતો શરણાગત-વત્સળ હોવાથી પોતાના પદ થકી અધિક તેવી પ્રીતિને કદાચિત્ કોઇનેજ ભાવશુદ્ધિની અનુગુણતાથી સમર્પેછે તો એ રીતે ત્રણ પ્રકારના સારોમા સારતમપરપણે દશમસ્કધ લેવો, સારતરપરપણે પચમસ્કધ લેવો અને સારપરપણે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ લેવી એમ આ શ્લોકથી કહે છે— એમનુ તેવાપણે જે કથન તે, નિર્દેશ કરેલા વેદાદિકમા પ્રવેશ કરવા અસમર્થ જનોએ દશમસ્કધમાત્રનુ વા રૂડી રીતે પર્યાલોચન કરીને એવી ભક્તિની આપણે પ્રાર્થના કરવી એમ અવધારવુ, અથવા પચમસ્ક ધનો વિચાર કરી ભગવાનના યોગમા શ્રેય માટે યત્ન કરવો એમ જાણવુ, અપક્વ મન કષાયવાળા અમને આ યોગાભ્યાસ કેમ થાય ? એવા નિર્વેદમા બ્રહ્મવિદોમા અગ્રેસર યાજ્ઞવલ્ક્યે કહેલા સ્મૃતિવિશેષની પર્યાલોચના કરી પોતાને ઉપયોગી ધર્મપરપણે રહેવુ, એમ જણાવા માટે છે ભક્તિ પર શાસ્ત્ર તે ભક્તિશાસ્ત્ર કહેવાય આ સ્થળે ભક્તિશબ્દથી કર્મયોગા દિકની અપેક્ષાએ રહિત, ભગવાનમાજ સાધનપણાનો અધ્યવસાય કરેલો હોવાથી સાધનભાવે રહિત, સ્વયપ્રયોજનભૂત (ફળભૂત) ભક્તિવિશેષ કહ્યો છે દશમસ્કધમા ગોપીપ્રમુખોનો જે ભક્તિરસ નિરૂપણ કર્યો છે તે આ ભક્તિયોગ નહિ, કેમકે ગોપીઓનો યોગાભ્યાસમા સબન્ધ ન હતો. તે ઉદ્ધવજીએ કહ્યુ છે—'क्वेमा स्त्रियो वनचरा व्यभिचारदीला कृष्णे क चैष परमात्मनि रूढभाव' ઇતિ આવો પ્રેમાનુબંધતો ભક્તિયોગથી વિશેષ છે આવા ભક્તિરસવિશેષને નિરતર અનુભવ કરનારાઓને એથી પરપ્રાપ્ય પ્રાર્થનીય કાઇ પણ છેજ નહિ, માટે તે ભક્તિ 'ફળભક્તિ' એમ કહેવાય છે એ રીતે દશમસ્કધતો આવા ભક્તિવિશેષપર છે એવો અમારો મત છે, તો અમારા આશ્રિતોએ તેવી ભક્તિપરપણે આ દશમસ્કધ લેવો પચમ-સ્કધ યોગિઓના ચરિત્રોના વર્ણનદ્વારા મુમુક્ષુઓને યોગ-સારતર ભક્તિ

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् । रामानुजाचार्यकृतं

યોગમાં પ્રવર્તાવેછે. ચિત્તવૃત્તિનો નિરોધ એ યોગ કહેવાય, વિષયોથકી ચિત્તવૃત્તિનો પરમાત્મામાં જે નિરોધ તે યોગ કહ્યો છે. તેતો પરમાત્મામાં પ્રીતિ વિના નજ થાય, તો પ્રેમગર્ભિત જે ધ્યાન તે યોગ એમ સિદ્ધ થાય છે. આવા યોગપર પંચમસ્કંધ છે એવો અમારો મત છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં સર્વના પ્રતિ સામાન્યપણે ધર્મોનું નિરૂપણ કર્યું છે, અમારો મતતો એટલોજ કે જે ધર્મોએ કરીને મનની નિર્મળતા થાય તેટલાપર તે શાસ્ત્ર હોવાથી તેટલાપરપણે તે શાસ્ત્ર મુમુક્ષુ અમારા આશ્રિતોએ લેવું, તો કર્મયોગપરપણે યાજ્ઞવલ્કયસ્મૃતિની સારપરતા જાણવી. તાત્પર્ય એટલું કે–નિઃશ્રેયસાર્થીઓએ આદરણીય ઉપાય કર્મયોગ જ્ઞાનયોગ અને ભક્તિયોગ છે, તે આ ઉપાય પર્વક્રમ થકી ઉત્તરોત્તર ઉત્તમ છે, તેમાં કર્મસ્વરૂપનું જ્ઞાન યાજ્ઞવલ્ક્યસ્મૃતિથકી લેવું. યોગ–જ્ઞાનયોગ ભક્તિયોગ બન્ને પંચમ સ્કંધથકી જાણવા. જે આ સાધનભાવે રહિત, સ્વયંપ્રયોજ હોવાથી ફળરૂપ, પરાનુરાગપ્રકર્ષાત્મક, પ્રયત્નશતથી પણ અલભ્ય, સાધ્યભક્તિ જેનું નામ છે, પરમપુરૂષના પ્રસાદથીજ એક લભ્ય છે તે આ ગોપીજનોમાં પ્રસિદ્ધ છે તે દશમસ્કંધથી જાણવો. તો યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, પંચમસ્કંધ અને દશમસ્કંધ અનુક્રમે ધર્મશાસ્ત્ર યોગશાસ્ત્ર અને ભક્તિશાસ્ત્ર છે એવો અમારો મત છે ॥૯૯॥

શારીરક સૂત્રો અને ભગવદ્‌ગીતાના યથાસ્થિત અર્થના જ્ઞાનમાં ભાષ્યાંતરની અનાદરણીયતા ખ્યાપન કરવા કહેછે—શારીર–સર્વશરીર પરમાત્મા, તેને અધિકાર કરીને પ્રવર્તેલાં સૂત્રો 'अथातो ब्रह्मजिज्ञासा' આ સૂત્રને આરંભીને 'अनावृत्तिः शब्दात्' આ સૂત્રપર્યંતનાં બાદરાયણપ્રણીત છે તેમના અને ભગવદ્‌ગીતાના અર્થનિર્ણયમાં શ્રીમદ્રામાનુજાચાર્યે કરેલું આધ્યાત્મિક–સર્વાન્તરાત્મા પરમાત્મામાં સૂત્રાક્ષરોને અનુસારે પ્રવર્તેલું ભાષ્યજ મેં માનેલું છે એમ તમારે સર્વેએ જાણવું. યદ્યપિ શારીરકમીમાંસા અને ગીતાના વ્યાખ્યાનરૂપપણે પ્રવર્તેલા પ્રબન્ધો કેટલાક છે, પણ તે યથાસ્થિત આત્મસ્વરૂપનો બોધ કરનારા નથી. શ્રીમદ્રામાનુજાચાર્યવિરચિત

भाष्यमाध्यात्मिकं मम ॥१००॥ एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥१०१॥ मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः । धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥१०२॥ धर्मो ज्ञेयः सदा-

ભાષ્યજ તેવું છે, માટે તેના અર્થનિર્ણયમાં તેજ લેવું પણ શાંકર કે બીજું તેનું સહોદર લેવું નહિ, કેમકે મૃષાવાદાદિ દોષોથી દૂષિત છે ॥૧૦૦॥

આ વેદાદિ આઠ સચ્છાસ્ત્રો જે પ્રમાણપણે નિર્દેશ કર્યાં તેમાં મુમુક્ષુ જનોએ ઉપસેવવા લાયક બહુ બહુ બાબતો (સ્વર્ગ પુત્ર પશુ અન્નાદિ) તે તે સ્થળમાં પ્રતિપાદન કરી છે. યદ્યપિ સત્વાદિ ગુણોને અનુગુણ તેમાં તેમાં પ્રવર્તતા તે તે અધિકારીઓને અધિકાર કરીને તે શાસ્ત્રો પ્રવર્તેલાં હોવાથી તેમનું પ્રામાણ્ય સ્થિર છે, તથાપિ વેદોનું અને તન્મૂળક સ્મૃતિઓનું હાર્દ તેમાં નથી. પરમ તાત્પર્યતો નિઃશ્રેયસ સંપાદમાંજ છે, માટે તે સચ્છાસ્ત્રોમાં જે વચનો મુમુક્ષુપ્રાપ્ય પરંબ્રહ્મ પરમપુરૂષ શ્રીકૃષ્ણ ભગવાન્, તેમના ઉપાસનમાં ઉપકારક ધર્મ, તેમનેવિષે પ્રેમરૂપા ભક્તિ અને અન્યત્ર દૃઢ વૈરાગ્યના અતિશય ઉત્કર્ષને બોધ કરનારાં હોય તેજ વચનો ઇતર વચનોની અપેક્ષાએ પ્રકૃષ્ટ પ્રમાણ જાણવાં (પ્રધાન જાણવાં) પ્રાધાન્ય તો હિતતમનો અવબોધ આપે છે માટે અવશ્ય ઉપસેવ્યતારૂપ જાણવું. ધર્મે સહિત કૃષ્ણભક્તિ કરવી એટલુંજ વેદો અને તદનુસારી પ્રમાણો કે જે પરમહિતૈકપર છે તેમનું પરમ તાત્પર્ય છે. પરમ તાત્પર્યતો હિતતમજ કિંચિત્ છે, તેતો આત્યંતિક દુઃખનિવૃત્તિપૂર્વક પરમાનંદની પ્રાપ્તિ છે. તેતો પરંજ્યોતિ પરંબ્રહ્મ પરમાત્માને પામેલાનેજ પ્રાપ્ત થાય છે. તેમની પ્રાપ્તિનાં સાધન તો આ કહ્યાં એજ છે ॥૧૦૧-૧૦૨॥

'वेदाश्च व्याससूत्राणि' આથી પ્રમાણસાર કહીને, હવે પ્રમેય (ધર્માદિ) સારને તેના લક્ષણનિરૂપણદ્વારા કહે છે—શ્રુતિ સ્મૃતિએ ઉપપાદન કરેલો જે સદાચાર તે ધર્મ જાણવો. 'श्रुतिस्तु वेदो विज्ञेयो धर्मशास्त्रं तु वै स्मृतिः'

१ 'प्रमाणानि' इति पाठान्तरम् ।

चारः श्रुतिस्मृत्युपपादितः । माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च

એમ મનુએ કહ્યુ છે. 'श्रुतिस्मृत्युपपादित' આથી 'चोदनालक्षण' આટલુ સિદ્ધ થાય છે યદ્યપિ શ્યેનાદિપણ શ્રુતિએ ઉપપાદન કરેલો છે તથાપિ તે સદાચાર નથી, તેતો પરને અનર્થ કરનારો અસતોનો આચાર છે તો 'સદાચાર' આથી શ્યેનાદિકની નિવૃત્તિ કરી છે તેથી 'अर्थ' આટલુ તાત્પર્ય થાય છે તો 'चोदनालक्षणोऽर्थो धर्मः' આ જૈમિનીએ કહેલું ધર્મલક્ષણ આથી અનુવાદ કર્યુ થાય છે ચોદના—વેદવિધિ બોધિત હોઇને જે અર્થ હોય તે ધર્મ જાણવો, એવો એનો અર્થ છે અથવા—મુમુક્ષુઓએ આદરણીય ધર્મ આજ જાણવો કે જે શ્રુતિસ્મૃતિઉપપાદિત સદાચાર છે 'શ્રુતિસ્મૃતિઉપપાદિત સદાચારજ મુમુક્ષુઓનો ધર્મ જાણવો' આવો અન્વય કરવો 'श्रुतिस्मृत्युपपादित.' આ સામાન્યનિર્દેશ પૂર્વક 'सदाचार' આ વિશેષ નિર્દેશ છે એટલે શ્રુતિસ્મૃતિએ ઉપપાદન કરેલામા જે સદાચાર છે તેજ મુમુક્ષુઓએ આદરણીય ધર્મ જાણવો સચ્છબ્દથી બ્રહ્મવિદો જાણવા. 'अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेन ततो विदु' એવી શ્રુતિ છે, તેમનો આચાર નિષ્કામ કર્મ જાણુ બ્રહ્મવિદોમા સકામ કર્મ ઘટે નહિ

ભક્તિનુ સ્વરૂપ કહે છે—માધવ શ્રીમન્નારાયણમા જે અધિક સ્નેહ તે ભક્તિ જાણવી અધિક સ્નેહ કામાન્ધને સ્પર્શ શબ્દાદિકમા પણ હોય છે પણ તે ભક્તિ ન કહેવાય, પરતુ સવશ્વરમા તેમના ઐશ્વર્યના જ્ઞાનપૂર્વક જે પરાનુરાગ તે ભક્તિ કહી છે તે આ અભિપ્રાયથીજ 'माहात्म्य ज्ञानयुक्' એમ કહ્યુ છે આથી 'सा परानुरक्तिरीश्वरे' આ ભક્તિસૂત્રનુ વ્યાખ્યાન કર્યુ થાયછે 'माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढ सर्वतोऽधिक. । स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यया ॥' એમ પચરાત્રમા કહ્યુ છે અથવા 'माधवे भूरि स्नेह' આટલુ પદ ભક્તિસ્વરૂપપર લેવુ એમ લેવાથી 'सा परानुरक्तिरीश्वरे' આ સૂત્રની સાથે એકાર્થતા થાયછે. અતિશય સ્નેહની નિષ્પત્તિમા અને નિષ્પન્ન અધિક સ્નેહની પ્રતિદિન પ્રવૃદ્ધિના

१ 'सदाचारश्रुतिस्मृत्युपपादित' इति पाठान्तरम् ।

माधवे ॥१०३॥ वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु । ज्ञानं

અવિચ્છેદમાં હેતુ 'माहात्म्यज्ञानयुग्' આ પદથી જણાવ્યો છે. માહાત્મ્ય-જ્ઞાન ન હોય તો નિપજેલો પણ સ્નેહ દૃઢતર ન થાય અને ઉત્તરોત્તર અતિશયને ન પામે. તે માહાત્મ્યજ્ઞાન હોય તો ભક્તિ વૃદ્ધિને પામેજ. ભગવાનના માહાત્મ્યજ્ઞાનથી ભગવદ્ભક્તિ વૃદ્ધિ પામેછે એમ ગીતામાં સ્પષ્ટ કહ્યુ છે—'एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः । सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥' ઇતિ.

વૈરાગ્યનું સ્વરૂપ કહેછે—શ્રીકૃષ્ણથકી ઈતર વસ્તુમાત્રમાં જે અત્યંત અપ્રીતિ તે વૈરાગ્ય જાણવો. 'कृष्णं प्रभोः कालस्वरूपया स्थैर्यैस्तैस्तुविधैः । असद्बुद्धाखिलं तत्रारतिर्वैराग्यमुच्यते ॥' એમ સ્કંદપુરાણમાં લક્ષણ કહ્યું છે. યદ્યપિ મુમુક્ષુ હોઇને સર્વથા વિષયથી વિરક્તને પણ શ્રીકૃષ્ણથકી અન્ય પરિશુદ્ધ સ્વસ્વરૂપમાં રાગ અવર્જનીયજ છે, કેમકે આત્માવલોકન વિના ભક્તિની સિદ્ધિ થતી નથી. તથાપિ પરિશુદ્ધ આત્મસ્વરૂપમાં તેમને જે રતિ છે તે કેવળ જ્ઞાનૈકાકારપણે નથી પરંતુ ભગવાનના દાસપણેજ છે. તે આ પ્રીતિ તો ભગવત્પ્રીતિમાંજ પર્યવસાન પામે છે. કેવલાત્મામાં પ્રીતિ તો અનુચિત છે. ભગવત્પરોએ કૈવલ્ય પણ ત્યાજ્યજ છે. માટે 'શ્રીકૃષ્ણ થકી ઈતર વસ્તુમાત્રમાં જે અપ્રીતિ તે વૈરાગ્ય જાણવો' એમ જે કહ્યુ તે યુક્ત છે.

હવે નિરૂપણ કરેલી ભક્તિ અને વૈરાગ્યમાં જ્ઞાનની અપેક્ષા હોવાથી જ્ઞાનનું નિરૂપણ કરેછે—આ સ્થળે જ્ઞાન હેય ઉપાદેય વિજ્ઞાન જાણવું. વિષયદોષના વિચિંતન વિના વૈરાગ્યનો ઉદય થાય નહિ, તો તેમાં હેયપણે માયા જ્ઞાનની અપેક્ષા છે એ સિદ્ધ થયું. ઉપાદેયતમ જે ભગવત્સ્વરૂપ છે તેના પરિજ્ઞાન વિના તેમના માહાત્મ્યવિજ્ઞાનમૂળક ભક્તિ પણ ઉદય પામે નહિ, માટે તેમાં તત્ત્વવિજ્ઞાનની અપેક્ષા છેજ. જીવાત્મા પરમાત્માનીજ એક દાસતારૂપ રસવાળો હોવાથી તેનું પણ ઉપાદેયપણે વિજ્ઞાન અપેક્ષિત છે એમ જાણવું. જીવશબ્દથી ક્ષેત્રજ્ઞવર્ગ કહ્યો છે. માયાશબ્દથી ક્ષેત્રાદિ વિવિધ પરિણામના આશ્રયભૂત પ્રકૃતિ કહી છે. વિચિત્ર કાર્ય કરવાનું સામર્થ્ય હોવાને લીધે પ્રકૃતિને માયાશબ્દથી કહી છે પણ મિથ્યાપણાને

च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥१०४॥ हृत्स्थोऽणुसूक्ष्म-

લીધે નહિ. ઈશશબ્દથી તે બન્નેની અંદર પ્રવેશ કરીને નિયમ કરનારા પરમાત્મા કહ્યા છે. તે આ જીવ માયા અને ઈશના સ્વરૂપોને જે સુષ્ઠુ- યથાવસ્થિત સ્વરૂપે જાણવું તેજ જ્ઞાન જાણવું. બીજું તો અજ્ઞાન છે, કેમકે બંધન કરનાર છે. ચિત્ અચિત્ ઈશ્વર આ ત્રણ તત્ત્વો જાણવાં એટલું તાત્પર્ય છે ॥૧૦૩-૧૦૪॥

ત્રણ તત્ત્વો જાણવાનાં કહ્યાં, તેમાં પ્રથમ જીવનું સ્વરૂપ નિરૂપણ કરે છે—આ જીવ ચિદ્રૂપઃ-સ્વયંપ્રકાશમાનરૂપ ચૈતન્યસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ છે. શ્રુતિ જ્ઞાનસ્વરૂપતાને કહે છે-'विज्ञानात्मा पुरुषः' 'विज्ञानं यज्ञं तनुते' 'विज्ञाने तिष्ठन्' ઇતિ. જ્ઞાનપણું હોવાથી સ્વયંપ્રકાશતા સિદ્ધ થાય છે. તે શ્રુતિ કહે છે-'हृद्यन्तर्ज्योतिः पुरुषः' 'अत्रायं पुरुषः स्वयंज्योतिर्भवति' ઇતિ. યદ્યપિ પરમાત્મા પણ ચિદ્રૂપ છે અથાપિ તે અણુપરિમાણ નથી. અણુ- પરિમાણ હોઈને ચિદ્રૂપ તો જીવજ છે. જીવનું અણુપણું શ્રુતિએ કહ્યું છે- 'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः' 'आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः' 'वालाग्रशत- भागस्य शतधा कल्पितस्य च। भागो जीवः स विज्ञेयः' ઈત્યાદિ. આત્મા જ્ઞાન- સ્વરૂપજ છે પણ જ્ઞાનગુણક નથી આવા પરમતના નિરાકરણમાટે 'ज्ञाता' એમ કહેછે. જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાતાપણું પણ શ્રુતિમાં કહ્યુંછે-'एष हि द्रष्टा श्रोता घ्राता रसयिता मन्ता बोद्धा कर्ता विज्ञानात्मा पुरुषः' 'न विज्ञा- तुर्विज्ञातेर्विपरिलोपो विद्यते' 'अथ यो वेदेदं जिघ्राणीति स आत्मा' ઈત્યાદિ. એમ કહેવાથી-આત્મા વિભુ છે એવો વાદ, આગંતુક જ્ઞાનગુણક છે એવો વાદ અને જ્ઞાનમાત્ર છે એવો વાદ પરાસ્ત થઈ ગયો. તેનો ખંડનપ્રકાર તો ભાષ્ય થકી જાણવો. આત્માનું જ્ઞાતાપણું કહેવાથી અહમર્થનું આત્માપણું પણ સિદ્ધ થઈ જાયછે. અહમર્થ આત્માજ છે. 'अहं मनुरभवं सूर्यश्च' એરીતે અહંગ્રહથીજ આત્મસાક્ષાત્કાર આત્મદર્શી વામદેવનો છે. મુક્તોનો પણ 'अहमन्नमहमन्नमहमन्नादोऽहमन्नाद अहं श्लोककृदहं श्लोककृत्' એરીતે અહંગ્રહથીજ આત્માનુભવ છે. તેવોજ ઇશ્વરસંકલ્પ છે-'हन्ताहमिमा- स्तिस्रो देवताः' ઇતિ. માટે અહમર્થજ આત્મા છે. વળી આત્માનું જ્ઞાતા-

श्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम्। ज्ञानशक्त्या स्थितो जीवो

પણું કહેવાથી કર્તાપણું પણ સિદ્ધ થાય છે, કેમકે કર્તાપણું જ્ઞાતાનોજ ધર્મ છે. જ્ઞાતાનુંજ કર્તાપણુ હોવાથી 'चेतनोऽहं करोमि' 'ચેતન હું કરૂંછું' એવો જે ચૈતન્ય અને કર્તૃત્વનો એકપણે અનુભવ થાયછે તેપણ ઘટતો આવે છે. સૂત્રકાર પણ 'कर्ता शास्त्रार्थवत्त्वात्' એમ જીવમાં કર્તૃત્વ સમર્થન કરે છે. આ કર્તૃત્વપણુ આત્માનું પરમાત્માને અધીન છે, 'परात्तु तच्छ्रुतेः' એમ સૂત્રકાર સમર્થન કરેછે. 'अन्तःप्रविष्टः शास्ता जनानां सर्वात्मा' 'य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति' એવી શ્રુતિ છે. તે આ જીવાત્મા પ્રતિશરીર ભિન્ન ભિન્ન હોઇને તેતે હૃદયપ્રદેશમાં વિશેષસત્તાથી વર્તે છે એવા અભિપ્રાયથી 'हृत्स्थः' એમ કહેછે. તેમાં શ્રુતિ છે–'हृदि ह्ययमात्मा योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः' ઇતિ સૂત્રકાર પણ કહેછે–'अवस्थितिवैशेष्यादिति चेन्नाभ्युपगमात् हृदि हि' ઇતિ हृत्स्थः–'હૃદયપ્રદેશમાં રહેલો' એમ કહેવાથી શરીરથકી આત્મા જુદો છે એમ સિદ્ધ થાયછે. તેથી 'દેહજ આત્મા છે' એવો જે વાદ તે પરાસ્ત થએલો જાણવો. તેનો ખંડનપ્રકાર ભાષ્યથકી જાણવો તે આ જીવાત્મા સૂક્ષ્મ છે ત્યાં ત્યાં પ્રવેશ કરતાં મૂર્તનેજ જેમ એમ એને તેતે વ્યાપ્ય વસ્તુઓવડે પ્રતિરોધ થતો નથી, કેમકે આત્મા આકાશાદિવત્ અમૂર્ત દ્રવ્ય છે અણુપરિમાણુ એવો પણ આ આત્મા પોતાની જ્ઞાનપ્રભાથી अखिलां तनुं–આપાદતળ મસ્તક પોતાના દેહમાં અભિવ્યાપીને રહ્યો છે. એમ કહેવાથી–'આત્મા અણુપરિમાણુ હોય તો શરીરમાં એક પ્રદેશમાં વિદ્યમાનપણું અવશ્ય અંગીકાર કરતાં હસ્તપાદાદિ સર્વે અવયવાવચ્છેદથી સુખ દુ:ખાદિકની ઉપલબ્ધિ ન થાય' એવી શંકા પરાસ્ત થઈ ગઈ. આત્મા અણુ છે પણ ધર્મભૂત જ્ઞાનના પ્રસરણથી સર્વે અવયવાવચ્છેદથી સુખ દુઃખાદિકનો અનુભવ ઘટે છે. 'गुणाद्वाऽऽलोकवत्' એવું વ્યાસસૂત્ર છે. 'यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः। क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत॥' એમ ગીતામાં કહ્યું છે. વળી તે આ જીવ અચ્છેદ્યત્વાદિ લક્ષણવાળો હોઇને અવિનાશી છે. તેમાં શ્રુતિ છે–

ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥१०५॥ त्रिगुणात्मा तमः 'कृष्णशक्तिर्दे-
'न हन्यते हन्यमाने शरीरे' ઇતિ. ગીતાવચન છે-'अच्छेद्योऽयमदाह्योऽयम-
क्लेद्योऽशोष्य एव च' ઇતિ. અહીં 'ज्ञाताऽणुः' આ પદથી 'ज्ञातृत्वे सति अणुत्वं'
'જ્ઞાતાપણું હોવાની સાથે અણુપણું' જીવનું લક્ષણ કહ્યું છે. પરમાત્મામાં
અતિવ્યાપ્તિ વારણમાટે અણુત્વ કહ્યું છે. 'ह्रस्वोऽणुः' આ પદથી પ્રત્યેક
શરીરમાં જીવ જુદો જુદો છે એમ સૂચવ્યું છે. એથી જીવોનું અનંતપણું
જાણવું. આવો જીવ જાણવો. આ સ્થળે વિસ્તાર ભાષ્યમાં જોવો ॥૧૦૫॥

હવે માયાનું સ્વરૂપ કહેછે—વિચિત્ર કાર્ય કરનારી હોવાથી વિસ્મ-
યનીયા છે માટે પ્રકૃતિનો માયાશબ્દથી નિર્દેશ કર્યો છે. આથી–'**માયા-**
શબ્દથી પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે તો તે મિથ્યા છે' એવી શંકા પરાસ્ત
થઈ. તેવી શ્રુતિ છે–'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्' ઇતિ
માયાશબ્દથી કહેલી તે આ પ્રકૃતિ સત્ત્વાદિ ત્રણ ગુણોથીજ નિરૂપણીય
હોવાથી **ત્રિગુણાત્મા** કહી છે. ત્રણ ગુણો–સત્વ રજ તમ, તેજ આત્મા–
સ્વરૂપને નિરૂપણ કરનારો ધર્મ જેનો છે તે ત્રિગુણાત્મા કહેવાય, અર્થાત્
સત્વાદિ ગુણત્રયવિશિષ્ટા છે. 'अजामेकां लोहितशुक्लकृष्णां' એવી શ્રુતિ
છે. લોહિતાદિ શબ્દથી સત્વ રજ તમ ગુણ કહ્યા છે. 'सैयं गुणमयी
माया' 'ममाङ्ग माया गुणमय्यनेकधा' 'प्रकृतिर्गुणसाम्यं वै' એમ ભાગવ-
તમાં કહ્યું છે. ગુણમયત્વનિર્દેશ તો અધિકપણાના અભિપ્રાયથી કર્યો છે.
આથી–'સત્વાદિ ત્રણ ગુણોનો સમુદાયજ પ્રકૃતિ છે' એવો સાંખ્યવાદ
પરાસ્ત થયો. કારણ કે સત્વાદિકને પ્રકૃતિના ગુણપણે બહુ સ્મૃતિવચનો
કહે છે.—'कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः' 'प्रकृतेः क्रियमाणानि
गुणैः' 'प्रकृतेर्गुणसम्मूढाः' 'प्रकृतिं च गुणैः सह' 'सत्त्वं रजस्तम इति प्रकृ-
तेर्गुणास्तैः' 'सत्त्वादिभिर्गुणैर्धत्ते' 'एते प्रधानस्य गुणास्त्रयः पुरुषसत्तम'
ઇત્યાદિ. આ માયા **તમઃ**–મહદાદિ વ્યક્ત અવસ્થાઓના વિલયનું સ્થાન
હોવાથી પ્રલયસમયે નામરૂપાદિકે રહિતપણું છે માટે જે મૂળ પ્રકૃતિ છે
તે આ જીવવિજ્ઞાનના પ્રસરણને પ્રતિરોધ કરનાર હોવાથી **તમઃ**શબ્દથી
કહી છે, અર્થાત્ મહદાદિ સમગ્ર પરિણામના મૂળભૂત, ત્રિગુણસામ્યરૂપ,

हृतदीययोः । जीवस्य चाहंममताहेतुर्मायाऽवगम्यताम् ॥१०६॥

તરંગ વિનાના સમુદ્રસદૃશ, કારણાવસ્થામાં રહેલું જે પ્રધાન તે તમઃશબ્દથી કહ્યું છે. 'महानव्यक्ते लीयते, अव्यक्तमक्षरे लीयते, अक्षरं तमसि लीयते' 'नासदासीन्नो सदासीत्तदानीं तम आसीत्' એવી શ્રુતિ છે. તે આ 'તમઃ'-શબ્દવાચ્ય માયા કૃષ્ણશક્તિઃ-કૃષ્ણ આનંદમય પરબ્રહ્મનો સકળ પ્રપંચની સૃષ્ટિ કરવામાં સમુપયોગી શક્તિવિશેષ છે. અગ્નિના દાહોપયોગી અપૃથક્સિદ્ધ કોઈ ધર્મને શક્તિપણે વ્યવહાર કરાયછે. જે કાર્યોપયોગી અપૃથક્સિદ્ધ વિશેષણ તે શક્તિ છે એવું શક્તિનું લક્ષણ છે. અપૃથક્સિદ્ધ વિશેષણતાતો શરીરપણે જાણવી. 'यस्याव्यक्तं शरीरं' આ અંતર્યામિબ્રાહ્મણ શ્રુતિ માયાને પરમાત્માનું શરીર કહેછે. 'बहु स्यां प्रजायेय' એમ બહુ થવાના સંકલ્પપૂર્વક જગતને સર્જતા પરબ્રહ્મને યથાસંકલ્પ બહુ થવારૂપ સર્ગમાં માયાનો ઉપયોગ જાણવો. પરબ્રહ્મ સ્વરૂપતઃ એકજ છે પણ તેમનું શરીરભૂત ચિત્ અચિત્ દ્વારા બહુ થવાપણું છે. માટેજ 'परस्य ब्रह्मणः शक्तिस्तथेदमखिलं जगत्' એમ સ્મૃતિ કહેછે. 'देवात्मशक्तिं स्वगुणैर्निगूढां' એવી શ્રુતિ છે. 'स्वाकरया मायया युक्तः सृजत्यत्ति च पाति च' એમ ભાગવતમાં કહ્યું છે. એરીતે માયાને કૃષ્ણશક્તિપણે નિરૂપણ કરવાથી 'અનુમાનગમ્ય પ્રકૃતિ સ્વતંત્રપણે જગત્સર્જનમાં કારણ છે' એવો જે કાપિલ વાદ તે પરાસ્ત થયો. પ્રકૃતિ બ્રહ્માત્મક હોવાથી પરતંત્રજ છે.

એરીતે માયાનું સ્વરૂપ નિરૂપીને તેનો સ્વભાવ હવે કહેછે—તે આ માયા દેહ-માયાના પરિણામભૂત અને તદીય-દેહના પરિણામભૂત પુત્ર પૌત્રાદિ (અથવા તદીય-દેહસંબન્ધિ પરિજન પરિચ્છદાદિ) તેમાં જીવને કર્મમૂળ પોતાના યોગથી અનુક્રમે અહંબુદ્ધિ અને મમત્વબુદ્ધિને ઉપજાવેછે. જે હેતુમાટે ત્રિગુણાત્મા છે તે હેતુમાટે તે આ માયા પોતાના પરિણામભૂત દેહના સંસર્ગવાળા જીવને પોતામાં રહેલા ગુણોના સંગથી બંધન કરેછે. તમોગુણનો આ સ્વભાવ-અર્થની અપ્રકાશતા અને વિપરીતપણે પ્રકાશના છે. તેથી અનાત્મામાં આત્મભ્રમ અને તન્મૂળક દેહાનુબન્ધિમાં મમતારોપ અને પછી સ્નેહાનુબન્ધાદિ રાજસ બધું પ્રવર્તે છે. તેને અભિમાન

વસ્તુનો પ્રકાશ સત્ત્વથી થાય છે. તો એરીતે ત્રિગુણા માયાનો બંધકત્વ સ્વભાવ છે. તે ગીતામાં કહ્યું છે–'सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः । निबध्नन्ति महाबाहो ! देहे देहिनमव्ययम् ॥ तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् । सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ! ॥ रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् । तन्निबध्नाति कौन्तेय ! कर्मसङ्गेन देहिनम् ॥ तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् । प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ! ॥' ઇત્યાદિ. માયાનું દેહ દૈહિકવિષે અહંમમતામાં હેતુપણું વિષ્ણુપુરાણમાં કહ્યું છે–'श्रूयतां चाप्यविद्यायाः स्वरूपं कुलनन्दन ! । अनात्मन्यात्मबुद्धिर्या अस्वे स्वमिति या मतिः ॥' ઇતિ. તથા ભાગવતમાં કહ્યું છે–'सोऽहं ममाहमिति मूढमतिर्विगाढस्त्वन्मायया विरचितात्मनि सानुबन्धे' 'तत्तः प्रभो ! त्वं कुकलेवरार्पितां त्वन्माययाऽहंममतामधोक्षजः' ઇતિ. એરીતે માયાનો સ્વભાવ કહેવાથી–સ્વતઃશુદ્ધ એવા પણ આત્માને કર્મમૂલક ત્રિગુણયોગને લીધે વિપરીત બુદ્ધિ અને તેની વાસનાથી ઉપજતું જે જનનમરણ ચક્રભ્રમણ તેથી ઉપજતો દુઃખસંબન્ધ છે, એટલું તાત્પર્ય નીકળે છે. આથી–'આત્મા તો પદ્મપત્રવત્ નિર્લેપ છે, સુખદુઃખનો સંબન્ધ તો પ્રકૃતિના પરિણામભૂત બુદ્ધિનેજ છે' આવો જે સાંખ્યવાદ તે પરાસ્ત થઈ ગયો. મૂળપ્રકૃતિનું લક્ષણ તો ગુણસામ્ય છે. તે આ માયા મહદાદિ સમગ્ર વિકારોને એનાથકી ઈશ્વર પ્રકરેછે તેથી તે આ માયા પ્રકૃતિશબ્દથી કહેવાય છે. વિદ્યાસાથે વિરોધ છે માટે અવિદ્યાશબ્દથી પણ કહેવાય છે. વિદ્યાસાથે વિરોધ તો મોહક હોવાથી છે. પ્રલયસમયે મહદાદિ કાર્ય અવસ્થાથી વ્યક્ત થતી નથી માટે અવ્યક્તશબ્દથી પણ કહેવાય છે. આવા સ્વરૂપ સ્વભાવવાળી માયાના સંગથી જીવ કે જે દેહથકી અત્યંત વિલક્ષણ ચૈતન્યૈકઘન છે તેનેપણ દેહાત્મભ્રમ થાય છે. આથી માયાનો વૈભવ જણાવ્યો છે. 'अवगम्यतां'–મદના સ્વરૂપ સ્વભાવને નહિ જાણનારાઓને તો માયાતરણ અસંભાવિત છે, માટે તમે સર્વે 'તે આ માયા આવી છે' એમ દોષાનુચિંતનથી તેના ત્યાગમાટે એનું સ્વરૂપ જાણો. જાણીને તેના તરણમાટે 'मामेव ये प्रपद्यन्ते मायामेतां

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र

तरन्ति ते' આ સ્વયં ભગવાને ગાએલી પ્રપત્તિનો પરિગ્રહ કરો. અહીં વિશેષ ભાષ્યથકી જાણવો ॥૧૦૬॥

હવે સર્વેશ્વરનું સ્વરૂપ કહે છે—યદ્યપિ બહુ બહુ દેવો ઇશ્વરપણે નિર્દેશ કર્યા છે, તથાપિ તેઓમાં નિરૂપાધિક ઇશ્વરપણું નથી, જે આ સમસ્ત જગતમાં પ્રવેશ કરીને નિયમન કરેછે તેજ સ્વતંત્ર સર્વેશ્વર છે, એમ જણાવા માટે 'हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ' એમ કહેછે. હૃદયમાં જીવવત્ જે પરમાત્મા રહ્યા છે. હૃદયમાં તો જીવપણ રહ્યો છે તો પરમાત્માનો એથી વિશેષ શો? તો જીવના પણ અંતર્યામિપણે—આત્માપણે પરમાત્મા રહ્યા છે, એ જીવથકી એમનો વિશેષ છે. 'જીવના અંતર્યામી' એમ કહેવાથી સર્વાન્તર્યામિપણું સિદ્ધ થાય છે. યદ્યપિ જીવ હૃદયમાં રહ્યો છે ખરો પણ કર્મથી નિયન્ત્રિત છે. આ પરમાત્મા તો સમગ્ર પ્રવૃત્તિનિવૃત્તિમાં મૂળભૂત જે જ્ઞાન તેના ઉદયના પ્રદેશભૂત તેજ હૃદયમાં રહીને જીવને નિયમેછે. તે ગીતામાં કહ્યું છે—'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन ! तिष्ठति । भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥' 'सर्वस्य चाहं हृदि सन्निविष्टः मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च' 'अहमात्मा गुडाकेश! सर्वभूताशयस्थितः' ઇતિ. અથવા એવી યોજના કરવી—હૃદયમાં જીવાત્મા જેમ અનુપ્રવેશ કરીને રહ્યો છે તેમ જીવમાં અંદર અનુપ્રવેશ કરીને પરમાત્મા રહ્યા છે. 'हृदये जीववत्' આ દૃષ્ટાંતથી શરીરની સત્તાને ધારણ કરવાપણું જીવનુંજ જેમ છે તેમ જીવસ્વરૂપની સત્તાને ધારણ કરવાપણુ પરમાત્માનું જણાયછે. એટલે-જેમ શરીર જીવના અધિષ્ઠાનથીજ પોતાનું કાર્ય કરવા સમર્થ થાય છે, અન્યથા તો તે કાષ્ઠપ્રાય અસતજ છે, તેમ આ જીવપણ સર્વેશ્વરની સત્તાથીજ તે તે ચેષ્ટામાં પ્રવર્તેછે. આથી-શરીરની સત્તાને આધાન કરનારો જીવાત્મા જેમ શરીરથકી જુદો છે તેમ જીવસત્તાને આધાન કરનારા, તેનાપણ અંતરાત્માપણે રહેલા આ પરમાત્મા તેનાથી પણ જુદાજ છે એમ સિદ્ધ થાયછે. તે આ અર્થને વિશદ કરવા 'योऽन्तर्यामितया स्थितः'

ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥१०७॥ स श्रीकृष्णः परंब्रह्म भगवान्

એમ કહ્યું છે. આથી–જીવાત્મા પરમાત્માનો જે અભેદવાદ કોઇનો છે તે પરાસ્ત થયો. તેનો પ્રકાર ભાષ્યથકી જાણવો. જીવ પરમાત્માનો ભેદ પ્રતિપાદન કરનારી અનેક શ્રુતિ સ્મૃતિઓ છે—'पृथगात्मानं प्रेरितारं च मत्वा' 'नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान्' 'ज्ञाज्ञौ द्वावजावीशनीशौ' 'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्योऽभिचाकशीति ॥' 'अस्मान्मायी सृजते विश्वमेतत्तस्मिंश्चान्यो मायया सन्निरुद्धः' 'प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः' 'द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च । क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः । यो लोकत्रयमाविश्य विभर्त्यव्यय ईश्वरः ॥ यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः । अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥' ઇત્યાદિ. પરમાત્માની જીવોના અંતર્યામિપણે સ્થિતિ 'य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति' 'अन्तःप्रविष्टः शास्ता जनानां सर्वात्मा' 'एष सर्वभूतान्तरात्मा दिव्यो देव एको नारायणः' ઇત્યાદિ શ્રુતિસિદ્ધ છે. તે આ પરમાત્મા સ્વતંત્ર ઇશ જાણવા–ઇશપણું અપેક્ષાબુદ્ધિથી ઇન્દ્રાદિકમાં પણ છે અથાપિ સ્વતંત્રપણું હોવાની સાથે ઇશ્વરપણું તો તેઓનું નથી માટે અતિવ્યાપ્તિ નથી. સ્વાતંત્ર્ય તો અનન્યાધીનતારૂપ છે. (અન્યને અધીન નહિ) યદ્યપિ અનન્યાધીનતામાત્ર લક્ષણ હોઇ શકેછે, તથાપિ 'ઇશ્વરભાવથી અતીત નિર્વિશેષ પરંબ્રહ્મ પરમાત્મતત્ત્વ છે' આવા પરાભિમત વાદને કોઇ સમઝી ન બેસે એટલામાટે 'ईश' એમ કહ્યું છે. તો સ્વતન્ત્રપણું સતે ઇશ્વરપણું પરમાત્માનું લક્ષણ છે એમ સિદ્ધ થયું. તેવી શ્રુતિઓ છે—'ईशावास्यमिदं सर्वं' 'पतिं विश्वस्यात्मेश्वरम्' 'सर्वस्य वशी सर्वस्येशानः' 'तमीश्वराणां परमं महेश्वरं तं दैवतानां परमं च दैवतम् । पतिं पतीनां परमं परस्तात्' ईशानो भूतभव्यस्य' जुष्टं यदा पश्यत्यन्यमीशम्' 'क्षरात्मानावीशते देव एकः' 'विश्वस्यैकं परिवेष्टितारमीशं ज्ञात्वाऽमृता भवन्ति' 'विद्याविद्ये

पुरुषोत्तम । उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥१०८॥

ईशते यस्तु सोऽन्य ' ઇત્યાદિ તેવી સ્મૃતિઓ છે–'स यावदुर्व्या भरमी श्वरेश्वर स्वकालशक्त्या क्षपयश्चरेद्भुवि' 'विविक्त उपसङ्गम्य जगतामी श्वरेश्वरम् 'गृहीतमूर्तित्रय ईश्वरेश्वर ' 'एव प्रसादित कृष्णो भगवानीश्वरे श्वर ' 'सर्वेश्वर सर्वदृक् सर्ववेत्ता समस्तशक्ति परमेश्वराख्य ' ઇત્યાદિ જે હેતુમાટે આ પરમેશ્વર સર્વાન્તરાત્મા હોવાથી સમસ્ત જગત્ એમની તનુ છે તે હેતુમાટેજ સર્વકર્મસમારાધ્ય અને સર્વકર્મફળપ્રદ એજ છે સર્વકર્મો–પશુ પુત્ર સ્વર્ગાદિકની અપેક્ષાથી ઇન્દ્રાદિકને ઉદ્દેશીને કરાતા કર્મોના, ફળપ્રદ–તેમના તેમના આરાધનથી તેમના તેમના શરીરી પર માત્મા સ્વય પ્રસન્ન થઇને ફળ આપેછે તેમા 'एको बहूना यो विदधाति कामान्' એવી શ્રુતિ છે તથા ગીતામા કહ્યુ છે–'स तया श्रद्धया युक्तस्त स्याराधनमीहते । लभते च तत कामान्मयैव विहितान् हि तान् ॥' 'येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयाऽन्विता । तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥' 'अह हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च' ઇત્યાદિ સૂત્રકાર પણ કહે છે–'फलमत उपपत्ते ' ઇતિ ॥૧૦૭॥

જે સર્વેશ્વર તત્ત્વ નિરૂપણ કર્યું તે શ્રીકૃષ્ણજ છે એમ કહે છે—

સર્વાંતર્યામિપણે સકલફળપ્રદાતાપણે કહેલા જે સર્વેશ્વર તે શ્રીકૃષ્ણજ છે તેથી રૂદ્રાદિ દેવતાતરનુ નિવારણ થાયછે પ્રધાનમા, પરિશુદ્ધ આત્મસ્વરૂ પમા અને અક્ષરમા બ્રહ્મશબ્દનો પ્રયોગ છે, તેની નિવૃત્તિ માટે 'પરબ્રહ્મ' એમ કહ્યુ છે સ્વરૂપથી અને ગુણથી જેમા અનવધિ બૃહત્ત્વ (મોટાપણુ) હોય તેજ પરબ્રહ્મ છે એ રીતે શ્રુતિમા પરબ્રહ્મપણે જે નિરૂપણ કર્યાં છે તે આ શ્રીકૃષ્ણજ છે 'कृषिर्भूवाचक शब्दो णश्च निर्वृतिवाचक ' આ નિરૂક્તથી આનંદમયપણુ કૃષ્ણપદની પ્રવૃત્તિનુ નિમિત્ત જણાય છે આનંદમયનુજ પરબ્રહ્મપણુ વેદાતમા સ્પષ્ટ છે પરબ્રહ્મની અતરાત્મતાને ઉપપાદન કરતી શ્રુતિ 'अन्योऽन्तर आत्मा आनन्दमय ' એમ આનંદમયમા ઉપસહાર કરે છે સૂત્રકારપણ આનંદમય તે પરબ્રહ્મ છે એમ કહેછે 'आनन्दमयोऽभ्यासात्' આ સૂત્ર છે તથા જે મત્સ્ય કૂર્માદિક અનેક પ્રાદુ-

ભાવવિશેષો ધર્મરક્ષણાર્થે થયા છે તે સર્વેના આજ મૂળભૂત છે. એમનાથકીજ સમસ્ત અવતારો પ્રાદુર્ભવે છે. 'अजायमानो बहुधा विजायते' એવી શ્રુતિ છે. 'धर्मसंस्थापनार्थाय सम्भवामि युगेयुगे' 'बहूनि मे व्यतीतानि जन्मानि' એમ પોતેજ ગીતામાં કહ્યું છે. અથવા–'यतो वा इमानि भूतानि जायन्ते...तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति' આ શ્રુતિએ પરબ્રહ્મનું અસાધારણ લક્ષણ જે સકળજગત્કારણત્વરૂપ કહ્યું છે તે આ શ્રીકૃષ્ણનુંજ છે એમ 'सर्वाविर्भावकारणम्' આ પદથી કહેછે. સર્વ–ચિદચિન્મિશ્રિત સમષ્ટિ કાર્યો અને વ્યષ્ટિ કાર્યોના પ્રાદુર્ભાવ–ઉત્પત્તિમાં કારણ–ઉપાદન નિમિત્ત છે. ઉત્પત્તિને જે આવિર્ભાવશબ્દથી કહી તે અસત્કાર્યવાદના વિનિવારણ માટે છે. જે સત્–વિદ્યમાન છે તેને વિલક્ષણ અવસ્થાનો યોગ આવે તે ઉત્પત્તિ કહેવાય. અસત્કાર્યવાદ અને તેના ખંડનનો પ્રકાર ભાષ્યથકી જાણવો. હેયવિરોધિપણારૂપ (નિત્યનિર્દોષતા) અને કલ્યાણગુણનિધિપણારૂપ જે ઉભય લિંગ તે આ શ્રીકૃષ્ણનુંજ છે એમ ભગવાનપદથી કહ્યું છે. હેયવિરોધિપણું અને કલ્યાણગુણનિધિપણું ભગવચ્છબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત છે. તે સ્મૃતિમાં કહ્યું છે–'शुद्धे महाविभूत्याख्ये परे ब्रह्मणि शब्द्यते। मैत्रेय! भगवच्छब्दः सर्वकारणकारणे ॥ तत्र पूज्यपदार्थोक्तिपरिभाषासमन्वितः। शब्दोऽयं नोपचारेण ह्यन्यत्र ह्युपचारतः ॥ ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः। भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ॥' ઇતિ. જે આનંદમયપણું, સકળજગતના કારણપણું અને હેયવિરોધિપણાએ વિશિષ્ટ કલ્યાણગુણનિધિપણું, તેને લીધે શ્રુતિ સ્મૃતિમાં પુરૂષોત્તમપણે કહેલા જે છે તે આ શ્રીકૃષ્ણજ છે. 'सः उत्तमः पुरुषः' એવી શ્રુતિ છે. 'यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः। अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥' એમ ગીતામાં સ્વયં કહ્યું છે. શ્રીકૃષ્ણજ પરબ્રહ્મ છે આ અર્થમાં આ વચનો પ્રમાણપણે જાણવાં 'तत्राथ कृष्णं भगवन्तमैक्षन्नारायणं निर्गुणमास्थितं सः। सर्वज्ञमीशं पुरुषोत्तमं च यं वासुदेवं प्रवदन्ति सात्वताः ॥ यं केचिदाहुः परमात्मसंज्ञं केचित्परंब्रह्म परात्परं च ॥ नित्यानामात्मनां नित्य आत्मा चेतनचेतनः। क्षराक्षरेभ्यश्च परस्त्वं ब्रह्म परमं हरे! ॥' 'श्रुत्वा

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः। रुक्मिण्या रमयोपेतो

कृष्णं परंब्रह्म पार्थः परमविस्मितः। 'एष वै भगवान् साक्षात्' 'कृष्णस्तु भगवान् स्वयम्' 'येषां गृहानावसतीति साक्षाद्गूढं परंब्रह्म मनुष्यलिङ्गम्' ઇત્યાદિ. તે આ શ્રીકૃષ્ણ પરંબ્રહ્મ નિઃશ્રેયસાર્થી સર્વેએ ઉપાસ્ય છે. આપણે આત્મારામોને અત્યંત પ્રિયતમ દેવ આ શ્રીકૃષ્ણજ છે. આ શ્લોકનો નિર્ગલિતાર્થ એટલોજ છે કે—પૂર્વશ્લોકમાં સામાન્યપણે પ્રસ્તુત કરેલું જે સર્વેશ્વર તત્વ તે શ્રીકૃષ્ણજ છે અને તેજ મુમુક્ષુઓએ ઉપાસ્ય પરંબ્રહ્મ ભગવાન્ પુરૂષોત્તમ છે. આ સ્થળે આટલું જાણવું—'सर्वाविर्भावकारणं' આનાથી પરબ્રહ્મનું જગજ્જન્માદિકારણત્વરૂપ લક્ષણ જણાવ્યું છે. 'उपास्यः' આનાથી મુમુક્ષુઉપાસ્યત્વરૂપ લક્ષણ જણાવ્યું છે. 'भगवान्' આ શબ્દથી સ્વતઃ નિત્યનિર્દોષપણારૂપ અને સત્યસંકલ્પપણારૂપ લક્ષણ સૂચવ્યું છે. પૂર્વશ્લોકમાં 'सर्वकर्मफलप्रदः' આનાથી સર્વકર્મસમારાધ્ય-પણારૂપ અને સર્વકર્મફળપ્રદપણારૂપ એમ બે લક્ષણોનો સંગ્રહ જણાવ્યો છે. 'स्वतन्त्र ईशः' આ પદથી સર્વેશ્વરપણારૂપ લક્ષણ સૂચવ્યું છે. 'हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः' આનાથી સર્વાત્મતા, સર્વાધારતા, સર્વસ્વામિતા, ઇત્યાદિ લક્ષણો સૂચવ્યાં છે. યદ્યપિ આમાંથી હરકોઈ એક લક્ષણનીપણ ઇતર જીવાદિકથકી પરમાત્માની વ્યાવર્તકતા (જુદાઈપણું) છેજ તથાપિ એક બ્રહ્મસ્વરૂપપ્રતિપત્તિમાત્રથી બ્રહ્મનું ઐશ્વર્ય સમગ્રપણે જાણવામાં આવે નહિ. માટે આ બધાંય લક્ષણોથી તે બ્રહ્મસ્વરૂપ સમજવું. આ ચાર શ્લોકથી 'ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम्' આનાથી કરેલા નિર્દેશને અનુસારે જીવ માયા અને ઇશ્વર આ ત્રણ તત્ત્વનું નિરૂપણ કર્યું ॥૧૦૮॥

શંકા—શ્રીકૃષ્ણભગવાનજ જો ઉપાસ્ય ઇષ્ટદેવ આપણા હોય તો ત્યાં ત્યાં રાધાકૃષ્ણ લક્ષ્મીનારાયણ નરનારાયણ આદિક તે તે ઉપાસ્ય મૂર્તિઓમાં ભેદ કેમ છે? એવી શંકામાં કહે છે—જે સર્વાવિર્ભાવકારણ પરંબ્રહ્મ ભગ-વાન્ પુરૂષોત્તમ ઉપાસ્યપણે કહ્યા તેજ પ્રભુ રાધાયોગને આગળ કરીને ઉપાસન કરાતાં રાધાકૃષ્ણ નામથી કહ્યા છે, રૂક્મિણીરૂપ સાક્ષાત્ લક્ષ્મીયોગને આગળ કરીને ઉપાસના કરાતાં લક્ષ્મીનારાયણ નામથી

लक्ष्मीनारायण. स हि ॥१०९॥ ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः । बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥११०॥ एते राधादयो भक्तास्तस्य स्यु. पार्श्वत. क्वचित् । कचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकल. ॥१११॥ अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न

કહ્યા છે, અર્જુનયોગને આગળ કરીને ઉપાસન કરાતા નરનારાયણ નામથી જાણવા, બળરામના યોગને આગળ ધરીને ઉપાસન કરાતા રામકૃષ્ણ નામથી જાણવા, એમ તેના તેના યોગથી તે તે નામથી કહેવાય છે એ રીતે વિશેષણભેદયોગને લીધે નામભેદમાત્ર છે વસ્તુતાએ વિશેષ્ય ઉપાસ્ય સ્વરૂપમા તો ભેદ છેજ નહિ જેમ મનોમયત્વાદિ ગુણભેદથી અને નેત્રાદિ સ્થાનભેદથી ભિન્નભિન્ન શ્રુતિમા શ્રવણ થતા ઉપાસનો ગુણાદિ ઉપાસ્યતાવચ્છેદક (વિશેષણ) નો ભેદ સતેપણ બ્રહ્મસ્વરૂપનુ ઐક્ય હોવાથી બધા બ્રહ્મોપાસનોજ છે, તેમ આ પણ જાણવુ એવો ભાવ છે રાધાદિકતો નિત્યમુક્તો છે ॥૧૦૯-૧૧૦॥

પ્રસગાત્ ભગવાન્ શ્રીકૃષ્ણનો રાધાદિ નિત્યમુક્તવર્ગ સાથે નિત્યયોગ જણાવતા થકા તેમા વિશેષ કહે છે—આશય એવો છે કે—આ રાધાદિક જ્યારે જ્યારે ભગવાન્ અવતરેછે ત્યારે ત્યારે તેમની સાથેજ અવતરતા કોઈ અવતરણ સમયે તેમની પાસે રહેલા જણાય છે અને ક્યારેક તો તેમના અગમાજ રહેલા હોવાથી પૃથક્ જણાતા નથી ત્યારે તો ભગવાન્ એકલાજ જણાય છે તેમા નિમિત્તતો અવતરતા ભગવાનનો સકલ્પજ છે સ્નેહાતિશયને લીધે એમને અવકાશ પોતાના અગમાજ ભગવાન આપે છે એમ રાધાદિ નિત્યમુક્તોનો આ નિત્યયોગ દૃશ્ય અદૃશ્ય ભેદથી છે—ક્યારેક ભગવાનની પરિચર્યાપરાયણ હોઇને પાસેજ દૃશ્ય રહે છે અને ક્યારેક સન્નિપ્રકર્ષને લીધે તેમના અગમા સશ્લેષવિશેષને પામીને અદૃશ્યરૂપે વર્તે છે ત્યારે તો આ ભગવાન રાધાદિ ભક્તોની દૃષ્ટિથી એકલાજ જાણવા માટે આ ઉપાસ્યના સ્વરૂપમા લેશપણ ભેદ નથી રાધાવિગેરે પરબ્રહ્મના શેષભૂત છે માટે 'भक्ता' એમ લક્ષણપણે કહ્યા છે સપ્રદાયવિદોતો આ ત્રણેય શ્લોકોનુ મદિરસ્થ અર્ચાપરપણે વ્યાખ્યાન કરેછે ॥૧૧૧॥

सर्वथा ॥ चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चेच्छिकम् ॥११२॥ तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चि-

રાધાદિ વિશેષણ ભેદમાં પણ અભેદને પ્રસાધીને, હવે ચતુર્ભુજત્વ અષ્ટભુજત્વ આદિક ભેદમાં પણ અભેદને સમર્થન કરેછે—ચતુર્ભુજપણું અષ્ટભુજપણું આદિક તો વસ્તુતાએ દ્વિભુજ એવા તે દિવ્યાકૃતિ કૃષ્ણ ભગવાનનું ઐચ્છિક-ઇચ્છાપ્રાપ્ત રૂપ છે. માટે-ચતુર્ભુજત્વાદિ ભેદથી પણ (અથવા ચતુર્ભુજત્વાદિક ઐચ્છિક છે માટે) ભગવાનના સ્વરૂપમાં ભેદ સર્વ પ્રકારે નજ જાણવો. 'द्विबाहोस्तस्य' એમ કહેવાથી 'સર્વદૈવ ભગવાન્ અક્ષરધામમાં દ્વિબાહુ છે' એમ જણાય છે. સ્વતઃ દ્વિભુજપણામાં તો 'द्विभुजं मुरलीहस्तं' એવું સ્કાંદવચન પ્રમાણ છે ॥૧૧૨॥

એરીતે પરમપુરૂષને નિરૂપીને, હવે
છે' એમ કહેછે—જે પુરૂષોત્તમ પરં
પ્રતિપાદન કર્યા તેમનીજ ભક્તિ કરવી. કોણે કરવી? તો જે અધિકારી દેવો કે મનુષ્યો તે સર્વેએ કરવી. 'मनुजैः' આ પદતો દેવોનું ઉપલક્ષક જાણવું. બ્રહ્માદિ દેવોને પણ મોક્ષાકાંક્ષાનું ઉચિતપણું છે, કેમકે તેઓપણ ત્રણ તાપથી પરાભૂત છે. તે ભગવાનેજ કહ્યું છે-'न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः । सत्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्रिभिर्गुणैः ॥' ઇતિ. દેવોને પણ ભક્તિમાં અધિકાર ભગવાન્ બાદરાયણે સમર્થન કર્યો છે. 'तस्यैव' આ એવકારથી દેવતાંતરની ભક્તિની નિવૃત્તિ કરી છે. ભગવાન પુરૂષોત્તમ થકી બીજો નિઃશ્રેયસનો ઉપાય નથી-'नान्यत्र मद्भगवतः प्रधानपुरुषेश्वरात् । आत्मनः सर्वभूतानां भयं तीव्रं निवर्तते ॥' એવું ભગવદ્વચન છે, 'वरं वृणीष्व भद्रं ते ऋते कैवल्यमद्य नः । एक एवेश्वरस्तस्य भगवान् विष्णुरव्ययः ॥' એવું દેવવાક્ય છે. વિષ્ણુપુરાણમાં મોક્ષાર્થીઓએ બ્રહ્માદિ દેવોની અનુપાસ્યતા કહીછે-'अन्ये तु पुरुषव्याघ्र ! चेतसो ये व्यपाश्रयाः । अशुद्धास्ते समस्तास्तु देवाद्याः कर्मयोनयः ॥' ઇતિ. વળી આગળ ભગવાન પોતેજ 'न तु जीवा नृदेवाद्याः' એમ કહેશે. ભક્તિ તો ભગવાનમાં સર્વથા કરવી—સર્વ પ્રકારોએ કરીને કરવી. જે તીવ્ર ભક્તિયોગને

વિષેજ સપ્રેમ પ્રસરે તેરીતે કરવી. તે ગીતામાં કહ્યું છે-'सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः । नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥' ઇતિ. 'मनसो वृत्तयो नः स्युः कृष्णपादाम्बुजाश्रयाः । वाचोऽभिधायिनीर्नाम्नां कायस्तत्प्रह्वणादिषु ॥' 'मनः स्मरेतासुपतेर्गुणानां गृणीत वाग्कर्म करोतु कायः' એવું ભક્તજનવાક્ય છે. અર્થાત્ શ્રવણ કીર્તન સ્મરણાદિ સર્વે પ્રકારે ભક્તિ કરવી. અથવા સર્વેથા-ઉપાયપણે અને ફળપણે તેમને વિષેજ ભક્તિ કરવી. આર્ત કે જીજ્ઞાસુ કે અર્થાર્થી ભગવાનમાં સાધનપણે ભક્તિને કરતો થકો પણ તેથકી બીજાને વિષેજ ફળપણે સાધનથકી અધિક પ્રીતિને કરેછે. મોક્ષાર્થી તો તેવા નથી, કેમકે એમને ફળપણ તે ભગવાનજ છે પણ અન્ય નથી, એવો અભિપ્રાય છે. આ અર્થ 'तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते' આ ગીતાવચનમાં સ્પષ્ટ છે. અથવા સર્વેથા-નરદેહ ક્ષણભંગુર છે અને મૃત્યુક્ષણનો નિયત કાળ નથી માટે કાર્યાન્તરના આદરનો ત્યાગ કરીનેજ ભક્તિ કરવી. તે સ્વય ભગવાને કહ્યું છે-'एतद्विद्वान् पुरा मृत्योरभवाय घटेत सः । अप्रमत्त इदं ज्ञात्वा मर्त्यमप्यर्थसिद्धिदम् ॥' તથા શ્રીદત્તાત્રેયે કહ્યું છે-'तूर्णं यतेत न पतेदनुमृत्यु यावन्निःश्रेयसाय विषयः खलु सर्वतः स्यात्' તથા પ્રહ્લાદજી કહે છે-'कौमार आचरेत्प्राज्ञो धर्मान्भागवतानिह । दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥' ઇત્યાદિ.

શંકા-જો ભગવાનમાં ભક્તિ ન થાય તો તેથી ક્ષતિ શી છે? તો તેથી બીજુ કાંઈ પણ સાધન આત્યંતિક કલ્યાણકારક નથી એમ તમો જાણો. કર્મ જ્ઞાનાદિકનું પણ ભક્તિરૂપતાની પ્રાપ્તિથીજ નિઃશ્રેયસમાં સાધનપણું છે પણ સ્વતંત્રપણે નથી. 'दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः । श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥' ઇત્યાદિ વચનો છે. તો અન્ય સાધનોનું ભક્તિમાં હેતુપણું હોવાથી ભગવાન સાથે પરંપરા સંબંધ છે, ભક્તિને તો સાક્ષાત્ સંબન્ધ છે, માટે ભક્તિનું શ્રેષ્ઠપણું માન્યું છે. તે શ્રુતિમાં કહ્યું છે-'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥' ઇતિ. તેમાં સ્મૃતિ-

ततोऽन्यच्चेति दृश्यताम् ॥११३॥ गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं

वचनो छे–'भक्त्या लभ्यस्त्वनन्यया' 'नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन! । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप! ॥' 'मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते । स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥' 'भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः । ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥' 'भक्त्यैकलभ्यः पुरुषोत्तमोऽसौ' 'प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम्' भक्त्या तुतोष भगवान् गजयूथपाय' 'भवान् भक्तिमता लभ्यो दुर्लभः सर्वदेहिनाम्' ઇત્યાદિ ॥૧૧૩॥ .

જે હેતુ માટે નિઃશ્રેયસમાટે ભક્તિજ મુખ્ય સાધન છે, તો તે આ ભગવાન્ શ્રીકૃષ્ણમાં ભક્તિ અને તેમના ભક્ત સંતોનો સંગ આ અચેજ ગુણોનું પણ ગુણપણું સંપાદન કરનાર છે, એવા આશયથી કહેછે—અભિજન વિદ્યા વૃત્ત વિગેરે ગુણસંપત્તિ ભલે હોય તથાપિ કૃષ્ણમાં ભક્તિ અને તેનો અભિવર્ધક સત્સંગ જો ન હોય તો સર્વપણ આ ગુણસંપત્તિ દોષસંપત્તિજ છે, કેમકે ભક્તિ વિનાની તે ગુણસંપત્તિથી વિદ્વાનો પણ આ લોક પરલોકમાં અધઃપતનને પામે છે (પરલોકમાં નરકમાં પ્રવશે છે અને આ લોકમાં નીચયોનિને પામે છે) તો જ્ઞાન વિજ્ઞાનાદિ ગુણવાળાઓની ગુણવત્તાનું પરમ ફળ ભગવાનમાં ભક્તિ અને તેના હેતુભૂત સત્સંગ છે. આ બન્નેએ રહિત બીજી ગુણસંપત્તિ તો ફળ વિનાની કેવળ રજઃપ્રધાના પુષ્પસમૃદ્ધિજ જેમ એમ વિવેકિઓએ આદરણીય નથી. શ્રુતાદિ ગુણો ભગવદ્‌ભક્તિના શેષભૂત છે, તેમાં વચનો છે–'इदं हि पुंसस्तपसः श्रुतस्य स्विष्टस्य सूक्तस्य च बुद्धिदत्तयोः । अविच्युतोऽर्थः कविभिर्निरूपितो यदुत्तमश्लोकगुणानुवर्णनम् ॥' 'एषा बुद्धिमतां बुद्धिर्मनीषा च मनीषिणाम् । यत्सत्यमनृतेनेह मर्त्येनाप्नोति माऽमृतम्' 'विद्यादिभिर्गुणैर्नॄणां साधितैरपि किं फलम् । यदन्ते नीयते याम्यैर्दूतैर्भक्तिं विना हरेः ॥' 'अवैष्णवस्य तु गुणाः श्रुताद्या विमला अपि । न शोभन्ते यथा राजन्! भूषणान्यधवस्त्रियाः ॥' 'तत्कर्म हरितोषं यत् सा विद्या तन्मतिर्यया' 'शब्दब्रह्मणि निष्णातो न निष्णायात्परे यदि । श्रम-

फलम् । कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥११४॥
कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवा नृदेवाद्या

स्तस्य श्रमफलो ह्यधेनुमिव रक्षतः ॥' ઇત્યાદિ. સત્સંગથીજ ભક્તિનો ઉન્મેષ થાય છે. તેમાં વચનો છે–'सत्सङ्गलब्धया भक्त्या स हि मां यो निषेवते' 'प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव ! । नोपायो विद्यते सध्र्यङ् प्रायणं हि सतामहम् ॥' 'नैषां मतिस्तावदुरुक्रमाङ्घ्रिं स्पृशत्यनर्थापगमो यदर्थः । महीयसां पादरजोभिषेकं निष्किञ्चनानां न वृणीत यावत्' 'भवापवर्गो भ्रमतो यदा भवेज्जनस्य तर्ह्यच्युत ! सत्समागमः । सत्सङ्गमो यर्हि तदैव सद्गतौ परावरेशे त्वयि जायते मतिः ॥' ઇત્યાદિ સત્સંગનું માહાત્મ્ય 'न रोधयति मां योगो' ઇત્યાદિ વચનોથી ભાગવત એકાદશસ્કંધમાં કહ્યું છે. માટે અવશ્ય મનુષ્યે ભગવાન્ કૃષ્ણમાં ભક્તિ કરવી અને તેની અભિવૃદ્ધિ માટે સત્સંગ કરવો એ સિદ્ધ થયુ ॥૧૧૪॥

કૃષ્ણથકી અન્યની મુમુક્ષુએ ઉપાસ્યતા નથી એમ કહેછે—મુમુક્ષુઓએ કૃષ્ણ-જે સાક્ષાત્ સ્વય અક્ષરધામવાસી પુરૂષોત્તમ પરંબ્રહ્મ ભગવાન્ છે તે શાસ્ત્રમાં કહેલા પ્રકારથી ધ્યાન કરવા લાયક છે. તથા જે તેમના અવતારો રામ કૃષ્ણાદિક છે તેપણ ધ્યેય છે તથા તેમની જે અર્ચામૂર્તિઓ ધાતુ આદિકની સુપ્રતિષ્ઠા કરેલી છે તે ઉપાસ્ય છે જીવો તો ઉપાસ્ય નથી, કેમકે શુભાશ્રય નથી. ભલે તેઓ મહર્ષિઓ હોય કે દેવર્ષિઓ હોય કે ભવબ્રહ્માદિ ઇશ્વરો હોય પણ કર્મવશવર્તી હોવાથી ધ્યાનલાયક નથી. શંકા—નર દેવાદિ અનુપાસ્ય છે એ યોગ્ય છે, પણ જેઓ બ્રહ્મવિદો અને ભક્તો હોય તેતો મુમુક્ષુઓને ઉપાસ્ય છે, કેમકે તેઓ મુક્તપ્રાયજ છે ? એવી શંકામાં કહેછે કે–'भक्ता ब्रह्मविदोऽपि च' **બ્રહ્મવિદ:**—અક્ષરાત્મસ્વરૂપના ઉપાસકો અને **ભક્તા:**—ભગવદ્ભક્તિયોગમાં નિષ્ઠાવાળા પણ ઉપાસ્ય નથી. અથવા **બ્રહ્મવિદ:**—પરબ્રહ્મના ઉપાસકો (ભક્તિયોગનિષ્ઠ) અને **ભક્તા:**—સાધ્યભક્તિનિષ્ઠો પણ મુમુક્ષુઓએ ઉપાસ્ય નથી, કારણ કે તેઓપણ પ્રારબ્ધના ફળભૂત દેહનો યોગ હોવાથી નથી પ્રક્ષીણ થયાં કર્મ જેમનાં એવાજ છે. **ચકારથી** નહિ કહેલા બીજા પણ જાણી લેવા. એથી

भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥ निजात्मानं ब्रह्मरूपं देहत्रयविल-

મુક્તો કે જે પ્રક્ષીણ કર્મ બન્ધનવાળા છે તેઓપણ પ્રથમ અશુભાશ્રય હોવાથી અનુપાસ્યજ છે. નિત્યમુક્તોતો ક્યારેય પણ અશુભના આશ્રયે રહિત છે પણ પરમાત્માને આધત્ત સમસ્ત સત્તાવાળા હોઇને પરતંત્ર છે, માટે નિઃશ્રેયસ સંપાદન કરવાના સામર્થ્યે રહિત હોવાથી તેઓ પણ ઉપાસ્ય નથીજ. આ સર્વ અર્થ વિષ્ણુધર્મમાં કહ્યો છે—'आब्रह्मस्तम्बपर्यन्ता जगदन्तर्व्यवस्थिताः । प्राणिनः कर्मजनितसंसारवशवर्तिनः ॥ यतस्ततो न ते ध्याने ध्यानिनामुपकारकाः । अविद्यान्तर्गताः सर्वे ते हि संसारगोचराः ॥ पश्चादुद्भूतबोधाश्च ध्याने नैवोपकारकाः । नैसर्गिको न वै बोधस्तेषामप्यन्यतो यतः । तस्मात्तदमलं ब्रह्म निसर्गादेव बोधवत् ॥' ઇત્યાદિ ॥૧૧૫॥

તેમાં નિઃશ્રેયસના સાધનભૂત ધ્યાનરૂપ ભક્તિયોગમાં આત્માવલોકન અંગભૂત હોવાથી તત્પૂર્વકજ ભક્તિયોગમાં યત્ન કરવો એમ જણાવવામાટે કહે છે—તેનું તેમાં અંગપણું 'अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति' ઇત્યાદિ શ્રુતિસિદ્ધ છે, તો ઉપાસક જને નિજાત્મા-સ્વસ્વરૂપને યથાસ્થિત સ્વસ્વરૂપથી નહિ અનુધ્યાન કરીને કરાતો ભક્તિયોગ નજ સિદ્ધ થાય, માટે પ્રથમ પોતાના આત્માને દેહત્રય-વિલક્ષણ-કર્મનિમિત્ત પ્રકૃતિસંબન્ધ હોવા છતાં પણ જ્ઞાનૈકઘનપણે સ્થૂળ સૂક્ષ્મ કારણ પણ દેહથકી અત્યંત વિલક્ષણ, બ્રહ્મરૂપ—અક્ષરસરૂપ, વિભાવ્ય-યોગાભ્યાસબળથી કેવળ જ્ઞાનૈક આકારપણે નિત્ય પરિશુદ્ધ બ્રહ્મરૂપ રૂડી રીતે અવલોકીને, (ધ્યાન કરીને) તેન—આત્મસ્વરૂપદર્શને યુક્ત થઈ (જ્ઞાનયોગપૂર્વકજ) કૃષ્ણના ભક્તિયોગમાં યત્ન સર્વદા આદરવો. અન્યથા તેની સિદ્ધિ ન થાય. 'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥' એમ ગીતામાં કહ્યુ છે. યદ્યપિ જ્યાંસુધી પ્રકૃતિનો સંબન્ધ હોય ત્યાંસુધી જ્ઞાનસંકોચ છેજ, 'પરંજ્યોતિરૂપ પરમાત્માને પામીનેજ સ્વસ્વરૂપથી અભિનિષ્પન્ન થાય છે' એમ શ્રુતિ કહે છે, તો સાધ્યદશાભાવિ સ્વરૂપનો દમણાં સાધનાનુષ્ઠાન વેળામાં બ્રહ્મરૂપતાપત્તિરૂપ સાક્ષાત્કાર નથી, તથાપિ તે જ્ઞાનસંકોચ ઔપાધિક

क्षणम्। विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥
श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात्। प्रत्यहं वा सकृद्वर्षे

હોવાથી સ્વતઃ કેવળ જ્ઞાનિક આકારતાની ક્ષતિ નથી, તો તેવારૂપે કરીને તેનું વિચિંતન કરવાથી તેનું દર્શન થાયજ, એવો અભિપ્રાય છે ॥૧૧૬॥

હવે ભક્તિયોગમાં પ્રવર્તેલાઓના પ્રતિ ભક્તિની અભિવૃદ્ધિ માટે સામગ્રી-વિશેષને કહેછે—પ્રતિદિન આદરથી ભાગવતનો જે ભગવત્પ્રેમરસના પ્રવાહ-રૂપ દશમસ્કંધ તે સાંભળો. ભગવાનની જે અમાનુષી લીળા તથા જે વિદ્વા વૃત્ત વર્ણું વિગેરે વિશેષના વિચાર વિના ગાયો ગોપાદિક આશ્રિતોવિષે પરમ પ્રેમ તથા પરમભક્ત અક્રૂરાદિકનો ભગવાનમાં પ્રેમરસ, આ સર્વનું અનુદિન અનુશ્રવણ કરતાં કેને ભગવાનમાં પ્રેમરસ ન ઉપજે ? ઉપજેજ. પુરાણાં-તરની અપેક્ષાએ ભાગવતનો ઉત્કર્ષ કહેવાના અભિપ્રાયથી 'શ્રીમત્' વિશેષણ આપ્યું છે. વેદાર્થની વ્યક્તિ કરવા અવતરેલા વ્યાસ ભગવાને વેદનો વિભાગ કરી તેનું ભારતાદિ ઉપબૃંહણ કર્યું, પરંતુ હૃદયમાં નહિ સંતોષ પામતાં કૃપણવત્સળ તેમણે સર્વ કોઇનું નિઃશ્રેયસ કરવાની આકાંક્ષાથી નારદના સંવાદથી ભાગવત એકાંતધર્મના નિરૂપણ માટે ભાગવત રચ્યું છે આથી તેનો ઉત્કર્ષ છે. આ અર્થ ભાગવતના પ્રથમસ્કંધમાં સ્વયં કહ્યો છે. અથવા અહીં સ્કંધાંતરની અપેક્ષાએ દશમસ્કંધના વિશેષનુંજ પ્રદર્શન અત્યંત અપેક્ષિત હોવાથી શ્રીમત્ વિશેષણ દશમસ્કંધમાં આપવું. અન્ય સ્કંધની અપેક્ષાએ શ્રીકૃષ્ણ પરમાત્મવિષયક ભક્તિરસની પુષ્કળતા, એ દશમસ્કંધમાં ઉત્કર્ષ છે. તે આ દશમસ્કંધ જેમને પઠનમાં અધિકાર નથી તેમણે તેના અર્થનો અવબોધ આપવામાં સમર્થ એવા ભક્તિનિષ્ઠ વક્તા થકી પ્રતિદિન સાંભળવો. જો પ્રતિદિન સાંભળવાનો અવસર ન મળે તો પ્રતિવર્ષે એકવાર પણ સાંભળવો. જેમને પઠનમાં અધિકાર છે એવા પંડિતોએ સ્વયં તે દશમસ્કધ અર્થજ્ઞાનપૂર્વક પ્રતિદિન વાંચવો. અહીં પાંડિત્યતો પાઠ કરવાનાં વચનોના અર્થવિજ્ઞાનના સામર્થ્યરૂપ જાણવું. પ્રતિદિન પાઠ કરવાનો અવસર ન મળે તો તે પંડિતોએ વર્ષે વર્ષે એકવાર પણ આદરથી પાઠ કરવો. આશય એવો છે કે—અવકાશ હોય તો પ્રતિ-

આદરથી કરવું. અભિપ્રાય એવો છે કે—આત્મા પરાત્માનું વિજ્ઞાન સંપન્ન થયું હોય તો પણ જ્યાંસુધી પરમાત્મામાં તે વિજ્ઞાન ભક્તિરૂપતાને પામે નહિ ત્યાંસુધી નિઃશ્રેયસની સિદ્ધિ થાય નહિ. તો વિજ્ઞાનસંપન્ને પણ પરમાત્મામાં પ્રીતિની કામનાથી આ ભક્તિરસમય પ્રબન્ધનું નિષેવન કરવું. વિજ્ઞાનમાત્ર તો ઉપદેશસાધ્ય છે, પ્રેમ તો સત્પુરૂષોના સમાગમથી અને આવા પ્રબન્ધના પરિશીળનથીજ પ્રવૃદ્ધિ પામે. માટેજ ભાગવતમાં 'परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया । गृहीतचेता राजर्षे ! आख्यानं यदधीतवान् ॥' 'आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे । कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥' ઇત્યાદિ કહ્યું છે. અથવા શંકા—આ દશમસ્કંધનું પ્રતિદિન કે પ્રતિવર્ષ કરેલું શ્રવણ ભક્તિવૃદ્ધિમાં હેતુ છે એ વાત સત્ય છે, પણ તેમાં વક્તા જો હોય તોજ તે વાત બને ? એવી અપેક્ષામાં 'वाच्योऽस्य पण्डितैः' એમ કહેછે. જેમ તમો શ્રોતાઓ પ્રતિ શ્રવણનું વિધાન કર્યું તેમ પંડિતોના પ્રતિ સ્વાર્થનિરપેક્ષ પ્રવચનનું પણ વિધાન કર્યું જે તો જ્ઞાનિઓ પ્રવચનમાં સમર્થ હોય તેમનું આવા ભગવચ્ચરિત્રોનું સ્વાર્થ વિના વર્ણન કરવું એજ ફૂલ છે, અન્યથા તેમનું વિજ્ઞાન સર્પફણામાં રહેલા મણિની પેઠે ઉદ્વેગહેતુ હોઇને ત્યાજ્યજ છે. ભગવત્કથા શ્રવણ પઠનની મોક્ષહેતુતા ભાગવતમાંજ કહી છે—'इत्थं परस्य निजवर्त्माभिरक्षयात्तलीलातनोस्तदनुरूपविडम्बनानि । कर्माणि कर्मकषणानि यदूत्तमस्य श्रूयादमुष्य पदयोरनुवृत्तिमिच्छन् ॥ मर्त्यस्तयानुसवमेधितया मुकुन्दश्रीमत्कथाश्रवणकीर्तनचिन्तयैति । तद्धाम दुस्तरकृतान्तजवापवर्गं ग्रामाद्वनं क्षितिभुजोऽपि ययुर्यदर्थाः ॥' 'अहोपमं क्षेमतमं विधत्ते गुणानुवादश्रवणं मुरारेः' ઇત્યાદિ ॥૧૧૭॥

દશમસ્કંધના શ્રવણાદિકની ભક્તિવૃદ્ધિના પરિકરપણે પ્રતિદિન કર્તવ્યતા

१ 'करणीया' इति पाठान्तरम् ।

शक्तितः । विष्णुनामसहस्रादेश्चापि कार्येप्सितप्रदा ॥११८॥ दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु । यथा स्वपररक्षा स्यात्तथा

કહી. હવે અર્થકામનામાં પણ એનીજ પુરશ્ચર્યા કરવાની કહેછે—જો અર્થમાં વાંછા હોય તો અન્યત્ર યત્ન કરવો નહિ. ભગવાનના દિવ્ય ચરિત્રના વર્ણનપર આ દશમસ્કંધની પુરશ્ચર્યા (અષ્ટોત્તરશતપારાયણરૂપ) કરો, કેમકે એની પુરશ્ચર્યા વાંછિત અર્થને આપનારી છે. તથા વિષ્ણુનામસહસ્રસ્તોત્ર આદિકની પણ પુરશ્ચર્યા કરો. આદિશબ્દથી અષ્ટાક્ષરમંત્ર આદિકનો પરિગ્રહ કરવો. પુરશ્ચર્યાનો પ્રકાર અન્યથકી જાણવો. પુરશ્ચર્યાનો દેશ તો પુણ્યસ્થાન-ગંગા યમુનાદિ પુણ્યનદીતીર કે દ્વારિકાદિ ભગવત્પુણ્યક્ષેત્ર કે ભગવાન તથા ભાગવતના સાન્નિધ્યવાળુંજ સ્થાન મંદિરાદિ જાણવું. સ્થાનબળને લીધે ફળસિદ્ધિ વિનાવિલમ્બે થાયછે. શંકા—જે પુરશ્ચરણ છે તે જપ હોમ.દક્ષિણા બ્રાહ્મણભોજનાદિકની અપેક્ષાવાળું હોવાથી તેમાં મહાન્ પ્રયાસ છે ? એવી અપેક્ષામાં 'शक्तितः' એમ કહેછે. પોતપોતાની શક્તિને અનુસારે કરેલું આનું પુરશ્ચરણ અભિલષિત અર્થને સાધેજ છે. (આ શક્તિતારતમ્ય તો દક્ષિણાદિકમાં જાણવું પણ પારાયણની ન્યૂનતામાં નહિ) તે આ પુરશ્ચર્યા અધિકાર હોય તો સ્વયં કરવી અને ન હોય તો બીજાપાસે કરાવવી. 'दशमस्कन्धमात्रस्य सकृदावर्तनादपि । द्विजः प्राप्नोति सुकृतं वेदपारायणोद्भवम् ॥' ઇત્યાદિ શૌનકે કહ્યું છે ॥૧૧૮॥

શંકા—शक्तितः-યથાશક્તિ એમ કેમ કહેવાય? જે ફળ મેળવવા જે સાધન જેવી રીતે કરવાનું કહ્યું હોય તે તેવી રીતે અવશ્ય કરવુંજ જોઇએ. પુત્રકામેષ્ટિ જ્યોતિષ્ટોમાદિ ધર્મો શક્તના પ્રતિ એક પ્રકારથી અને અશક્તના પ્રતિ બીજા લઘુ પ્રકારથી, એમ ભેદ થવો યોગ્ય નથી, તો અશક્તે તો તેવા સાધનથકી નિવૃત્તજ થવું જોઇએ. પુરૂષશક્તિને અનુસારે સાધનસ્વરૂપનો ભેદ થઈ શકે નહિ. સંકોચ કરે તો અંગલોપ થતાં વિકળતાજ થાય? એવી આશંકામાં કહેછે કે-નિયત એકજ પ્રકારવાળા કેટલાક ધર્મો છે પણ સર્વ કોઈ નથી. શક્તિમાં દ્રવ્યાદિકના ગૌરવની અપેક્ષા રાખતો પ્રાયશ્ચિત્તાદિ ધર્મ અશક્તને માટે તે અપેક્ષિત નથી. શક્તિને અનુસારેજ

चूर्यं न चान्यथा ॥११९॥ देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः। आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥१२०॥ मतं विशिष्टा-

ધર્મની વિલક્ષણતા શાસ્ત્રમાં ઉપદેશ કરી છે. માટેજ આપત્તિમાં ધર્મ અન્ય ઈચ્છિયો છે. દેશાદિકની વિલક્ષણતાથી આચારાદિ ભેદ પણ છે, તો દુ સહ દેવસંબન્ધિની આપત્તિ .અનાવૃષ્ટિ આમદાહાદિ આવી પડે અથવા અસહ્ય માનુષસંબન્ધિની આપત્તિ ચોરાદિકથકી ધનાદિહરણરૂપ આવી પડે અથવા ક્ષયાદિ મહારોગોપદ્રવ આવી પડે તો પોતાની અને પરની જે રીતે રક્ષા થાય-પીડા ન થાય તે રીતે આપત્કાલિક ધર્મથી વર્તવું. અન્યથા નહિ-અનાપત્તિના ધર્મથી નહિ વર્તવું. આપત્ અનાપત્ ભેદથી ધર્મભેદ કહ્યો છે. તેવી સ્મૃતિ છે—'अन्योः धर्मः समस्थस्य विपमस्थस्य चापरः' 'अन्यो धर्मः समर्थानामापत्स्वन्यश्च भारत' ઇતિ. માટેજ આપદામાં પરધર્માચરણનીપણ અભ્યનુજ્ઞા આપીછે-'सीदन् विप्रो वणिग्वृत्त्या पण्यैरेवापदं तरेत्। स्वह्नेन धाऽऽपदाक्रान्तो न श्ववृत्त्या कदाचन॥' 'आत्मनो वा परस्यापि कार्यं रक्षणमापदः। परधर्मानुसारस्त्वयस्पर्शायैरपि भूमिप॥' ઇત્યાદિ સ્મૃતિમાં કહ્યુ છે.

જેમ આપત્તિ અનાપત્તિ ભેદથી ધર્મભેદ છે તેમજ દેશ-કાળ-વય-વિત્ત-જાતિ અને શક્તિના ભેદને અનુસારેજ આચાર-પ્રાત:સ્નાનાદિરૂપ, વ્યવહાર-ઋણાદાનાદિરૂપ, નિષ્કૃત-ચાંદ્રાયણાદિપ્રાયશ્ચિત્તરૂપ, આ સર્વેપણ ભિન્નભિન્ન કરવાપણે નિશ્ચય કરવો દેશ નિરૂપદ્રવાદિ જાણવો, કાળ સુભિક્ષાદિ સમજવો, વય બાલ્યાદિ જાણવું, વિત્ત દ્રવ્યસંપત્તિ સમજવી, જાતિ બ્રાહ્મણાદિ જાણવી, શક્તિ શરીરબળ જાણવું. માટે 'शक्तित.' એમ જે કહ્યું તે યુક્ત છે આ સર્વે અર્થ સ્મૃતિમાં કહ્યો છે-'केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो हि निर्णयः। देशजातिकुलाचारान् प्राचीनान् पालयेन्नृप॥' 'स्त्रीणां च बालवृद्धानां क्षीणानां कुशरीरिणाम्। उपवासाद्यशक्तानां कर्तव्योऽनुग्रहश्च तैः॥ ज्ञात्वा देशं च कालं च वयः सामर्थ्यमेव च। कर्तव्योऽनुग्रहः सद्भिर्मुनिभि परिकीर्तितः॥' ઇત્યાદિ ॥૧૧૯-૧૨૦॥

એરીતે પ્રાસંગિક કહીને પ્રકૃતને અનુસરે છે, તેમાં મુક્તિનું સ્વરૂપ કહેછે—

द्वैतं मे गोलोको धाम चेप्सितम् । तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च

કૃષ્ણસેવા મુક્તિઃ—જે શ્રીકૃષ્ણ પરમાનંદમય પરમાત્મા છે તેમની પરમ પ્રીતિએ કરાવેલી જે પરિચર્યા એજ મુક્તિ જાણવી. (બીજાએ માનેલી એકત્વાદિ નહિ) શંકા-સેવાને મુક્તિ કેમ કહેવાય? મુક્તિતો બન્ધન થકી નિવૃત્તિ એજ મુક્ત છે, સેવા તો બંધન છે, કેમકે તેમાં દાસપણું નિયતપણે છે, દાસપણું તો પારતંત્ર્યગર્ભિતજ છે? સમાધાન-તમે કહો છો તે સત્ય છે, દાસભાવને સમુચિતજ સેવા છે, તેટલામાત્રથી ક્ષતિ શી છે? શંકા-સ્વામીની આજ્ઞાને વશવર્તી થઈ રહેવું પડે એજ ખરેખર ક્ષતિ છે? સમાધાન-તેનાથી પણ ક્ષતિ શી છે? કશી પણ નથી. શંકા-પરતંત્રપણું એજ ક્ષતિ છે? 'सर्वं परवशं दुःखं' એવી અભિયુક્તિ છે. સમાધાન-પરમશેષી સર્વાંતર્યામી સર્વેશ્વરેશ્વરની આગળ પરતંત્રપણું તો આ ચેતનનું સ્વાભાવિકજ છે, 'दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः' 'आत्मदास्यं हरेः स्वाम्यम्' 'स्वस्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम् । उभयोरेष सम्बन्धो न परोऽभिमतो मम ॥' એવી સ્મૃતિ છે. તો પારતંત્ર્ય અવર્જનીય છે. જે કર્મપારતન્ત્ર્ય છે તેતો બંધ છે. સ્વસ્વરૂપનો જેને આવિર્ભાવ થયો છે એવા આ ચેતનને પોતાનાપણ આત્મા પરમાત્મામાં નિરવધિ પ્રીતિ અને તેણે પ્રેરેલી પરિચર્યા પોતાની મેળેજ અભિમુખ થાય છે. માટે સેવા એજ મુખ્ય મુક્તિ માની છે. તે ભાગવતમાં કહ્યું છે-'सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥' 'सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः' ઇતિ.

શંકા-અથાપિ સેવા મુક્તિ તો યુક્તજ નથી, જે સર્વેના આત્માપણે સર્વત્ર અનુપ્રવેશ કરીને વર્તે છે તેમની, પરિજનોએ પરિચર્યા કરાતા રાજાની પેઠે દેશવિશેષમાં (ધામમાં) મૂર્તિમાનપણે સ્થિતિ ઘટતી આવતી નથી. એમનું સ્વરૂપ તો 'सत्यं ज्ञानमनन्तं' આ શ્રુતિથી અમૂર્તજ (નિરાકાર) શ્રવણ થાય છે, જે અર્ચિરાદિ માર્ગવડે પ્રાપ્ય લોક શ્રુતિમાં વર્ણવ્યો છે તે તો અર્વાચીન છે? એવી આશંકામાં-જે સત્યજ્ઞાનાનંત સ્વરૂપ છે એજ દિવ્યવિગ્રહથી વિરાજમાન નિત્યમુક્તાનુભાવ્ય ભગવાનનો દેશવિશેષ શ્રુતિસંપ્રતિ-

પદ છે, એમ 'गोलोको धाम चेप्सितम्' આથી કહે છે—गोलोकः-નિરતિશય દીપ્તિએ યુક્ત જે અપ્રાકૃત લોક છે તે મને સર્વ ધામોથકી ઇપ્સિત ધામ છે. તેવી શ્રુતિ છે-'यत्र गावो भूरिशृङ्गा अयासः अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि' ઇતિ. અન્યત્ર પણ શ્રુતિ છે- 'क्षयन्तमस्य रजसः पराके' 'तद्विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते । विष्णोर्यत्परमं पदम्' 'यत्र ऋषयः प्रथमजा ये पुराणाः' ઇત્યાદિ. પરંબ્રહ્મનો આ સ્થાનવિશેષ સ્મૃતિમાં કહ્યો છે-'क्रान्त्वा दशोत्तरगुणाः प्राप गोलोकमद्भुतम् । धाम तेजोमयं तद्धि प्राप्यमेकान्तिकैर्हरेः । तत्रैककालसम्भूतकोटिकोट्यर्कसन्निभम् । स व्यचष्ट महत्तेजो दिव्यं सिततरं मुने ॥ दिशश्च विदिशः सर्वा ऊर्ध्वाधो व्याप्नुवच्च यत् ।' ઇત્યાદિ. પરંબ્રહ્મ પરમાત્માનો દિવ્યાકાર 'य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात्सर्व एव सुवर्णः तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी' 'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात्' 'यत्ते रूपं कल्याणतमं तत्ते पश्यामि' એવી શ્રુતિ છે. 'निर्दोषपूर्णगुणविग्रह आत्मतन्त्रः... आनन्दमात्रकरपादमुखोदरादिः ॥' 'परमात्मा वासुदेवो भगवान् दिव्यविग्रहः' એવી સ્મૃતિ છે.

યદ્યપિ અર્ચારૂપ કે સાક્ષાત્ માનુષ લોકમાં પ્રાદુર્ભવેલા તે ભગવાનની પરિચર્યા સંસૃતિમાં પણ કેટલાક સુકૃતિઓને આ દેહયોગથીજ મળે છે, તથાપિ તે મુક્તિ ન કહેવાય, કેમકે દેહયોગને લીધે કર્મબન્ધનનો સંબન્ધ આવે છે, તો વિશુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિપૂર્વકજ જે સેવા તે મુક્તિ છે, એવા અભિપ્રાયથી 'तत्र ब्रह्मात्मना' એમ કહે છે. तत्र-ગોલોક નામના દેશવિશેષમાં **બ્રહ્માત્મના**-બ્રહ્મભાવને પમાડેલો જે આત્મા તેરૂપે યુક્ત થઇને કરાતી સેવા મુક્તિ માની છે. અર્થાત્ સર્વ કર્મોનો પ્રક્ષય થતાં અર્ચિરાદિ માર્ગે કરીને દેશવિશેષને પામતાં પરંજ્યોતિ પરમાત્માને પામીને સ્વસ્વરૂપથી અભિનિષ્પન્ન થએલા મુક્તાત્માને ત્યાં વર્તતા ભગવાનના અનુભવના પ્રવાહરૂપ જે સેવાવિશેષ તે સિદ્ધ થાય છે, તેજ મોક્ષ જાણવો. આત્માશબ્દ સ્વરૂપવાચી લેવો, 'શુદ્ધ આત્મસ્વરૂપથી' એનો અર્થ કરવો.

જે 'अपहतपाप्मा' ઇત્યાદિ ગુણાષ્ટકનો આવિર્ભાવ થાય એજ શુદ્ધ આત્મસ્વરૂપ જાણવું. તે આ અર્થ 'परंज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' આ શ્રુતિસિદ્ધ છે. 'ब्राह्मेण तु जैमिनिः' એવું વ્યાસસૂત્ર છે. સ્વસ્વરૂપનો આવિર્ભાવ જેને થયો છે એવો મુક્તાત્મા તો અશરીર છે તેને સેવારસ કેમ ઘટે ? એવી શંકા કરવી નહિ, કેમકે તેને બ્રહ્મમય અપ્રાકૃત તનુની પ્રાપ્તિ થાય છે. સ્વરૂપાવિર્ભાવ તો તેમાં વિરોધી નથી કિંતુ અનુગુણજ છે. બીજાઓતો મુક્તાત્મા અશરીર હોવાથી તેને સેવા કેમ ઘટે ? એવી અપેક્ષામાં 'ब्रह्मात्मना' એમ કહે છે. આત્મશબ્દ દેહવાચી લેવો, બ્રાહ્મ (દિવ્ય) દેહે કરીને સેવા કરે છે, એમ વ્યાખ્યાન કરે છે. મુક્તાત્માને દિવ્ય દેહનો યોગ શ્રુતિસ્મૃતિમાં વર્ણવ્યો છે.

શંકા–વેદાંતમાં અદ્વૈતજ (અભેદ) શ્રવણ થાયછે, તો અભેદનું તાત્વિકપણું અને ભેદનું ઔપાધિકપણું અંગીકાર કરવું પડે, તો ઉપાધિ ટળતાં પરબ્રહ્મની સાથે જીવનું અદ્વૈતજ શ્રુતિથી સિદ્ધ થાય છે, તો ભેદગર્ભિત (સેવ્ય સેવક) સેવા મુક્તિ કેમ હોઇ શકે ? એવી આશંકામાં અદ્વૈત શ્રુતિઓનો આશય 'मतं विशिष्टाद्वैतं मे' એમ કહે છે—તે તે શ્રુતિમાં જણાતું બ્રહ્મનું અદ્વૈત 'વિશિષ્ટ બ્રહ્મનું છે' એવો અમારો મત–સિદ્ધાન્ત છે. આશય એવો છે કે–જે આ મહદાદિ પ્રથિવ્યંત વિકારો અને તેનું મૂળ પ્રકૃતિ તથા જે નિત્ય બદ્ધ મુક્ત ભેદથી ત્રણ પ્રકારનો ચેતનગણ છે, આમાં બ્રહ્મનું વિશેષણ ન થાય એવું એકપણ નથી, આ સર્વેપણ બ્રહ્મના શરીરપણે પ્રકારભૂત થઇનેજ રહેછે. 'यस्यात्मा शरीरं' 'यस्याक्षरं शरीरं' 'यस्य पृथिवी शरीरं' એવી શ્રુતિ છે. તો પોતાના અસાધારણ ચેતન અચેતનરૂપ ધર્મોના સમૂહોએ વિશિષ્ટ બ્રહ્મ એક છે, તે વિશિષ્ટ બ્રહ્મથકી અધિક તત્ત્વ નથી, માટે 'नेह नानास्ति किञ्चन' ઇત્યાદિ શ્રુતિએ આવું વિશિષ્ટાદ્વૈત ઉદ્‌ઘોષીને કહ્યું છે. તો આ શ્રુતિ ગુણોનો પરસ્પર વિભાગ અને ગુણગુણિના વિભાગને (સ્વભાવની વિષમતારૂપ) નથી સહન કરતી એમ નહિ, સહન કરેજ છે. (અર્થાત્ બ્રહ્મના ગુણભૂત ચિત અચિત ભેદને નિષેધ કરતી નથી) જેમકે જળમાં રસરૂપાદિ વિશેષો હોવા છતાં પણ 'आप एव पुराऽभूवन्ना-

म्यग्रिआसीत्' (पूर्वे એક જળજ હતું બીજું કશુંય ન હતું) એમ શ્રુતિ શું નથી કહેતી ? અને આ શ્રુતિમાં કહેલો આ નિષેધ પોતાના (જળના) ગુણ રસાદિકના ભેદને શું નથી સહન કરતી ? સહન કરેજ છે. ફક્ત આવાં વચનો સમાન અન્ય ધર્મીની સત્તાને તો ન સહન કરે એ યુક્ત છે. લોકમાં પણ 'આ ઘરમાં દેવદત્ત એકજ છે' એવો વ્યવહાર તેના ગુણો (દંડ ચક્ર વિગેરે વિશેષણો) દૃશ્યમાન સતેપણ મુખ્યજ છે. વળી 'આ અભિન્ન દેવદત્ત એકજ અહીં વર્તે છે' આવો વ્યવહાર દેહસતે પણ દેહીનો મુખ્યજ છે. જો બ્રહ્મનો ગુણ (વિશેષણ) ન થાય એવું એક પણ વસ્તુ વિદ્યમાન હોય તો 'બ્રહ્મ એક છે નાના નથી' આ વચન વિરૂદ્ધ ગણાય. શબ્દાદિ વિશેષોએ વિશિષ્ટ આકાશાદિક છે, તેવાં તે તત્ત્વોએ વિશિષ્ટ સર્વાત્મક તત્ત્વ એક પરબ્રહ્મ વેદાંતમાં શ્રવણ થાય છે. તો આવા વિશિષ્ટ તત્ત્વને સજાતીય અન્યનો અભાવ એજ વિશિષ્ટાદ્વૈત જાણવું. આ વિશિષ્ટાદ્વૈત તો બહુ વિશેષણોને લીધે ભંગ થતું નથી. શ્રુતિમાં જે ભેદાભેદ વચનો છે તેપણ ઘટતાં આવે છે. તાત્પર્ય એવું છે કે—જેતો ભેદવચનોનો અનાદર કરીને, સમગ્ર વિશેષોને અવિદ્યાકલ્પિત (મિથ્યા) કહીને, ગુણથી (વિશેષણથી) પણ સદ્વિતીયતાને નહિ સહન કરીને નિર્વિશેષ એક તત્વને અભિમાનેછે તેઓને અદ્વૈત શ્રુતિઓના નિર્વાહપ્રકારમાં અવિદ્યાજ એક અધિક ફળમાટે રહે છે. તો અદ્વૈતને બોધ કરનારી શ્રુતિઓનું ભેદશ્રુતિને અનુસારે હાર્દ તો વિશેષ્યૈક્યમાંજ છે. કારણ કે બ્રહ્મ સમસ્ત ચેતન અચેતનને વિશેષ્ય એકજ તત્ત્વ છે, તે ચેતન અચેતનની સત્તા તો બ્રહ્મના વિશેષણપણેજ છે, જેમ શબ્દાદિ ગુણોની સત્તા ગુણી આકાશાદિકના વિશેષણપણેજ છે તેમ. બ્રહ્મની સર્વાત્મતા અંતર્યામિબ્રાહ્મણમાં 'यस्यात्मा शरीरं' ઇત્યાદિકથી સ્પષ્ટ વર્ણવી છે. જેમ ગાય અશ્વ આદિક તે તે પિંડવિશેષમાં અનુપ્રવેશ કરીને ચૈતન્યશક્તિથી તેને ધારણ કરીને રહેલા ચેતનવિશેષ (જીવવિશેષ) ના તેતે પિંડવિશેષ તેના તેના શરીરપણે વિશેષણતાને પામેછે. (આ ગાય છે આ અશ્વ છે એમ) તેમ સમસ્ત ચિત અચિતમાં સર્વાત્માપણે પ્રવેશ કરીને

તેને સર્વ પ્રકારે ધારણ કરતા પરમચેતન પરબ્રહ્મનુંજ સર્વ કોઇ દ્રવ્ય (ચિત્ અચિત્) શરીરપણે વિશેષણ થાય છે. તો અનેક રૂપ જેનાં છે અને અનેક પ્રકારો જેના છે એવું પરબ્રહ્મ એકજ સૃષ્ટિ સ્થિતિ સંહારવડે વિહાર કરે છે, માટે આમાં તે બ્રહ્મથકી કિંચિત પણ દ્વિતીય છેજ નહિ. શંકા– વિશેષણભેદ સતે સદ્વિતીયતા આવે છે તો અદ્વૈત કેમ સંભવે ? તો વિશેષણસત્તામાત્રથી સદ્વિતીયતા નથી. જે સમાન અન્ય ધર્મી હોય તોજ દ્વિતીય કહેવાય, તે તો છેજ નહિ, માટે 'एकमेवाद्वितीयं' 'नेह नानास्ति किञ्चन' ઇત્યાદિ શ્રુતિએ કરેલો દ્વૈતનિષેધ સ્વરસજ છે. સમાન અન્ય ધર્મીના અભાવને અભિપ્રાય કરીનેજ લોક વેદમાં પણ તેવા તેવા પ્રયોગો સોએ સો જણાય છે. તો 'सर्वं खल्विदं ब्रह्म' ઇત્યાદિ વેદાંતમાં શ્રવણ થતું અદ્વૈત વિશિષ્ટાદ્વૈતજ છે એવો અમારો મત છે. વર્ણવેલા શ્રુત્યર્થમાં વાદિઓના વિરૂદ્ધ વચનના શ્રવણથી શંકા પામેલાઓના પ્રતિ 'मे मतं' એમ કહ્યું છે. જે આપ્તસંવાદ છે તે અર્થમાં આવતી વિરૂદ્ધ શંકાને ટાળી નાખે છે. સર્વને સર્વદા સર્વથા સાક્ષાત્ કરતા શ્રુતિપ્રસિદ્ધ આપ્તતમ મારા ઉત્તમ મતમાં પ્રવર્તતાઓને શ્રુત્યર્થમાં વિરૂદ્ધ શંકાનો અવકાશ નથી.

શબ્દાર્થ તો–द्वयोर्भावः द्विता–બેનો ભાવ તે દ્વિતા કહેવાય, द्वितैव द्वैतं–દ્વિતા એજ દ્વૈત (ભેદ) કહેવાય, न द्वैतं अद्वैतं–દ્વૈત નહિ તે અદ્વૈત (અભેદ) કહેવાય, विशिष्टस्य अद्वैतं विशिष्टाद्वैतं–વિશિષ્ટનું અદ્વૈત તે વિશિષ્ટાદ્વૈત કહેવાય, પોતાથકી વ્યતિરિક્ત સમગ્ર ચિદચિદ્વિશિષ્ટ બ્રહ્મ એકજ તત્વ છે એમ પ્રતિપાદન કરેલું હોવાથી રામાનુજીય મત 'વિશિષ્ટાદ્વૈતસિદ્ધાંત' એમ વ્યપદેશાય છે. સિદ્ધાંતશબ્દ પ્રામાણિકપણે પરિગ્રહ કરેલા અર્થનો વાચી છે. એજ મતશબ્દવાચ્ય છે. શંકરાચાર્ય વિગેરેએ 'બ્રહ્મ એકજ તત્વ છે, તેથકી વ્યતિરિક્ત સમગ્ર મિથ્યા છે' એમ નિરૂપણ કરેલું હોવાથી તેમનો મત 'અદ્વૈતસિદ્ધાંત' એમ વ્યવહાર કરાય છે. મધ્વતીર્થીય મત દ્વૈત છે, તેઓ જગતનો અને બ્રહ્મનો પાલ્યપાલક સંબન્ધ વિના ઐક્ય વ્યપદેશને યોગ્ય સંબન્ધવિશેષને અંગીકાર કરતા નથી અને તે બન્નેનું સત્યપણું અંગીકાર કરે છે માટે તેમનો સિદ્ધાંત દ્વૈત કહેવાય છે.

રામાનુજીય મતમાં તો ચેતનાચેતનાત્મક પ્રપંચ અને પરબ્રહ્મનું સત્યપણું સ્વીકારીને, તે બન્નેનો શરીરશરીરિભાવસંબન્ધ અંગીકાર કરીને, લોકમાં શરીર અને શરીરી જીવાત્માનો અત્યંત ભેદ હોવા છતાં પણ 'આ ચૈત્ર એકજ છે' ઇત્યાદિ એકત્વ વ્યવહાર જેમ દેખાય છે, તેમ અહીં પણ ચેતન-અચેતનના મુખ્ય શરીરી બ્રહ્મનો એકત્વ વ્યપદેશ અને પરસ્પર ભેદ ઘટેછે.

ટુંકામાં અભિપ્રાય એટલો કે–'पृथगात्मानं प्रेरितारं च मत्वा' 'ज्ञाज्ञौ द्वावजावीशनीशौ' 'नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान्' 'अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा' 'प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः' 'क्षरात्मानावीशते देव एकः' ઇત્યાદિક ભેદબોધક શ્રુતિ છે. 'नेह नानास्ति किञ्चन' 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयं' 'सर्वं खल्विदं ब्रह्म' 'नारायण एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम्' 'इदं सर्वं यदयमात्मा' 'तत्त्वमसि' 'ब्रह्म वेद ब्रह्मैव भवति' ઇત્યાદિક અભેદબોધક શ્રુતિ છે. 'य आत्मनि तिष्ठन्...यस्यात्मा शरीरं...य आत्मानमन्तरो यमयति' 'यः पृथिव्यां तिष्ठन्...यस्य पृथिवी शरीरं...यः पृथिवीमन्तरो यमयति' ઇત્યાદિક ઘટક (ભેદ અભેદને ઘટાવી આપનારી) શ્રુતિ છે. આ શ્રુતિઓ મધ્યે અદ્વૈતિઓને ભેદશ્રુતિઓ ઔપચારિક કે બાધિત અર્થવાળી સ્વીકારવી પડેછે. દ્વૈતિઓને અભેદશ્રુતિઓ તેવી રીતે (ઔપચારિક કે બાધિત અર્થવાળી) અંગીકાર કરવી પડેછે. અદ્વૈતી દ્વૈતી બન્નેને પણ ઘટકશ્રુતિઓ તેવીજ રીતે (ઔપચારિક કે બાધિત અર્થવાળી) વર્ણન કરવી પડેછે. વિશિષ્ટાદ્વૈતિઓના મતમાં તો લોકદૃષ્ટ શરીરશરીરિન્યાયથી શરીર અને શરીરિનો પરસ્પર ભેદ પ્રત્યક્ષપણે અનુભવમાં આવતો હોવાથી તેવા ભેદને બોધ કરવાપણે ભેદશ્રુતિઓ અને 'દેવદત્ત એકજ છે' એની પેઠે વિશિષ્ટ શરીરીના એકત્વથી અભેદ શ્રુતિઓ અને આવા સંબન્ધ (શરીરશરીરી)ને બોધ કરવાપણે ઘટક શ્રુતિઓ મુખ્ય અને અબાધિત અર્થવાળી અંગીકાર કરી છે. માટે સર્વે શ્રુતિઓના મુખ્યાર્થને બોધ કરવાપણું હોવાથી 'શરીરશરીરિભાવ સંબન્ધજ પ્રધાન પ્રતિતંત્ર છે' એમ વ્યવહરાયછે. પ્રતિનિયત જે તંત્ર તે પ્રતિતંત્ર કહેવાય,

गम्यताम् ॥१२१॥ एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः । मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥१२२॥ मज्ज्येष्ठावरजभ्रा-

---

એવી વ્યુત્પતિથી બીજા સિદ્ધાન્તિઓએ નહિ અંગીકાર કરેલો તેતે મતને અસાધારણ એવો જે અર્થ તે **પ્રતિતંત્ર**શબ્દવાચ્ય છે. યદ્યપિ વિશિષ્ટાદ્વૈત મતમાં પણ મતાંતર વાદિઓએ નહિ અંગીકાર કરેલા અનેક અર્થો નિત્યમુક્તસદ્‌ભાવ વિગેરે છે તથાપિ તેમાં પણ આ શરીરશરીરિભાવ સંબન્ધનુંજ પ્રધાનપણું હોવાથી 'પ્રધાન પ્રતિતંત્ર' એમ વ્યવહાર થાય-છે. તો 'प्रधानेन व्यपदेशा भवन्ति' એવા ન્યાયને અનુસારે તેવા સંબન્ધને બોધ કરનારા **વિશિષ્ટાદ્વૈત** શબ્દથી રામાનુજીય મતનો વ્યપદેશ કર્યો છે. આ રામાનુજાચાર્યપ્રવર્તિત વિશિષ્ટાદ્વૈત નામનો જે મત તે અમારો મત છે એમ તમારે જાણવું. એમ કહેવાથી પોતાના સંપ્રદાયની શ્રીરામાનુજસંપ્રદાયમૂળકતા પણ સૂચવી છે એમ જાણવું. આ મતમાં મુક્તિદશામાં પણ જીવ ઈશ્વરનો ભેદ.શ્રુતિસિદ્ધ વાસ્તવિક પ્રતિપાદન કરેલો હોવાથી ભેદભાવગર્ભિત (સેવ્ય સેવક) એવી પણ સેવાને મુક્તિ કહી તે યુક્ત છે. એમ તમે સર્વે ગમ્યતાં-અવધારણ કરો.

વપરાએલા શબ્દો એકાર્થે

શરીરી વિગેરે શબ્દો પણ એકાર્થ જાણવા. અદ્વૈત અભેદ એક આ શબ્દો પર્યાયવાચી જાણવા. આનો વિસ્તાર શ્રીભાષ્યાદિક થકી જાણવો ॥૧૨૧॥

આશ્રિતોને હિતતમનો આદેશ આપવા પ્રવર્તેલા ભગવાન, ગૃહસ્થ કે વર્ણી કે સાધુ કે આચાર્યપદમાં પ્રતિષ્ઠિત હોય, પોતાના ચરણારવિંદના આશ્રિત આ સર્વેએ પણ સમાન રીતે આદર કરવા લાયક અહિંસાપ્રમુખ તત્ત્વવિજ્ઞાનપર્યંતના અર્થોનો આટલા પ્રબન્ધથી આદેશ કરીને, હવે વિશેષપણે તેમણે તેમણે અવધારણ કરવા યોગ્ય અર્થોનો આદેશ આપતાં, સામાન્યધર્મોના ઉપસંહારપૂર્વક વિશેષ ધર્મના કથનની પ્રતિજ્ઞા કરેછે—ત્યાગી અત્યાગી ગુરૂ શિષ્યના વિભાગ વિના મારા આશ્રિત સર્વ પુરૂષો અને સર્વ સ્ત્રીઓના વિધિનિષેધરૂપ સાધારણ ધર્મો કહ્યા, હવે વિશેષ-આચાર્યાદિકને અસાધારણ ધર્મવિશેષો કહુંછું ॥૧૨૨॥

स्वसुताभ्यां तु कदाचन । स्त्रासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः

તેમાં પ્રથમ આચાર્યના વિશેષધર્મોને કહેછે—આચાર્ય જો સ્વધર્મનિષ્ઠ હોય તો શિષ્યોને ધર્મમાં સ્થાપન કરવા સમર્થ થાય, 'आचिनोति हि शास्त्रार्थानाचारे स्थापयत्यपि' એવી સ્મૃતિ છે. ધર્મનું અનુષ્ઠાન અનુષ્ઠાપન આચાર્યજ્ઞાનને આધીન હોવાથી પ્રથમજ આચાર્યપદમાં રહેલાને વિશેષપણે અવબોધ આપવાની પ્રવૃત્તિ યુક્તજ છે. મારા જે જ્યેષ્ઠ ભ્રાતા અને જે કનિષ્ઠ ભ્રાતા તેમના પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી કે જેમને મેં મારા સમસ્ત આશ્રિત જનોના ગુરૂપણામાં સ્થાપન કર્યા છે તેમણેતો પોતાના સમીપ સંબન્ધવાળી જે સ્ત્રિયો તેથકી અન્ય–દુર સંબન્ધવાળી કે સંબન્ધ વિનાની સ્ત્રિયોને કદાચન–પોતાની વૃદ્ધ અવસ્થા સતેપણ અથવા રહસ્યમાં કે સભામાં ક્યારેય મંત્રોપદેશ નજ કરવો. શંકા—આચાર્ય બ્રહ્મનિષ્ઠ હોઇને ભવદાવાનળથી બહુ દગ્ધ એવા ચેતનોના તાપની ઉપશાંતિ માટે પ્રવર્તેલા તેમને આર્ત ઉપદેશ્ય જનોમાં વર્તતો લિંગભેદ (સ્ત્રીભેદ) વિક્ષોભ માટે થતો નથી, તો આ નિષેધની શી જરૂર? તો એમ નથી. કાળસ્વભાવ અને વિષમસ્વભાવની પર્યાલોચના કરનારાએ આજ મર્યાદા પ્રતિષ્ઠાપન કરવા યોગ્ય છે, કેમકે કળિકાળ વિષમ છે અને આ વિષય વિશેષ વિક્ષોભક છે, 'नन्वग्निः प्रमदा नाम घृतकुम्भसमः पुमान्' 'इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः' એવી સ્મૃતિ છે, તો આ નિષેધ યુક્તજ છે. અન્યથા આચાર્યપદમાં વર્તતાઓને શિષ્યભાવને પામેલા પુરૂષો સાથેજ જેમ એમ શિષ્યભાવને પામેલી સ્ત્રીઓની સાથે પણ અત્યંત સમાવેશ થાય, તેતો પ્રમાદમાટે કદાચિત્ થાય. વળી વિમળ મનવાળા બ્રહ્મનિષ્ઠ આચાર્યો ઉપદેશ્યપદમાં પણ જો પ્રમદાઓનો પરિત્યાગ કરે તો બીજા શિષ્ય મનુષ્યો પણે સુશિક્ષિત થાય, આજ આ નિષેધનું પ્રધાન પ્રયોજન છે. તથા તેમણે સમીપ સંબન્ધે રહિત એવી સ્ત્રિયોનો સ્પર્શ ન કરવો તથા તેણીઓની સાથે ક્યારેય પણ નજ બોલવું. ચકારાત્ ધર્મવંશીય બીજા પણ નરોએ નારીઓનો સ્પર્શ સંભાષણાદિ ન કરવું. યદ્યપિ ઉપદેશનો નિષેધ કરવાથીજ સ્પર્શ સંભાષણનો નિષેધતો આવીજ જાય છે, તો આ નિષેધનો

॥१२३॥ न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता न हि । क्रौर्यं

અવસર નથી. તથાપિ પાઠક્રમની અપેક્ષાએ અર્થક્રમનું પ્રાબલ્ય હોવાથી– સમીપ દેહ સંબન્ધે રહિત નારીઓનો સ્પર્શ ન કરવો અને ક્યારેય પણ તેણીઓની સાથે નજ બોલવું, કિં બહુના–તેમને મંત્રોપદેશ પણ ન કરવો, આવો અન્વય જાણવો. જ્યારે ઉપદેશ ન થાય તો તેની સાથે સંભાષણ ન થાય અને તેણીનો સ્પર્શ ન થાય એમાં કહેવુંજ શું? સમીપ સંબન્ધિની નારીઓને તો મંત્રાદિ ઉપદેશ કરવો. મંત્રદીક્ષા ગ્રહણમાટે આવેલી અન્ય અબળાઓને તો પોતે ઉપદેશેલી પોતાની પત્નીદ્વારાજ ઉપદેશ કરાવવો પણ પોતે ન કરવો એવો અભિપ્રાય છે. તેનું કારણ તો ઉપદેશ્ય અને ઉપદિષ્ટ સ્ત્રીઓના પ્રસંગથી ગુરૂઓ સ્વધર્મથકી ભ્રષ્ટ થએલા બહુ સ્થળે દેખાય છે. અને વળી 'मात्रा स्वस्रा दुहित्रा वा नाविविक्तासनो भवेत् । बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥' ઇત્યાદિ શાસ્ત્રદર્શન છે, માટે શ્રીધર્મદેવેજ જે આ મર્યાદા સ્થાપન કરી છે તેજ અસ્મદીઓએ અનુપાળવી. સમીપસંબન્ધ સત્સંગિજીવનથકી સમજવો.

તથા તેમણે શત્રુમિત્રવિભાગ વિના સર્વત્ર દયા કરવી એમ કહે છે— कस्मिंश्चित्–શત્રુ ઉપર પણ (ક્રૂરતા કરવાનો પ્રસંગ તેની ઉપરજ છે) क्रौर्य–નિર્દયપણું ન કરવું. પોતાને પ્રતિકૂળ આચરણમાં પ્રવર્તેલાને પણ જો દુઃખ સમુપસ્થિત થાય તો તેની ઉપર પણ કરૂણા કરવાના સ્વભાવવાળા આચાર્યે થવું એવો અભિપ્રાય છે. તે ગીતામાં કહ્યું છે–'अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च' ઇતિ. 'दया कार्यैव सर्वत्र' એમ નહિ કહેતાં 'क्रौर्यं कार्यं न कस्मिंश्चित्' એમ જે કહ્યું તે શત્રુવિષે કદાચિત્ નિર્દયતાનો પ્રસંગ આવે તે અત્યંત અનુચિત છે, આ અર્થની દૃઢતા માટે જાણવું. યદ્યપિ આ આદેશ મુમુક્ષુજનસામાન્યને અધિકાર કરીને કરવો જોઇએ તથાપિ શિષ્યજનોના વિમોક્ષ માટે પ્રવર્તેલા, આચાર્યપદને અલંકર્તા વિષે સર્વથી સમધિક આ ગુણવિશેષ અવશ્ય અત્યત અપેક્ષિત અવધાર્ય છે એમ જણાવામાટે વિશેષપણે કહ્યું છે. જો આ ગુણ ન હોય તો ભવદવાગ્નિથી બહુ બળતા ચેતનોવિષે દયારસ કેમ પ્રસરે? અને સ્વાર્થનિરપેક્ષ તેમના સમુજ્જી-

कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥१२४॥ प्रतिभूत्वं न

વનમાટે કેમ પ્રયત્ન થાય? નજ થાય. બીજું પણ કારણ છે—દયા જો સમર્થમાં વિદ્યમાન હોય તો પરપીડાના નિવારણમાટે થાય, અસમર્થમાં વર્તતી તો ફકત સ્વાશ્રય પુરૂષને કેવળ ગુણી બનાવે છે, તો જેમ જેમ સામર્થ્ય સમધિક હોય તેમ તેમ બીજાને મહત્ ફળ છે, તો સમર્થ પુરૂષને વિશેષપણે 'દયાળુ થવું' એમ શિક્ષણ આપવું જોઇએ. તો આચાર્યસ્થાનને જે અધિષ્ઠાન કરેછે તેને તો આ અર્થનો વિશેષપણે અવબોધ આપવો યુક્ત છે, જે આચાર્યની દયાએ કરીને દુર્નિવાર સંસૃતિદુઃખ ટળી જાય છે. વળી જેમ જેમ પરને દુઃખ અધિક હોય તેમ તેમ દયાપ્રવાહ પણ સમધિક રાખવો. સંસૃતિ દુઃખ થકી અધિક દુઃખ શું છે? તેના નિરાકરણ થકી બીજું દયાનું ફળ પણ શું છે? કાંઈ પણ નથી, આવા અનુસંધાનથી બીજા જ્ઞાનાદિ ઉપદેશ્ય ગુણો હોવા છતાં પણ આ દયાનો વિશેષપણે નિર્દેશ કર્યો છે. માટેજ 'गुरवो हि दयालवः' એમ સ્મૃતિ કહે છે. આથી—અપકારિને પણ ભવદાવાનળની જ્વાળાથી પ્રજ્વળિત જોઇને તેથકી તેની મુક્તિ [illegible] એટલું તાત્પર્ય છે. આ અહીં કહેલા [illegible] ગ્રાના જે બીજા ગુણો વર્ણવ્યા છે તે સર્વે પણ જાણી લેવા. તે ગુણો ગીતામાં ભગવાને કહ્યા છે— 'अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः । दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् । अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् । दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् । तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ॥' ઇતિ.

દયાપ્રસંગથી કોઇની થાપણ સાચવવી વિગેરેને જો સ્વીકારે તો કદાચિત્ આત્મચિંતન ઉપદેશાદિકમાં વિક્ષેપપ્રસંગ આવે, માટે આચાર્યને તેનાથકી નિવૃત્તિજ ઉચિત છે, એવા અભિપ્રાયથી કહેછે—कस्यचित्—બન્ધુ કે અબન્ધુ, સમર્થ કે અસમર્થ અથવા कस्यचित्—અલ્પ કે નહિ અલ્પ દ્રવ્યનો, ન્યાસ—ચોરાદિકના ઉપદ્રવથી બહુ ભય પામેલાએ ધન સુવર્ણાદિ થાપણરૂપે રાખવા આપતાં દયાવશાત્ પણ આચાર્યપદમાં રહેલાએ ન અંગીકાર કરવું. જો કોઇની થાપણ રાખે તો તેને સાચવવાની વિશેષ વ્યાપૃ-

कस्यापि कार्यं च व्यावहारिके। भिक्षयाऽऽपदतिरम्या न तु कार्य-

તિનો પ્રસંગ આવે અને રાગ દ્વેષ લોભાદિકની અધિકતા જેમાં વર્તેછે એવા કલિમાં તેવી પ્રવૃત્તિ ઘણું કરીને વ્યવહારપદમાંજ (દાવામાં) પર્યવસાન પામે તેથી તત્વ હિત પુરૂષાર્થના ઉપદેશાદિ નિજધર્મમાં વિક્ષેપપ્રસંગ આવે, માટે કોઇની પણ થાપણ દયાથીપણ ન રાખવી ॥૧૨૩-૧૨૪॥

ન્યાસરક્ષણનુંજ જેમ એમ પ્રતિભૂપણાનુંપણ મૂળ દયા છે તો ન્યાસજ જેમ એમ પ્રતિભૂ-પ્રતિનિધિ (જામીન) પણ અનર્થહેતુ હોવાથી દયાએ કરીને પણ વ્યવહારપદમાં ક્રય વિક્રય દાન આદાનાદિકમાં નજ કરવું **कस्यापि**– ભલે તે પોતાનો હોય કે પારકો હોય કોઇનું પણ ન કરવું મૂળમાં **व्यावहारिके**' એમ કહ્યું છે એથી મુમુક્ષુ આશ્રિતોના પ્રતિ સમસ્ત દુઃખના પ્રશમનમાં આચાર્યનું જે પ્રતિભૂપણું (જામીન) છે તેનો નહિ નિષેધ સિદ્ધ થાયછે આજ આચાર્યનું વ્રત છે (સર્વ સમાશ્રિતોના પ્રતિનિધિ થવું) **तथा** શિષ્યસમર્પિત ધન ધાન્યાદિવડે પોતાનું અને પોતાના પોષ્યવર્ગનું પોષણ કરતા આચાર્યને જો કદાચિત્ દૈવવશાત્ ધનધાન્યાદિકના પરિક્ષયને લીધે જીવનોપાય ન રહે તો પોતાના બ્રાહ્મણ વર્ણને સમુચિત ભિક્ષાવૃત્તિથીજ આત્મા આત્મીયનું ભરણ ન્યાય્ય છે પણ ઋણ કરીને નહિ કેમકે તેતો મનોવિક્ષેપમાં પ્રબળ હેતુ હોઇને આ લોક પરલોકમાં અનર્થ અર્થે થાય છે જે જન ઋણ પીડિત છે તેતો સર્વદા અસ્વસ્થ હૃદયવાળો હોઇને પોતાના ક્ષેમ માટે સમર્થ રહેતો નથી તો કરજ તો શરીરધારણ માટે પણ ક્યારેય પણ કોઈનું પણ નજ કરવું '**नाधमर्ण्यसमं दुःखं गृहिणामिह किञ्चन**' એમ સ્કાંદમાં કહ્યું છે માટેજ ભારતમાં '**पञ्चमेऽहनि षष्ठे वा शाकं पचति यो गृहे। अनृणी चाप्रवासी च स वारिचर मोदते ॥**' એમ કહ્યું છે કરેલું કરજ નહિ પાછું આપવામાં મહા અનર્થ કૃત્યચિંતામણિમાં કહ્યો છે-'**अग्निहोत्री तपस्वी च ऋणवान् म्रियते यदि। अग्निहोत्रं तपश्चैव सर्वं तद्धनिनो भवेत् ॥ ऋणं ये न प्रयच्छन्ति प्रमादादनुपायतः। धनदातुस्तदीयं स्यात्पुण्यं चात्र पुरार्जितम् ॥**' ઇતિ યદ્યપિ આ

मूणं क्वचित् ॥१२५॥ स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च। जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैव विक्रयः ॥१२६॥ भाद्रशुक्लचतुर्थ्यां

धर्म सर्वसाधारणज छे तथापि भ्रातृपुत्रो प्रत्ये उक्ति तो तेमने अत्यावश्यकता जणावा माटे अने तेमना द्वारा तेमना शिष्योने जणावा माटे छे एम जाणवुं. आ श्लोकथी आचार्ये शिष्यसमर्पित धनधान्यवडे जीवन करवुं एम जणाव्युं छे ॥१२५॥

शिष्यार्पित धन धान्यना परिक्षयमां जीविका पूर्वश्लोकथी निरूपण करी, हवे शिष्यार्पित धान्यनी अधिकतामां कर्तव्य कहेछे—धनधान्यना क्षयमां जेम ऋण न करवुं तेम पोताना शिष्ये अर्पेला धान्यनी अधिकतामां ते वेचवुं नहि. देतां खातां बाकी रहेला, काळेकरीने जीर्णभावने पामता डांगर विगेरे अन्नने वेचवानो प्रसंग होवाथी तेनो निषेध आ कर्यो छे. विक्रय लोभमूळक होवाथी वैश्यनी ते वृत्ति छे, ब्राह्मणमात्रने तो ते निषिद्ध छे, 'अजोऽग्निर्वरुणो मेषः सूर्योऽश्वः पृथिवी विराट् । धनुर्वन्याश्च सोमश्च न विक्रेयाः कदाचन ॥' एवी स्मृति छे. 'विराट् शब्दथी अन्न जाणवुं. अन्न आदिकना विक्रयथी अग्नि आदिक देवताओज वेच्या तुल्य थाय छे' एवी तेनी व्याख्या करी छे. शंका–क्रमेक्रमे जीर्ण थता तेनो शो उपयोग थाय? एवी अपेक्षामां कहेछे के–जीर्ण–गतवर्षमां संघरेलुं होवाथी तेमां जंतुओनुं पडवुं विगेरेवडे बहु काळ राखी शकाय नहि एवो प्रसंग जो आवे तो ते वेचातुं आपी दइने नवीन धान्य लेवुं. आ विनिमय कहेवाय, विक्रय नहि, विक्रयमां जे दोष छे तेनो संपादक नथी. माटेज न वेचवा योग्य तिलादिक धान्यविशेषनो विनिमय मन्वादिकोए अनुमान्यो छे. अतिथि अभ्यागत साधु संरक्षणमांज एक प्रवर्तेला आचार्ये तेमना रक्षण माटे करातो आ विनिमय (बदलो) दोषमाटे नथी, आटलुंज तत्त्व छे, 'सर्वे विनिमयाः युक्ता लाभलोभो न सूचितः' एवी स्मृति छे ॥१२६॥

हवे नैमित्तिक धर्मविशेषनुं विधान करेछे—भाद्रपद मासना शुक्ल पक्षनी चतुर्थी तिथिरूप निमित्त प्राप्त थतां गणेशनी अने आश्विन मासना

च कार्यं विघ्नेशपूजनम् । इषकृष्णचतुर्दश्यां कार्योऽर्चा च हनूमतः ॥१२७॥ सदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां

કૃષ્ણપક્ષની ચતુર્દશી તિથિરૂપ નિમિત્ત પ્રાપ્ત થતા હનુમાનજીની પૂજા યથા-વિધિ કરવી યદ્યપિ આ અર્થ સર્વ સાધારણ છે તથાપિ સર્વ સમાશ્રિતોને શિક્ષણ આપવા આચાર્યના કર્તવ્યપ્રકરણમા કહ્યો છે. આચાર્યને અવબોધ આપવાથી બીજાપણ સુદૃઢ બોધ આપ્યા થાય છે સર્વ વિઘ્નના વિનાશ માટે કર્મારંભમા આ દેવતાવિશેષ (ગણેશ) સર્વેએ પૂજ્યપણે કહ્યા છે વળી કૃષ્ણનો એમા અનુપ્રવેશ છે તો તદાત્મકપણે વિઘ્નેશનુ પૂજન કૃષ્ણૈ, કપરાયણોને પણ સમુચિતજ છે. હનુમાનજીતો ભગવાનના એકાંતિક-ભક્તરાજ છે માટે તેમની પૂજા પણ મુમુક્ષુઓએ અત્યત ઉપાદેય છે માટેજ ગણપતિનુ પૂજન ભવિષ્યોત્તરમા કહ્યુ છે–'चतुर्थ्यां भाद्रशुक्लायां हैमीं वा मृण्मयीमपि ॥ प्रतिमां गणनाथस्य भक्त्या सम्पूजयेत्सुधीः' ॥ ઇતિ હનુમાનજીનુ પૂજન ભગવાન્ રામચદ્રજીએ કહ્યુ છે–'ये त्वां सम्पूजयिष्यन्ति ऊर्जे यमतिथौ नराः । न ते यास्यन्ति नरकान् भविष्यन्ति च मत्प्रियाः ॥' ઇતિ કાર્તિક કૃષ્ણ ચતુર્દશીએ હનુમાનજીના જન્મને પ્રતિપાદન કરનારા વચનોનો પૂર્ણિમાત માસ લેવાનો અભિપ્રાય છે એમ જાણવું ॥૧૨૭॥

આચાર્યપદમાં સ્થાપન કરેલા એમણે તો મુમુક્ષુ જનોને દીક્ષા દેવીજ એમ હવે આદેશ કરે છે—મારા ચરણના સમાશ્રિત અને મારા ચરણના સમાશ્રયને સન્મુખ થએલા સર્વ મુમુક્ષુઓના **ધર્મરક્ષણહેતવે**–ધર્મનો બોધ આપીને અધર્મથકી નિવૃત્ત કરવા અને ધર્મમા પ્રવર્તાવવા તેણે કરીને તેઓના સમુજ્જીવન માટે ગુરૂપદમા મેં સ્થાપન કરેલા તેઓએ તો મુમુક્ષુ જનોને દીક્ષા–સપ્રદાયપરપરાપ્રાપ્ત મત્રોપદેશરૂપ આપવીજ. 'મુમુક્ષવ ' આ નિર્દેશથી દીક્ષાગ્રહણમા મુમુક્ષાજ અધિકાર છે પણ વિપ્રાદિ વર્ણવિલક્ષણતા નથી એમ સૂચવ્યુ છે, માટેજ 'ब्राह्मणान् क्षत्रियान् वैश्यान् सच्छूद्रांश्च मुमुक्षत । विष्णुभक्तिरतीन् साधून् दीक्षयेद्विधिना गुरु. ॥' એમ પચરાત્રમા કહ્યુ છે. 'તેમણે તો મુમુક્ષુઓને દીક્ષા આપવી' આ નિષ્કામ વિધિ કર્યો છે, તો તે ઉપરથી–ભલે સદ્વૃત્તને અનુસરેલા હોય

च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥१२८॥ यथाधिकारं संस्थाप्याः स्वे स्वे

પણ જો આચાર્યભાવને અનાદર કરીને મુમુક્ષુ જનોને મંત્રાદિ ઉપદેશ ન કરે તો અમારી આજ્ઞાના અતિલંઘનથી થતો પ્રત્યવાય એમણે ભોગવવોજ પડે, એમ જણાવ્યું છે. 'તેમણે તો' એમ કહેવાથી બીજાઓની અપેક્ષાએ આચાર્યની વિલક્ષણતા જણાવી છે. વિલક્ષણતા તો દીક્ષાદાનમાં અધિકારસંપત્તિજ સમજવી. (તેમનેજ દીક્ષાદાનમાં અધિકાર છે બીજાને નહિ) તેજ અધિકારસંપત્તિ 'गुरुत्वे स्थापिताभ्यां' ગુરૂપણામાં સ્થાપન કરેલા, આથી સ્પષ્ટ જણાવી છે. 'મેં તેમને ગુરૂપદમાં સ્થાપન કરેલા' એમ કહેવાથી વિજ્ઞાનને પામેલા એમણે મારા આદેશથી આ અવશ્ય કરવું એવો અર્થ સિદ્ધ થાયછે. ગુરૂસ્થાનમાં સ્થાપિતપણારૂપ અધિકારના નિરૂપણથી–કેવળ વિદ્યાસંપત્તિથી પરમ રહસ્યભૂત પરબ્રહ્મવિદ્યારૂપ મન્ત્રવિશેષનો ઉપદેશ કરવામાં ગુરૂની આજ્ઞા વિના યોગ્ય નજ થાય આ અર્થ જણાવ્યો છે. ધર્મરક્ષણહેતવે–આથી ગુરૂપદમાં સ્થાપન કરવાનું પ્રયોજન જણાવ્યું છે. 'મારા (ભગવાનના) આશ્રિતોના ધર્મરક્ષણ માટે' એમ કહ્યું છે તેથી આ ધર્મ પારમૈકાંતિક જાણવો. તેનું રક્ષણતો પ્રતિકૂળનો પરિત્યાગ અને અનુકૂળનું સંપાદન તેણે કરીને જે પોષણ કરવું એજ માન્યું છે. આ બન્ને તો ઉપદેશાદિવડે બને. આજ રક્ષણપ્રયોજન માટે ગુરૂપદમાં સ્થાપન છે ॥૧૨૮॥

આચાર્યે શિષ્યોને યથાધિકાર સ્વસ્વધર્મમાં નિયોજવા એમ હવે કહેછે— निजाश्रिता.–મુમુક્ષાથી પોતાને આશરેલા (શિષ્યો)ને યથાધિકાર–અધિકારને અનુસારે સ્વસ્વધર્મમાં સારી રીતે સ્થાપન કરવા. એટલે–મુમુક્ષા છે એટલામાત્રથી સર્વે જ્ઞાનયોગમાં નિયોજવા યોગ્ય નથી, જે ભક્તિયોગમાં અસમર્થ હોય તે જ્ઞાનયોગમાં યોજવા યોગ્ય છે, જે જ્ઞાનયોગમાં પણ અસમર્થ હોય તેતો કર્મયોગમાંજ પ્રયોજવા યોગ્ય છે, તો આવા અધિકારને અનુસારે મુમુક્ષુઓને સ્વસ્વસમુચિત ધર્મ–કર્મયોગ કે જ્ઞાનયોગ કે ભક્તિયોગમાં અસંમિશ્રિતપણે સ્થાપન કરવા. ભક્તિયોગાદિકમાં જે અધિકારી નથી તેને કર્મયોગમાં અધિકાર ગીતામાં ભગવાને

धर्मे निजाश्रिताः । मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आद-

કહ્યો છે-'अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः । सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते । ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥' ઇતિ. આનો આશય તો ભાષ્યથકી જાણવો. શ્રુતિ પણ છે-'पूर्वं त्वयि मान्ययेतोऽस्ति' ઇતિ. અથવા સ્વશિષ્યોને સ્વસ્વવર્ણાશ્રમધર્મે નિત્યનૈમિત્તિકાદિકમાં સંસ્થાપન કરવા. મુમુક્ષામાત્રથી અને દીક્ષાપ્રાપ્તિમાત્રથી 'અમારે વર્ણાશ્રમધર્મની શી જરૂર છે?' એમ માનીને સ્વસ્વધર્મોનું જે રીતે ઉલ્લંઘન ન કરે તે રીતે તેમાં અનુષ્ઠાન ઉપદેશાદિવડે સ્થાપન કરવા. અન્યથા શિષ્યકૃત પાપોનું ગુરૂમાં સંક્રમણ થાયછે 'राजा प्रजानां शमलं याति धर्ममशिक्षयन् । आचार्यो निजशिष्याणां क्षीणं तापत्तपस्तथा ॥' એવી શંખસ્મૃતિ છે. તથા સંત-'अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः' આ શ્રુતિને અનુસારે પરબ્રહ્મમાંજ નિમગ્ન જે ત્યાગનિષ્ઠ સત્પુરૂષો છે તેતો સ્વયં આચાર્યપદમાં રહેલાએ પણ માન્યાઃ-યથોચિત ચંદનાદિઅર્ચનથી અને સદન્નાદિભોજનથી સત્કાર્ય છે. તથા સ્વયં પ્રતિદિન સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર-પ્રેમથી કરવો. અભિપ્રાય એવો છે કે-વિદ્યા પરા અપરા એવા ભેદથી બે પ્રકારની છે, બ્રહ્મના અપરોક્ષરૂપ પરા કહી છે અને અપરા તો બ્રહ્મના પરોક્ષરૂપા સાંગ સોપબૃંહણ વેદરૂપ સચ્છાસ્ત્રજન્યા છે, તેમાં અપરોક્ષમાં પરોક્ષની ઉપકારકતા છે. આ વિદ્યાવિભાગ અને ઉપકાર્યઉપકારકભાવ મુંડકઉપનિષદમાં 'द्वे विद्ये वेदितव्ये' ઇત્યાદિ શ્રુતિએ કહ્યો છે. તો એ રીતે ઉપકાર્યઉપકારકભાવે સંપન્ન બે વિદ્યાઓ મધ્યે અપરોક્ષવિદ્યાનિષ્ઠ એવા પણ આચાર્યે સમાધિથકી વિરામ વેળાએ એમાં ઉપકારક પરોક્ષવિદ્યાનું પરિશીલનજ પ્રેમથી કરવું. પણ અનુપયુક્ત વ્યવહારમાં પ્રવેશ સમુચિત નથી, કેમકે તેમાં ચિત્તવિક્ષેપનો પ્રસંગ છે. યદ્યપિ આ અર્થ મુમુક્ષુસાધારણ છે તથાપિ આચાર્યપદના અલંકર્તાને અત્યંત અપેક્ષિતતા જણાવા માટે વિશેષધર્મપણે આદેશ કર્યો છે. આત્મપરમાત્માના સ્વરૂપનો અવબોધ આપનાર ઔપનિષદજ સચ્છાસ્ત્ર છે, તેના અર્થનો અભ્યાસજ મુખ્ય છે, 'ब्राह्मणेन षडङ्गो

रात् ॥१२९॥ मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च । लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥१३०॥ भगवन्मन्दिरं प्राप्तो

वेदोऽध्येतव्यो ज्ञेयश्च' એવી શ્રુતિ છે. 'तपो विद्या च विप्राणां निःश्रेयसकरे उभे' એમ ભાગવતમાં કહ્યું છે ॥૧૨૯॥

હવે પોતે પ્રતિષ્ઠાપેલા લક્ષ્મીનારાયણાદિક દેવોની યથાવિધિ પૂજા વિગેરે કરવાનો આદેશ કરે છે—મહત્સુ-શિખરબંધ મહામંદિરમાં કે અષ્ટપહરિ-મંદિર નામની હવેલીમાં મેં જગતના ઉદ્ધરણમાટે અવતરેલા પુરૂષોત્તમે સાક્ષાત્ યથાવિધિ પ્રતિષ્ઠાપન કરેલા લક્ષ્મીનારાયણ આદિક ભગવત્સ્વરૂપોની સેવા તેમણે તે તે કાળે કરવી. પરિચારકો બહુ હોય તોપણ ભગવત્સેવા તો સ્વયં કરવી. આ સેવા યથાવિધિ-વિધિને અનુસારે કરવી પણ સ્વેચ્છાપ્રમાણે ક્યારેય ન કરવી. 'મેં પ્રતિષ્ઠાપેલાં' એમ કહેવાથી તેમની પરિચર્યા કરનારા ઉપર પોતાની અત્યંત પ્રીતિ જણાવી છે. મંદિરનું મહત્વ તો ભગવન્નિર્મિત હોવાથી અને ભગવન્મંદિર હોવાથી જાણવું, બીજા વિશાળાદિ પ્રકારથી મહત્વતો અપ્રયોજક છે. આદિ-શબ્દથી નરનારાયણાદિક ગ્રહણ કરવા ॥૧૩૦॥

ભગવન્મંદિર પ્રતિ આવેલો ક્ષુધાથી કલેશ પામતો જે કોઈ પણ જન અન્નદાનાદિવડે સત્કાર્ય છે એમ કહે છે—જે કોઈપણ-જાતિ કુળાદિકવડે વર કે અવર, અથવા જ્ઞાતકુળાદિ કે અજ્ઞાતકુળાદિ જે કોઈપણ અતિથિ માનવ ઘરપ્રતિ આવેલો અન્નાર્થી-ભૂખ્યો હોય તે તો ગૃહસ્થજને અન્નદાનાદિવડે સંભાવના કરવા યોગ્ય છે. અન્યથા મહાપરાધ થાય છે, તેવી શ્રુતિ છે-'वैश्वानरः प्रविशत्यतिथिर्ब्राह्मणो गृहान् । तस्यैतां शान्तिं कुर्वन्ति हर वैवस्वतोदकम् । आशाप्रतीक्षे सङ्गतं सूनृतं चेष्टापूर्ते पुत्रपशूंश्च सर्वान् । एतद् वृङ्क्ते पुरुषस्याल्पमेधसो यस्यानश्नन् वसति ब्राह्मणो गृहे ॥' ઇતિ. વળી સામાન્યપણે ક્ષુધાતુરને અન્નદાનની બહુ પ્રશંસા કરી છે-'अन्नदानं प्रशंसन्ति विद्वांसो वेदवादिनः । अन्नमेव यतः प्राणाः प्राणदानं समं हि तत् ॥ तस्मादहरहर्देयमन्नमेव विचक्षणैः । अपरीक्ष्यैव सर्वेभ्य इति स्वायम्भुवोऽब्रवीत् ॥' ઇતિ. એ રીતે ક્ષુધાતુર અતિથિ કે બીજાનેવિષે સામાન્યતઃ

योऽन्नार्थी कोऽपि मानवः । आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥ संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।

અન્નદાનની અવશ્ય કર્તવ્યતા સિદ્ધ થાય છે. આ અર્થ ગાર્હસ્થ્યધર્મયોગ-માત્રને સાધારણ છે. આચાર્યનેતો વિશેષ આ છે—ભગવદ્દર્શનાર્થે મદિર-પ્રતિ આવેલો તો જે કોઈપણ ક્ષુધાકુળ અન્નાર્થી આચાર્યપદાધિષ્ઠિત ધર્મપ્રવર્તકે 'ભગવન્મદિરમા આવેલો ભુખ્યો નજ રહેવો જોઇએ' એમ જાણીને વિશેષપણે અન્નદાનવડે સંભાવનીય છે અન્યથા મદિરના સ્વામિને મહાન્ અનર્થ થાય, તો મદિરના ધણી આચાર્યે આ અવશ્ય કર્તવ્ય છે આ સભાવના આદરાત્—આદરથી કરવી પણ અનાદરથી નહિ. વળી યથાશક્તિ—શક્તિને અતિક્રમ કરીને નહિ તેમ શક્તિથી ન્યૂનપણ નહિ અથવા—અન્નાર્થી—અન્નની અર્થનાથી ભગવન્મદિરપ્રતિ આવેલો જે કોઈપણ માનવ હોય, એવી અન્વયયોજના કરવી. જે કોઈપણ એટલે ભગવાનને અભિમુખ હોય કે વિમુખ હોય પણ ભગવાનના મદિરમા પેઠો એટલામાત્રથી તેતો સંભાવનીય છે અભિપ્રાય એવો કે આ પાખંડપીડિત કળિમા બહુધાપણે જનો ભગવત્પ્રતિમાવિમુખ હોઇને ભગ-વન્મદિરની વાર્તાને પણ સહન કરી શકતા નથી આવી કળિસ્થિતિ છે તો અન્નની અપેક્ષાથી જે કોઈ ભગવન્મદિરપ્રતિ પ્રવેશમાત્રને અનુમાને છે તે પરમકૃપાળુ આચાર્યોએ આદરણીય છે. સર્વત્ર દયા રાખવી એ આચાર્યનું લક્ષણ છે. દયાળુ આચાર્યે જે કોઈપણ પ્રકારે ભગવન્મદિર-પ્રતિ આવેલા જે કોઈની પણ સભાવના આદરથી કરવી પણ તિરસ્કાર ન કરવો એટલુ તાત્પર્ય છે ॥૧૩૧॥

અન્નદાનની કર્તવ્યતા કહીને, હવે તેથી અધિક વિદ્યાદાનની કર્તવ્યતા કહેછે—પાઠશાળા કરાવીને તેમાં અધ્યાપનસમર્થ વિદ્વાન્ વિપ્રને અધ્યાપકપદમાં સંસ્થાપીને સદ્વિદ્યા—અગસહિત ઉપબૃહણસહિત વેદવિદ્યા પૃથ્વીમા પ્રવર્તાવવી જે વિદ્યાએ કરીને વિદુષની સત્તા તે સદ્વિદ્યા કહી છે. તેવી તો વેદવિદ્યાજ છે, કેમકે તેજ આદ્યન્તે રહિત હોઇને યથાર્થ પુરુષાર્થને અને તેનાં સાધનોને જણાવે છે, તેના પરિકરપણેજ

प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥१३२॥ अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः । कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥१३३॥ स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।

બીજાઓની સચ્છાસ્ત્રતા છે, તો આ વિદ્યાનુજ પ્રવર્તન-મહત્ સુકૃત-સુકૃતસાધન છે. અન્નથી તો ;જીવનમાત્ર થાય છે. વિદ્યાથીતો સમુજ્જીવન થાય છે. કેમકે ધર્માચરણથી પારલૌકિક શ્રેયની પ્રાપ્તિ થાય છે. નહિ જાણતો પુરુષ પોતાનું શ્રેય કરવા ક્યાંથી સમર્થ થાય, તો જે વિદ્યાપ્રવર્તનથી મહત્ સુકૃત થાય તેવી સદ્વિદ્યા ભૂમિમા પ્રવર્તાવવી. 'उपाध्यायस्य यो वृत्तिं दत्त्वाऽध्यापयति द्विजान् । किं न दत्तं भवेत्तेन धर्मकार्यार्थदर्शिना । छात्राणां भोजनं तैलं वस्त्रं भिक्षामथापि वा । दत्त्वा प्राप्नोति पुरुषः सर्वकामान् न संशयः ॥' એવી સ્મૃતિ છે ॥૧૩૨॥

આચાર્યના વિશેષધર્મો કહીને હવે આચાર્યાણીના વિશેષધર્મો કહેછે—આચાર્યપદમાં રહેલા એમની ભાર્યાઓએ ભર્તાની આજ્ઞાએ કરીનેજ કૃષ્ણમંત્રોપદેશ શરણાગત સ્ત્રિયોનેજ કરવો. 'ભર્તાની આજ્ઞાથી' એમ કહેવાથી ઉપદેશમાં અધિકારસંપત્તિ જણાવી છે. 'આજ્ઞાથી' એમ કહેવાથી સ્વતંત્રપણે મંત્રોપદેશાદિકમાં અનધિકાર જણાવ્યો છે. 'धर्मोपदेशं या नारी दानं तीर्थं व्रतानि च । करोति निष्फलं तद्वै विनाज्ञां पत्युरात्मनः ॥' એવું પરાશરવચન છે. આચાર્યે નહિ ઉપદેશ કરવા યોગ્ય કહેલી નિકટસંબન્ધથકી ભિન્ન સ્ત્રિયોના સમુજ્જીવન માટે આચાર્યની આજ્ઞાથી ઉપદેશપ્રાપ્ત મંત્રના પ્રદાનમાં આચાર્યાણીને કશી ક્ષતિ નથી,-માટેજ આચાર્ય ઉપદેષ્ટા હોવા છતા પણ તેમની પત્નીઓને આ અધિકાર આપ્યો છે ॥૧૩૩॥

હવે તેણીઓએ દૂર દેહસંબંધવાળા પુરુષોનો અંગસ્પર્શાદિ પરહરવો, એમ કહેછે—પોતાના સમીપસંબન્ધે રહિત એવા નરોનો આચાર્યપત્નીઓએ કર્હિચિત્-કોઈને શંકા ન આવે એવું નિમિત્ત હોય તોપણ બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરવો તથા તેમની સાથે કુશળપ્રશ્નાદિક નિમિત્તમાં પણ સંભાષણ પણ ન કરવું. તથા તેમને પોતાનું મુખપણ ન બતાવવું. તેમના દર્શનસમયે અવળું મુખ કરીને રહેવું અથવા પડદાથી મુખ

न स्प्रष्टव्या न भाष्याश्च ताभ्यो दर्श्यं मुखं न च ॥१३४॥ गृहाश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः । स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ॥१३५॥ मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु

આચ્છાદન કરવું. યદ્યપિ સ્ત્રીમાત્રસાધારણ આ ઉપદેશ છે. તથાપિ આચાર્યાણીએ તો અત્યંત આ અર્થ અવધારણીય છે એવા અભિપ્રાયથી વિશેષપણે કહ્યું છે. ચકારાત્ ધર્મવંશીય બીજી પણ નારીઓએ નરોનો સ્પર્શ સંભાષણાદિ ન કરવું ॥૧૩૪॥

હવે ગૃહસ્થના વિશેષ ધર્મોનો આદેશ કરેછે—જે મારા આશ્રિત ગૃહસ્થાશ્રમી પુરૂષો હોય તેમણે નિકટ દેહસંબન્ધે રહિત (જેણીઓનું મરણાશૌચ ન લાગુ થાય તેવા દૂર સંબન્ધવાળી અને સંબન્ધે રહિત) એવી સ્ત્રિયો (સધવા) નો સ્પર્શ ન કરવો તથા તેવી વિધવા વનિતાઓનો સ્પર્શ ન કરવો. વિધવા હોયકે સધવા હોય જે દૂર દેહ સંબન્ધવાળી હોય તેણીનો ગૃહસ્થે સ્પર્શ ન કરવો. કારણ કે તેણીઓના સ્પર્શમાત્રથી પણ કદાચિત્ ચિત્તવિક્ષોભનો સંભવ હોવાથી ધર્મલોપ પ્રસંગ આવે. વિધવા સ્વરૂપતઃ અમંગળ હોવાથી તેણીનો સ્પર્શ વિશેષતઃ પાતિત્યહેતુ જણાવવા તેણીનો સાક્ષાત્ (શબ્દથી) નિર્દેશ કર્યો છે. તેવી સ્મૃતિ છે-'अमङ्गलानां सर्वेषां विधवा ह्यत्यमङ्गलम्। अतस्तां न स्पृशेद्धीमान् स्वसम्बन्धिस्त्रियं विना॥' ઇતિ ॥૧૩૫॥

હવે સમીપસંબન્ધને ધરાવતી માતાઆદિકની સાથે પણ વિજનમાં વિના વિપદા વાસ ન કરવો એમ કહેછે—પોતાની માતા કે બ્હેન કે દિકરી યુવા વયમાં વર્તતી તેણીની સાથે એકાંત સ્થળમાં આપત્કાળ વિના (આવશ્યકથકી અન્ય પ્રસગમાં) નજ રહેવું. ઇન્દ્રિયો બળવાન્ હોવાથી મનને બળાત્ હરે છે. માટેજ 'न मात्रा न दुहित्रा वा न स्वस्रैकान्तशीलता । बलवन्तीन्द्रियाण्यत्र मोहयन्त्यपि कोविदान् ॥' એમ નિષેધ કર્યો છે. આપત્કાળમાં તો આ દોષ નથી. હવે આપત્તિમાં પણ જે નહિ કરવાનું તે કહેછે—પોતાની પત્નીનું દાન કોઇને ન કરવું. પત્નીતો આપત્તિમાં પણ પોતે રક્ષણીય છે તે દાનયોગ્ય નથી. કેમકે તેણીના પાતિવ્રત્યનો ભંગ થતાં અતિપાતક થાય અને સ્મૃતિમાં તેણીની અદેયતા કહી છે. 'आपत्स्वपि

चय स्वया । अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ॥१३६॥ प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपते. । भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥१३७॥ अन्नाद्यै. शक्तितोऽभ्यर्च्यो

न देयानि नव वस्तूनि सर्वथा । अन्वये सति सर्वस्व दारांश्च शरणागतान् । न्यासाधी कुलवृत्ति च निक्षेप स्त्रीधन सुतम् ॥ स्वकुटुम्बाविरोधेन देय दार-सुतादृते । नान्वये सति सर्वस्व यच्चान्यस्मै प्रतिश्रुतम् ॥' એવી સ્મૃતિ છે આ દારાદાનનિષેધ સ્મૃતિમા કહેલા બીજા સર્વસ્વદાનાદિકના નિષેધને પણ જણાવનારો જાણી લેવો આથી–હવે બીજાઓની પણ અદેયતા કહેવી જોઇએ, તો અહીં કેવળ સ્ત્રીની અદેયતાનુ નિરૂપણ અસગત છે, એવી આશકાનો અવકાશ નથી ॥૧૩૬॥

જેણીની સાથે વાગાલાપ કરવામાત્રથી પણ અનર્થ આ લોકમાજ પ્રબળતર પ્રાણપ્રયાણપર્યંત આવી પડે તેણીની સાથે આપત્તિમા પણ સભાષણાદિ પ્રસગ ન કરવો એમ કહેછે—જે સ્ત્રીને જે કોઈપણ વ્યવહાર–યોગ્ય કે અયોગ્ય અથવા અત પુરના જનોના શારીરસબન્ધથી કે અન્તપુરના પરિચારિણીસબન્ધથી ભૂપતિની સાથે પ્રસગ–અતપુર પ્રવેશાદિરૂપ હોય તેણીનો પ્રસગ–વારેવારે આભાષણાદિરૂપ સર્વથા–આપત્તિમા પણ તેણીના હિતની ઈચ્છાથી પણ નજ કરવો (પોતાની આપત્તિમા ન કરવો આ અર્થતો સ્ફુટ છે) કદાચિત્ રાજનિગ્રહનો પ્રસગ આવે બન્ને લોકમા અનર્થહેતુ છે માટે એનો વિશેષત આદેશ કર્યો છે 'राज्ञीद्वाराऽथवा यस्या स्वातन्त्र्येण च योषित । राज्ञा प्रसङ्गो भूत्या या तया व्यवहरेत्तु" આવી રાજધર્મટીકામા સ્મૃતિ છે ॥૧૩૭॥

હવે અતિથિસત્કારની કર્તવ્યતા કહેછે—ગૃહસ્થોએ ગ્રામાતરથકી પોતાને ઘેર આવેલા જે કોઈપણ અતિથિને અન્ન જળાદિકવડે સતોષ પમાડવો 'येनार्चितोऽतिथि प्रीत्या तेन सम्प्रीणितो हरि ' એવી સ્મૃતિ છે આદિશબ્દથી સ્વાગતાદિકનો સગ્રહ કરવો તેનુ વચન છે–'अतिथिं तत्र सम्प्राप्त पूजयेत्स्वागतादिना । अर्घ्यासनप्रदानेन पादप्रक्षालनेन च । श्रद्धया चान्नदानेन प्रियप्रश्नोत्तरेण च । गच्छतश्चानुयानेन प्रीतिमुत्पादयेद्गृही ॥'

ह्यतिथिस्तैर्गृहागतः । दैवं पित्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥१३८॥ यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य

ઇતિ અતિથિનું લક્ષણ પરાશરે કહ્યું છે—'नैकग्रामीणमतिथिं न गृह्णीत कदाचन । अनित्यमागतो यस्मात्तस्मादतिथिरुच्यते ॥ दूराध्वोपागतं श्रान्तं वैश्वदेव उपस्थितम् । अतिथिं तं विजानीयान्नातिथिः पूर्वमागतः ॥ इष्टो वा यदि वा द्वेष्यो मूर्खः पण्डित एव वा । सम्प्राप्तो वैश्वदेवान्ते सोऽतिथिः स्वर्गसङ्क्रमः ॥' ઇતિ અતિથિના અસત્કરણમાં અતિઅનર્થ કહ્યો છે–'अनर्चितोऽतिथिर्गेहाद्भग्नाशो यस्य गच्छति । आजन्मसञ्चितात्पुण्यात्क्षणात्सहि बहिर्भवेत् ॥' 'अतिथिर्यस्य भग्नाशो गृहस्थस्य तु गच्छति । तस्मात्सुकृतमादाय दुष्कृतं तु प्रयच्छति । वैश्वदेवान्तिके प्राप्तमतिथिं यो न पूजयेत् । स चाण्डालत्वमाप्नोति सद्य एव न संशय ॥' ઇતિ અતિથિ શબ્દથી ભિક્ષુમાત્રનું ગ્રહણ કરવું તે સ્કાંદમાં કહ્યું છે–'अध्वगः क्षीणवृत्तिश्च विद्यार्थी गुरुपोषकः । यतिश्च ब्रह्मचारी च षडेते धर्मभिक्षुकाः ॥' ઇતિ આ ધર્મભિક્ષુકોને યથાશક્તિ અન્નાદિવડે સંતુષ્ટ કરવા તથા ગૃહસ્થોએ જે બ્રહ્માદિ દેવોના પ્રીણન માટે અને પિત્રીઓના પ્રીણન માટે કહેલું કર્મ વૈશ્વદેવ શ્રાદ્ધાદિક તે યથાવિધિ યથાશક્તિ યથાધિકાર કરવું 'दैवं पित्र्यं यथावित्तं यो नाचरति मूढधीः । क्षीणपुण्यः पतत्येव रौरवे स न संशयः ॥' એવી સ્મૃતિ છે ॥૧૩૮॥

હવે માતા પિતા આદિકની શુશ્રૂષા કરવી એમ કહેછે—માતા પિતા અને ગુરૂની શુશ્રૂષા યાવજ્જીવ (જ્યાસુધી તેઓનું જીવન રહે ત્યાંસુધી અને જ્યાસુધી પોતાનું જીવન રહે ત્યાંસુધી) કરવી શુશ્રૂષામાં નિમિત્તભૂત તેઓનું ઉત્તરોત્તર ગૌરવ છે 'मासान् दशोदरस्थं या धृत्वा शूलैः समाकुला । ततोऽपि विविधैर्दुःखैः प्रसूयेत विमूर्च्छिता । प्राणैरपि प्रियान् पुत्रान् मन्यते सुतवत्सला । कस्तस्या निष्कृतिं कर्तुं शक्तो वर्षशतैरपि ॥' એ રીતે સ્મૃતિમાં માતાનું ગૌરવ વર્ણવ્યું છે 'द्वयोरपि पिता श्रेयान् बीजप्राधान्यदर्शनात्' એવી સ્મૃતિ છે, વળી ગર્ભાધાનાદિ સમસ્ત સંસ્કારો કરવાપૂર્વક સાવિત્રીનો ઉપદેશ આપે છે, માટે પિતાનું માતાની અપેક્ષાએ

मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥ यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः । मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः

ગૌરવ છે. પિતાની અપેક્ષાએ બ્રહ્મવિદ્યાપ્રદ ગુરુનું અધિક ગૌરવ છે. તેમાં 'उत्पादक–ब्रह्मदात्रोर्गरीयान् ब्रह्मदः पिता । ब्रह्मजन्म हि विप्रस्य प्रेत्य चेह च शाश्वतम् ॥' એવું વચન છે. એ રીતે ઉત્તરોત્તર ઉત્કર્ષવાળા આ ત્રણની શુશ્રૂષાની અવશ્ય કર્તવ્યતા મનુસ્મૃતિમાં કહી છે–'तयोर्नित्यं प्रियं कुर्यादाचार्यस्य च सर्वदा । तेष्वेव त्रिषु तुष्टेषु तपः सर्वं समाप्यते ॥ तेषां त्रयाणां शुश्रूषा परमं तप उच्यते । न तैरभ्यननुज्ञातो धर्ममन्यं समाचरेत् ॥...इमं लोकं मातृभक्त्या पितृभक्त्या तु मध्यमम् । गुरुशुश्रूषया त्वेव ब्रह्मलोकं समश्नुते ॥ सर्वे तस्यादृता धर्मा यस्यैते त्रय आदृताः । अनादृतास्तु यस्यैते सर्वास्तस्याफलाः क्रियाः ॥' ઇત્યાદિ. તથા સ્કંદપુરાણમાં કહ્યું છે— 'पित्रोर्गुरोश्च शुश्रूषा कर्तव्या श्रद्धयाऽन्वहम् । यथाशक्ति न तां कुर्याद्यः स यास्यति रौरवम् ॥' ઇતિ. તથા રોગાતુર મનુષ્યમાત્રની (દેહસંબન્ધ હોય કે ન હોય) યથાશક્તિ સેવા કરવી. જે એવી રીતે ન કરે તે मामकाः– મારા પ્રીતિપાત્ર ન થાય. માટે મારા આશ્રિત સર્વેએ પણ (ત્યાગીએ પણ) કરવી. રોગશબ્દથી શસ્ત્રક્ષતાદિકનો પણ સંગ્રહ કરવો. 'रोगाभिशस्त्रघातस्य प्राणिनो दययाऽन्वहम् । कार्या सेवा यथाशक्ति भैषज्यौदकादिभिः ॥' એવી પરાશરસ્મૃતિ છે ॥૧૩૯॥

પારલૌકિક હિતનું નિરૂપણ કરીને હવે ઇહલૌકિક હિતનું નિરૂપણ કરતાં પ્રથમ ગૃહસ્થ જને જીવનાર્થે વર્ણાશ્રમસમુચિતજ ઉદ્યમ કરવો એમ કહે છે—કુટુંબભરણમાં ગુથાએલા ગૃહસ્થે ઉદ્યમ–વૃત્ત્યર્થે પ્રયત્ન કરવોજ, પરંતુ તે પોતાના વર્ણ આશ્રમને ઉચિત–નહિ વિરુદ્ધજ કરવો. તેપણ યથાશક્તિ–યાજન અધ્યાપન પ્રતિગ્રહ વૃત્ત્યર્થોમાં જેમાં જેની શક્તિ તેમાં તેણે ઉદ્યોગ કરવો. એ રીતે ક્ષત્રિયાદિકની વૃત્તિઓમાં પણ શક્તિભેદ સમજી લેવો. 'यथाशक्ति चिकीर्षन्ति यथाशक्ति च कुर्वते । नाप्राप्यमभिवाञ्छन्ति नष्टं नेच्छन्ति शोचितुम् । आपत्सु च न मुह्यन्ति नराः पण्डितबुद्धयः ॥' એમ વિદુરે કહ્યું છે. વૃત્તિના પ્રસંગથી કૃષિવૃત્તિ-

॥१४०॥ यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः । यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥ गवादीनां पशूनां च तृणतो-

પરોના પ્રતિ આદેશ કરેછે કે–कृषिवृत्तिभिः–વૈશ્યવૃત્તિથી જીવતા બહુ વિપ્રો અને ઇતર વર્ણો (ખેડુતો) સ્વાર્થૈકપર હોઇને હમણાં લોકમાં વિધિનિષેધને અતિક્રમ કરીને વૃષભોના વૃષણુનો વિચ્છેદ કરાવે છે, તેમ અમારા આશ્રિતોએ ન કરવું. અન્યથા બીજનોજ વિનાશ થતાં મહા પ્રત્યવાયની પ્રાપ્તિ થાયછે. અને 'स्थिराङ्गं नीरुजं तृप्तं साण्डं षण्ढत्ववर्जितम् । अनड्वाहं सबलप्राणमनड्वाहं तु वाहयेत् ॥' એવી પરાશર સ્મૃતિ છે ॥૧૪૦॥

ગૃહસ્થોએ પ્રતિવર્ષ પોતાને જેટલો વ્યય હોય તેટલો ડાંગર આદિક અન્ન અને રૂપ્યમુદ્રાદિ ધનનો સંગ્રહ યથાશક્તિ યથાકાળ ધર્મેથી કરવો. અને પશુસંરક્ષકોએ પશુભક્ષણુને યોગ્ય ઘાસાદિકનો સંગ્રહ યથાશક્તિ યથાકાળ કરવો. યથાકાળ એટલે જે કાળમાં જે અન્ન ખળામાં વેચાતું હોય તે કાળમાં તે અન્નનો સંગ્રહ કરવો. અન્યથા તે બહુ મોંઘું થતાં વિશેષ વ્યયનો પ્રસંગ આવે. એ રીતે ધનપણ લાભકાળમાં સંઘરી લેવું. ઘાસમાં પણ જાણી લેવું. આ તો ગૃહસ્થોને દૃષ્ટફળજ છે માટે એમાં પ્રમાણુની અપેક્ષા નથી ॥૧૪૧॥

પશુવાળાઓને તૃણુસંગ્રહનો ઉપદેશ કર્યો તે પ્રસંગથી પશુસંરક્ષણુને કહે છે—ગૃહસ્થોએ ગવાદિ પશુઓ રાખવાં, આદિશબ્દથી અશ્વ મહિષ આદિક લેવાં. આ નિયમ સર્વના પ્રતિ સરખી રીતે નથી. જો તૃણુજળાદિકવડે સંરક્ષણુનું સામર્થ્ય હોય તો રાખવાં. એટલે આ વિધિ સમર્થના પ્રતિ પ્રવર્તે છે પણ અસમર્થના પ્રતિ નહિ. આજ અર્થ સ્પષ્ટ કરવા नान्यथा એમ કહ્યું છે. એટલે આ રક્ષણુવિધિ અસમર્થમાં નથી પ્રવર્તતો એટલુંજ નહિ, વધારામાં અસમર્થે કરાતા પશુસંગ્રહને નિષેધપણ કરેછે. માટે જેઓ પશુસંરક્ષણુમાં પ્રવર્તે તેમણે તૃણુજળાદિકવડે પશુઓની સંભાવના જેટલી પોતાથી બની શકે તેનો વિચાર કરી તેટલાંજ પશુઓ રાખવાં. અન્યથા મહત્તર પાપ થાય. પશુઓ ઘાસ જળ નહિ મળવાથી કલેશ પામતાં ધણીને મહાપાપ ઉપજાવે છે. તેવી સ્મૃતિ છે–'क्षुधातृषा-

यादिभिर्यदि । सम्भावनं भवेत्तेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥१४२॥

भूवित्तदानादानाभ्यां

स्वस्यान्यस्य वार्थ्य-

धनस्य तु । भाषाबन्धो न कर्तव्यः संसाक्ष्य लेखमन्तरा ॥१४४॥

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा । अन्यथा तु महद्दुःखं

तीव्रदंशविषमस्थानसीदताम् । पशूनामेव निःश्वासैः ऋद्धिः सर्वा विनश्यति ॥' ઇતિ. પશુસંભાવનનો પ્રકાર વૃદ્ધપરાશરસ્મૃતિ થકી જાણવો ॥૧૪૨॥

ભલે પુત્ર હોય કે મિત્ર હોય કે બીજો કોઇ આપ્ત હોય તેની સાથે પણ ઋણદાન આદાન આદિક વ્યવહાર લેખપૂર્વકજ કરવો એમ કહે છે—ગૃહસ્થોએ લેખ (દસ્તાવેજ) કર્યાં વિના ભૂ-ક્ષેત્રગૃહાદિકનું દાન આદાન-વેચાતું દેવું લેવું તથા વિત્ત-સુવર્ણાદિ ધનનું ઋણપણે દેવું લેવું તેનો વ્યવહાર ક્યારેયપણ પુત્ર કે મિત્ર આદિક સાથે પણ નજ કરવો. જો લેખ સાક્ષ્યશૂન્ય હોય તો દાવામાં પ્રમાણપદને યોગ્ય થતો નથી માટે સાક્ષિના હસ્તાક્ષર કરવા સાથે કરવો. પ્રથમ સાક્ષિસહિત લેખ કરાવીને પછી ભૂમિ આદિકનો લેણ દેણ વ્યવહાર કરવો. આ ઉપરથી દાયભાગ (પિત્રધનની વહેંચણી)માં પણ આજ રીતિ જાણી લેવી. 'य कश्चिदर्थो निष्णातः स्वरुच्या तु परस्परम् । लेख्यं तु साक्षिमत्कार्यं तस्मिन् धनिकपूर्वकम् ॥' એમ યાજ્ઞવલ્ક્યે કહ્યું છે. સાક્ષિ તથા લેખનું લક્ષણ તત્પરપણે પ્રવર્તેલી સ્મૃતિઓથકી જાણવું ॥૧૪૩॥

જે વિવાહ વખતે કન્યાને કે વરને વસ્ત્ર વિભૂષણ વિગેરે નિમિત્તે ઘણું ધન આપવામાં આવે છે તેમાં પણ સાક્ષિસહિત લેખ કરવો એમ કહે છે—પોતાના કે પરના વિવાહપ્રસંગમાં પ્રથમ 'કન્યાર્થે કે વરાર્થે આટલું પહેરામણીમાં દ્રવ્ય આપીશ' એમ પ્રતિજ્ઞા કરીને વિવાહ કરાવે છે, પછી તો લોભને લીધે કે કોઇ કલેશને લીધે પ્રતિજ્ઞાપ્રમાણે આપતા નથી, તેથી પરસ્પર મહાન્ કલેશ આવી પડે છે, તો તેવા વ્યવહારમાં પણ સાક્ષિએ સહિત લેખ કરાવવો પણ ભાષાબંધ-વાણીમાત્રથી પ્રતિજ્ઞા ન કરવી ॥૧૪૪॥

સર્વે કોઇ ગૃહસ્થોએ દ્રવ્યની આવકને અનુસારેજ સર્વદા વ્યય-

भवेदित्यवधार्यताम् ॥१४५॥ द्रव्यस्याऽऽयो भवेद्यावान् व्ययो वा व्यावहारिके। तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥१४६॥

વ્યવહારમા ખર્ચ કરવો વિત્તશાઠ્ય કે ઋણ નજ કરવુ અન્યથા-દ્રવ્યની આવ્યકનુ અનુસધાન નહિ રાખીને યથેષ્ટ અધિક ખર્ચ કરી નાખે તો મહત્ દુઃખ-અપરિહાર્ય ઋણપ્રસગને લીધે મરણપર્યંત ક્લેશ લાગુ રહે અને મરણપછીથી પણ સતતિમા દુ ખની અનુવૃત્તિ રહે અને ઋણશુદ્ધિ નહિ કરવાથી પ્રત્યવાયની પણ પ્રાપ્તિ (પારલૌકિક દુ ખ) થાય એમ જાણવુ માટે ગૃહસ્થોએ આવકની અપેક્ષાએ કિંચિત્ ન્યૂનજ વ્યય કરવો હિ-આમા સશય ન કરવો તે વૃદ્ધચાણક્યે કહ્યુ છે—'इदमेव पर दाक्ष्यमायादल्पतरो व्यय । आगमे यस्य चत्वारि निर्गमे पञ्च चापि षट् । स विस्मृतव्ययो नूल धर्मभ्रष्टो भवेद्ध्रुवम् ॥' ઇતિ તથા કામદક નીતિમા કહ્યુ છે—'यतस्तत उपानीय व्यय कुर्वन्ति भूरि ये । धनिकोपद्रवे जाते विषमश्नन्ति ते तत ॥'' ઇતિ ॥૧૪૫॥

આવકથી અધિક ખર્ચની અનર્થહેતુના કહેવાપૂર્વક તે નહિ કરવાનુ કહ્યુ, આય વ્યયની ગણના (નામુ) નહિ કરનારાને વિશેષ વ્યય ન કરવો હોય તોપણ થાયજ પ્રતિદિન ઉપજ ખર્ચની ગણના કરીને તેને લખી રાખનાર (નામુ રાખનાર)નેતો 'આ અનુચિત આજ થઇ ગયુ, અત પર એવો વ્યવહાર ન કરવો' એમ તે સમયે મતિમા વિચાર થઈ આવે, તેણે કરીને તેથકી કુશળ વિવેકી નિવૃત્ત થઈ જાય, આવા અભિપ્રાયથી અવશ્ય અનુદિન આવક વ્યયની ગણના (નામુ) લખવી એમ કહે છે—પોતાના બધાય વ્યવહારકાર્યમા દ્રવ્યની જેટલી આવક હોય અને જેટલો વ્યય હોય તે આય વ્યય તે તે દિવસે સારી રીતે સભારીને પ્રમાદનો પરિત્યાગ કરી સારા અક્ષરથી પોતાના હાથથીજ (બીજા પાસે નહિ) લખવો (નામું લખવુ) પોતાને હાથે ન લખે તો નહિ વિશ્વસનીય જનથકી પીડા આવે 'न यस्य लेखो लेखो वा मचेत्सन्दिग्ध वर्णक । धूर्तं कूटकलेखास्त बाधित्वा गृह्णते धनम् ॥' એવુ રાજધર્મ ટીકામા નીતિવચન છે ॥૧૪૬॥

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः । अर्प्यो दशांशः कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ॥१४७॥ एकादशीमुखानां च व्रतानां

એ રીતે સાવધાન પુરૂષે સમુચિત વૃત્તિથી સંપાદન કરેલા દ્રવ્યમાંથી ધર્માર્થે એકદેશ પૃથક્ કરવામાં 'तस्मात्त्रिभागं वित्तस्य जीवनाय प्रकल्पयेत् । भागद्वयं तु धर्मार्थमनित्यं जीवितं यतः ॥' અર્થ-વિત્તના પાંચ ભાગ કરીને તેમાંથી ત્રણ ભાગ પોતાના જીવનમાટે કલ્પે અને બે ભાગતો ધર્માર્થે કલ્પે, કેમકે જીવિત અનિત્ય છે. આમાં 'धर्मार्थं' એમ સામાન્યપણે જણાવ્યું છે, તેમાં સ્વાભિમત વિશેષ (કૃષ્ણને અને દશમો વિશમો આ વિશેષ) કહેછે—પોતપોતાની વૃત્તિથી ધનાદિનો લાભપણ આળસુ અને અનુદ્યમીને દુર્લભજ છે, આ અર્થ જણાવામાટે 'निजवृत्त्युद्यमप्राप्त' આ વિશેષણ આપ્યું છે. પોતાની વૃત્તિને અનુગુણ ઉદ્યમથી પ્રાપ્ત થએલું રૂપ્યમુદ્રાદિ ધન અને વ્રીહ્યાદિ ધાન્ય અને બીજું ગવાદિક તેમાંથી દશમો ભાગ કૃષ્ણને અર્પણ કરવો. દુર્બળ-અસમૃદ્ધોએ તો વિશમો ભાગ અર્પણ કરવો. યાગ દાન જપ હોમાદિક બધુય કર્મ જેના પ્રસાદદ્વારા શ્રેય.સાધન થાય છે, તે ગીતામાં કહ્યુ છે-'भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् । अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च' ઇતિ. તે આ કૃષ્ણને જે અર્પણ તેથકી બીજું ધર્મમાં કોઈ શ્રેષ્ઠ છેજ નહિ. તે ભાગવતમાં કહ્યું છે-'पात्रं त्वत्र निरुक्तं वै कविभिः पात्रवित्तमैः । हरिरेवैक उर्वीश ! यन्मयं वै चराचरम् ॥' ઇતિ. માટે પાત્રોત્તમ કૃષ્ણને અર્પણ કરવો. 'सर्वभूतात्मभूताय कृष्णायानन्यदर्शिने । देयं शान्ताय पूर्णाय दत्तस्यानन्त्यमिच्छता ॥' એમ ભાગવતમાં કહ્યું છે. 'દશમો' એમ જે ભાગવિશેષનું અવધારણ કર્યું છે તે અન્યત્ર ક્વચિત્ કહેલું છે તેને અનુસરીને છે. તેનું ભારતમાં વચન છે-'एकां गां दशगुर्दद्यात् दश दद्याच्च गोशती । शतं सहस्रगुर्दद्यात् सर्वे समफलाः स्मृताः ॥' ઇતિ. ગોપદ વિત્તમાત્રને જણાવનારૂં જાણવું. અશક્તને માટે વિશેષ વૃદ્ધપરાશરે કહ્યો છે-'राज्ञे दद्यात् पद्भागं देवतानां च विंशकम् ।' ઇતિ ॥१४७॥

ફળવિશેષની કામનાવાળાઓએ વ્રતવિશેષાદિકનું અનુષ્ઠાન કરવું,

निजशक्तितः । उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥१४८॥ कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा । बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥१४९॥ स्वाचार्याच्च ऋणं ग्राह्यं श्रीकृष्णस्य

व्रतना आदिमां के व्रतना अंतमां यथाविधि उद्यापन करवुं एम कहेछे—फळविशेषनी लालसावाळाए एकादशीव्रतप्रमुख व्रतोनुं उद्यापन यथाशास्त्र यथाशक्ति करवुं, केमके ते व्रतवडे अभिलषित जे अर्थ तेने आपनाइ छे. आथी उद्यापन विनाना व्रतनी विफळता जणावी अने एमनो अंगांगिभाव सिद्ध थयो. तेवुं वचन छे–'आदौ मध्येऽथवाप्यन्ते व्रतस्योद्यापनं चरेत् । उद्यापनं विना यत्तु तद्व्रतं न फलप्रदम् ॥ यत्र चोद्यापनं नोक्तं घृतानुगुणतश्चरेत् । महापूजां भगवतः कुर्याद्विप्रांश्च भोजयेत् । गां चैव काञ्चनं दद्याद्व्रतस्य परिपूर्तये ॥' इति. आ स्थळे उद्यापनांशमां विधि शब्दथीज छे. व्रतमां तो अर्थात् जाणवो. अप्राप्त छे माटे सांगमां विधिनी अपेक्षा छे. यद्यपि एकादशीव्रत नित्यप्राप्त छे तथापि नित्याग्निहोत्र अने काम्याग्निहोत्रमांज जेम एम अहीं भेद जाणवो ॥१४८॥

कामनाना प्रसंगथी कहेछे—कामनाविशेष होय तो श्रावण मासमां बिल्वपत्रादि उपचारोवडे महादेवनी पूजा सर्वथा–सर्व प्रकारे करवी, एटले जेजे प्रकारो पूजामां कह्या छे ते सर्व प्रकारोए करीने करवी, अर्थात् सांग करवी. स्वयं करवा असमर्थ होय तो ब्राह्मणादिद्वारा कराववी. जे पूजा छे ते एक प्रसन्न करवानो व्यापार छे. प्रेम विना करेला पत्र पुष्पादिकना अर्पणथी पूजापणानी सिद्धि थती नथी. आ अर्थ स्पष्ट जणावा 'प्रीत्या' प्रीतिथी करवी एम कह्युं छे. श्रावणमां शिवपूजन शिवपुराणमां कह्युं छे–'श्रावणे मासि यो भक्त्या करोति शिवपूजनम् । महाभिषेकविधिना बिल्वपत्रैश्च कोमलैः ॥ अप्राप्यं तस्य नास्त्येव किञ्चिदत्र परत्र च । कारयेद्ब्राह्मणैर्वापि न तु शून्यं नयेदिमम् ॥' इति ॥१४९॥

पोताना जे आचार्य तेथकी तथा श्रीकृष्णना मंदिरथकी ऋण नज ग्रहण करवुं, कारण के जो कदाचित् पाछुं न अपाय तो पारलौकिक अत्यंत अनर्थ थाय. तेवुं वचन छे—'प्राणापदं विना नैव ऋणं

च मन्दिरात् । ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥१५०॥ श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि । तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥१५१॥ प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत्कर्मका-

कार्यं हि कस्यचित् । देवद्रव्यं गुरुद्रव्यं विषवद् दूरतस्त्यजेत् ॥' ઇતિ. આપત્તિમાં પણ દેવદ્રવ્યથકી અને ગુરુદ્રવ્યથકી કરજ ન કરવું એવો અભિપ્રાય છે. ઋણપ્રસંગથી કહેછે—પોતાના વિવાહાદિ કાર્યનિમિત્તે પાત્ર-મોટા થાળ કડાયાં વિગેરે તાંબા પિતળાદિક ધાતુપાત્રો, ભૂષા—કુંડળાદિ અલંકારો અને અંશુક—વસ્ત્રો વાહનો વિગેરે વસ્તુઓ તે બન્નેના થકી નજ ગ્રહણ કરવાં. તે પણ ઋણતુલ્ય છે. તેવું વચન છે-'इष्टकाकाष्ठाश्मलोहान् देवालयगतान् गृही । गृह्णीयान्नात्मगेहार्थं गृह्णन् प्राप्नोति यातनाः । देवताया गुरोश्चैव ब्राह्मणस्य तपस्विनः । वस्त्रपात्रधनाद्यादि गृही स्वार्थं न याददेत् ॥' ઇતિ ॥૧૫૦॥

ગુરુથકી અને ભગવન્મંદિરથકી અગ્રાહ્ય કહ્યું, હવે સામાન્યતઃ પરથકી અગ્રાહ્ય કહેછે—શ્રીકૃષ્ણ ગુરુ અને સાધુનાં દર્શન કરવા તેમની સમીપે જતા ગૃહસ્થ જને માર્ગમાં અને શ્રીકૃષ્ણાદિકના સ્થાનોમાં પરાન્ન નજ ગ્રહણ કરવું, કેમકે પરાન્નસેવનથી પુણ્યનો પ્રક્ષય થાય. પુણ્યલિપ્સાથી ભગવાન્ ભાગવતનાં દર્શનાર્થે પ્રવર્તેલાના પુણ્યને સેવેલું પરાન્ન અપહરીલે, માટે પોતાનુંજ અન્ન ખાવું એવો અભિપ્રાય છે. 'यस्यान्नमश्नन् पुरुषस्तीर्थक्षेत्रव्रतानि च । यज्ञं जपं तपो वापि कुर्यात्तस्यैव तत्फलम् ॥' એવું વચન છે. આ તો પોતાના અન્નથી ક્ષેત્રાદિયાત્રા કરવા જે સમર્થ હોય તેને અધિકાર કરીને કહ્યું છે, અશક્ત (નિર્ધન) ને તો ભગવાન્ ભાગવતના દર્શનની ઉત્કંઠાજ સર્વફળદાયી અને સર્વદોષહારી છે, માટે એને પરાન્નભક્ષણથી ફળમાં કે અન્યત્ર પ્રચ્યુતિ લેશથી પણ નથી. જેને ભગવાન્ ભાગવતનાં દર્શનથકી પુણ્ય અભિલષિત હોય તેને આ નિયમ છે, જેને તો (નિષ્કામને) તેમનું દર્શનજ ફળ અભિમત હોય તેને તો આ નિયમ નથી. આ સ્થળે પરાન્નપણું લેશથી અન્ય અન્નનું જાણવું. બંધુઅન્ન તો પરાન્ન નથી એમ આગળ કહેશે ॥૧૫૧॥

रिणे । न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ॥१५२॥ दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा । लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र

હવે અસત્ વ્યવહાર અને અસંતો સાથે વ્યવહાર ન કરવો એમ કહે છે—પ્રતિજ્ઞા કરેલું ન આપવું આદિક અસાધુ વ્યવહાર જાણવો. 'તું અમારૂ આ કાર્ય કર તો તને આટલું ધન આપીશ' એમ પ્રથમ પ્રતિજ્ઞા કરીને જે ભૃત્યપાસે જે કર્મ કરાવ્યું હોય તેને તે પ્રતિજ્ઞા કરેલું ધન આપવુંજ. પ્રતિજ્ઞા કરેલું વેતન (પગાર) નહિ આપતો ધણી પરલોકમાં પ્રત્યવાયી થાય અને આ લોકમાં તેના વિવાદપદમાં (દાવામાં) રાજાએ દંડવાયોગ્ય થાય. એમ બન્ને લોકમાં અનર્થ થાય. માટે આવો અસાધુ વ્યવહાર નજ કરવો એવો અભિપ્રાય છે. 'भृत्याय वेतनं दद्यात्कर्मस्वामी यथाक्रमम् । आद्यौ मध्येऽवसाने वा कर्मणो यद्विनिश्चितम् ॥' એમ નારદે કહ્યું છે. 'प्रतिश्रुत्य ददामीति यः पुमान्न ददाति तत् । स तत्पापेन सन्तप्तो निर्वृतिं नैव गच्छति ॥' એમ ગારૂડમાં કહ્યું છે. તથા ઋણશુદ્ધિ–જે કરેલું કરજ પાછું આપી દીધું હોય તે ઋણશુદ્ધિ કહેવાય, તે આદિક છાનું રાખવું નહિ, બહુજનસમક્ષજ કહેવું. અન્યથા ધનલોભથી ધનનો ધણી ઋણ પાછું આપી દીધું હોય તોપણ 'નથી આપ્યું' એમ ખોટું બોલે. 'ऋणशुद्धिः स्वान्वयश्च गोपनीयौ न धीमता' એમ પરાશરે કહ્યું છે. કાશીખંડમાં કહ્યું છે–'नवैतानि प्रकाश्यानि रहःपापमकुत्सितम् । प्रायोग्यमृणशुद्धिश्च स्वान्वयः क्रयविक्रयौ । कन्यादानं गुणोत्कर्षौ नान्यत्केनापि कुत्रचित् ॥' ઇતિ. જેમના સંગને લીધે અસત્ વ્યવહારનો અવકાશ આવે તેવા દુર્જનો સાથે વ્યવહાર–સાથે આસન સાથે સંલાપણાદિરૂપ નજ કરવો. તેમની સાથે કરેલો વ્યવહાર આ લોક પરલોકમાં અનર્થ અર્થે થાય. તેમાં વચન છે–'न पापिभिर्व्यवहरेज्जगवद्विमुखैस्तथा । दाम्भिकैश्च खलैः क्वापि नच क्षणिकबुद्धिभिः ॥' ઇતિ ॥૧૫૨॥

ભલે સ્વદેશપણ જો દુઃખમૂળ હોય તો ત્યાગ કરવો એમ કહે છે—જે દેશમાં રહેવાથી અનાવૃષ્ટિ આદિક દુષ્કાળકૃત ઉપદ્રવથી કે શત્રુકૃત ઉપદ્રવથી કે રાજકૃત ઉપદ્રવથી લજ્જાનો નાશ, (માનભંગ) ધનનો

सर्वथा ॥१५३॥ मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः । त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥१५४॥ आढ्यैस्तु गृहिभिः

નાશ અને પ્રાણનો નાશ (યથાક્રમે એક એકથકી એક એકનો નાશ અથવા એક કે બે કે ત્રણનો નાશ યથાસંભવ સમજવો) થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો ત્યાં ક્ષણપણ વિચક્ષણ–'આનાથી આપણને દુ:ખ થશે, આનાથી આપણને સુખ થશે' એમ આગળથી વિવેચન કરવામાં કુશળ એવા મારા આશ્રિત ગૃહસ્થ જનોએ ન રહેવું. ભલે તે પોતાનો મૂળદેશ–પિતૃપિતામહપ્રમુખ વંશપરંપરાગત હોય તોપણ સર્વથા–વાસના સાથે તત્ક્ષણજ ત્યાગ કરવો. જ્યાં આ કહ્યો એવો ઉપદ્રવ ન હોય તે ભલે પારકો દેશ હોય પણ સુખકારી હોય તો તેજ નિવાસમાટે યોગ્ય છે. 'स देशो यत्र जीव्यते' એવો ન્યાય છે. તેમાં અર્થશાસ્ત્ર છે–'दु खितास्तु त्रयो यान्ति सिंहा. सत्पुरुषा. गजाः । त्रय. स्थानं न मुञ्चन्ति सिंहाः सत्पुरुषा मृगाः ॥' ઇતિ દુષ્કાળની અપેક્ષાએ શત્રુઓનું અને શત્રુઓની અપેક્ષાએ રાજાનું પ્રબળપણુ જાણવું–કાળનો ઉપદ્રવતો અલ્પકાલમાં નિવૃત્ત થાય, શત્રુઓનો ઉપદ્રવતો મરણપર્યંત અનુવર્તે, કાળની કુટિલતા અને શત્રુની કુટિલતા થકી પ્રાણનાશ નિયત (અવશ્ય થાય તે) નથી, રાજાની કુટિલતામાં તો પ્રાણનાશ નિયત છે પ્રાણ અને ધનની અપેક્ષાએ લજ્જાશબ્દથી કહેવા ઇચ્છેલા માનની આદરણીયતા જણાવવામાટે તેનો પ્રથમ નિર્દેશ કર્યો છે મોટા લોકો ધન તથા પ્રાણથકી માનનેજ મોટું માનેછે, વિદ્યા વૃત્ત વિગેરેવડે પ્રતિષ્ઠિત પુરૂષ શત્રુઓએ મિથ્યાપવાદાદિકના આરોપણથી માનભંગ કરતાં પ્રાણ તથા ધનના નાશનેજ શ્રેષ્ઠ માને છે, 'मानो हि महता धनम्' એવી અભિયુક્તિ છે. અથવા–માનભંગ થએ સતેપણ ધનસંપત્તિ હોય તો તેનાથી ધર્માચરણે કરીને પરલોકમા શ્રેયને ઇચ્છતો થકો જે કોઈ પ્રકારે જીવે છે માટે માનભંગની અપેક્ષાએ ધનનાશનો વિશેષ છે. ધનનાશ થએસતે પણ જો પ્રાણયોગ હોય તો તેટલામાત્રથી પણ કાળેકરીને ધનને અને માનને પામે છે, માટે ધનનાશની અપેક્ષાએ પ્રાણનાશનો વિશેષ છે, એ રીતે ઉત્તરોત્તર વિશેષ કહેવાના અભિપ્રાયથી 'लज्जाधनप्राणनाश.' એવો

कार्या अहिंसा वैष्णवा मखाः । तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च

નિર્દેશ કરેલો જાણવો. લજ્જાતો એક ચિત્તવૃત્તિવિશેષ છે, જેને લીધે અનુચિત આચરણ થકી જન સ્વયં નિવૃત્ત થાય છે ॥૧૫૩-૧૫૪॥

જે ધનાઢ્યો હોય તેમણે કરવા યોગ્ય ધનનો સદ્વ્યય હવે કહેછે— ધનસંપત્તિનો ધર્મમાંજ વિનિયોગ કરવો યોગ્ય છે પરંતુ ભોગમાં ઉપયોગ કરવો તે યોગ્ય નથી, 'धनं च धर्मैकफलं यतोऽस्य' એમ ભાગવતમાં કહ્યું છે. ધર્મતો પરમાત્મા વિષ્ણુની પ્રસન્નતા થકી અન્ય અધિક નથી. 'अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च' એમ ભગવાનેજ સ્વયં ગીતામાં કહ્યું છે. તો આઢ્ય-ધનસંપન્ન તે ગૃહસ્થોએ વૈષ્ણવ મખો કરવા. ગૃહસ્થ હોવાથી યજ્ઞાચરણમાં અધિકારી છે અને ધનસંપત્તિરૂપ ઉપકરણની પૂર્તિ છે તો એવા ગૃહસ્થે દેવતાપ્રીણનરૂપ મખો કરવા. મારા આશ્રિતોએ તો અન્ય દેવતાના ઉદ્દેશથી ન કરવા કિંતુ વિષ્ણુ, સર્વાન્તરાત્મા, સમસ્ત જગત્કારણ, સર્વ વેદાંતવેદ્ય, સકળફળપ્રદાતા, ભગવાન્ જે યજ્ઞમાં સાક્ષાત્ આરાધ્ય દેવતા હોય તેવો યજ્ઞ કરવો. માટેજ 'वैष्णवा मखाः' એમ કહ્યું છે. ભગવાન્ વિષ્ણુજ પ્રસન્ન થઇને સર્વ પુરૂષાર્થોને આપે છે. જે બીજા દેવતાઓની પૂજા કરીએ છીએ તેતો સ્વતઃ પરિમિત પણ ફળ આપવા સમર્થ થતા નથી. માટેજ સ્વયં ભગવાને 'लभते च ततः कामान् मयैव विहितान् हि तान्' એમ કહ્યું છે. તો સાક્ષાત્ વિષ્ણુનુંજ આરાધન સમુચિત હોવાથી 'ગૃહસ્થોએ વૈષ્ણવ મખો કરવો' એમ જે સર્વસામાન્યપણે કહ્યું તે યુક્તજ છે. વળી આ યાગો અહિંસાઃ-પ્રાણિહનનાદિકે રહિત કરવા. આથી-આશ્રિતો પ્રતિ જે અહિંસાવ્રતનો પ્રથમ ઉપદેશ કર્યો છે તેનું અહીં સ્મરણ કરી આપ્યું છે. એનુંજ સર્વોત્કૃષ્ટપણું છે, ઉત્કર્ષતો 'देवतापितृयागार्थं' આ શ્લોકવ્યાખ્યાનમાં નિરૂપણ કર્યો છે. ઉપરિચર વસુ રાજાએ આવોજ અહિંસામય યાગ અનુષ્ઠાન કર્યો છે. યજ્ઞભુક્ ભગવાને સાક્ષાત્ પધારીને તે રાજાનેજ એક દૃશ્ય થઇને પોતાનો ભાગ ગ્રહણ કર્યો હતો, આ અર્થ મહાભારતમાં નિરૂપણ કર્યો છે. માટે ભગવદેકપરાયણને અહિંસામય યાગજ સમુચિત છે. ગૃહસ્થને યજ્ઞની કર્તવ્યતા ભાગ-

साधवः ॥१५५॥ महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः। देयानि

વતમાં કહી છે–'अयं स्वस्त्ययनः पन्था द्विजातेर्गृहमेधिनः । यच्छ्रद्धयाऽऽप्तवित्तेन शुक्लेनेज्येत पुरुषः ॥' इति.

ભગવાનને પોતાના આરાધનરૂપ યાગથકી પણ અત્યંત અભિમત ધર્મને કહેછે—તથા પર્વ–પુણ્ય અમાવાસ્યાદિ કાળવિશેષમાં અને તીર્થ–પુણ્ય ભગવ-મંદિરાદિ દેશવિશેષમાં સાધુ તથા બ્રાહ્મણો નાનાવિધ ભક્ષ્ય ભોજ્યાદિવડે યથેષ્ટ જમાડવા. તે ભગવાનેજ કહ્યું છે–'नाहं तथाद्मि यजमानहविर्विताने श्च्योतद्घृतप्लुतमदन् हुतभुङ्मुखेन । यद्ब्राह्मणस्य मुखतश्चरतोऽनुघासं तुष्टस्य मय्यवहितैर्निजकर्मपाकैः ॥' इति. તથા નારદજીએ કહ્યું છે–'ब्रह्मणमुखतोऽयं वै भगवान् सर्वयज्ञभुक् । इज्यते हविषा राजन्! यथा विप्रमुखे हुतैः ॥' ઇતિ ॥૧૫૫॥

વળી તે આઢ્ય ગૃહિજનોએ ભગવાનના મંદિરમાં ભગવાનના જન્માષ્ટમીઉત્સવ આદિક મહોત્સવો યથાધનસંપત્તિ કરવા., નિત્ય, નૈમિત્તિક (એકાદશી પૂર્ણિમાદિ .નિમિત્તથી પ્રવર્તેલા) આદિક ભેદને લીધે મહોત્સવોનું બહુપણું જાણવું. તથા પાત્ર વિપ્રોને બહુપ્રકારનાં ગો–ભૂમિ–સુવર્ણાદિ દાનો દેવાં 'गोभूतिलहिरण्यादि पात्रे दातव्यमर्चितम् । नापात्रे विदुषा किञ्चिदात्मनः श्रेय इच्छता ॥' એમ સ્મૃતિમાં કહ્યું છે. દાનતો કળિયુગમાં પ્રશસ્ત માન્યું છે. તેવાં વચનો છે–'तपः परं कृतयुगे त्रेतायां ज्ञानमुच्यते । द्वापरे यज्ञमेवाहुर्दानमेव कलौ युगे ॥' 'तपोधर्मः कृतयुगे ज्ञानं त्रेतायुगे स्मृतम् । द्वापरे चाध्वराः प्रोक्ताः कलौ दानं दया दमः ॥' ઇત્યાદિ. વળી આ અર્થમાં શતપથશ્રુતિ છે–'तदेतत्त्रयं शिक्षेत् दमं दानं दयां' इति. 'विप्र' એવો નિર્દેશ કર્યો છે તેથી પ્રતિગ્રહની યોગ્યતા સૂચવી છે, 'पात्र' એવું વિશેષણ ,આપ્યું છે તેથી વિપ્રોમાં પણ કેટલાકનીજ પાત્રતા અને અપાત્રાર્પણની અનર્થતા જણાવી છે. પાત્રવિવેકમાં સ્મૃતિવચનો છે–'न विद्यया केवलया तपसा वापि पात्रता । यत्र वृत्तमिमे चोभे तद्धि पात्रं प्रकीर्तितम् ॥' 'स्वाध्यायवान् नियमवान् तपस्वी ध्यानविच्चयः । क्षान्तो दान्तः सत्यवादी विप्रः पात्रमिहोच्यते ॥' 'क्षान्तिः स्पृहा दया सत्यं दानं

पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥ मदाश्रितेर्नृपैर्धर्मशास्त्र-

शील तप. श्रुतम् । एतदष्टाङ्गमुद्दिष्ट परम पात्रलक्षणम् ॥' ઇત્યાદિ. અપાત્રોપણ બહુ પ્રકારના કહ્યાં છે—'पण्यस्थानेषु यद्दत्त वृथा दानं प्रकीर्तितम् । आरूढपतिते चैव अन्यायात्तैर्धनैश्च यत् ॥ व्यर्थं ह्यब्राह्मणे दानं पतिते तस्करे तथा । गुरौ चाप्रीतिजनके कृतघ्ने ग्रामयाजके ॥ वेदविक्रायके चैव यस्य चोपपतिर्गृहे । स्त्रीजिते चैव यद्दत्त व्यालग्राहे तथैव च ॥ ब्रह्मबन्धौ च यद्दत्त यद्दत्तं वृषलीपतौ । परिचारके च यद्दत्तं वृथा दानानि षोडश ॥' 'निष्फल नवसूत्रस्थं चारचारणतस्करे । कुवैद्ये कितवे धूर्ते शठे मल्ले च बन्दिनि ॥' ઇત્યાદિ ક્ષુધાતુરને અન્ન આપવામા પાત્ર અપાત્રના વિવેકની અપેક્ષા નથી, તે કહ્યુ છે કે—'अन्नाच्छादनदानेषु पात्र नैव विचारयेत् । अन्नस्य क्षुधितः पात्रं विवस्त्रो वसनस्य च ॥' ઇતિ તો આથકી અન્યત્ર સમગ્રક ગવાદિ દાનોમા પાત્ર અપાત્રના વિવેકની અવશ્ય અપેક્ષા હોવાથી 'पात्रविप्रेभ्य' એમ જે કહ્યુ તે યુક્તજ છે જેમ દાન પાત્રસાક્ષેપ છે તેમ આપવા યોગ્ય દ્રવ્યવિશેષસાપેક્ષ પણ છે તેમા વચનો છે—'यददिष्ट विशिष्टं च न्यायप्राप्त च यद्भवेत् । तत्तद्गुणवते देयमित्येतद्दानलक्षणम् ॥' 'विशेषतो महाराज' स्वस्य न्यायार्जितस्य च । श्रद्धया विधिवत्पात्रे दत्तस्यान्तो न विद्यते ॥' ઇત્યાદિ દાનમા આ અયોગ્ય કહ્યા છે—'सामान्यं याचितं न्यास आधिर्दाराश्च तद्धनम् । अन्वाहित च निक्षेप सर्वस्व चान्वये सति ॥ आपत्स्वपि न देयानि नव वस्तूनि पण्डितै । यो ददाति च मूढात्मा प्रायश्चित्तीयते नर ॥' ઇત્યાદિ આ દાનોની બહુવિધતાતો દાનનિમિત્ત ભેદને લીધે અને આપવા યોગ્ય દ્રવ્યભેદને લીધે છે એમ જાણુ પૂર્વશ્લોકથકી 'तीर्थेषु पर्वसु' આ પદનો સબન્ધ અહીં લેવો એથી દેશકાળની વિલક્ષણતાને લીધે દાનનુ અધિક ફળપણુ જણાવ્યુ છે ॥૧૫૬॥

સામાન્યત ગૃહસ્થધર્મ કહીને હવે રાજાનો વિશેષધર્મ કહેછે—વિશેષત ઉપદેશ કરવા યોગ્ય તો રાજધર્મ છે, કેમકે લોકની સ્થિતિ રાજધર્મમૂળક છે તેવુ વચન છે—'यथा हि रश्मयोऽश्वस्य द्विरदस्याङ्कुशो यथा । नरेन्द्रधर्मो लोकस्य तथा प्रग्रहण स्मृतम् ॥ तत्र चेत्संमुह्येत

माथित्य चारिलाः । प्रजाः स्वाः पुत्रवत् पाल्या धर्मः स्थाप्यो धरा-
धर्मे राजर्विसेवितेे । लोकस्य संस्था न भवेत्सर्वं च व्याकुलीभवेत् ॥' ઇતિ.
मदाश्रितैः–મારા આશ્રયની આકાંક્ષા કરતા (મુમુક્ષુ) રાજાઓએ ધર્મ-
શાસ્ત્રને અનુસરીને પ્રજાપાળનાદિ અવશ્ય કરવું, કારણ કે સ્વધર્મનું
અનુપાલન કરનારાઓને પોતાના મોક્ષની પણ સિદ્ધિ થાય છે. તે ગીતામાં
કહ્યું છે–'स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः' ઇતિ. માટે પ્રજા-
પાળનાદિક સ્વધર્મનો પરિત્યાગ કરનારાઓને અમારા આશ્રયણરૂપ સિદ્ધિ
થતી નથી. ધર્મશાસ્ત્રને અવલંબીને પ્રજાનું પરિપાલન કરવું પણ કેવળ
શાસ્ત્રને અનુસરીને નહિ. જેતો ધર્મશાસ્ત્રને અતિલંઘન કરીને અર્થ-
દૃષ્ટિથી પરિપાલન કરવા પ્રવર્તે છે તેતો મારા આશ્રયણને યોગ્ય નથી.
અન્ય અનેક રાજધર્મો હોવા છતાં પણ 'प्रजाः स्वाः पुत्रवत्पाल्याः' આવો
વિશેષનિર્દેશ કર્યો છે તેથી પ્રજાપરિપાલનજ રાજાનો પરમ ધર્મ છે એમ
જણાવ્યું છે. બીજા રાજધર્મો તો પ્રજાપાલનના અંગભૂત છે. માટેજ
ભારતમાં 'सम्राज्ये राज्यकामानां नान्यो धर्मः सनातनः । ऋते रक्षां न
विस्पष्टां रक्षा लोकस्य धारिणी ॥ षडेतान्पुरुषान् जह्याद्भिन्नां नावमिवार्णवे ।
अप्रवक्तारमाचार्यमनधीयानमृत्विजम् ॥ अरक्षितारं राजानं भार्यां चाप्रिय-
वादिनीम् । ग्रामकामं च गोपालं वनकामं च नापितम् ॥ एतत्ते राजधर्माणां
नवनीतं युधिष्ठिर ! । परिनिष्ठितकार्यस्तु नृपतिः परिपालनात् ॥' એમ કહ્યું છે.
'क्षत्रियस्य परो धर्मः प्रजानामेव पालनम् । एष एव परो धर्मो यद्राजा
रक्षति प्रजाः ॥' એમ મનુસ્મૃતિમાં કહ્યું છે. ધર્મસ્થાપન પણ તેતે દેશકાળા-
દિકને અનુસારેજ કરવું. 'यस्मिन् देशे य आचारो व्यवहारः कुलस्थितिः ।
तथैव परिपाल्योऽसौ यदा वशमुपागतः ॥' એમ વૃદ્ધ યાજ્ઞવલ્ક્યે કહ્યું
છે. પ્રજાઓનું પરિપાલન પણ પુત્રોની પેઠે કરવું, પુત્રોનેવિષેજ જેમ
એમ પ્રેમાતિશયથી પરિપાલન કરવું પણ કેવળ સ્વાર્થ માટે નહિ પ્રજાઓનું
જે ઇષ્ટ અનિષ્ટ એજ પોતાનું પણ ઇષ્ટ અનિષ્ટ છે એમ માનીને પરિ-
પાલન કરવું. 'पुत्रतुल्यं प्रजानां च दुःखितानां च रक्षणम्' એવું વચન
છે. વળી ભીષ્મે ભારતમાં કહ્યું છે—'भवितव्यं सदा राज्ञा गर्भिणीसह-

धर्मिणा । कारणं च महाराज ! शृणु येनेदमिष्यते । यथा हि गर्भिणी हित्वा स्वं प्रियं मनसोऽनुगम् । गर्भस्य हितमाधत्ते तथा राज्ञाप्यसंशयम् । वर्तितव्यं कुरुश्रेष्ठ ! सदा धर्मानुवर्तिना । स्वं प्रियं तु परित्यज्य यद्यल्लोकहितं भवेत् ॥' ઇતિ. પાલન તો અનિષ્ટ નિવારવું અને ઇષ્ટ પમાડવું એમ બે પ્રકારનું છે, તેમાં ચોરાદિકના ઉપદ્રવનું નિવારણ તે પહેલું અને પાત્રને અનુસારે જીવિકા કલ્પવી એ બીજું છે. આ બન્ને રાજાનું કાર્ય છે. તે ભારતમાં કહ્યું છે–'यथोद्धरति निर्दाता कक्षं धान्यं च रक्षति । तथा रक्षेन्नृपो राष्ट्रं हन्याच्च परिपन्थिनः ॥' ઇતિ. 'नास्य कृत्यतमं किञ्चिदन्यद्दस्युनिवारणात् । श्रुतवते विदिरजास्य वृत्तिं धर्म्यां प्रकल्पयेत् । संरक्षेत्सर्वतश्चैनं पिता पुत्रमिवौरसम् ॥' ઇતિ. વળી 'एष राज्ञां परो धर्मो ह्यार्तानामार्तिनिग्रहः' એમ ભાગવતમાં કહ્યું છે. ચશબ્દ અવધારણ અર્થમાં લેવો, પ્રજાઓ પાળવીજ. અન્યથા અનર્થ થાય. તે મહાભારતમાં કહ્યું છે–'विक्रोशन्त्यो यस्य राष्ट्रात् ह्रियन्ते दस्युभिः प्रजाः । सम्पश्यतः सभृत्यस्य मृतः स न तु जीवति ॥' मोहाद्राजा स्वराष्ट्रं यः कर्षयत्यनवेक्षया । सोऽचिराद्भ्रश्यते राज्याज्जीविताच्च सबान्धवः ॥' ઇતિ.

દંડ પણ ધર્મપ્રવૃત્તિનાજ એક શેષપણે સ્વીકારવો એમ હવે કહે છે— તથા રાજાએ ધરાતળ–પોતાના સર્વ દેશમાં ધર્મ– તેતે વર્ણાશ્રમધર્મ સ્થાપન કરવો, એટલે જે રીતે પ્રજાઓ સ્વધર્મોને ન અતિક્રમણ કરે તેમ પ્રશાસન કરવી. અધાર્મિક જનોના દંડથી ધર્મ ધરામાં અભિવૃદ્ધિ પામે છે. તે કહ્યું છે—'चातुर्वर्ण्यस्य धर्माश्च रक्षितव्या महीक्षिता । धर्मसङ्कररक्षा च राज्ञां धर्मः सनातनः ॥ स्वेषु धर्मेष्ववस्थाप्य प्रजाः सर्वा महीपतिः । धर्मेण सर्वकृत्यानि शमनिष्ठानि कारयेत् ॥' 'य उद्धरेत्करं राजा प्रजा धर्मेष्वशिक्षयन् । प्रजानां शमलं भुङ्क्ते भगं च स्वं जहाति सः ॥ ઇતિ. 'श्रेयः प्रजापालनमेव राज्ञो यत्सांपराये सुकृतात्षष्ठमंशम् । हर्ताऽन्यथा हृतपुण्यः प्रजानामरक्षिता करहारोऽघमत्ति ॥' એમ ભાગવતમાં કહ્યુ છે. છાંદોગ્યમાં પોતાના દ્રવ્યની સ્વામિદોષના અભાવને લીધે પ્રતિગ્રહયોગ્યતા જણાવા પ્રવર્તેલા અશ્વપતિ રાજાનું વચન છે કે—'न मे स्तेनो जनपदे न कदर्यो

तले ॥१५७॥ राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा । व्यवहा-

न मधप । नानाहिताग्निर्नाविद्वान् न स्वैरी स्वैरिणी कुत ॥' ઇતિ આમા 'नानाहिताग्नि' ઇત્યાદિ નિર્દેશથી સ્વસ્વધર્મમાં પ્રજાઓને પ્રવર્તાવતા પોતાની અદુષ્ટતા જણાવી છે અન્યથા તો દુષ્ટપણ આનાથી સિદ્ધ થાય 'धर्मे स्थाप्याश्च ता' એમ નહિ કહેતા 'धर्मे स्थाप्यो धरातले' એમ કહ્યુ છે તો તેથી પ્રજાઓને ધર્મમા પ્રવર્તાવતાએ પોતે પણ ધર્મમા નિષ્ઠાવાળુ થવુ એમ જણાવ્યુ છે 'પ્રજાઓ પાળવી' એમ કહીને અનુપદજ 'ધર્મે સ્થાપન કરવો' એમ કહ્યુ છે તેથી રક્ષા કરતા રાજાએ નિજધર્મનુ ઉલ્લઘન ન કરવુ એમ જણાવ્યુ છે આથી યથોક્ત છઠ્ઠા ભાગના ગ્રહણથીજ પ્રજાઓનુ પાલન કરવુ એમ સૂચવ્યુ છે ધર્મનિષ્ઠ રાજાના પ્રતાપબળથી કળિકાળનુ બળપણુ નિવૃત્ત થાય છે, એમ ભારતમા કહ્યુ છે— 'कालस्य कारण राजा कालो वा राजकारणम् । इति ते संशयो मा भूद्राजा कालस्य कारणम् ॥' ઇતિ 'राज्ञि धार्मिणि धार्मिष्ठा पापे पापा समे समा । प्रजास्तमनुवर्तन्ते यथा राजा तथा प्रजा ॥' એમ વૃદ્ધચાણુક્યે કહ્યુ છે સામાન્યત રાજાનુ લક્ષણ યાજ્ઞવલ્ક્યે 'महोत्साह स्थूललक्ष्य' ઇત્યાદિ વચનથી કહ્યુ છે તથા રાજધર્મમા ભીષ્મે 'चरेद्धर्मानकटुक' ઇત્યાદિ વચનથી કહ્યુ છે ॥૫૭॥

એ રીતે પ્રજાપાલનરૂપ પ્રધાન ધર્મમા પ્રવર્તેલા રાજાએ અવશ્યપણે જાણવા લાયક અર્થોને કહે છે—જે રાજ્યના અગ સ્વામી અમાત્ય આદિક છે, જે સામઆદિક ઉપાયો છે, જે સન્ધિવિગ્રહ આદિક ષડ્વર્ગ છે, આ તત્ત્વથી જાણવા તથા મત્રી પુરોહિતપ્રમુખ જે અઢાર તીર્થો—ચાર મોકલવાના સ્થાનો છે તે તત્ત્વથી જાણવા તથા જે ઋણાદાનઆદિક અઢાર વ્યવહારને જાણનારા સભાસદો (ન્યાયાધીશ) છે તે પણ લક્ષણથી જાણવા (આ સભ્ય સ્થાનને લાયક છે આ નથી ઇત્યાદિ વિવેચન કરીને જાણવુ) તથા જે દડવા યોગ્ય અને નહિ દડવા યોગ્ય હોય તે પણ લક્ષણથી જાણવા તેમા **સ્વામી**—'महोत्साह स्थूललक्ष्य' ઇત્યાદિથી કહેલા લક્ષણ વાળો રાજા અમાત્ય—મત્રી આદિક, સુહૃદ—સહજ પ્રાકૃત કૃત્રિમ, કોશ-

સુવર્ણાદિ દ્રવ્યનો રાશિ, (ખજીનો) રાષ્ટ્ર-બ્રાહ્મણાદિ પ્રજાઓ, દુર્ગ-ધન્વદુર્ગાદિ કીલ્લાઓ, બળ-હસ્તિ અશ્વ રથ પદાતિરૂપ ચતુરંગ સૈન્ય, આ ૭ અંગો જાણવાં. તે કહ્યું છે-'स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च । राज्याङ्गानि प्रकृतयः' ઇતિ. સામ-પ્રિયભાષણ, ભેદ-ખંડીયા રાજાઓને પરસ્પર વૈર ઉપજાવીને જુદા પાડવા, દાન-સુવર્ણાદિકનું, નિગ્રહ-દંડ ઉપાંશુ અને પ્રકાશમાં ધનાપહરણાદિ વધપર્યંતનો અપકાર, આ ચાર ઉપાયો જાણવા. તે કહ્યું છે—'उपायांश्चतुरः साम भेदं दानं च निग्रहम् । यथोचितं प्रयुञ्जीत पञ्चमं चाप्युपेक्षणम् ॥' ઇતિ. સન્ધિ-વ્યવસ્થા કરવી, વિગ્રહ-અપકાર કરવો, યાન-પરના પ્રતિ પ્રયાણ, દ્વૈધીભાવ-પોતાના સૈન્યનું બે પ્રકારે કરવું, સમાશ્રય-બળવાનનો સમાશ્રય કરવો, સ્થાન-આસન, એટલે ઉપેક્ષા કરવી, આ ષડ્વર્ગ કહ્યો છે. તે કહ્યું છે-'सन्धि-विग्रहयानानि द्वैधीभावः समाश्रयः । स्थानं चेत्यस्ति षड्वर्गः कुर्यात्सम्भिश्रयं नृपः ॥' ઇતિ. તીર્થો-ચાર મોકલવાનાં અઢાર સ્થાનો- મુખ્ય મંત્રી, પુરોહિત, યુવરાજ, સેનાપતિ, રાષ્ટ્રપાળ-દ્વારપાળ, અંતર્વંશિક-અંતઃપુરનો અધિકારી, બધીખાનાનો અધિકારી, દ્રવ્યસંચયકૃત્-ખજીનાનો અધ્યક્ષ, અર્થોનો કૃત્ય અકૃત્યમાં વિચાર કરી વિનિયોગ કરનાર, પ્રદેષ્ટા-ન્યાયાધીશ નામનો વ્યવહારદૃષ્ટા, નગરનો અધ્યક્ષ, કાર્ય નિર્માણને અંતે તેના કરનારાઓને પગાર આપનારો, ધર્માધ્યક્ષ, સભાધ્યક્ષ, દંડપાળ-દુષ્ટોને દંડ દેવામાં અધિકારી, દુર્ગપાળ-કીલ્લાઓને સાચવનારો, રાષ્ટ્રનો પાળક, વનનો પાળક, આ અઢાર તીર્થો કહ્યાં છે. આ પોતાનાં અને પરનાં તીર્થોમાં ચારોને નિયોજે. તેમાં પોતાના પક્ષમાં મંત્રી યુવરાજ અને પુરોહિત આ ત્રણને ત્યાગ કરીને નિયોજે. ઋણાદાન, નિક્ષેપ, અસ્વામિવિક્રય, સંભૂયસમુત્થાન, દત્તાનપાકર્મ, સંવિદ્વ્યતિક્રમ, સીમાવિવાદ, સ્તેય, સાહસ, ક્રીતાનુશય, સ્વામીપાળનો વિવાદ, વાક્પારુષ્ય, દંડપારુષ્ય, સ્ત્રીસંગ્રહ, વેતનાદાન, દ્યૂતસમાહ્વય, દાયભાગ, સ્ત્રીપુંધર્મ, આ અઢાર વ્યવહારો (દાવાઓ) કહ્યા છે. આનું અસાધારણ લક્ષણ તો અન્યથકી જાણવું. સભ્યોનું આ લક્ષણ કહ્યું છે—'श्रुताध्ययनसम्पन्ना धर्मज्ञाः सत्य-

रविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥ सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् । अन्धो रोगी दरिद्रो वा षण्ढो

वादिभः । राज्ञा सभासदाः कार्या रिपौ मित्रे च ये समाः ॥' इति. દંડ્ય અદંડ્યનો વિભાગપણ કહ્યો છે-'त्यक्तस्वधर्मः पाखण्डी सद्द्रोही दुर्बलार्दनः । उल्लंघितस्वमर्यादः स राज्ञो दण्डमर्हति ॥' 'अदण्ड्या ब्राह्मणा राज्ञा दुर्बलास्त्यागिनस्तथा । विष्ण्वादिदेवभक्तयज्ञास्तपस्वी पितरौ गुरुः ॥' इति. આના અવાંતર ભેદો તથા લક્ષણો નીતિશાસ્ત્રથકી જાણવાં ॥૧૫૮॥

હવે -ગૃહસ્થના પ્રસંગથી સ્ત્રીઓના ધર્મો કહેતાં પ્રથમ પતિપત્ની વનિતાઓના વિશેષ ધર્મોને કહે છે—સભર્તૃકા નારીઓએ પોતાનો પતિ અંધ હોય કે રોગી હોય કે દરિદ્ર હોય કે નપુંસક હોય પણ તે ઇશ્વરની પેઠે સેવનીય છે. 'જેમ ઇશ્વર સેવા કર્યાથકા સર્વ પુરૂષાર્થને આપનારા છે તેમ આ પણ છે' એવો નિશ્ચય કરીને અંધત્વાદિ દોષોનો વિચાર નહિ કરીને મહાપ્રેમથી શ્રદ્ધાપૂર્વક તેતે સમયે સમુચિત સપર્યાવડે સેવનીય છે. પતિપણુજ ઇશ્વરની પેઠે સેવ્યપણામાં પ્રયોજક છે પણ ગુણની અપેક્ષા નથી. અંધત્વાદિ દોષે યુક્ત હોય તથાપિ આદરથી તે સેવ્ય છે. પતિ પ્રતિકૂળ વૃત્તિવાળો હોય તોપણ સ્વયં તેનેવિષે અનુકૂળ વૃત્તિવાળીજ થવું. સ્ત્રીયોનો પતિસેવાજ પરમ ધર્મ છે. તેવી સ્મૃતિઓ છે-'नगरस्थो वनस्थो वा शुभो वा यदि वाऽशुभः । यासां स्त्रीणां प्रियो भर्ता तासां लोका महोदयाः ॥ दुःशीलः कामवृत्तो वा धनैर्वा परिवर्जितः । स्त्रीणामार्यस्वभावानां परमं दैवतं पतिः ॥ क्लीबं वा दुरवस्थं वा व्याधितं वृद्धमेव वा । सुस्थितं दुःस्थितं वापि पतिमेकं न लङ्घयेत् ॥ मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः । अमितस्य हि दातारं भर्तारं पूजयेत्सदा ॥ भर्ता देवो गुरुर्भर्ता धर्मतीर्थव्रतानि च । तस्मात्सर्वं परित्यज्य पतिमेकं समर्चयेत् ॥ तीर्थस्नानार्थिनी नारी पतिपादोदकं पिबेत् । शङ्करादपि विष्णोर्वा पतिरेकोऽधिकः स्त्रियाः ॥ या पतिं हरिभावेन भजेत् श्रीरिव तत्परा । हर्यात्मना हरेर्लोके पत्या श्रीरिव मोदते ॥ भर्तुः शुश्रूषणं स्त्रीणां परो धर्मो ह्यमायया । तद्बन्धूनां च कल्याण्यः प्रजानां चानुपोषणम् ॥

वाच्यं न दुर्वचः ॥१५९॥ रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।

दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोऽपि वा । पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी ॥ पतिरेव हि नारीणां दैवतं परमं स्मृतम्' ઇત્યાદિ. એ રીતે સર્વદા સેવ્ય સ્વામિને દુર્વચઃ-દુષ્ટ પ્રતિકૂળ વચન ક્યારેય પણ ન બોલવું, પ્રેમ અને વિનયવડે મધુર એવીજ વાણીવડે વ્યવહરવું. 'स्त्रीभिर्भर्तृवचः कार्यमेष धर्मः परः स्त्रियाः । आशुद्धेः सम्प्रतीक्ष्यो हि महापातकदूषितः ॥' એમ યાજ્ઞવલ્કયે કહ્યુ છે. આ તો સર્વ પ્રકારે પતિના અનુવર્તનને જણાવનાર છે. તે સ્મૃતિમાં કહ્યું છે-'या दुष्कृत्य प्रियं मूते सा मूका जायते खलु । आकृष्टापि न चाक्रोशेत् ताडितापि प्रसीदति ॥ आहूता गृहकार्याणि त्यक्त्वा गच्छति सत्वरम् । न चिरं तिष्ठते द्वारि न द्वारमुपसेवते ॥ प्रतीक्षमाणावसरं यथाकालोचितं हि यत् । तदुपस्थापयेत्सर्वमनुद्विग्नाऽतिहृष्टवत् ॥ महाप्रसाद इत्युक्त्वा पतिदत्तं प्रतीच्छति ॥' 'स्त्रीणां च पतिदेवानां तच्छुश्रूषाऽनुकूलता । तद्बन्धुष्वनुवृत्तिश्च नित्यं तद्व्रतधारणम् ॥ संमार्जनोपलेपाभ्यां गृहमण्डलवर्तनैः । स्वयं च मण्डिता नित्यं परिमृष्टपरिच्छदा ॥' ઇત્યાદિ. આ પતિસેવા તેની પ્રીતિરૂપ ફળસાપેક્ષા નથી કિંતુ તેના જીવિતમાત્ર નિમિત્તવાળી છે. (પતિ પ્રીતિ રાખે કે ન રાખે પણ તેના જીવનપર્યંત સેવા કરવી) આ અર્થ જણાવા માટે 'सभर्तृकाभिः' એમ કહ્યું છે ॥૧૫૯॥

વળી તે સભર્તૃકા સ્ત્રીઓએ કુશળપ્રશ્નાદિક સમુચિત નિમિત્ત સતેપણ રૂપ યૌવને સંપન્ન અન્ય નરની સાથે વારેવારે આલાપાદિરૂપ પ્રસંગ ન કરવો, ભલે તે ગુણી હોય, એમ હવે કહેછે—રૂપ-શરીરસૌન્દર્ય અને યૌવન-યુવા વય તેણે સંપન્ન એવો અન્ય નર તથા ગુણી-દયા આદિક આત્મગુણોએ યુક્ત (વિહિત- અવિહિત વિવેકાદિવાળો, અર્થાત્ ભાવથી અદુષ્ટ) એવા પણ અન્ય નરનો તો પ્રસંગ-પ્રકૃષ્ટ સંગ વારંવાર સંભાષણ તેનું નિરીક્ષણ સહસ્થિતિ આદિકરૂપ સાહજીકપણ-અકારણપ્રાપ્ત પણ (અર્થાત્ અકામકૃત પણ) નજ કરવો. 'सहसाऽपि प्रसङ्गेन यूनां योषिद्विनश्यति । अपि साध्वी समाचारा यथा हि युवतेः पुमान् ॥' એમ ભારતમાં કહ્યું છે. યદ્યપિ યૌવનનું ચિત્તવિક્ષેપમાં હેતુપણું છે પણ રૂપસહિત તેનું વિશેષ-

प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥१६०॥ नरेष्वनाभ्युरःकुचानुत्तरीया च नो भवेत् । साध्वी स्त्री नव भण्डेक्षा न निर्ल-

પણે તેમાં હેતુપણું હોવાથી 'रूप-यौवनयुक्तस्य' એમ કહ્યું છે. 'अन्यनरस्य तु' આ તુશબ્દથી પતિથકી વ્યતિરિક્ત પુરૂષમાં રહેલા રૂપ યૌવનની દોષતાસંપાદકત્વરૂપ વિલક્ષણતા કહી છે. સ્ત્રીઓને પતિનું જે રૂપ યૌવન તે ગુણ છે, કેમકે તે અનુકૂળ છે, પર પુરૂષમાં રહેલાં તે રૂપ યૌવન તો દોષજ છે, કેમકે તે પ્રતિકૂળ છે, અનુકૂળત્વ પ્રતિકૂળત્વ ભેદથી ગુણદોષવ્યવસ્થા છે, તો એકજ વસ્તુ કોઇને અનુકૂળ અને કોઇને પ્રતિકૂળ થાય છે, તો એકજ વસ્તુનું પ્રતિસંબન્ધિ પુરૂષભેદને લીધે અનુકૂળપણું અને પ્રતિકૂળપણું અનુપપન્ન નથી-ઘટતું આવે છે. વસ્તુતાએ ગુણમય કાંઈ પણ વસ્તુ નિયત ગુણદોષ વ્યવસ્થાવાળું નથી, કેમકે ગુણોના ઉન્મેષની વિચિત્રતા છે. તો ગુણમય સર્વ વસ્તુ સુખ દુ ખ મોહાત્મક હોવાથી પ્રલોભનદ્વારા સ્ત્રિયોને પુરૂષાંતરમાં રહેલું રૂપ યૌવન અનર્થહેતુ હોવાથી તેમની અપેક્ષાએ તેની દોષતાજ છે. જે રૂપ યૌવનાદિક લોકમાં ગુણપણે ખ્યાતિ પામેલા છે તેજ સાધ્વી સ્ત્રીયોની દૃષ્ટિએ પરપુરૂષમાં રહેલા તે રૂપ યૌવન દોષરૂપ છે. અપિશબ્દ બુદ્ધિપૂર્વક ઇચ્છાથી પરપુરૂષના પ્રસંગને દૂરથીજ નિરાકરણ કરે છે. ચકારથી સ્વતંત્ર સ્થિતિ આદિકપણ ન કરવું એમ જાણવું. 'पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने । वार्धके पुत्रपौत्राद्या नास्ति स्त्रीणां स्वतन्त्रता ॥' એમ પરાશરસ્મૃતિમાં કહ્યું છે ॥૧૬૦॥

સાધ્વીઓને લજ્જાજ પરમ ભૂષણ છે, તેથી પ્રચ્યુતિ જેણે કરીને થાય તેનો સર્વથા પરિહાર કરવો એવા અભિપ્રાયથી કહેછે—સાધ્વી-શીલસદાચારાદિ સાધુગુણસંપન્ન સ્ત્રીએ નાભિ સાથળ સ્તન આદિક આચ્છાદન કરવા યોગ્ય અવયવો પરપુરૂષોએ લગારપણ જે રીતે ન જોઈ શકાય તે રીતે વસ્ત્ર પહેરવું પુરૂષવર્ગને નહિ ગણીને અને ઢાંકવા યોગ્ય કે ન ઢાંકવા યોગ્ય અવયવોનો વિવેક પરિત્યાગ કરીને માર્ગમાં ભમ્યા કરવું તે અસાધ્વીઓનું લજ્જાવર્જીત ચરિત છે, સાધ્વીઓને તો લજ્જાજ પરમ

ज्ञादिसङ्गिनी ॥१६१॥ भूषासदंशुकधृति परगेहोपवेशनम् ।

ભૂષણ છે તો તેણીઓએ તેવીરીતે (નાભિ સાથળ સ્તનાદિકને નરો નિરીક્ષણ કરી શકે તેમ) ન વર્તવુ તથા સાધ્વીએ પુરૂષની આગળ ઉત્તરીય (ઓઢવાના) વસ્ત્રે રહિત ન રહેવુ ઉત્તરીય વિના વિજનથકી અન્યત્ર વર્તનપણ લજ્જાજ એક ભૂષણવાળી સાધ્વીઓને અનુચિત છે, માટે સર્વદા ઉત્તરીય વસ્ત્ર ધારણ કરવુ તથા જેઓ ઉપહાસવડે ઉપજીવન કરનારા કોઇને હાસ્યરસનેજ એક પોષણ કરનારા વિવિધ વેષોને ઉપધારીને સભામા પ્રવેશ કરી લેનારા જનોને હસાવે છે તે ભાડોને સાધ્વી સ્ત્રી નજ જુવે કેમકે તે ભાડના નિરીક્ષણમાનથી ઉપજતો ખડખડાટ હાસ દુર્નિવાર્ય છે તેવો ઉચ્ચ હાસ તેવી કુળવધૂઓને અનુચિત છે 'सित कुलनतभ्रुवामधर एव विश्रा म्यति' કુળસ્ત્રિયોનો મન્દહાસ ઓષ્ઠમાજ વિશ્રામ પામે છે, બહાર નીકળેજ નહિ, એમ માઘ કવિ કહે છે તથા જે નિર્લજ્જ નારીઓ હોય તેમનો સગ ન કરવો, કારણ કે તેમા ચારિત્ર્યલોપનો પ્રસગ છે આદિશબ્દથી ગણિકા ધૂર્તાદિકનો સગ્રહ કરવો આ બધો શુભાચાર શખસ્મૃતિમા કહ્યો છે-'अनुक्त्वा गृहान्न निर्गच्छेदानुत्तरीया न त्वरित व्रजेन्न परपुरुषमभि भाषेतान्यत्र वणिक्प्रव्रजितवृद्धवैद्येभ्यो न नाभिं दर्शयेदागुल्फाद्वास परि दध्यात् न स्तनौ विवृतौ कुर्यात् न हसेदपावृत न भर्तार तद्बन्धून्वा द्वि ष्यात् गणिका-धूर्ता-अभिसारिणी-प्रव्रजिता-प्रेक्षणिका-मायामूलकुहकका रिका-दु शीलाभि सहैकत्र तिष्ठेत्ससर्गेण हि चारित्र्य दुष्यति' इति ॥१६१॥

જેણીનો પતિ પરદેશ ગયો હોય એવી વનિતાઓનો વિશેષ કહે છે— પોતાનો પતિ દેશાતરમા ગયેસતે સધવા સ્ત્રિયોએ ભૂષા-જેનાથી ભૂષિત થાય તે ભૂષા-અલકરણ કહેવાય, કકણ તાટક આદિક માગલ્ય ચિહ્નથકી બીજુ અગશોભામાજ એક ઉપયોગી અલકરણ ન ધારવુ સદંશુક-શરીરને આચ્છાદન કરવુ એજ એક ફળ જેનુ છે એવા વસ્ત્રથકી બીજુ શોભાસપાદક વસ્ત્ર ન ધારવુ તથા પાડોશીપ્રમુખ પરગૃહમા બેસીને કાળનિર્ગમન નજ કરવુ તથા હાસ્યાદિકનો ત્યાગ કરવો હાસ્ય-ઉપહાસવચનતો હર્ષસમયમા સમુચિત છે પતિના પરદેશ પ્રયાણસમયે હર્ષ-

त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥१६२॥ विधवा-भिस्तु योपाभि· सेव्य· पतिधिया हरिः । आज्ञायां पितृपुत्रादेर्वृत्यं

પ્રસગ અનુચિત છે માટે સ્ત્રીયો સાથે હાસ્યાદિ ન કરવુ આદિશબ્દથી સમાજ ઉત્સવ દર્શનાદિકનો સગ્રહ કરવો તે પણ ન કરવુ. તે યાજ્ઞવલ્ક્ય મુનિએ કહ્યુ છે-'क्रीडा शरीरसस्कार समाजोत्सवदर्शनम् । हास्य परगृहे यान त्यजेत्प्रोषितभर्तृका ॥' ઇતિ ॥૧૬૨॥

હવે વિધવાઓના વિશેષ ધર્મોને કહેછે—વિધવા વનિતાઓએ તો હરિ-અર્ચાસ્વરૂપ શ્રીકૃષ્ણની પતિધિયા-આજ મારા પતિ-સ્વામી છે એવી તત્ત્વ બુદ્ધિથી સેવા કરવી તુશબ્દથી સધવાની અપેક્ષાએ વિધવાની વિલક્ષણતા કહી છે ધણી જીવતો હોય ત્યારે તેજ ઇશ્વરની પેઠે સ્ત્રીયોએ સેવ્ય છે, તે મરણ પામતા તો પરમેશ્વરજ નિરૂપાધિક સ્વામી સેવનીય છે અભિપ્રાય એ છે કે-વસ્તુતાએ સર્વેશ્વર શ્રીહરિજ સર્વ કોઈના નિરૂપાધિક પતિ છે, અન્યન તો પતિપણુ ઔપાધિક છે ધણી જીવતો હોય તો તેનીજ સ્વામિ પણે સેવા કરવી એ સ્ત્રીયોનો શાસ્ત્રવિહિત ધર્મ છે ધણીનો મૃત્યુ થતા વસ્તુતાએ (સાચા) સ્વામી શ્રીહરિજ સ્વામિભાવથી સેવનીય છે અથવા પતિધિયા-જે પતિ પોતાનો ભર્તા હતો તેની દૃષ્ટિથી હરિની સેવા કરવી આ અભિપ્રાય છે-સ્ત્રીયોનો આજ શાસ્ત્રદૃષ્ટ ધર્મ છે કે પતિની પરિચર્યા આચરવી તેમા તે જીવતો હોય ત્યારે તો સાક્ષાત્ તેનુ સેવન છે, તે મરણ પામતા તો પતિની દૃષ્ટિથી હરિનુ સેવન કરવુ, તો એરીતે યાવજ્જી-વિત (પોતાના કે પતિના) પતિની સેવા કરવી તે સ્વધર્મ છે, માટે તેનેવિષે કરેલી તેવી નિષ્ઠા પરપરાએ નિ શ્રેયસમાટે થાયજ. અને જે કામના હોય તો પતિલોકની પ્રાપ્તિરૂપ ફળ થાય તેવી સ્મૃતિ છે-'विष्णोस्तु पूजन कार्यं पतिबुद्ध्या न चान्यथा । पतिमेव सदा ध्यायेद्विष्णुरूपधर परम् ॥ एव धर्मस मायुक्ता विधवा वा पतिव्रता । पतिलोकानवाप्नोति न भवेत्परपि दु खिता ॥' ઇતિ. આ પક્ષની અપેક્ષાએ 'વસ્તુત સ્વામી શ્રીહરિનીજ પતિબુદ્ધિથી સેવા કરવી' એ પક્ષ ઉત્તમ છે, કેમકે તેમા સાક્ષાત્ નિ શ્રેયસનો પ્રસગ

१ 'वर्त्यम्. इति पाठान्तरम् ।

स्वातन्त्र्यतो न तु ॥१६३॥ स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न

છે. હરિસેવા તો યથાધિકાર જાણવી. પોતાનો પતિ મરણ પામ્યા પછી પણ પરતંત્રપણેજ રહેવું એમ હવે કહેછે—વિધવાઓએ પિતા પુત્રપ્રમુખના પરતંત્રપણેજ રહેવું પણ સ્વતંત્રપણે નહિ. તે મનુએ કહ્યું છે–'बालया वा युवत्या वा वृद्धया वापि योषिता । न स्वातन्त्र्येण कर्तव्यं किञ्चित्कार्यं गृहेष्वपि ॥ बाल्ये पितुर्वशे तिष्ठेत्पाणिग्राहस्य यौवने । पुत्राणां भर्तरि प्रेते न भजेत्स्त्री स्वतन्त्रताम् ॥ पित्रा भ्रात्रा सुतैर्वापि नेच्छेद्विरहमात्मनः । एषां हि विरहेण स्त्री गर्ह्ये कुर्यादुभे कुले ॥' ઇતિ. યાજ્ઞવલ્ક્ય કહે છે–'रक्षेत्कन्यां पिता विन्नां पतिः पुत्राश्च वार्धके । अभावे ज्ञातयस्तेषां स्वातन्त्र्यं न क्वचित्स्त्रियाः ॥ पितृमातृसुतभ्रातृश्वश्रूश्वशुरमातुलैः । हीना न स्याद्विना भर्त्रा गर्हणीयाऽन्यथा भवेत् ॥' ઇતિ ॥૧૬૩॥

બ્રહ્મચર્યવ્રત વિધવાઓનો પરમ ધર્મ છે, તેના અનુપાલનતત્પર તેણીઓએ રહેવું, માટેજ પિતાપુત્રપ્રમુખ સમીપ સંબન્ધવાળાઓ થકી ભિન્ન પુરૂષોનો સ્પર્શ ક્હીંચિત્–સમુદ્બોધનાદિક આવશ્યકમાં પણ ન કરવો. તથા સંમર્દાદિ નિમિત્ત સતેપણ નજ કરવો. શંકા–આ અકામમૂળક યદૃચ્છાપ્રાપ્ત સ્પર્શ દૂષણમાટે કેમ થાય? શું આ અસ્પૃશ્ય જાતિસ્પર્શ છે? તો તે સત્ય છે. વિધવાઓ માટે તો તેમજ છે. તેવું વચન છે–'ब्राह्मणो विधवा नारी सूत्रवर्ज्यं च मृन्मयम् । स्पर्शेन छायया दृष्ट्या मज्जत्यनुचितं कृतम् ॥' ઇતિ વિધવાને સમીપસંબન્ધે રહિત પુરૂષાંતરનો સ્પર્શ અસ્પૃશ્ય સ્પર્શની પેઠે સ્વતઃ દૂષકજ છે. વસ્તુતાએ તો 'मृते भर्तरि या नारी ब्रह्मचर्यव्यवस्थिता । स्वर्गं गच्छत्यपुत्रापि यथा ते ब्रह्मचारिणः ॥' ઇત્યાદિકથી બ્રહ્મચર્યવ્રત પાળવાનું કહ્યું છે, તો યાદૃચ્છિક એવો પણ વારેવારે આવી પડતો પુરૂષાંતરનો સ્પર્શ કદાચિત્ ચિત્તવિક્ષોભમાટે થાય, માટે અસ્પૃશ્યપણાની ઉક્તિ છે. તથા પોતાની તરૂણ અવસ્થા સતે સમીપસંબન્ધે રહિત તરૂણ નરોની સાથે ભાષણ નજ કરવું. પોતે વૃદ્ધા હોય તો હાનિ નથી એવા અભિપ્રાયથી 'तारुण्ये सति' એમ કહ્યું છે. 'आश्रित्य यौवनं सर्वे

कदाचित् । तरुणैस्तेश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥१६४॥
स्तनन्धयस्य नुः स्पर्शो न दोषोऽस्ति पशोरिव । आवश्यके च

विकाराः कामसम्भवाः । तिष्ठन्त्यतोऽत्र नियमाः पाल्याः स्त्रीभिश्च पुरुषैः ॥' એમ સ્કાંદમાં કહ્યું છે. આવશ્યક વિના ન બોલવું, જેટલું આવશ્યક હોય તેટલું તો બોલે પણ અધિક નહિ. અભિપ્રાય એવો કે-ભાષણ કર્યા વિના પોતાના કે પરના ધર્માવિરૂદ્ધ કાર્યની અડચણ જો આવી પડે તો તરૂણ નરની સાથે પણ સમુચિત ભાષણ ભલે કરો, કે જેથી તેનો પરિહાર થાય. પણ તારૂં ગામ ક્યું ? ગૃહ ક્યાં ? સ્ત્રી ક્યાં ? તારે કેટલા પુત્રો છે ? ઈત્યાદિ વૃથાવાદ ન કરવો. અર્થાત્ ધર્મોપયિક ભાષણપ્રસંગ આવશ્યક સતે સંભાષણ દોષને માટે નથી. જેરીતે પોતાના શરીરનું રક્ષણ થાય અને સ્વધર્મનું રક્ષણ થાય તેરીતે વર્તવું ॥૧૬૪॥

નરનો સ્પર્શ ક્યારેય ન કરવો, આ ઉક્ત અર્થમાં અપવાદ કહેછે— પશુનો સ્પર્શજ જેમ એમ સ્તન્યપાનને યોગ્ય વયમાં વર્તતા નરનો સ્પર્શ વિધવાને દોષ માટે નથી. બાન્ધવ્ય હોય કે ન હોય પણ કિશોર નરની અસ્પૃશ્યતા નથી, કેમકે પશુના સ્પર્શની પેઠે તેમાં ભાવદોષનો પ્રસંગ નથી. વૃદ્ધ-જરાપરાભૂતના સ્પર્શમાં દોષ નથી, ધર્મથકી અવિરૂદ્ધ કાર્યની અડચણ ન હોય તો વૃદ્ધનો સ્પર્શપણ દોષ માટે છે એમ જણાવા 'આવશ્યકે' એમ કહ્યું છે. બાળકને લિંગવિભેદનું જ્ઞાન નથી માટે એચ્છિક એવો પણ તેનો સ્પર્શ વિધવાને દોષ માટે નથી. વૃદ્ધ તો કેવળ જરાભિભૂત છે પણ જો તે સમીપસંબન્ધે રહિત હોય તો તેનો આવશ્યક કાર્ય વિના સ્પર્શ દોષમાટે છે, કેમકે તેને લિંગ વૈષમ્યનું અનુસ્મરણ છે, એરીતે બાળ વૃદ્ધના સ્પર્શની નિર્દોષતામાં વિશેષ સ્મરણ કરી આપ્યો. અર્થાત્ બાળકને લિંગવિષમતાનું જ્ઞાન નથી, વૃદ્ધ તો કેવળ જરાભિભૂત હોઇને તેને લિંગ વિષમતાનું જ્ઞાન છે, માટેજ વૃદ્ધની બાબતમાં 'आवश्यके सति' એવો વિશેષ કહ્યો. બાળકની બાબતમાં 'आवश्यके सति' એમ કહેવાની જરૂર નથી. તથા વૃદ્ધની સાથે ભાષણમાં આવશ્યક કાર્ય સતે વિધવાને દોષ

वृद्धस्य स्पर्शो तेन च भाषणे ॥१६५॥ विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न कापि नुः । व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥१६६॥ धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् । देयं ताभिर्न तत्कापि

નથી. આવશ્યક ન હોય તો સમીપસંબન્ધે હીન એવા તે વૃદ્ધ સાથે પણ ભાષણ ઉચિત નથી ॥૧૬૫॥

શંકા—આવશ્યક ધર્મોપયિક કાર્યે સતે પુરૂષો સાથે સંભાષણની અભ્યનુજ્ઞા આપી, તો વિજ્ઞાનગ્રહણ પુરૂષાંતરથકી પણ સમુચિત છે, વિજ્ઞાન તો નિઃશ્રેયસમાટે થાય છે, તેને અર્થે પુરૂષો સાથે આલાપપણ સમુચિત છે? એવી આશંકામાં કહેછે—કાપિ વિદ્યા-નિઃશ્રેયસમાં ઉપયોગી પણ વિદ્યા સમીપ સંબન્ધવાળા ભ્રાતાદિકથકીજ ભણવી પણ બીજાથકી નજ ભણવી. કારણ કે તેના નિમિત્તથી પણ થતો પુરૂષાંતરનો પ્રસંગ કદાચિત્ બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરનાર થાય. સ્ત્રિયોને બ્રહ્મવિદ્યામાં અધિકાર નથી માટે વિદ્યાશબ્દથી પૌરાણિક વિજ્ઞાન જાણવું. અથવા તેને બોધ કરનારો ભાષાપ્રબન્ધ જાણવો. **તથા** વિભર્તૃકા વનિતાઓએ પોતાના દેહનું **દમન**—કાયશોષણ વ્રતો અને ઉપવાસોવડે વારંવાર કરવું. અન્યથા ઇન્દ્રિયોનું બળ વૃદ્ધિ પામતાં ચિત્તવિક્ષોભનો પ્રસંગ છે. એકભુક્ત શીતોદકસ્નાન અનભ્યંજન ભૂશયનાદિ વ્રતો જાણવાં. માસોપવાસ પક્ષોપવાસ આદિક ઉપવાસ જાણવા. અથવા 'व्रतोपवासैः' વ્રતનિમિત્તના ઉપવાસો, એવો અર્થ કરવો. એકાદશીવ્રતાદિ વ્રત જાણવું. અને તેથકી વ્યતિરિક્ત નિમિત્તવાળા ઉપવાસો ધારણાપારણાદિ જાણવા. સ્કંદમાં કહ્યું છે કે—'एकाहारः सदा कार्यो न द्वितीयो विनाऽऽपदम् । मासोपवासं वा कुर्याच्चान्द्रायणमथापि वा ॥' ઇતિ. 'कामं तु क्षपयेद्देहं पुष्पमूलफलोदकैः' એમ મનુએ કહ્યું છે ॥૧૬૬॥

જો ધન પોતાપાસે હોય તો વ્રતોપવાસો બહુ બહુ કરે તો પણ દેહનું દમન ન થાય, કેમકે ધનની ગરમાઈ પ્રબળ છે, તો જો ધન ઘણું હોય તો વિધવાએ ન રાખવું. દેહયાત્રા પુરતું તો રાખવું. દેહયાત્રામાત્ર પર્યાપ્ત પણ ધનનો વ્યય કરી નાંખે તો વૃત્તિની કૃશતાને લીધે પરસેવાનો પ્રસંગ પડતાં ધર્મલોપનો પ્રસંગ આવે, એવા અભિપ્રાયથી કહેછે—જે પોતાના

देयं चेदधिकं तदा ॥१६७॥ कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले । मैथुनासक्तयोर्वीक्षा कापि कार्या न देहिनोः ॥१६८॥ वेषो

નિર્વાહમાં ઉપયોગિ–દેહયાત્રાપર્યાપ્ત હોય તેતો ધન ધર્મકાર્યમાં પણ ન આપવું. યદ્યપિ ધનનું ફળ ધર્મજ છે, 'धनं च धर्मैकफलं' એવી સ્મૃતિ છે. તથાપિ તદર્થેપણ તેણીઓએ ન આપવું. કેમકે ધૃત્યર્થે પરસેવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં ધર્મલોપપ્રસંગ આવે. દેહપોષણમાં ઉપયુક્ત થકી અધિક જે હોય તો તે क्वापि–જે કોઇને પણ આપી દેવું–બન્ધુઓને આપી દેવું કે બીજાઓને ધર્માર્થે આપીજ દેવું પણ તે રાખવું નહિ, કેમકે ઘણું ધન કદાચિત્ તેણીઓને અપમાર્ગમાં પ્રવર્તાવે. અથવા–અર્થ એવો કરવો–धनं च धर्मकार्ये–ધન ખરેખર ધર્મકાર્યમાં આપવું, ધનનું ધર્મજ પ્રયોજન પ્રસિદ્ધ છે, अपि–એમ છે તોપણ જે પોતાના નિર્વાહોપયોગિ હોય તે તેણીઓએ ક્યારેયપણ ધર્માર્થે પણ નજ દેવું. પુરૂષોનીપેઠે એમણીઓએ ધનાર્જનનો ઉદ્યોગ કરવો યુક્ત નથી, તેમ ગૃહેગૃહે ભિક્ષાટન કે પરસેવા યોગ્ય નથી, કેમકે ચારિત્ર્યનો ભંગપ્રસંગ છે. તો બ્રહ્મચર્યનું રક્ષણ કરવા વાંછતી વિધવા વનિતાઓએ તેવા ધનનો વ્યય નજ કરી નાખવો. જો અધિક હોય તો ધર્માર્થે આપવુંજ. 'આપવું' આ નિયમવિધિ છે અથવા અન્વય એવો કરવો કે–જે ધન સ્વનિર્વાહોપયોગિ હોય તે તેણીએ ક્વાપિ ધર્મકાર્યે–ઇષ્ટાપૂર્તાદિ કોઇપણ ધર્મકાર્યમાં ન આપવું ॥૧૬૭॥

દેહદમાર્થે કરવાનાં વ્રતોમાં કિંચિત્ નિરૂપણ કરેછે—વિધવાઓએ આહાર–ભોજન એકજ વાર કરવો. ભોજનતો રાગપ્રાપ્ત છે તેનો 'એકવાર કરવું' એવો નિયમ કર્યો છે. सकृत्–એકવાર દિવસેજ જમે પણ રાત્રિએ નહિ, એવો અર્થ સમજવો. સ્વાપ–શયનતો ભૂતળ ઉપરજ કરવું પણ ખાટલા આદિકમાં ન કરવું. 'त्यजेच्च मञ्चलान् भोगान् स्यात्सहन्मितभुक्तया । न दिवा शयनं कुर्यान्न च्छायामनापदि ॥ पर्यङ्कशायिनी नारी विधवा पातयेत्पतिम् ॥' એવી સ્મૃતિ છે. તથા મૈથુનમાં પ્રવર્તેલાં પશુપક્ષ્યાદિ પ્રાણિમાત્રનું પણ નિરીક્ષણ બુદ્ધિપૂર્વક ક્યારેયપણ નજ કરવું. તેનું

न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा । न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥१६९॥ सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः । शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित्

दर्शन तत्क्षण मन क्षोभमा हेतु होइने ब्रह्मचर्यव्रतनो भंग करनार थाय 'नेक्षेत मिथुनीभूतं सुप्त्वा पश्चादपि क्वचित्' એવી સ્મૃતિ છે ॥૧૬૮॥

વિધવાપણાને વિરૂદ્ધ વેપ ન ધારવો એમ કહેછે—વિભર્તૃકા વનિતાઓએ સુવાસિની—સભર્તૃકા સ્ત્રિયોનો જે વેપ વસ્ત્ર વિભૂષણ વિગેરે અલંકરણધારણરૂપ છે તે નજ ધારવો—ત્યાગ કરવો વિધવાપણુ સતે પણ કાપાયાદિ ન ધારવુ એમ કહે છે—જે તો ગૃહનો ત્યાગ કરી સન્યાસિની થાય છે તેનો જે વેપ કાપાય વસ્ત્રધારણાદિરૂપ છે તે ન ધારવો (સન્યાસમાં સ્ત્રીયોને અધિકાર છે કે નહિ ? એ બાબત બીજી છે, શાસ્ત્રમર્યાદાનુ ઉલ્લઘન જેમા છે એવા કળિમા લોકથી તેની પ્રસિદ્ધિ છે માટે આ નિષેધ કર્યો છે) તથા માર્ગમાર્ગમા નિરકુશ ભટકતી વીતરાગાભાસ (વેરાગણી) સ્ત્રીઓના સબન્ધી વેપ ન ધારવો તથા જે દેશ કુળાદિ આચારવિરૂદ્ધ વિકૃત વેપ તે ક્યારેય પણ નજ ધારવો ॥૧૬૯॥

જેથી બ્રહ્મચર્યવ્રતના વિધ્વંશની શકા આવે તે સર્વેનો પરિહાર કરવો એમ કહેછે—તે મૃતભર્તૃકાઓએ ઔપધાદિવડે ગર્ભપાત કરવાના સ્વભાવવાળી અસતી સ્ત્રીનો સગ—સભાપણ સહવાસ સસ્પર્શાદિરૂપ દૂરથી નજ કરવો અકામથી પણ તેણીનો સ્પર્શ અશુચિ હોવાથી પરહરવો, કેમકે પતિતાતો સ્પર્શમાત્રથી પણ દૂષિત કરેછે તથા નર કે નારી અથવા મનુષ્યજાતિના કે દેવજાતિના કોઇનુ પણ શૃગારરસપ્રધાન ચરિત્ર ક્યારેય નજ સાભળવુ અને નજ કહેવું. તેનુ શ્રવણ કીર્તન કદાચિત્ ચિત્તવિક્ષોભને કરનારૂ થાય યદ્યપિ શૃગારરસપ્રધાન ચરિતમાત્રના શ્રવણકીર્તનનો પ્રતિષેધ કહેવાનો છે, તો 'નૃણાં' આ પદ વ્યર્થ છે અથાપિ પરમાનન્દમય ભગવાન અને તેમના અનન્યભક્ત ગોપીઓનો વિલક્ષણ પ્રેમરસના પ્રવાહરૂપ જે વિલક્ષણ શૃગારરસવિશેષ કે જે નિ શ્રેયસસબન્ધિ આનંદથકી લેશ ન્યૂન નથી તેના સબન્ધવાળી દિવ્ય વાર્તાઓના શ્રવણ કીર્તનની સ્વીકાર્યતા હોવાથી તેના નિવારકપણે તે પદની સાર્થકતા છે (જે નરપદ ન હોય તો

॥१७०॥ निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः । साकं रहसि न स्थेयं ताभिरापद्मन्तरा ॥१७१॥ न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् । न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥१७२॥ सध-

પણ ભગવાનસંબન્ધી શૃંગારરસમય વાર્તાના શ્રવણકીર્તનનો નિષેધ ન થાય) તથા પોતાની તરૂણ વય સતે તરૂણ વયમાં વર્તતા પોતાના પિતા ભ્રાતાદિ સમીપસંબન્ધિ નરો સાથે પણ એકાંત સ્થળમાં આપત્કાળ વિના નજ રહેવું. 'तारुण्येन जगज्जेतुं वासेनेद्ध इवानलः । शक्तोऽस्ति सहसा कामो दुर्निवार्यो हि साधनैः ॥ अतो न विजने स्थेयं तरुण्या तरुणेन च । अपि मात्रा सुतेनापि सत्यं वदति जैमिनिः ॥' એવી સ્મૃતિ છે. તથા વિધવાઓએ જે હોલિકોત્સવનિમિત્તનું ખેલન–રંગ ગુલાલ ફેંકવો વિગેરેવડે ક્રીડા, તેના અંગભૂત કેયૂર કંકણ મેખળાદિ વિવિધ વિભૂષણોનું ધારણ અને કાંચન રાજતાદિ તંતુઓએ યુક્ત સૂક્ષ્મ વસ્ત્રોનું ધારણ ક્યારેય ન કરવું. આદિશબ્દથી કુંકુમ કજ્જળાદિ સૌભાગ્ય દ્રવ્યનું ગ્રહણ કરવું. આ સર્વે ચિત્તવિક્ષોભમાં હેતુ હોઇને બૃહદ્વ્રતને ભંગ કરનાર છે. યદ્યપિ 'वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा' આનાથીજ આભૂષણાદિકના ધારણનો નિષેધ થઈ જાય છે, તો 'न भूषादेश्च धारणम्' આ પુનરૂક્ત છે, તથાપિ હોલિકાખેલનના શેષપણે તેનો પ્રસંગ પ્રાપ્ત થાય છે માટે તેનો આ નિષેધ દૃઢતા માટે કર્યો છે તો કશી ક્ષતિ નથી ॥१७०–१७२॥

હવે સામાન્યતઃ સ્ત્રિયોને અધિકાર કરીને કહેછે—સભર્તૃકા હોય કે વિભર્તૃકા હોય સર્વે સ્ત્રિયોએ વસ્ત્ર વિના–નગ્ન થઇને સ્નાન નજ કરવું, 'परनिपाते न स्नानमाचरेत् नग्नः' 'न तीर्थे क्वचाकुले स्वायाम्रासज्जनसमाश्रिते । दर्भहीनोऽन्यचित्तस्तु न नग्नो न शिरो विना । नग्नस्नानं नग्नशय्या मनुजानां विगर्हितम्' એવી સ્મૃતિ છે. યદ્યપિ અહીં પુરૂષોને અધિકાર કરીને સ્મૃતિ છે તથાપિ તુલ્ય ન્યાય છે માટે નગ્નસ્નાનનો નિષેધ સ્ત્રીયોને સાધારણ જાણવો. વળી વસ્ત્ર વિના સ્નાન કરવાથી વ્રતનો વિલોપ ભાગ-

यावद्विधवाभिश्च न स्नातव्यं निरम्बरम्। स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥१७३॥ मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला।

વતમાં કહ્યો છે-'यूयं विवस्त्रा यदपो धृतव्रता व्यगाहतैतत्तदु देवहेलनम्' ઇતિ. તથા સર્વે કોઈ સ્ત્રીઓએ પોતાનું જે રજ માસે માસે થાયછે તેનું દર્શન સર્વથા-મહતી પણ આપદામાં ગુપ્ત ન રાખવું. તે થતાં ગૃહકાર્યમાં ન પ્રવર્તવું. વળી રજસ્વળા નારી ત્રણ દિવસ અસ્પૃશ્યા હોવાથી મનુષ્યનો સ્પર્શ ક્યારેય ન કરે (પશ્વાદિકના સ્પર્શમાં તો દોષ નથી) તથા વસ્ત્ર આદિકનો સ્પર્શ ક્યારેય નજ કરે. આદિ શબ્દથી મૃત્તિકાભાંડાદિ ગૃહોપકરણનો પરિગ્રહ કરવો. તે રજસ્વળા ચોથે દિવસે પોતે સ્પર્શ કરેલાં વસ્ત્રો ધોવાપૂર્વક શિરઃસ્નાન કરતાં શુદ્ધ થઈ ગૃહભાંડાદિકનો સ્પર્શ કરે. એટલે ચોથે દિવસે સ્નાનાનંતર અસ્પૃશ્યતા ટળી જાય છે. 'प्रथमेऽहनि चण्डाली द्वितीये ब्रह्मघातिनी। तृतीये रजकी प्रोक्ता चतुर्थेऽहनि शुद्ध्यति ॥' 'स्नाता रजस्वला या तु चतुर्थेऽहनि शुद्ध्यति' એવી સ્મૃતિ છે. રજસ્વળાનો ધર્મ વિષ્ણુધર્મોત્તરમાં કહ્યો છે—'आहारं गोरसानां च पुष्पालङ्कारधारणम्। अञ्जनं कुङ्कुमं गन्धं पीठं शय्याधिरोहणम्। अग्निसंस्पर्शनं चैव वर्जयेत्सा दिनत्रयम् ॥' ઇતિ. દક્ષ પણ કહેછે—'अभ्यङ्गं वर्जयेत्सा च प्रवासं दन्तधावनम्। न कुर्यात्सा तथा स्नानं ताम्बूलादं दिवास्वपिम् ॥' ઇતિ. આ સ્થળે એટલો વિશેષ જાણવો-જે રાત્રિએ રજોદર્શન થાય તો રાત્રિના ત્રણ ભાગ કરીને પ્રથમના બે ભાગમાં જો થયું હોય તો પૂર્વનો દિવસ ગ્રહણ કરવો અને પછીથી થયું હોય તો પછીનો ઉત્તર દિવસ ગ્રહણ કરવો એમ મિતાક્ષરામાં કહ્યું છે. તથા સત્તર દિવસની અંદર ફરી રજોદર્શન થાય તો સ્નાનમાત્ર કરવું, અઢાર દિવસની અંદર ફરી થાય તો એકરાત્ર આશૌચ જાણવું, ઓગણીશ દિવસની અંદર થાય તો બે દિવસનું આશૌચ સમજવું. વીશ દિવસને આરંભીને ત્રણ દિવસનું આશૌચ જાણવું. તથા રજસ્વળા હોઇને અન્ય રજસ્વળાનો સ્પર્શ અજાણથી કરે તો સ્નાન અને જાણીને કરે તો ઉપવાસ અને પચગવ્યનું પાન કરવાનું જાણવું. બીજી સ્ત્રીયોને અને પુરૂષોને રજસ્વળાનો

दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥१७४॥ नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः । तैः स्पृश्या न स्त्रियो भाष्या न न

સ્પર્શ થાય તો વસ્ત્રે સહિત સ્નાન કરવાનું જાણવું. આપત્કાળમાં તો પરાશર કહે છે—'विवाहोत्सवयज्ञेषु दुर्भिक्षे देशविप्लवे । पलायने रणेऽरण्ये सोपवासेन शुद्ध्यति ॥' ઇતિ ॥૧૭૩-૧૭૪॥

હવે વર્ણિઓના વિશેષધર્મોને કહેછે—नैष्ठिकव्रतवन्तः–યદ્યપિ કળિમાં દીર્ઘકાળ બ્રહ્મચર્યનો નિષેધ કર્યો છે, તથાપિ જેમ સંન્યાસ આશ્રમ નિષેધ કર્યો છે પણ અપવાદવચનથી એનું અભ્યનુજ્ઞાન પણ જણાવ્યું છે, તેમ બ્રહ્મચર્યનું પણ જાણવું. કેમકે બન્નેમાં ઊર્ધ્વરેતાપણારૂપ નિયમનું સમપણું છે. વસ્તુતાએ પ્રકટ પુરુષોત્તમ ભગવાનના સન્નિધિમાં તો કળિનો પરાક્રમજ નથી. (કળિમાં આ વિશેષ અપવાદ છે) નિષ્ઠા–દેહાંત અવધિપણે જેનો છે તે નૈષ્ઠિક કહેવાય, દેહપાતપર્યંત અનુષ્ઠાન કરવાપણે સંકલ્પેલું ઊર્ધ્વરેતાપણારૂપ બ્રહ્મચર્ય તે વ્રત કહેવાય, આ સર્વેથી પ્રશસ્ત નૈષ્ઠિકવ્રત જેમને છે તે નૈષ્ઠિકવ્રતવાળા કહેવાય. આ નૈષ્ઠિકવ્રત અષ્ટાંગવિધ મૈથુનના અભાવરૂપ છે એમ જણાવા वर्णिनः એમ કહ્યુ છે. वर्णः– અષ્ટપ્રકારના મૈથુનના અભાવરૂપ વ્રતથી ખ્યાતિમાં આવતી યશોરૂપ પ્રશસ્તિ જેમની છે તે વર્ણી કહ્યા છે. વર્ણશબ્દ યશમાં પણ પ્રવર્તેછે. અષ્ટવિધ મૈથુનનું સ્વરૂપ અગ્નિપુરાણમાં કહ્યું છે—'श्रवणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् । सङ्कल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च । एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः । विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥' ઇતિ. मदुपाश्रयाः– હું જ એક આશ્રય ઉપાયપણે અને ઉપેયપણે જેમને હું તે મદુપાશ્રય કહેવાય. (મુમુક્ષુઓ) મુમુક્ષાથી નૈષ્ઠિક બ્રહ્મચર્યને જેઓ આચરે છે એટલું તાત્પર્ય છે. 'यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति' આ શ્રુતિએ બ્રહ્મચર્યની મોક્ષોપયોગિતા કહી છે. આવા નૈષ્ઠિકવ્રતમાં નિષ્ઠાવાળા મદાશ્રિત વર્ણિઓએ અષ્ટવિધ બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ ઇચ્છતાં સ્ત્રીયોનો–સ્પર્શ બુદ્ધિપૂર્વક ન કરવા યોગ્ય છે. એમને સ્ત્રિઓ અસ્પૃશ્ય છે. સમર્દ (ભીડ) અને અકામથી થતો પણ સ્પર્શ પરહરવો એવો અભિપ્રાય છે. 'स्त्रियः' એમ

वीक्ष्याश्च ता धिया ॥१७५॥ तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च

સામાન્ય નિર્દેશ કર્યો છે તો સમીપ અસમીપ સમન્ધ ભેદનો વિચાર અહીં ઉપયોગી નથી એમ સૂચવ્યુ છે નૈષ્ઠિક મુમુક્ષુને સ્ત્રીસ્પર્શમાત્ર દૂષણસપાદક છે. સ્ત્રિયોની સાથે સભાષણપણ બુદ્ધિપૂર્વક ન કરવુ. યદ્યપિ ભાષણની અભ્યનુજ્ઞા 'यावदर्थं व्यवहरेत्स्त्रीषु स्त्रीनिर्जितेषु च' આ વચનથી આપી છે તથાપિ અ૫ અર્થમા તેની અભ્યનુજ્ઞા નથી, પરંતુ પ્રાણરક્ષણરૂપ અર્થમાજ છે, એવો ભગવાનનો આશય છે માટેજ આગળ 'प्राणापदि' એમ સ્વય કહેશે. અથવા ઉપકુર્વાણ વર્ણિને માટેજ આ અભ્યનુજ્ઞા છે, જેથી શકાનો અવકાશ પણ નથી તથા નારીઓનુ નિરીક્ષણ નજ કરવું માર્ગમા જતા નહિઅન્ધને આગળ આવતી અબળા નેત્રપથમા પડેજ, માટે धिया એમ કહ્યુ છે માર્ગમા જે નારી નયન માર્ગમા આવી પડે તો એકદમ નેત્ર મીચી દેવા, પણ આ કોણ કેવી છે એમ મતિપૂર્વક ફરી અવલોકન ન કરવી એવો અભિપ્રાય છે અન્યથા કદાચિત્ મનોવિક્ષોભનો પ્રસગ પ્રાપ્ત થતા વ્રતનિલોપ થાય 'स्त्रीणां निरीक्षण स्पर्श सलापक्ष्वेलनादिकम् । प्राणिनो मिथुनीभूतानगृहस्थोऽग्रत स्त्यजेत् ॥' એમ ભાગવતમા કહ્યુ છે ॥૧૭૫॥

એ રીતે સ્ત્રિયોનુ નિરીક્ષણ ભાષણાદિક અપરોક્ષ વ્યાપારનો પ્રતિષેધ કરીને પરોક્ષપણ તેના વાર્તાશ્રવણાદિ વ્યાપારને પ્રતિષેધ કરેછે—મન-ક્ષોભમા શ્રવણ કીર્તન બન્નેની તુલ્યતા છે તો વર્ણીઓ સ્ત્રીવિષયવાળી વાર્તાને ક્યારેય પણ નજ કરે અને કોઇએ કરાતી સાભળે પણ નહિ 'वर्जयेत्प्रमदागाथामगृहस्थो बृहद्व्रत । इन्द्रियाणि प्रमाथीनि हरन्त्यपि यतेर्मन ॥' એમ નારદજીએ કહ્યુ છે 'योषितो न कथा श्रव्या' ઇત્યાદિ મોક્ષધર્મમા કહ્યુ છે वार्ताशબ્દથી કામશાસ્ત્રનો પણ પરિગ્રહ કરવો તે મોક્ષધર્મમાજ કહ્યુ છે–'कामो बन्धनमेवैक नान्यदस्तीह बन्धनम् । काम बन्धनमुक्तो हि ब्रह्मभूयाय कल्पते ॥ एव यो वेद कामस्य केवलस्य निवर्तनम् । बन्धत्व कामशास्त्रस्य स तु खान्यतिवर्तते ॥' ઇતિ કિં બહુના—સ્ત્રીના ચરણભૂળમા ધારેલા નૂપુરનો ધ્વનિમાત્ર પણ ન સાભળવો એવા અભિપ્રાયથી કહે

कदाचन । तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥१७६॥ देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा । न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥१७७॥ न स्त्रीप्रतिकृतिः कार्या न

છે કે—જે સ્થાનમાં સ્ત્રીઓના ચરણસંચરણનો વારંવારે પ્રસંગ હોય તેવા સ્થાનમાં વૈદિક કે લૌકિક કર્મ કાંઇપણ નજ કરવું. કેમકે બળાત્ વારંવાર કર્ણમાર્ગમાં આવી પડતા, સ્વયં અનર્થ, ધ્વનિમાત્રભૂત પણ તેણીના ચરણનૂપુરશબ્દો યથાકથંચિત્પણ તેણીઓના સંબન્ધમાત્રથી કાર્યાંતરમાં વળગેલાના પણ મનને ક્ષોભ પમાડીજ દેછે. આથી—સાક્ષાત્ સ્ત્રીયોનાં પ્રવૃત્તિપર વચનો નહિ સાંભળવાપણામાં તો કાંઇ કહેવાનુંજ રહેતું નથી એમ સૂચવ્યું છે ॥૧૭૬॥

પ્રતિમા પણ સ્ત્રીરૂપની હોય તો તેના દર્શનાદિકનો ત્યાગ કરવો એમ કહે છે—વર્ણિઓએ નારીનોજ જેમ એમ તેની ચિત્રમયી કે કાષ્ઠધાતુ-પાષાણાદિમયી પણ પ્રતિમાનો સ્પર્શ અને બુદ્ધિપૂર્વક નિરીક્ષણ નજ કરવું. 'रागपूर्वकं' એમ નહિ કહીને 'बुद्धिपूर्वकं' એમ કહ્યું છે તો સ્ત્રીનેવિષે રાગ વિના શિલ્પનિપુણતાના અવલોકનપરપણે પણ પ્રમદાપ્રતિમા ન પેખવી એમ જણાવ્યું છે. લક્ષ્મીઆદિક દેવતાપ્રતિમાના સ્પર્શાદિકમાં દોષ નથી. 'आलेख्यामपि नो वीक्षेत्स्त्रियं रागेण कुत्रचित्' એમ નારદપંચરાત્રમાં કહ્યું છે. 'पदापि युवतिं भिक्षुर्न स्पृशेद्दारवीमपि' એમ ભાગવતમાં કહ્યું છે ॥૧૭૭॥

વર્ણિઓએ વનિતાની પ્રતિમા સ્વયં ન કરવી. યદ્યપિ આ પ્રતિષેધ પ્રમદાપ્રતિમાના ઐક્ષણાદિ પ્રતિષેધથીજ સિદ્ધ થાય છે, તથાપિ તેની દૃઢતા માટે ઉક્તિ હોવાથી પુનરુક્તિ દોષ નથી. અહીં પણ 'देवताप्रतिमां हित्वा' એનો સંબન્ધ લેવો. એટલે લક્ષ્મીઆદિક દેવતાપ્રતિમા કરવામાં દોષ નથી. તથા સ્ત્રીએ પહેરેલા વસ્ત્રનો સ્પર્શ બુદ્ધિપૂર્વક ન કરવો, કેમકે તેનો સ્પર્શ અશુચિપણાનો સંપાદક અને વિષયાસક્તિમાં હેતુ છે. આ સ્ત્રીવસ્ત્રનિષેધ ધોએલું હોઇને ભીનું હોય, ધોએલું હોઇને સુકાએલું હોય, નવીન હોય અને પહેર્યા વિનાનું હોય, તે થકી ભિન્ન વસ્ત્રવિષયવાળો છે.

स्पृश्यं योषितोंऽशुकम् । न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥१७८॥ न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् । न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ॥१७९॥ ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं

માનુષી સ્ત્રીપ્રતિમાઓ ન જોવી એમ કહ્યું, હવે પ્રાણિમાત્રમાં મૈથુન ન જોવું એમ કહે છે—તૈઃ-બ્રહ્મચર્યવ્રતનિષ્ઠોએ મૈથુનાસક્ત પશુપક્ષ્યાદિ પ્રાણિમાત્રપણ ધિયા-બુદ્ધિપૂર્વક નજ જોવું, બુદ્ધિથી કરેલું તેનું નિરીક્ષણ રાગકલંકના ઉદય માટે થાયછે. 'प्राणिनो मिथुनीभूतानगृहस्थोऽप्रतस्त्य-जेत्' એમ ભાગવતમાં કહ્યુ છે ॥૧૭૮॥

વર્ણિઓએ સ્વયં પુરૂષ હોઇનેપણ નારીવેષને ધરનારો હોય તો તે ભવૈયો કે બીજો તેવો કોઈ બુદ્ધિપૂર્વક સ્પર્શ કરવા યોગ્ય નથી તેમ નિરીક્ષણ કરવા યોગ્ય પણ નથી, કારણકે તેવાના દર્શનથી પણ સ્ત્રીભાવની સ્ફૂર્તિ થઇ આવે. યદ્યપિ ભગવદ્ગુણકીર્તન પવિત્રોનું પવિત્ર અને મંગળોનું મંગળ છે, તથાપિ તે સ્ત્રીઓને ઉદ્દેશીને વર્ણિઓએ ન કરવું. કારણ કે પ્રમદા અગ્નિ-શિખા જેમ અકામથી પણ સ્પર્શ કરી થકી શું નથી બાળતી? બાળેજ છે તેમ આ ભલે શુદ્ધ ભાવથી પ્રવર્ત્યા હોય અને તેણીઓ શુદ્ધ ભાવથી સાંભળતી હોય તોપણ વિષય ઇન્દ્રિયોનો સ્વભાવ દુસ્ત્યજ હોવાથી જે કોઈ પણ પ્રકારે સાન્નિધ્ય થતાં વિકૃતિ થાયજ, તેથી અવધારેલા બ્રહ્મ-ચર્યવ્રતનો ભંગ થાયજ. માટેજ સ્મૃતિ કહેછે—'बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति' 'इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः' ઇતિ. 'સ્ત્રીને અવલોકીને' એમ નહિ કહેતાં 'સ્ત્રીને ઉદ્દેશીને' એમ સામાન્યપણે નિર્દેશ કર્યો છે, તો તેથી દૃષ્ટિમાર્ગમાં હોય કે અન્યત્ર હોય પણ તેણીઓને ઉદ્દેશીને ભગવદ્ગુણકીર્તન પણ નજ કરવુ, કેમકે પરસ્પર સ્નેહાનુબન્ધનો અવશ્ય સંભવ છે એમ જણાવ્યુ છે ॥૧૭૯॥

યદ્યપિ ગુરૂઓનું શાસન ઉલ્લંઘનીય નથી, 'सर्वथा पालनीयैव शिष्यै-राज्ञा गुरोरिह' એવી સ્મૃતિ છે, તથાપિ મનઃશોધન માટે કે બીજા કોઈ કારણે જો તેઓ 'બ્રહ્મચર્ય દુઃસાધ્ય છે તો તેનો સંકલ્પ છોડી દઇને સુસાધ્ય ગૃહસ્થાશ્રમાં પ્રવેશ કરી દારાનો પરિગ્રહ કર્ય, દારાને નહિ ગ્રહણ

કરનાર, માટેજ પિતૃઋણ થકી નહિ મુક્ત થએલાને પરલોકની પ્રાપ્તિ નથી, 'सर्वान् लोकाननृणोऽनुसञ्चरति' એવું બ્રાહ્મણ છે, 'ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् । अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥' એવી સ્મૃતિ પણ છે' એમ કહે તો તે ગુરૂનું પણ વચન તેઓએ આદરણીય નથી, જેમને ઊર્ધ્વરેતાપણામાં મુમુક્ષાને લીધે સંકલ્પ થયો હોય જે ઋણવચન છે તેતો અવિરક્તવિષયવાળુ છે પણ મોક્ષાર્થી માટે નથી. માટેજ શ્રુતિ 'एतद्ध स्म वै तत्पूर्वे विद्वांस. प्रजां न कामयन्ते किं प्रजया करिष्यामो येषां नोऽयमात्माऽयं लोक. ॥' એમ કહેછે. મોક્ષધર્મા નૈષ્ઠિકેન્દ્ર સનકાદિકોએ પણ પિતા બ્રહ્માએ પ્રજાસૃષ્ટિમાટે આદેશ કરતાં તે આદેશ અંગીકાર કર્યો નહિ તો મુમુક્ષુએ અષ્ટવિધ મૈથુનના અભાવરૂપ બ્રહ્મચર્યમા જે સંકલ્પ કર્યો હોય તે ગુરૂવચનથી પણ ત્યાગ કરવો નહિ એવા અભિપ્રાયથી ભગવાન્ કહેછે. 'मैथुनस्याप्रवृत्तिर्हि मनोवाक्कायकर्मणा । ब्रह्मचर्यमिति प्रोक्तं यतीनां ब्रह्मचारिणाम् ॥' આ સ્મૃતિએ કહેલા સર્વથા મૈથુનાભાવરૂપ બ્રહ્મચર્યનું જે વ્રત-નિયમવિશેષ ધાર્યો હોય તેનો ત્યાગ-જે નહિ સ્વીકારવો તત્પર વાક્ય ગુરોરપિ-જ-અથી કે વિદ્યાથી ગુરૂનું પણ તૈ:-મુમુક્ષાવેગથી ઊર્ધ્વરેતાપણામાં જેમણે સંકલ્પ કર્યો છે એવા નૈષ્ઠિક વર્ણિઓએ ન માનવું-ન આદર કરવું. 'सर्वान् लोकाननृणोऽनुसञ्चरति' ઇત્યાદિકથી પ્રદર્શાવેલો માર્ગતો વિષયાવિલો માટે છે બ્રહ્મચર્યતો તેથી અત્યત વિલક્ષણ હોઇને પરમપુરૂષાર્થના પરમસાધનપણારૂપ અતિશયવાળું છે. બ્રહ્મચર્યની નિઃશ્રેયસસાધનતા શ્રુતિએ કહી છે— 'अथोत्तरेण तपसा ब्रह्मचर्येण श्रद्धया विद्ययाऽऽत्मानमन्विष्यादित्यमभिजयन्ते ॥' 'येषां तपो ब्रह्मचर्यं येषु सत्यं प्रतिष्ठितम् । तेषामसौ विरजो ब्रह्मलोक.' 'तद्य एवैतं ब्रह्मलोकं ब्रह्मचर्येणानुविन्दन्ति तेषामेवैष ब्रह्मलोकस्तेषां सर्वेषु लोकेषु कामचारो भवति ॥' ઇતિ. તે બ્રહ્મચર્યની બહુ પ્રશંસા શ્રુતિએ કરી છે—'अथ यद्य इत्याचक्षते ब्रह्मचर्यमेव तत्, ब्रह्मचर्येण ह्येव यो ज्ञाता तं विन्दते । अथ यदिष्टमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्, ब्रह्मचर्येण ह्येवेष्ट्वाऽऽत्मानमनुविन्दते । अथ यत्सत्रायणमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्,

गुरोरपि । तेनं मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥१८०॥

ब्रह्मचर्येण ह्येव सत्त आत्मनस्त्राणं विन्दते । अथ यन्मौनमित्याचक्षते । ब्रह्मचर्यमेव तत्, ब्रह्मचर्येण ह्यात्मानमनुविद्य मनुते । अथ यदनाशकायनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्, एष ह्यात्मा न नश्यति यं ब्रह्मचर्येणानुविन्दते । अथ यदरण्यायनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत् ॥' ઇત્યાદિ. તથા મોક્ષધર્મમાં કહ્યું છે—'यदिदं ब्रह्मणो रूपं ब्रह्मचर्यमिति स्मृतम् । परं तत्सर्वधर्मेभ्यस्तेन याति परां गतिम् ॥' ઇતિ. 'ब्रह्मचर्याद्ब्राह्मणस्य ब्राह्मणत्वं विधीयते । एवमाहुः परे लोके ब्रह्मचर्यविदो जनाः ॥ ब्रह्मचर्ये स्थितो धर्मो ब्रह्मचर्ये स्थितं तपः । ये स्थिता ब्रह्मचर्ये तु ब्राह्मणास्ते दिवि स्थिताः ॥ नास्ति योगं विना सिद्धिर्नास्ति सिद्धिं विना यशः । यशस्तपो विना नास्ति ब्रह्मचर्यात्परं न तत् ॥ यो निगृह्येन्द्रियग्रामं भूतग्रामं च पञ्चकम् । ब्रह्मचर्यं समाधत्ते किमतः परमं तपः ॥' ઇત્યાદિ પદ્મપુરાણમાં કહ્યું છે. કોઈક તો—ત્યાગશબ્દ મુખ્યાર્થમાંજ વર્તે છે, પરિગ્રહેલા બ્રહ્મચર્યવ્રતના પરિત્યાગપર વાક્ય ગુરુનું પણ ન માનવું, એમ વ્યાખ્યાન કરેછે. આતો અત્યંત રમણીય નથી, કેમકે અહીં નૈષ્ઠિકનો પ્રસંગ છે પણ ઉપકુર્વાણકનો નથી, નૈષ્ઠિકતો બ્રહ્મચર્યવ્રતનો પરિત્યાગ કરે તો આશ્રમથકી પતિતજ થાય, તે પાતિત્યમાં પ્રાયશ્ચિત્તપણ નથી, તેવી સ્મૃતિ છે–'आरूढो नैष्ठिकं धर्मं यस्तु प्रच्यवते द्विज. । प्रायश्चित्तं न पश्यामि येन शुद्ध्येत्स आत्महा ॥' ઇતિ. અવકીર્ણિપ્રાયશ્ચિત્તવચનતો ઉપકુર્વાણ વિષયવાળુ છે. સૂત્રકારપણ 'न चाधिकारिकमपि पतनानुमानात्तदयोगात्' એમ કહેછે. તો આવા બ્રહ્મચર્યવ્રતના ત્યાગરૂપ પાતિત્યમા ગુરૂપદેશતો સંભાવનાપદને યોગ્ય નથી.

તો એ રીતે નૈષ્ઠિક બ્રહ્મચર્યમાં પ્રવર્તેલા વર્ણિઓએ સદાય ધીર–અવિકૃત ચિત્તવાળા રહેવુ, કેમકે 'इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः' એવી સ્થિતિ છે. ચોમેરથી આવી પડતા પણ વિષયોમાં જે વિકારને ન પામે તેજ ધીર કહ્યો છે. તેવી અભિયુક્તિ છે–'विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः' ઇતિ સ્થિર ચિત્તવાળા થવું એટલુ તાત્પર્ય છે. સંતોષ ન હોય તો મનની સ્થિરતા નજ થાય, માટે વિષયવિષયથકી

स्यातिनैरुध्यमायान्ती प्रसभं वनिता तु या । निवारणीया साऽ-ऽ

વિમુખતાએ કરીને અને બ્રહ્મામૃતના આસ્વાદની ઉન્મુખતાએ કરીને સતત સંતુષ્ટ રહેવું એમ કહેછે—જેતો ઇન્દ્રિયોને રાજી રાખવામાં પ્રવર્ત્યા છે તેમને વિષયો ન મળે તો શોકાવકાશ કદાચિત્ આવે, જેતો ઇન્દ્રિયનિગ્રહમા પ્રવર્ત્યો છે તેને કાઇપણ શોકસ્થાન નથી, વિષયો ન મળે એતો પોતાના અભિલપિત મનોનિગ્રહમાં અનુકૂળ છે, જે પ્રસન્ન કરવા યોગ્ય પોતાનો આત્મા છે તે તો પોને પોતાની મેળેજ પ્રીણુનીય છે, તેતો નિત્ય હોઇને સર્વદા સન્નિધિમાંજ રહ્યો છે, તો આત્મનિષ્ઠામાં પ્રવર્તેલા નૈષ્ઠિકોએ સદાય સંતુષ્ટજ રહેવુ, જેથી એમને શોકાવસર ન આવે જ્યાં સુધી દેહાભિમાન ટળે નહિ ત્યાસુધી ઇન્દ્રિયપ્રીણનથકી ઉપરતિ પણ નજ થાય, માટે કહેછે કે–अमानिभि –દેહાત્માભિમાને રહિત રહેવું. અથવા આશ્રમ વૃત્તાદિકના ગર્વે રહિત રહેવું. આત્મા આત્મીય ભ્રમનો ત્યાગ કરવો એટલું તાત્પર્ય છે. આશ્રમ વૃત્તાદિકનો ગર્વ પણ આત્મા આત્મીય ભ્રમમૂળક છે. વિદુરનીતિમા અભિમાનતો સર્વસ્વને અપહરેછે એમ કહ્યુ છે—'जरा रूपं हरते धैर्यमाशा मृत्यु प्राणान् धर्मचर्यामसूया । क्रोध. श्रिय शीलमनार्यसेवा ह्रियं काम. सर्वमेवाभिमानः ॥' ઇતિ ॥૧૮૦॥

શંકા–સ્રિયોનો સ્પર્શ ન કરવો એમ કહ્યુ, આજ્ઞાને અનુસારે તેણીઓના અંગનો સ્પર્શ પણ પરહરીએ, પરંતુ જો કદાચિત્ માર્ગમા બળાત્ અબળા અતિસમીપદેશમાંજ પોતાને અભિમુખ આવી જતા ત્યાથી ખશી જવાનો પણ અવસર ન રહે ત્યારે ગતિ શી? એવી શંકામાં કહેછે—બહુધાપણે સ્ત્રિયો પોતાની મેળેજ પુરૂષોને અભિમુખ આવતા જોઇને દૂર ખશીજ જાય, કારણ કે તેણીઓને લજ્જા સ્વાભાવિકી છે. જે વનિતા તો તેવી નહિ હોઇને માર્ગમા અભિમુખ આવતાં દૂરથીજ ભગવન્નામોચ્ચારણ હસ્તચેષ્ટાદિ ચિહ્નોવડે જણાવ્યાં છતા પણ બળાત્કારથી પોતાના અત્યંત નજીક દેશમાં આવી ચડે કે જેથી ત્યાથી જવાનો પણ અવકાશ રહે નહિ, તે સ્ત્રીને નહિભાષણ કરવાના નિયમનો પરિત્યાગ કરીને પણ 'તું દૂર રહે અન્યત્ર ખશી જા' ઇત્યાદિ કહીને, એટલુ કહેતાં પણ ત્યાથી ન

भाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ॥१८१॥ प्राणापद्युपपन्नायां स्त्रीणां

ખસે તો અતે કઠોર વચનથી તિરસ્કાર કરીને પણ જલદી નિવારણજ કરવી અગસ્પર્શ જે રીતે ન થાય તે રીતે તરત વારણ કરવી એવો આશય છે 'आत्मन सर्वथा येन स्याद्गृहद्व्रतरक्षणम् । योग तमेव कुर्वीत प्रयत्नेन पुमान् सुधी ॥' એવી સ્મૃતિ છે ॥૧૮૧॥

સ્ત્રિયો સાથે નહિ બોલવાનુ અને નહિ અડવાનુ જે કહ્યુ તેમા અપવાદ કહેછે—જો કદાચિત્-ગૃહનો દાહ, જળમા ડુબી જવુ, શીગડાવાળા કે દાઢ્યોવાળા પશુઓનુ આક્રમણ અને મહારોગાદિ પ્રાણાપત્તિ પ્રસગ સ્ત્રીઓને કે પોતાને પ્રાપ્ત થાય તો તે સ્ત્રીયોની અને પોતાની રક્ષા તે સ્ત્રિયો સાથે બોલીને પણ અથવા તેનાથી પણ પરિરક્ષણ ન થાય તો અતે તેણીનો સ્પર્શ કરીને પણ કરવી પ્રાણસશયનો પ્રસગ પ્રાપ્ત થતા સ્ત્રીયોની સાથે ન બોલવાનો કે ન સ્પર્શ કરવાનો આ નિયમ નથી સ્ત્રીસભાષણસસ્પર્શ દોષને નહિ ગણીને પણ પ્રાણનુ પરિરક્ષણ કરવુ અબળા બાબતમા—જે કોઈ અબળા અજ્ઞાનથી જેમા મહામગરો રહેતા હોય એવા અગાધ જળવાળા ધરામા સ્નાનમાટે પ્રવેશ કરે તો 'અહીંથી એકદમ બહાર નીકળી જા નહિ તો મગરો ગળી જશે' એમ તેણી સાથે બોલીને પણ તેણીની રક્ષા કરવી એ રીતે અગાધ જળમા ડુબી જતી જેને કોઈ શરણ નથી એવી અબળાને પોતાનો હાથ આપવો આદિકવડે પણ (સ્પર્શ કરીને પણ) તેનો સમુદ્ધાર કરવો પોતાની બાબતમા—એ રીતે પોતે મહાજળાશયમા પડી જતા તેમાથી નિકળવાનો ઉપાય નહિ પ્રાપ્ત થતા, સ્ત્રીનેપણ બૂમો પાડી બોલાવીને તેણીના હસ્તાવલબાદિકથી પણ (સ્પર્શ કરીને પણ) પોતાની રક્ષા કરવી એ રીતે બીજા ગૃહદાહાદિ પ્રાણસશયપ્રસગમા પણ જાણી લેવુ પ્રાણની પરિરક્ષા કરતો નર ધર્માનુષ્ઠાનમા સમર્થ થાય છે 'जीवन्नरो भद्रशतानि पश्येत्' એવી અભિયુક્તિ છે સ્ત્રીસ્પર્શાદિજન્ય સ્વવ્રતભગદોષતો એક દિવસ ઉપવાસાદિ અલ્પ પ્રાયશ્ચિત્તથી ટાળી શકાય છે, મરણ પામતા પ્રાણિની ઉપેક્ષાજન્ય દોષ તો મહાપાતક છે, માટે કૃપાથી યથાશક્તિ જીવસરક્ષણ કરવુ એટલુ તાત્પર્ય છે 'प्राद्य प्राण

क्षेपा च वा क्वचित् । तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ॥१८२॥ तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा । वेषो न

प्रन्नान तु हस्त्यश्वादपि देहिनः । जीवन्सर्वमवाप्नोति जीवन्धर्मं करोति च ॥ शरीरं धर्मसर्वस्वं रक्षणीयं प्रयत्नतः ।' 'महतामपि यज्ञाना कालेन क्षीयते फलम् । भीताभयप्रदानस्य क्षय एव न विद्यते ॥' 'एकतः क्रतवः सर्वे समाप्तवरदक्षिणाः । एकतो भयभीतस्य प्राणिनः प्राणरक्षणम् ॥' 'धर्मं परो जीवरक्षा ह्यधर्मस्तद्विपर्ययः । यथाशक्ति ततो धर्मं साधयेत्पुरुषः सुधीः ॥' ઇત્યાદિ સ્મૃતિઓ જીવાભયદાનને પરમધર્મપણે કહે છે માટે આ સ્ત્રીસંભાષણસંસ્પર્શનો પ્રતિષેધ કર્યો તે પ્રાણવિપત્તિથકી અન્યત્ર સમજવો ॥૧૮૨॥

વર્ણિઓએ તૈલાભ્યંગ—તેલથી મસ્તકપ્રમુખ અંગમાં મર્દન કરવું નહિ, આથી અંજનાદિકનો સંગ્રહ કરવો, અભ્યંગ અંજન આદિક ન કરવું તેવી સ્મૃતિ છે 'अभ्यङ्गमञ्जनं चाक्ष्णोरुपानच्छत्रधारणम् । कामं क्रोधं च लोभं च नर्तनं गीतवादनम्' ઇતિ તથા ખડ્ગાદિ આયુધનું ધારણ ન કરવું યદ્યપિ આપત્તમાં આયુધધારણ બ્રાહ્મણને અભ્યનુજ્ઞાત છે તથાપિ મુમુક્ષુ મહાવ્રતધારી આ નૈષ્ઠિકને ક્યારેયપણ તે યોગ્ય નથી કેમકે હિંસાબુદ્ધિજનક હોઇને શમોપઘાતમાં હેતુ થાય તથા જે વિકૃત—સ્મૃત્યાચારગર્હિત વેષ તે ન ધારણ કરવો અન્યથા પ્રાયશ્ચિત્તી થાય કૌપીન કટિસૂત્રાદિરૂપ બ્રહ્મચર્યવેષની પ્રચ્યુતિમાં પ્રાયશ્ચિત્ત સ્મૃતિએ કહ્યું છે—'शौचाचमनसन्ध्यावन्दनाग्निकार्यराहित्य-शूद्रादिस्पर्शन-साच्छादनकौपीनकटिसूत्रयज्ञोपवीतमेखलादण्डाजिनाधारण-दिवास्वापछत्रपादुकास्रग्धारणोद्वर्तनानुलेपनाञ्जनद्यूतनृत्यगीतवाद्याद्यभिरतौ पाखण्डादिसम्भाषणादौ च प्रायश्चित्ति' ઇતિ તથા રસના ઇન્દ્રિય જીતવી 'आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः । स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः' આ શ્રુતિએ નિઃશ્રેયસના ઉપયોગિપણે કહેલી આહારશુદ્ધિ રસનેન્દ્રિયજય વિના દુર્ઘટ હોવાથી રસનાજયની અવશ્ય અપેક્ષા છે રસનાને ન જીતે તો બીજી ઇન્દ્રિઓનો જય થવો દુર્લભ છે આ રસનાના જયથી તો અન્ય ઇન્દ્રિઓ સુખેથી જીતી શકાય છે તેવું વચન છે—'तावज्जितेन्द्रियो न स्याद्विजितान्येन्द्रियः पुमान् ।

विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥१८३॥ परिवेषणकर्त्री स्यायत्र स्त्री विप्रवेश्मनि । न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥१८४॥ अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् । वर्ज्यः स्त्रीणामिव

न जयेद्रसनं यावज्जित सर्वं जिते रसे ॥' ઇતિ માટે રસના તો વિશેષપણે જીતવી, કેમકે તેના જયને આધીન સર્વેન્દ્રિય જય છે ॥૧૮૩॥

યદ્યપિ 'भिक्षाटनसमुद्योगात्प्राक्केनापि निमन्त्रितम् । अयाचितं हि तद्भैक्षं भोक्तव्यं मनुरब्रवीत् ॥' આ વચનથી ભિક્ષાપ્રધાન વૃત્તિવાળા વર્ણિને આમન્ત્રણ આપનારાના ગૃહમા ભોજન અનુમત છે તથાપિ જો પિરસનારી નારી હોય તો ત્યા જમવુ નહિ એવા અભિપ્રાયથી કહેછે—જે વિપ્રના ગૃહમા ભોજનપાત્રવિષે જમવાના પદાર્થોનુ અર્પણ કરનારી નારી હોય-યુવતિ હોય કે વૃદ્ધા હોય ત્યા ભિક્ષાર્થે જવુ નહિ, કેમકે અષ્ટવિધ બ્રહ્મચર્યનો વિલોપપ્રસગ આવે તેથકી અન્યત્ર-જ્યા પુરૂષ પિરસનારો હોય ત્યા તો જઇને ભિક્ષા ગ્રહણ કરવી યદ્યપિ સ્મૃતિઓમા સ્ત્રીયોથકી ભિક્ષાગ્રહણ ભલે કહ્યુ છે તથાપિ કલિબળને લીધે કલુષિત ચિત્તવાળા ઓની ઇન્દ્રિયલોલુપતાને આશકીને ભગવાને આ નિષેધ કર્યો છે આ સ્થળે 'विप्रवेश्मनि' એમ જે વિપ્રનુ ગ્રહણ કર્યુ છે તે 'ભિક્ષા ત્યાજ કરવી પણ અન્યત્ર નહિ' એવો નિયમ જણાવા માટે છે તે કહ્યુ છે-'ब्राह्मणेषु चरेद्भैक्षमनिन्द्येष्वात्मवृत्तये' ઇતિ ॥૧૮૪॥

વર્ણિઓએ વેદાર્થપરિશીલનમા અને ગુરૂપરિસેવનમા સમાસક્ત રહેવુ, વિષયવ્યાસગિનો સગતો કદાપિ ન કરવો એમ કહેછે—વેદો કે જે પૂર્વોત્તરભાગથી ભિન્ન હોઇને પરબ્રહ્મના આરાધનભૂત કર્મને પ્રતિપાદન કરનારા અને આરાધ્યભૂત પરબ્રહ્મસ્વરૂપ સાથે તેમના ઉપાસનને પ્રતિ પાદન કરનારા છે તેમનો તથા શાસ્ત્રો કે જે વેદોના ઉપબૃહણભૂત સ્મૃતિ ઇતિહાસ પુરાણાદિ છે તેમનો અભ્યાસ-એના અર્થોનુ ફરી ફરી અનુ શીલન કરવુ પરિશીલન કરેલો વેદશાસ્ત્રાર્થ વિક્ષોભક અર્થાન્તરોના અવ કાશને અતરમા નજ આપે અને વળી તત્ત્વવિજ્ઞાનની દૃઢતા સપાદનદ્વારા નિ શ્રેયસના ઉપાયના અનુષ્ઠાનમા ઉપકારક થાય છે, તો વેદશાસ્ત્રાભ્યાસ

स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥१८५॥ चर्मवारि न वै पेयं जात्वा[1] विप्रेण

અવશ્ય કરવો 'ब्राह्मणेन निष्कारणं षडङ्गो वेदोऽध्येतव्यो ज्ञेयश्च' એવું શ્રુતિ-શાસન છે. તથા વર્ણિઓએ ગુરૂનું સેવન કરવું, કેમકે ગુરૂસેવાજ એમનો પરમ ધર્મ છે. તેવી સ્મૃતિ છે–'आसमाप्तेः शरीरस्य यस्तु शुश्रूषते गुरुम् । स गच्छत्यञ्जसा विप्रो ब्रह्मणः सद्म शाश्वतम् ॥' 'शुश्रूषमाण आचार्यं सदोपासीत नीचवत्' 'गुरुं चैवाप्युपासीत' ઇતિ. એ રીતે તેતે અવસરમાં વૈષયિક સંગમાં વિરોધી વેદશાસ્ત્રાભ્યાસ ગુરૂસેવનાદિકે કરીનેજ કાળ નિર્ગમન કરવો, વૈષયિક સંગનો તો અવકાશ કદાપિ ન આપવો એમ કહે છે–સ્ત્રીયોનોજ જેમ એમ સ્ત્રૈણ–સ્ત્રીલંપટ પુરૂષોનો સંગ પણ અત્યંત ત્યાગ કરવો. આથી વિષયલુબ્ધસંગમાત્રના ત્યાગનો સંગ્રહ કરી લેવો. 'न तथाऽस्य भवेन्मोहो बन्धश्चान्यप्रसङ्गतः । योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गतः ॥' 'तस्मात्सङ्गो न कर्तव्यः स्त्रीषु स्त्रैणेषु चेन्द्रियैः । विदुषां चाप्यविस्रब्धः षड्वर्गः किमु मादृशाम् ॥' એમ ભાગવતમાં કહ્યું છે.

કેટલાકતો આ શ્લોકનું વ્યાખ્યાન એમ કરેછે કે–નૈષ્ઠિકમતવિશેષમાં પ્રવિષ્ટ થએલ.ઓએ સ્ત્રિયોનોજ જેમ એમ સ્ત્રીલુબ્ધોનો સંગ સદા દૂરથીજ ત્યાગ કરવો. સ્ત્રીશબ્દથી વિષયસામાન્યનો સંગ્રહ કરી લેવો. વિષયાસક્તોનો સંગ ન કરવો એવો અર્થ થયો. શંકા–વિષયસંગનો જેમણે ત્યાગ કર્યો છે એવા એમણે સંન્યાસને આશરેલાઓની પેઠે એકપણ નિકેતન (ઘર રહેઠાણ) નહિ રાખી શું સ્વતન્ત્ર થવું ? એવી આશંકામા કહે છે કે–ગુરૂ-સેવનજ પ્રતિદિન કરવું, શરીરપાતપર્યંત ગુરૂને આધીનજ રહેવું. શંકા–ગુરૂપરાયણ એમણે ગુરૂસેવાથકી બીજું કાંઇપણ શ્રેયમાટે કરવું કે નહિ ? એવી શંકામાં કહે છે કે–વેદશાસ્ત્રોનો અભ્યાસ કરવો. ભણેલા કે નહિ ભણેલા વેદો અને તેના અર્થને બોધ કરનારાં શાસ્ત્રોનો અભ્યાસ–પરિચય સદા કરવો, એમ વ્યાખ્યાન કરેછે ॥૧૮૫॥

ગૃહસ્થ અને બ્રહ્મચારિના વિશેષ આદેશને પરિસમાપ્ત કરીને હવે સામાન્યતઃ પરિહાર કરવા યોગ્ય કર્તવ્યનો બે શ્લોકથી આદેશ કરેછે–આ આદેશ આટલા નિબન્ધથી વિશેષતઃ પ્રતિબોધ દીધેલા ગૃહસ્થ અને

१ 'जातु' इति पाठान्तरम् ।

બ્રહ્મચારીને સામાન્યપણે બોધ આપવામાટે પ્રાપ્ત થયો છે. આ જ વિશેષપ્રકરણમાં સામાન્યપ્રસંગનું નિમિત્ત છે. चर्मवारि-ચર્મના સંસર્ગવાળું વારિ, ચામડાના કોશવડે કુવાથકી કાઢેલું જળ जातु-આપત્તિમાં પણ ન પિવું. યદ્યપિ આપત્તિમાં અનુમતિ આપી છે તથાપિ સાક્ષાત્ તેના પાનની અનુમતિ નથી કિંતુ ભૂમિઉપરજ રહેલું હોઇને પાત્રાંતરથી લીધેલા જળના પાનમાં અનુમતિ છે. તેવું વચન છે—'आपद्गतो भूमिगताः पिबेच्च'-ઇતિ. અથવા जातु-અતિશય તૃષા લાગી હોય તોપણ ન પિવું. केनचित्-કોઇએ પણ-પ્રથમાશ્રમી કે દ્વિતીયાશ્રમી કોઇએ પણ ન પિવું. અથવા केनापि-ઔદીચ્ય કે દાક્ષિણાત્ય કોઈએ પણ. (દેશભેદથી પણ આમાં વિષમતા નથી) विप्रेण-દ્વિજાતિમાત્રે (કોઈપણ દ્વિજાતિએ) ન પિવું. વિપ્રશબ્દ દ્વિજાતિમાત્રનો ઉપલક્ષક છે. 'जात्या विप्रेण' એવો પાઠ હોય તો વિપ્રજાતીય કોઈએ પણ ન પિવું એવો અર્થ કરવો. યદ્યપિ આ અર્થ ઘટતો આવતો નથી, કેમકે ઉપનયન પહેલાં કામચાર કામવાદ કામભક્ષપણાની અનુમતિ આપેલી હોવાથી નહિ ઉપવીત દીધેલા વિપ્રજાતીયમાં આ નિષેધનો અન્વય આવતો નથી, તથાપિ બ્રાહ્મણપણાને અનુગુણ સત્ય આર્જવ આદિક ગુણવિશેષ હોય કે ન હોય પણ બ્રાહ્મણજાતિએ કોશનું પાણી ન પિવું એટલામાત્રમાં તાત્પર્ય છે માટે કશી ક્ષતિ નથી. वै અવ્યય નિશ્ચયાર્થમાં લેવો. એમાં સંશયજ નથી એવો અર્થ છે. દ્વિજાતિને ચર્મવારિપાનનો પ્રતિષેધ સ્મૃતિએ કર્યો છે—'प्रपाजलं सीरघटस्य चैव द्रोणीजलं कोशविनिर्गतं च । पीत्वावगाहेत जलं सवासा उपोषितः शुद्धिमवाप्नुयाच्च ॥' 'प्रपास्वरण्ये घटके च सैरे द्रोण्यां जलं कोशगतास्तथाऽऽपः । ऋतेऽपि शूद्रात्तदपेयमाहुरापद्गतो भूमिगताः पिबेच्च ॥' ઇતિ. તથા तेन-દ્વિજાતિમાત્રે પલાંડુલશુન-ડુંગળી લશુન આદિકનું ભક્ષણ સર્વથા-વ્યાધિપ્રશમનના ઉપાયપણેપણ ન કરવું. આદ્યશબ્દથી ગૃંજનાદિકનો પરિગ્રહ કરવો. તેમાં દુર્ગન્ધિ કંદવિશેષને પલાંડુ કહેછે. અને તેનાજ એક વિશેષને લશુન કહે છે. એના ભક્ષણમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે—'लशुनं कवकं चैव पलाण्डुं गृञ्जनं तथा । चत्वार्यज्ञानतो जग्ध्वा तप्त-

केनचित् । पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥१८६॥ स्नानं

कृच्छ्रं चरेद्द्विजः ॥' इति राजसर्षपनामना शाकविशेषने कवक कहेछे लशुनतुल्य कंदविशेषने गृञ्जन कहेछे, पण गाजरनामथी जेने कहेछे ते नहि एम विज्ञानेश्वर कहेछे श्वेतकंद पलांडुविशेष गृञ्जन छे एवी व्याख्यासुधा छे 'गन्धाकृतिरसैस्तुल्यो गृञ्जनस्तु पलाण्डुना । दीर्घनाला प्रपत्रत्वाद्भिद्यतेऽसौ पलाण्डुतः ॥' एम वैद्यचिंतामणिमा कह्यु छे बुद्धि पूर्वक पलांडुलशुनादिकना भक्षणमा तो सुरापान नामना महापापने सम पण याज्ञवल्क्ये 'निषिद्धभक्षणं जैह्म्य' आ वचनथी कह्यु छे आ श्लोकनी मिताक्षरा निषिद्ध-लशुनादिक, तेनु मतिपूर्वक भक्षण, एवी छे - माटे द्विजातिमाने डुंगळी लशण आदिकनु मतिपूर्वक भक्षण नज करवु ॥१८६॥

रागथी कराता पलांडु आदिक दुष्ट द्रव्यना भक्षणनो निषेध कर्यो, हवे स्नानादि नित्यकर्म कर्या विना यथेच्छ कराता भोजननो प्रतिषेध करेछे— स्नान-संध्या-गायत्रीजप-श्रीविष्णुपूजन कर्या विना अने वैश्वदेव कर्या विना द्विजोए भोजन नज करवु अने 'स्नानादिकने करे स्नानादिक नहि करीने भोजन न करे, एम प्रवर्तनालक्षण धर्म अने निवर्तनालक्षण धर्म, ए रीते बे प्रकारना धर्मनो अवबोध आप्यो छे आथी- 'स्नानादि कर्या विना भोजन न करवु' आ निषेध भोजनमा जे प्रवर्ते छे तेनेज अधिकार करीने कर्यो छे पण बीजाने नहि, एवी मदने अन्यथा शका थाय तेनु निवारण थई जाय छे स्नान नहि करेलो संध्यादि सर्व कर्मोमा लायक थतो नथी माटे प्रथम तेनु ग्रहण कर्यु छे, एटले संध्यादिकमा स्नान अंग छे तेवु स्मृतिवचन छे—'अस्नातस्तु पुमान्नार्हो जपाग्निहवनादिषु । प्रातः स्नानं तदर्थं तु नित्यस्नानं प्रकीर्तितम् ॥ अस्नात्वा नाचरेत्कर्म जपहोमादि किंचन । लालास्वेदसमाकीर्णः शयनादुत्थितः पुमान् । अत्यन्तमलिनः कायो नवछिद्रसमन्वितः । स्रवत्येव दिवारात्रं प्रातः स्नानं विशोधनम् ॥ प्रातः स्नानं प्रशंसन्ति दृष्टादृष्टफलं हि तत् । सर्वमर्हति शुद्धात्मा प्रातःस्नायी जपादिकम् ॥' इति स्नानतो छ प्रकारनु कह्यु छे-'नित्यं नैमित्तिकं काम्यं क्रियाङ्गं मलकर्षणम् । क्रियास्नानं तथा षष्ठं षोढा स्नानं

सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् । अकृत्वा वैश्वदेवं च

प्रकीर्तितम् ॥' એવુ વચન છે અને સધ્યાદિ નિત્યકર્મનુ સાહચર્ય છે તો સ્નાનશબ્દથી નિત્યસ્નાન જાણવુ તેમા પ્રાત સ્નાનની સર્વાશ્રમસાધારણતાને લીધે નિત્યતા જાણવી 'अस्नातस्तु पुमान्नार्हो जपाग्निहवनादिषु । प्रात स्नान तदर्थं तु नित्यस्नान प्रकीर्तितम् ॥' એમ કહ્યુ છે મધ્યાહ્ન સ્નાનની આશ્રમવિશેષની અપેક્ષાએ નિત્યતા સમજવી 'प्रातर्मध्याह्नयो स्नान वानप्रस्थगृहस्थयो । यतेस्त्रिषवण प्रोक्त सकृत्तु ब्रह्मचारिण ॥' એવુ વચન છે આ સ્નાન સમન્ત્રક કરવુ તે કહ્યુ છે-'मन्त्रपूत जले स्नान प्राहु स्नानफलप्रदम् । न वृथा वारिमग्नाना यादसामिव तत्फलम् ॥ मत्स्यकच्छप मण्डूकास्तोये मग्ना दिवानिशम् । वसन्ति चैव ते स्नानात्नाप्नुवन्ति फल क्वचित् ॥' ઇતિ સમન્ત્રક સ્નાનતો જેમને મનમા અધિકાર હોય તેમને માટે જાણવુ બીજાઓને નહિ, તે કહ્યુ છે-'ब्रह्मक्षत्रविशा चैव मन्त्रवत्स्नानमिष्यते । तूष्णीमेव तु शूद्रस्य स्त्रीणा च कुरुनन्दन ॥' ઇતિ સ્નાન વારુણજ મુખ્ય છે, તે શક્તને ઠડા જળથીજ અને અશક્તને તો ઊના જળથી કહ્યુ છે તેમા વિશેષ કહ્યો છે—'नद्या स्रोत सु च स्नायात्प्रतिस्रोत स्थितो द्विज । तडागादिषु तोयेषु प्रसर्क स्नानमाचरेत् ॥' ઇતિ વળી તે સૂર્યદર્શન થકી પહેલાજ કરવુ તે સ્કદમા કહ્યુ છે-'प्रात प्रातस्तु यत्स्नान सञ्जाते ह्यरुणो दये । प्राजापत्यसम प्राहुस्तन्महाघविघातकृत् ॥ उत्साहमेधासौभाग्यरूप सम्पत्प्रवर्तकम् । मन प्रसन्नताहेतु प्रात स्नान प्रशस्यते ॥ नोपसर्पन्ति वै दुष्टा प्रात स्नायिजनं क्वचित् । दृष्टादृष्टफल तस्मात्प्रात स्नान समाचरेत् ॥' ઇતિ વિસ્તૃત વિધિ અન્યથકી જાણવો સન્ધ્યા-'अहोरात्रस्य य सन्धि सूर्यनक्षत्रवर्जित । सा तु सन्ध्या समाख्याता मुनिभिस्तत्त्वदर्शिभि ॥' આ સ્મૃતિએ કહેલો કાળવિશેષ સધ્યા જાણવી તેવા કાળવિશેષમા કરવાનો ક્રિયાવિશેષ સંધ્યાશબ્દથી કહેવા ઇચ્છયો છે સધિમા થતી ક્રિયા તે સધ્યા કહેવાય તેવુ વચન છે-'उपास्ते सन्धिवेलाया निशाया दिवसस्य च । तामेव सन्ध्या तस्मात्तु प्रवदन्ति मनीषिण ॥' ઇતિ 'ब्राह्मणोऽहरह सन्ध्यामुपासीत' એવી શ્રુતિ છે સધ્યાનુ નિત્યપણુ અકરણમા પ્રત્યવાય-

વિધાનથી જણાય છે. તેવી સ્મૃતિ છે-'न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम् । स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद्द्विजकर्मणः ॥ सन्ध्याहीनोऽशुचिर्नित्यमनर्हः सर्वकर्मसु । सन्ध्या येन न विज्ञाता सन्ध्या येनानुपासिता । जीवमानो भवेच्छूद्रो मृतः श्वा चोपजायते ॥ उपतिष्ठन्ति वै सन्ध्यां ये न पूर्वां न पश्चिमाम् । व्रजन्ति ते दुरात्मानस्तामिस्रं नरकं नृप! ॥ योऽन्यत्र कुरुते यत्नं धर्मे कार्ये द्विजोत्तमः । विहाय सन्ध्याप्रणतिं स याति नरकायुतम् ॥' ઇતિ. સંધ્યાની પ્રશંસા કરી છે-'सन्ध्यामुपासते ये तु सततं संशितव्रताः । विधूतपापास्ते यान्ति ब्रह्मलोकं सनातनम् ॥ ऋषयो दीर्घसन्ध्यात्वाद्दीर्घमायुरवाप्नुयुः । प्रज्ञां यशश्च कीर्तिं च ब्रह्मवर्चसमेव च ॥' ઇત્યાદિ. સન્ધ્યાનો પ્રકારતો અન્યથકી જાણવો. ચકારથી-હોમનું ગ્રહણ કરવું. ગાયત્રીજપ-સંધ્યાના અંગભૂત આ ગાયત્રીમંત્રનો જપ છે. તે યાજ્ઞવલ્ક્યે કહ્યું છે—'सूर्यस्य चाप्युपस्थानं गायत्र्या प्रत्यहं जपः । गायत्रीं शिरसा सार्धं जपेद्व्याहृतिपूर्विकाम् ॥ प्रतिप्रणवसंयुक्तां त्रिरयं प्राणसंयमः । प्राणायामं समभ्युक्ष्य तृचेनाब्दैवतेन तु ॥ जपन्नासीत सावित्रीं प्रत्यगातारकोदयात् । सन्ध्यां प्राक् प्रातरेवं हि तिष्ठेदासूर्यदर्शनात् ॥' ઇતિ. તથા હારીતસ્મૃતિમાં કહ્યું છે-'प्रणवव्याहृतियुतां गायत्रीं च जपेत्ततः । अष्टाधिकं सहस्रं वा शतं वा दश शक्तितः ॥' ઇતિ. વાચિક ઉપાંશુ માનસ એવા ભેદથી ત્રણ પ્રકારનો જપ સ્મૃતિમાં કહ્યો છે—त्रिविधो जपयज्ञः स्यात्तस्य भेदं निबोधत । वाचिकश्च उपांशुश्च मानसस्त्रिविधः स्मृतः ॥' ઇતિ. વિશેષ અન્ય થકી જાણવો. શ્રીવિષ્ણુપૂજન-શ્રીમાન્ વિષ્ણુનું (શાળગ્રામ-સ્વરૂપ કે પ્રતિમાસ્વરૂપ) યથાવિધિ પૂજન, આ નિત્ય છે. તે મનુએ કહ્યું છે-'नित्यं स्नात्वा शुचिः कुर्याद्देवर्षिपितृतर्पणम् । देवताभ्यर्चनं चैव' ઇતિ. પરાશર પણ કહેછે-'सन्ध्या स्नानं जपो होमो देवतानां च पूजनम्' ઇતિ. मोक्षमिच्छेज्जनार्दनात्' આવું વચન છે માટે મુમુક્ષુઓએતો વિષ્ણુજ સેવ્ય છે, એવા અભિપ્રાયથી વૈષ્ણવોના પ્રતિ 'विष्णुपूजनं' એમ વિશેષપણે વિધાન કર્યું છે. તે નૃસિંહપુરાણમાં કહ્યું છે-'जलदेवान्नमस्कृत्य ततो गच्छेद्गृहं बुधः । पौरुषेण तु सूक्तेन ततो विष्णुं समर्चयेत् ॥' ઇતિ. પૂજન-

પ્રકાર અન્યથકી જાણવો વૈશ્વદેવ—આ સર્વ આશ્રમને સાધારણ નથી તથાપિ યથાસભવ અન્વય જાણવો યદ્યપિ દેવયજ્ઞ પિતૃયજ્ઞ અને ભૂતયજ્ઞમા વિશ્વેદેવોનો પૂજ્યપણે અન્વય છે, તો વિશ્વેદેવો જેમા પૂજાય તે વૈશ્વદૈવિક કહેવાય, આવા અર્થની પર્યાલોચના કરતા ત્રણે યમા પણ વૈશ્વદેવશબ્દ પ્રવર્તેછે તથાપિ 'विश्वेभ्यो देवेभ्य स्वाहा' એમ જેમા ઉચ્ચારાય તેમા આ નામ મુખ્ય છે, માટે વૈશ્વદેવ શબ્દથી દેવયજ્ઞ કહ્યો છે આથી—બીજા યજ્ઞોનો ઉપલક્ષણથી સગ્રહ કરવો અથવા વૈશ્વદેવશબ્દથી ભલે ત્રણનો સગ્રહ કરાય, આથી બીજાનો ઉપલક્ષણથી સગ્રહ કરવો વિષ્ણુપૂજન પછી વૈશ્વદેવની કર્તવ્યતા સ્મૃતિએ કહી છે—'पौरुषेण तु सूक्तेन ततो विष्णु समर्च येत् । वैश्वदेव तत कुर्याद्बलिकर्म तथैव च ॥ पञ्चमे च तथा भागे सविभागो यथार्हत । पितृदेवमनुष्याणां कीटाना चोपदिश्यते ॥ विश्वदेव प्रकुर्वीत स्वशाखाविहित तत । सस्कृतान्नैर्हि विविधैर्हविष्यव्य ञ्जनान्वितै ॥' ઇતિ પાચ મહાયજ્ઞોની અવશ્ય કર્તવ્યતા સ્મૃતિ ઓમા કહી છે—'बलिकर्म-स्वधा-होम-स्वाध्यायातिथिसत्क्रिया । भूतपि त्र्यमरब्रह्ममनुष्याणा महामखा ॥ पञ्चसूना गृहस्थस्य वर्तन्तेऽहरह सदा । कण्डनी पेषणी चुल्ली जलकुम्भ उपस्कर ॥ एतानि वाहयन्विप्रो बध्यते वै मुहुर्मुहु । एतासा पावनार्थाय पञ्च यज्ञा प्रकीर्तिता । पञ्चसूना गृह स्थस्य चुल्ली पेषिण्युपस्कर । कण्डनी चोदकुम्भश्च बध्यते यस्तु वाहयन् ॥ तासा क्रमेण सर्वासा निष्कृत्यर्थं महर्षिभि । पञ्च कॢप्ता महायज्ञा प्रत्यह गृहमेधिनाम् ॥ अध्यापन ब्रह्मयज्ञ पितृयज्ञस्तु तर्पणम् । होमो दैवो बलि र्भौतो नृयज्ञोऽतिथिभोजनम् ॥ पञ्चैतान् यो महायज्ञान् न हापयति शक्तित । स गृहेऽपि वसन्नित्य सूनादोषैर्न लिप्यते ॥ देवतातिथिभूताना पितृणामात्म नश्च य । न निर्वपति पञ्चानामुच्छ्वसन्न स जीवति' ઇતિ આ સ્નાનાદિ નિત્ય કર્મો દ્વિજાતિએ કરવા આ કર્મોને કર્યા વિના ભોજન નજ કરવુ સ્નાનાદિ કર્યા વિના ભોજન કરવામા પ્રત્યવાય સ્મૃતિમા કહ્યો છે— अस्नात्वाऽश्न न्मल भुङ्क्ते भजस्वा पूयशोणितम् । अजुह्वश्च कृमीन् कीटानददच्च शकृत्तथा ॥

कर्तव्यं नैव भोजनम् ॥१८७॥ साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचा-

यो मोहादथवाऽऽलस्यादकृत्वा देवतार्चनम् । भुङ्क्ते स याति नरकं सूकरेष्वपि जायते ॥ अकृत्वा वैश्वदेवं तु भुञ्जन्ते ये द्विजाधमाः । इह लोकेऽन्नहीनाः स्यु काकयोनिं व्रजन्त्यथ ॥' इति ચકારથી આશ્રિતાદિકને ભોજન કરાવ્યા વિના ભોજન ન કરવું 'यस्तु मुख्यो भवेदत्र स सम्भोज्य निजाश्रितान् । ततः स्वयं तु भुञ्जीत समानं तैरनापदि ॥' એવું સ્કાદવચન છે. 'बाल-स्ववासिनी-वृद्ध-गर्भिणी-आतुर-कन्यका । सम्भोज्यातिथि-भृत्यांश्च दम्पत्योः शेषभोजनम् ॥' એમ યાજ્ઞવલ્ક્ય કહે છે. પાકભેદ તો ન કરવો, 'अतिथीनां च सर्वेषां प्रेष्याणां स्वजनस्य च । सामान्यं भोजनं भृत्ये पुरुषस्य प्रशस्यते ॥' ઇતિ ॥૧૮૭॥

હવે સાધુઓના વિશેષધર્મોને કહેછે—જે મારા આશ્રિત ત્યાગી સાધુઓ હોય તેમણે સર્વેએ તો અવશ્યપણે નૈષ્ઠિક બ્રહ્મચારીઓની પેઠે સ્ત્રી અને સ્ત્રીસંગીઓનો સંગ-પ્રેક્ષણપ્રમુખ પ્રસંગ ત્યાગ કરવો આદિશબ્દથી તૈલાભ્યંગાદિકનો પરિગ્રહ કરવો અન્યથા તો મુમુક્ષાથી સ્વીકારેલુ બ્રહ્મચર્યવ્રત કે જે મોક્ષોપાયસિદ્ધિમાં મુખ્ય ઉપકારક છે તેની ભંગાપત્તિ થાય. સ્ત્રીસ્રૈણસંગાદિકનુ મુક્તિમા વિરોધિપણુ સુપ્રસિદ્ધ છે. એવું વ્યાખ્યાન બ્રહ્મચારિપ્રકરણમા કર્યુ છે.

એટલામાત્રથી કૃતકૃત્યતા નથી, વિષયસંગમાત્રનોતો ત્યાગ કરવો જોઇએ, અન્યથા તેના સંગબળને લીધે તેથકી વિલક્ષણ આત્મસ્વરૂપમા નિષ્ઠાનો સંભવ નથી, માટે કામ સર્વથા જીતવો, કેમકે તે અંતરનો અરિ છે, એવા અભિપ્રાયથી કહેછે—તથા તેમણે आन्तराः—આભ્યંતર अरयः—કામ અને તે મૂળ જેમાં છે એવા ક્રોધાદિક શત્રુઓ જીતવા—એમના વશપણામાં વર્તવુ નહિ શબ્દાદિકતો બાહ્ય શત્રુઓ છે આતો આંતર છે. એટલે અલ્પમાત્ર પણ અવશેષ રહેલો આંતર અરિ અધિક અનર્થ અર્થે થાય છે તે ગીતામા કહ્યુ છે—'काम एष क्रोध एष रजोगुणसमुद्भवः । महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च । यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा । कामरूपेण कौन्तेय ! दुष्पूरेणानलेन च ॥' ઇત્યાદિ.

रिवत् । स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥१८८॥ सर्वे-

ક્રોધ લોભની પણ વિશેષતઃ હેયતા ગીતા ભાગવતમાં કહી છે-'त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः । कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥' 'संयच्छ रोषं भद्रं ते प्रतीपं श्रेयसां परम् । श्रुतेन भूयसा राजन्नगदेन यथामयम् ॥ येनोपसृष्टात्पुरुषाल्लोक उद्विजते भृशम् । न बुधस्तद्वशं गच्छेदिच्छन्नभयमात्मनः ॥' तथा 'कामस्यान्तं हि क्षुत्तृड्भ्यां क्रोधस्यैतत्फलोदयात् । जनो याति न लोभस्य जित्वा भुक्त्वा दिशो भुवः ॥' तथा 'यशो यशस्विनां शुद्धं श्लाघ्या ये गुणिनां गुणाः । लोभः स्वल्पोऽपि तान् हन्ति श्वित्रं रूपमिवेप्सितम् ॥' ઇત્યાદિ. અંતઃશત્રુઓના જયના ઉપાયો શ્રીભાગવતમાં 'असङ्कल्पाज्जयेत्कामं क्रोधं कामविवर्जनात् । अर्थानर्थेक्षया लोभं भयं तत्त्वावमर्शनात् ॥ आन्वीक्षिक्या शोकमोहौ दम्भं महदुपासया । योगान्तरायान् मौनेन हिंसां कायाद्यनीहया ॥' ઇત્યાદિકથી કહ્યા છે ॥१८८॥

અનાદિ વાસનાવાસિત મનવાળાઓથી એકદમ કામાદિ દોષો જીતી શકાતા નથી, તો પ્રથમ વિષયને અભિમુખપણે દોડતાં ઇન્દ્રિયોનો ઉપરોધ કરવો, એરીતે યતન કરનારાને કાળે કરીને કામની ઉપશાંતિ થાય, તે ગીતામાં કહ્યું છે-'यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः । इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥' એવા અભિપ્રાયથી કહેછે— કામ ક્રોધના જયમાટે પ્રવર્તેલા સાધુઓએ શ્રોત્રાદિ સર્વ ઇન્દ્રિયો અવશ્ય જીતવાં-તેના તેના વિષયોથકી પાછાં વાળવાં. જેમ કાચબો જે કોઈથકી પણ શબ્દમાત્રને ઉપસાંભળતાંજ એકદમ સર્વ અંગને સંકેલી લેછે, તેમ તેતે અર્થની સન્નિધિમાત્ર થતાં તેતે ઇન્દ્રિઓનો એકદમ તેથકી ઉપસંહાર કરી લે, જો એક પણ ઇન્દ્રિય વિષયમાં પ્રસરે તો કામોપશાંતિ ન થાય અને જ્ઞાનનિષ્ઠા સિદ્ધ ન થાય, તે મનુએ કહ્યું છે-'इन्द्रियाणां तु सर्वेषां यद्येकं क्षरतीन्द्रियम् । तेनास्य क्षरति प्रज्ञा दृतेः पादादिवोदकम् ॥' ઇતિ. આ રીતે પ્રયત્ન કરનારાને કાળે કરીને સર્વ કામની ઉપરતિરૂપ ઇન્દ્રિયજયની કાષ્ઠાસિદ્ધિ થાય. ઇન્દ્રિયજયની જરૂરતા ભાગવતમાં ભગવાને કહી છે-'वाचं यच्छ मनो यच्छ प्राणं यच्छेन्द्रियाणि च । आत्मानमात्मना

न्द्रियाणि जेयानि रसना तु विशेपतः। न द्रव्यसङ्ग्रहः कार्यः कार-

यच्छ न भूयः क्लपसेऽध्वने ॥' 'बन्ध इन्द्रियविक्षेपो मोक्ष एषां च संयमः।' इति. 'इन्द्रियाण्येव सर्वाणि जेतव्यानि प्रयत्नतः। साधुना धर्मशीलेन भ्रश्यत्येवान्यथा पथः ॥' એમ વસિષ્ઠે કહ્યું છે. ભારતમાં કહ્યું છે-'तपोमूलमिदं सर्वं यन्मां विप्रानुपृच्छसि । इन्द्रियाण्येव संयम्य तपो भवति नान्यथा ॥ इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ। निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च ॥ इन्द्रियाणां प्रसङ्गेन दोपमृच्छत्यसंशयम्। संनियम्य तु तान्येवं ततः सिद्धिमवाप्नुयात् ॥ पण्णामात्मनि नित्यानामैश्वर्यं योऽधिगच्छति। न स पापैः कुतोऽनर्थैर्युज्यते विजितेन्द्रियः॥' ઇતિ. વિષયોથકી ઇન્દ્રિયોને દૂર કરવાવડે અનુક્રમે અંતરના અરિઓ જીતાય છે. તેમાં પણ રસના તો વિશેષપણે વિજીતવી. રસનાની લોલુપતા હોય તો આહારશુદ્ધિના અભાવને લીધે અંતઃકરણશુદ્ધિનો સંભવ નથી. 'आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः' એવી શ્રુતિ છે. વળી રસનાજય સર્વ ઇન્દ્રિયોના જયમાં મૂળ છે. 'जितं सर्वं जिते रसे' એવી સ્મૃતિ છે. અન્યથા તો 'औपस्थ्यजैह्वयकार्पण्याद्गृहपालायते जनः' 'जिह्वयातिप्रमोथिन्या जनो रसविमोहितः। मृत्युमृच्छत्यसद्बुद्धिर्मीनस्तु बडिशैर्यथा।' ઇત્યાદિકથી કહેલી અનર્થાપત્તિ થાય. માટેજ આરુણેય શ્રુતિએ 'ओषधवदशनमाचरेत्' એમ રસાસ્વાદનો પ્રતિષેધ કર્યો છે.

ઇન્દ્રિયવર્ગને જીતવા ચાહતાએ દેહયાત્રામાં ઉપયોગી દ્રવ્યનો સંગ્રહ ન કરવો એમ કહે છે—લોભને લીધે કરાતો દ્રવ્યનો સંગ્રહતો અતરારિજયના વિધાનથીજ પ્રતિષેધ થઈ જાય છે, તેથી તેનો અત્ર પ્રસંગ નથી. માટે તેથકી વ્યતિરિક્ત બાબતમાં કરાતા દ્રવ્યસંગ્રહનો પ્રતિષેધ કરવો યુક્ત છે, તો દેહનિર્વાહના અંગભૂત પણ, ભોજનવસ્ત્રોપયોગી દ્રવ્યનો સંગ્રહ-'આવતી કાલે શું કરશું' એવી ઉદરાચિંતાને લીધે જ્યાંથી ત્યાંથી સંગ્રહ સ્વયં ન કરવો અને બીજાદ્વારા સ્વાર્થે ન કરાવવો. આવતી કાલની ચિંતા તો એકલા ગૃહસ્થનેજ યથાકથંચિત્ અભ્યનુજ્ઞાત છે, તેમાં પણ આવતી કાલનો વિચાર નહિ કરનારોજ શ્રેષ્ઠ કહ્યો છે. તો દેહને ધાતુ-

पीयो न केनचित् ॥१८९॥ न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् । न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ॥१९०॥ न

ભંગુર સમઝીને અહીંથી પરલોકમાં અને પરલોકમાંથી અહીં જવા આવવાનોજ એક પરિશ્રમરૂપ ફળ જેનું છે એવાં કર્મોમાં નિર્વેદે કરીને દારાદિકનો સંગ્રહ પરિત્યાગ કરનારા ત્યાગિઓને આવતી કાલની ચિંતા કેમ ઘટે ? અને તદર્થે દ્રવ્યસંગ્રહ કેમ ઘટે ? બીલકુલ નજ ઘટે. માટે ધનપ્રસંગપણ સ્ત્રીપ્રસંગવત્ સર્વથા પરિહાર્ય છે એટલું તાત્પર્ય છે. જીવન્મુક્તિવિવેકમાં સ્મૃતિ છે કે-'पतत्यसौ ध्रुवं भिक्षुर्यस्य भिक्षोर्द्वयं भवेत् । धीपूर्वो रेतउत्सर्गो द्रव्यसङ्ग्रह एव च ॥' ઇતિ ॥૧૮૯॥

યદ્યપિ યથાકથંચિત્ સંગ્રહ કરાતું દ્રવ્ય મમતાબુદ્ધિયોગને લીધે અનર્થ અર્થે થાય એ યુક્ત છે, જેતો ન્યાસ (થાપણ)રૂપે રખાતું પરદ્રવ્ય છે તે તો અનર્થ અર્થે થતું નથી કિંતુ શ્રેયસારૂ થાયછે, કેમકે આ તો પરોપકાર છે? એવી શંકામાં કહે છે—સાધુઓએ બીજાએ ન્યાસરૂપપણે આપેલું પણ દ્રવ્ય कस्यापि-અત્યંત ઉપકાર કરનારાનું પણ નજ સ્વીકારવું. કારણ કે આ તો ગૃહિઓનો ધર્મ છે પણ ત્યાગિઓનો નહિ, જો ત્યાગી સ્વીકારે તો મનની એકાગ્રતાનો વિલોપ થાય, તેથી આત્મનિષ્ઠાથકી પ્રચ્યુતિ થાય, તેના રક્ષણમિષથી તેમાં સ્નેહ અભિવૃદ્ધિ પામે, તેતો અનર્થ માટે થાયજ, માટે ન્યાસરૂપ પણ ધન ત્યાગધર્મવિરૂદ્ધ હોવાથી કોઈનુ પણ રાખવું નહિ. **તથા** તેમણે વૃષ્ટિ વાયુ તાપે કરીને પીડા પામતાં વિશ્રાંતિને વાંછતી પણ વનિતાને ધર્માશસાથી પણ (દયાએ કરીને પણ) પોતાના નિવાસસ્થાનમાં ક્યારેય પેસવા દેવી નહિ, કેમકે તેણીનું સાન્નિધ્ય થતાં ચિત્તવિક્ષોભનો પ્રસંગ પુરતો છે. તથા તેમણે कर्हिचित्-આપત્તિમાં પણ ધૈર્ય-અવિકૃતચિત્તતા (કર્તવ્યાંશનો અપરિત્યાગ)નો ત્યાગ ન કરવો. એટલે આત્મનિષ્ઠામાં પ્રવર્તેલા એમણે દેશકાળની વિગુણતાનો પ્રસંગ પ્રાપ્ત થતાં પણ અવધારેલી જે વિષયવિમુખતા અને આત્માની ઉન્મુખતા તેથકી પ્રમાદને લીધે પ્રચ્યુત થવું નહિ ॥૧૯૦॥

સાધુઓએ પોતાના નિવાસસ્થાનનો પરિત્યાગ કરીને ગ્રામ નગરાદિકમાં

च सङ्घं विना रात्रौ चलितव्यमनापदि । एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥१९१॥ अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जि-

અહીં તહીં રાત્રિએ રખડવું નહિ, કેમકે વેશ્યાદિકના સંચારને સમુચિત રાત્રિએ રસ્તે રસ્તે રઝળવું તેતો વિષયલોલુપોનું ચરિત છે. જો અવશ્યજ રાત્રિએ બહાર જવું પડે તો સંઘ થઈને જવું પણ બે જણે ન જવું. અનાપદિ-આપત્કાળમાં તો આ નિયમ નથી. તથા તેમણે ક્વાપિ-કોઈ પણ સ્થાનમાં દિવસે પણ આપદા વિના એકાકી જવું નહિ, કેમકે તે શંકાસ્પદ છે. 'एक एव चरेत्तस्मात्कुमार्या इव कङ्कणः' આ વચનતો અવિરક્ત જનોના સંગના પ્રતિષેધપર છે. સમાનશીલ આત્મારામ સાધુસાથેજ સાધુના ગમનનું જે અહીં વિધાન કર્યું છે તે માર્ગમાં વિષયરૂપ વિષમ ખાડાવિષે પ્રમાદથી પડવાનો પ્રસંગ પ્રાપ્ત થતા બીજો તેને સદ્બોધ આપીને તેથકી તેની સંરક્ષા કરે એવા અભિપ્રાયને જણાવે છે. ભગવદ્ભક્ત સાધુઓનો સમાગમ સુદુર્લભ હોવાથી પ્રાર્થનીય છે. 'त एते साधवः साध्वि ! सर्वसङ्गविवर्जिताः । सङ्गस्तेष्वथ ते प्रार्थ्यः सङ्गदोषहरा हि ते ॥' 'ततो दुःसङ्गमुत्सृज्य सत्सु सज्जेत बुद्धिमान् । सन्त एवास्य छिन्दन्ति मनोव्यासङ्गमुक्तिभिः ॥' 'येऽन्योन्यतः भागवताः प्रसज्य सभाजयन्ते मम पौरुषाणि ॥' ઇત્યાદિ ભાગવતમાં કહ્યું છે ॥૧૯૧॥

જેમ દેહધારણ પુરતુંજ અન્ન જમવું એમ શરીરના આચ્છાદન પુરતુંજ વસ્ત્ર ધારવું, પણ શોભાદિ પ્રયોજનવાળું વસ્ત્ર ન ધારવું, કેમકે તે રાજસ હોઈને ત્યાજ્ય છે, એવા અભિપ્રાયથી કહે છે—જે વસ્ત્ર અનર્ઘ્ય-બહુ મૂલ્યવાળું હોય, જે ચિત્રિત-શુક્લ નીલ પીતાદિ વિવિધ તન્તુઓથી રચેલું હોય અથવા વિવિધ રેખાચિત્રથી સંપન્ન હોય, જે કસુંબો આદિક રંગદ્રવ્યથી રંગેલું હોય અને જે મહાવસ્ત્ર (રાજાને લાયક દુશાલા નામથી વિખ્યાત વસ્ત્ર) હોય, એવમાદિ ઉત્તમ વસ્ત્ર એમણે નજ ધારવું. ભલે પૂજાસમયે પરે પ્રીતિથી (પ્રયત્ન વિના) સમર્પ્યું હોય પરંતુ તે ભક્તજનની મન.પ્રસન્નતા માટે પણ ન ધારવું. આ નિષેધ ત્યાગિમાત્રમાં અન્વય પામે છે. એથી—આ પ્રતિષેધ નૈષ્ઠિકોને ઉદ્દેશીને પૂર્વે કેમ ન' કર્યો? એવી

तम् । न धार्यं च महावस्त्रं प्रासमन्येच्छयापि तत् ॥१९२॥ भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् । व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥१९३॥ पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः । ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥१९४॥ तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम । अन्यथाऽऽमान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥१९५॥ आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि । अवर्ततात्र

શંકાનો અવકાશ નથી, 'सहेमसूत्रं सूक्ष्मं च नानारङ्गं च चित्रयुक् । महाघनं च यद्वस्त्रमाढ्यार्हं राजसं तु तत् ॥' એમ ધર્મપ્રદીપમાં તેનું રાજસપણું કહ્યું છે, તો ત્યાગિઓને તેનું ધારણ અયુક્ત છે. તેમને તો કૌપીન, તેની ઉપર આચ્છાદન, જીર્ણ વસ્ત્રના કટકાની કંથા આદિકના ધારણનું વિધાન કર્યું છે ॥૧૯૨॥

સાધુઓએ **ભિક્ષાં વિના**–ભિક્ષાનિમિત્ત વિના અને **સભાં વિના**–સાધુગોષ્ઠીરૂપ નિમિત્ત વિના ગૃહસ્થના ગૃહપ્રતિ નજ જવું. ભગવદ્‌ગુણો સાંભળવાની લાલસાથી જો ગૃહસ્થ ગોષ્ટી કરાવે ત્યારે તો જવું એવો ભાવાર્થ છે. **તથા** તેમણે ભગવાનનું ચિંતન તેમનું નામસ્મરણ કીર્તનાદિરૂપ ભક્તિવ્યાપાર વિના વ્યર્થ ક્ષણપણ કાળ ન નિર્ગમન કરવો. 'यन्मुहूर्तं क्षणं वापि वासुदेवो न चिन्त्यते । सा हानिस्तन्महच्छिद्रं सा भ्रान्तिः सा च विक्रिया ॥' એવી સ્મૃતિ છે ॥૧૯૩॥

પ્રથમ ગૃહસ્થને ત્યાં ભિક્ષાચરણ જણાવ્યું છે તેમાં વિશેષ કહેછે— જે ગૃહીના ગૃહમાં પકવાન્નનો પીરસનારો પુરૂષજ હોય (સ્ત્રી ન હોય) અને જ્યાં નારીઓનો વારંવાર નિરીક્ષણાદિ પ્રસંગ નજ હોય–એટલે દૃષ્ટિમાર્ગમાં સ્ત્રીજનનો પ્રચાર અધિક ન હોય ત્યાં મદાશ્રિત સાધુઓએ જમવા માટે જવું. જ્યાં નારીઓનો દર્શનાદિક પ્રસંગ હોય ત્યાં પિરસનારો યદ્યપિ પુરૂષ હોય તથાપિ ત્યાં જમવા ન જવું એવો અભિપ્રાય છે. અન્યથા–જો કોઈ ગામમાં તેવું ગૃહસ્થનું ગૃહ દુર્લભ હોય ત્યારે તો કાચું અન્ન માધુકરી વૃત્તિથી માગી લાવીને સ્વયંપાક બનાવીને જમવું, આ પણ પ્રસક્તપ્રસંગના પરિહાર અર્થે છે ॥૧૯૪-૧૯૫॥

હવે સાધુઓએ આત્મનિષ્ઠાના અતિશયને લીધે લોકદૃષ્ટિથી જડ થવું એમ કહે છે—પૂર્વજન્મમા આર્ષભ-ઋષભદેવના પુત્ર પરમ ભાગવત રાજર્ષિરાજ ભરતજી દયાવશાત્ મૃગબાળમા સ્નેહાનુબન્ધને લીધે મૃગશરીરને પામીને તેનો અંતે ત્યાગ કરીને અંતિમ શરીરમા વિપ્રપણાને પામીને, ભગવાનના અનુગ્રહથી પૂર્વજન્માવલીનુ અનુસ્મરણ થતા અન્ય જનના સંગથકી અત્યંત ઉદ્વેગ પામીને, દેહાત્માભિમાનીઓએ જેમતેમ બોલાવ્યા થકા પણ તેમના વચનનો વિવેક નહિ લક્ષમાં લઇને, માનાપમાનમા સ્તુતિનિંદામા પ્રણિપાતપ્રહારમાપણ તુલ્ય–અવિકૃત ચિત્તવાળા, માટેજ લોકદૃષ્ટિથી જડવિપ્રપણે પ્રખ્યાતિ પામીને જેમ ભૂમિમા વર્ત્યા હતા તેમજ મારા આશ્રિત પરમહંસ તે સાધુઓએ આ લોકમા વર્તવુ જ્યાસુધી દેહાત્માભિમાન ટળે નહિ ત્યાસુધી આત્મનિષ્ઠાની સિદ્ધિ નથી, આત્મનિષ્ઠા ન સિદ્ધ થાય ત્યાસુધી આવુ વર્તન લેશથી પણ ઘટે નહિ, માટે આત્મનિષ્ઠ થઇને આવા ચરિતમા રહેવુ એમ જણાવા 'परमहंसै' એમ કહ્યુ છે પરમ–પ્રધાન હંસ–આત્મા જેમને છે તે પરમહંસો કહેવાય, તેવા થઇને તેવી રીતે વર્તવુ અથવા परा–સર્વોત્કૃષ્ટ મા–લક્ષ્મી પત્ની જેમને છે તે પરમ કહેવાય, પરમ એવા હંસ–વિષ્ણુ તે પરમહંસ (શ્રીમન્નારાયણ) કહેવાય, તે ઉપાસ્યપણે જેમને છે તે પરમહંસો (વૈષ્ણવો) કહેવાય, એવો અર્થ કરવો પરમહંસશબ્દ વિષ્ણુવાચક 'नम परमहंसाय पूर्णाय निभृतात्मने' ઇત્યાદિ વચનમા પ્રસિદ્ધ છે અથવા પરમ–સર્વથા પ્રધાનભૂત હંસ–વિષ્ણુ જેમને છે તે પરમહંસો કહેવાય વિષ્ણુ વિના બીજુ બધુ જેમને ગૌણ છે એવો અર્થ છે હંસશબ્દ વિષ્ણુપર્યાય શ્રીભાગવતમાપણ બહુ સ્થળે દેખાય છે—'हंसाय सह्यै शुचिसद्मने नम' 'हंसे गुरौ मयि भक्त्यानुवृत्त्या' ઇત્યાદિ 'परमहंस' એવો પ્રથમાંત પાઠ તો સમીચીનજ છે પરમહંસ જડવિપ્ર જેમ વર્ત્યા હતા તેમ તેમણે વર્તવુ, એવો અર્થ કરવો ત્યાગિપણારૂપ અર્થસ્વભાવની પર્યાલોચના કરતા આ શ્લોકમા કહેલો અર્થપણ વર્ણિઓને સાધારણ છે ત્યાગિમાત્રને સાધારણ એવા પણ કેટલાક ધર્મો વર્ણિઓને અધિકાર કરીને તો કેટલાક ધર્મો સાધુઓને

परमहंसैर्वृत्तं तथैव तैः ॥१९६॥ वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नत॰ । ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥१९७॥ संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः । प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च

અધિકાર કરીને કહ્યા છે પરતુ એક બીજાના ઉપલક્ષણથી તે ત્યાગિસાધારણ ધર્મો એક બીજાએ જાણી લેવા ॥૧૯૬॥

વર્ણિસાધુઓના સાધારણ ધર્મોને છ શ્લોકથી કહેછે—તે આ મદાશ્રિત વર્ણિઓએ અને સાધુઓએ તાબૂલ અભ્યગાદિક વર્જવુ અહિફેન—જે રસવિશેષને અફીણ કહેછે, જેને સર્પવિષના જેવી ઉગ્રતા હોવાથી અહિફેન એવા સાર્થક નામથી કહે છે, જેને વ્યસનિઓ સેવે છે, તે તથા તમાકુ આદિકનુ ભક્ષણ તો દૂરથીજ પરહરવુ માદક હોવાથી આ સર્વેનો પ્રતિષેધ કર્યો છે પ્રયત્નત —આથી આ વિષયમા પ્રમાદ નજ રાખવો એમ જણાવ્યુ છે 'ताम्बूलाभ्यञ्जन चैव कास्यपात्रे च भोजनम् । यतिश्च ब्रह्मचारी च विधवा च विवर्जयेत् ॥' એવી પ્રચેત સ્મૃતિ છે યદ્યપિ અફીણ આદિક માદક પદાર્થના ભક્ષણનો પ્રતિષેધ સામાન્યત પ્રાપ્તજ છે, તથાપિ આમને પ્રત્યવાયનુ આધિક્ય જણાવવામાટે વિશેષત વિધાન કર્યું છે ॥૧૯૭॥

સસ્કારાદિઅન્ન ન જમવુ એમ કહે છે—યદ્યપિ સસ્કારાદિ અન્નના ભોજનમા ગૃહસ્થને પણ પ્રાયશ્ચિત્તસ્મરણ છે તો આ નિષેધ ગૃહસ્થસાધારણ પણ છે, તથાપિ બ્રહ્મચારીપ્રમુખોને તેના ભક્ષણમા અધિક દોષ જણાવાના અભિપ્રાયથી વિશેષત ઉક્તિ છે પ્રાયશ્ચિત્તની અધિકતા સ્મૃતિમા કહી છે—'मासिकानु योऽश्नीयादसमावर्तनो द्विज । त्रिरात्रमुपवासोऽस्य प्रायश्चित्त विधीयते ॥' ઇતિ ગર્ભાધાન સીમત આદિક સસ્કારોમા વર્ણિ સાધુઓએ ન જમવુ એટલે સસ્કાર કર્મની સદ્‌ગુણતા સિદ્ધ્યર્થે કરાતા બ્રાહ્મણભોજનમા પોતાને આમત્રણ આપે તોપણ તેમા ભોજન ન કરવુ સસ્કારાન્નભોજનમા પ્રાયશ્ચિત્ત સ્મૃતિએ કહ્યુ છે—'ब्रह्मौदने च सोमे च सीमन्तोन्नयने तथा । जातश्राद्धे नवश्राद्धे द्विजश्चान्द्रायण चरेत् ॥' ઇતિ તથા પ્રેતને ઉદ્દેશીને કરાતા સર્વ નવશ્રાદ્ધ એકાદશાહિક શ્રાદ્ધ ઉન્માસિક

૧ 'परमहस इति पाठान्तरम् । ૨ 'ताम्रकूटस्य' इति पाठान्तरम् ।

द्वादशाहिके ॥१९८॥ दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा। ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥१९९॥ स्वप्यं न

શ્રાદ્ધાદિકનું અન્ન તથા દ્વાદશાહિક શ્રાદ્ધાન્ન જમવું નહિ. યતિમાં તો વિશેષપણે આનો નિષેધ સ્મૃતિએ કર્યો છે—'संस्कारेषु न भुञ्जीत प्रेतश्राद्धेषु च यती' इति ॥१९८॥

હવે દિવાસ્વાપાદિ ન કરવું એમ કહે છે—દિવા-દિવસે સ્વાપ-નિદ્રા ન કરવી. યદ્યપિ દિવાસ્વાપ સામાન્યતઃ પ્રતિષિદ્ધ છે, તેવું વચન છે- 'न दिवा प्रस्वपेज्जातु न पूर्वापररात्रिषु। न सन्ध्ययोरुभययोर्नानृतावाह्वयेत्स्त्रियम् ॥' 'नक्तंचर्यां दिवास्वापमालस्यं पैशुनं मदम्। अतियोगमयोगं च श्रेयोऽर्थी सर्वथा त्यजेत् ॥' 'अनायुष्यं दिवास्वप्नम्' इति. તથાપિ અધિક પ્રત્યવાય જણાવાના અભિપ્રાયથી વિશેષતઃ આદેશ છે. તેવું વચન છે- 'स्वभावतो दिवास्वप्ने प्राजापत्यं चरेद्यति.' 'मञ्चकः शुक्लवस्त्रं च स्त्रीकथालौल्यमेव च। दिवास्वापश्च यानं च यतीनां पतनानि षट् ॥' 'आसनं पात्रलोभश्च सञ्चयः शिष्यसङ्ग्रहः। दिवास्वापो वृथाजल्पो यतेर्बन्धकराणि षट् ॥' 'ब्रह्मचर्यव्रतं भ्रश्येद्व्रतिनो हि दिवाशयात्। अतस्तं नाचरेद्धीमान् नैष्ठिकस्तु विशेषतः ॥' 'निष्कल्मषं ब्रह्मचर्यमिच्छता चरितुं दिवा। निद्रा सर्वात्मना त्याज्या स्वप्नदोषांश्च पश्यता ॥' इति. રોગાદિ આપદામાં દોષ નથી એમ જણાવા 'रोगाद्यापदमन्तरा' એમ કહ્યું છે. આદિશબ્દથી માર્ગશ્રમાદિકનો સંગ્રહ જાણવો. ગ્રામ્ય આલાપ ન કરવો અને ન સાંભળવો એમ કહેછે- ग्राम्यवार्ता-ભગવાન્ ભાગવતની પુણ્યકથાએ રહિત, જ્ઞાનસંબન્ધે શૂન્ય, પામરજનને પ્રિય, વ્યવહારરૂપવાર્તા ન કરવી અને કોઈ કરતો હોય તો બુદ્ધિપૂર્વક ન સાંભળવી. માર્ગમાં જતાં કર્ણછિદ્રમાં કદાચિત્ તેવું વચન પ્રવેશ કરે તથાપિ તે નજ સાંભળવું એમ જણાવા 'बुद्धिपूर्वकं' એમ કહ્યું છે. ત્યાગિઓને તેવી ગ્રામ્યગોષ્ઠીમાં શુશ્રૂષા સમુચિત નથી. 'ग्राम्यवार्तां न शृणुयाद्यतिर्वनचरः क्वचित्' 'श्रवणं ग्राम्यवार्तायाः कीर्तनं चापि बन्धकृत्' એવી સ્મૃતિ છે ॥૧૯૯॥

સાધુ બ્રહ્મચારીઓએ રોગાદિ આપદા આવ્યા વિના ખટ્વા-પર્યંકમાં ન

तैश्च खट्वायां विना रोगादिमापदम् । निरछद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥२००॥ गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।

ન સુવું. 'खट्वायां शयनं ब्रह्मचर्यारव्यव्रतभङ्गकृत्' એવી સ્મૃતિ છે. તથા નિષ્કપટપણે વર્તવું, એટલે મન વચન કાય આ ત્રણેય કરણથી અવિષમ રહેવું, જેવુ મનમાં હોય તેવુંજ બોલવું અને તેવીજ ક્રિયા કરવી. મનમાં કાંઈ હોય અને બોલે ત્યારે કાંઈક અને ક્રિયા કરે ત્યારે કાંઈક, એમ બીજું બીજું કરવું નહિ, 'मनस्यन्यद्वचस्यन्यत्कर्मण्यन्यद्दुरात्मनाम् । मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम् ॥' એવી અભિયુક્તિ છે. તથા સાધુજનોની અગ્રતઃ-સન્નિધિમાં સદા વર્તવું. કેવા સાધુઓ ? તો તેમનું લક્ષણ સ્મૃતિમાં કહ્યું છે—'यथालब्धेऽपि सन्तुष्टः समचित्तो जितेन्द्रियः । हरिपादाश्रयो लोके विप्रः साधुरनिन्दकः ॥ निर्वैरः सदयः शान्तो दम्भाहङ्कारवर्जितः । निरपेक्षो मुनिर्वीतरागः साधुरिहोच्यते ॥ लोभमोहमदक्रोधकामादिरहितः सुखी । कृष्णाङ्घ्रिशरणः साधुः सहिष्णुः समदर्शनः ॥' ઇતિ. આવા લક્ષણવાળા, ભગવાનના એકાંતિકભક્ત સાધુઓની સન્નિધિમાં સદાકાળ વર્તવું. કારણ કે તેમની સન્નિધિમાં સદા સ્થિતિથી હિતતમનો લાભ થાય. બીજાઓની સન્નિધિમાં સ્થિતિથી નહિ. બીજાઓનો સંગ તો સંસૃતિમાટેજ થાય, માટેજ અસત્સંગનો ત્યાગ કહેવાપૂર્વક સત્સમાગમની અવશ્ય કર્તવ્યતા કહી છે. કેટલાકતો-સાધુઓની આગળ સદાય નિષ્કપટ વર્તવું એમ એક અન્વયથી યોજના કરેછે. 'सत्सु निष्कपटो भवेत्' એમ નારદે કહ્યું છે. 'अनुजीविजनैः क्वापि छद्म कार्यं न राजनि । गुरौ शिष्यैर्धवे स्त्रीभिः सर्वैः सत्सु तथेश्वरे ॥' એમ સનત્કુમારે કહ્યું છે ॥૨૦૦॥

પરે પીડા પમાડતાં પણ તેનું અહિત ન ચિંતન કરવું એમ કહે છે—કુમતિજનોએ નિમિત્ત વિના કરેલું તાડન કઠોરભાષણ ગાળિદાન આદિક સર્વ વર્ણિસાધુઓએ સહનજ કરવું. 'આ સ્વતઃ અપરાધી નથી, આપણોજ કાંઈક દુષ્કૃતદોષ હશે જેથી આ દુઃખ આવી પડ્યું છે, પોતાના હસ્તપ્રમાદને લીધે પોતાને થતા તરવારના અભિઘાતની પેઠે પરપુરૂષતો દ્વારમાત્ર છે' એ રીતે પોતાનાજ દુષ્કૃતદોષની પર્યાલોચના કરીને પરઉપર

क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥२०१॥ दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च । देहेऽहन्ता च ममता न कार्या स्वजना-

અવિકૃત ચિત્તવાળાજ રહેવું. અપકારવિચાર ન કરવો. જેતો ક્ષમા ન રાખે તે ભવબંધનથકી કેમ મુક્ત થાય? કેમકે ક્રોધ એને બંધન કરે છે. માટે મુમુક્ષુઓને ક્ષમા અત્યંત અપેક્ષિત છે. સહન કરવું એટલુંજ નહિ, કિંતુ ઉપકારી જનનુંજ જેમ એમ તે અપકાર કરનારાઓનું પણ હિતજ ચિંતન કરવું. આ તો ક્રોધના ઉન્મૂલનનું કાર્ય છે. ઉપકારિઓનુ હિતચિંતન કરવું આ અર્થ અહીં પ્રકૃત નથી અને ઉપદેશ કરવાનો પણ નથી, કેમકે તેતો સ્વત પ્રાપ્તજ છે. તો સર્વેષાં-ઉપકારી અપકારી સર્વેનું હિતચિંતન કરવું. ઉપકારીઓના હિતાચિંતનનો સંગ્રહ તો દૃષ્ટાંતાર્થે છે, એટલે ઉપકારીઓનું જેમ હિતાચિંતન કરાય છે તેમ અપકારીઓનું પણ કરવું, એમ અર્થ કરવાથી સર્વશબ્દનો પ્રયોગ સાર્થક થયો. ગાળિદાનાદિકના સહનની દુષ્કરતા કહી છે-'बार्हस्पत्य ! न सोऽस्त्यत्र साधुर्वै दुर्जनेरितैः । दुरुक्तैर्भिन्नमात्मानं यः समाधातुमीश्वरः ॥' 'एतावान् साधुवादो हि तितिक्षेतेश्वरः स्वयम् ।' 'प्रायश· साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः । न व्यथन्ति न हृष्यन्ति यत आत्माऽगुणाश्रय· ॥' એમ ભાગવતમા કહ્યુ છે. 'क्षमाशीला हि साधवः' એવું વચન છે ॥૨૦૧॥

પરનું હિત ઇચ્છવુ એમ કહ્યુ, 'દૂતકર્મ પરહિત છે' એવી આશસાથી પણ દૂતકર્મમાં પ્રવર્તવું નહિ, કેમકે તે વ્યાવહારિક છે, તેના પ્રસંગથી વ્યવહાર માર્ગમા પર્યટનનો પ્રસંગ આવે, તેથી આત્મનિષ્ઠાનો ઉપઘાત થાય, ત્યાગિઓનો તો હિતાશસામાત્રજ ધર્મ છે પણ હિત કરવા લૌકિક પ્રવૃત્તિ-પણ ન કરવી, તેતો ગૃહસ્થોને સમુચિત છે. જો આત્મલાભરૂપ હિત હોય ત્યારે તો તેને માટે તત્ત્વોપદેશાદિરૂપ પ્રવૃત્તિ સમુચિત છે જેમ દૂતકર્મ ન કરવું તેમ ચારકર્મ પણ તેવુંજ હોવાથી નજ કરવું બીજાની વાર્તા બીજાને પોતાના મુખથી કે પત્રદ્વારા નિવેદન કરવી તે દૂતકર્મ કહ્યું છે, છાની રીતે રહીને બીજાનું ગુહ્ય વૃત્તાંત નિવેદન કરવું તે ચારકર્મ કહ્યુ છે. જ્યારે અપ-

दिषु ॥२०२॥ इति सङ्क्षेपतो धर्माः सर्वेषां लिखिता मया । साम्प्र-

કારિનું પણ હિતજ ચિંતન કરવાનું કહ્યું છે તો પછી પૈશુનનો પ્રસંગજ ક્યાં છે ? એવા અભિપ્રાયથી કહે છે કે-પૈશુન-ચાડીયાપણું ન કરવું. પરને અનર્થ કરવાનાજ એક પ્રયોજનવાળું વચન રહસ્યમાં કહેવું તે પૈશુન કહેવાય; આ તો અત્યંત ત્યાજ્ય છે. યદ્યપિ આ પ્રતિષેધનો ઉપદેશ સર્વ-સાધારણ છે તથાપિ અદ્રોહ પ્રધાન જેમાં છે એવા ત્યાગધર્મમાં પ્રતિ-ષ્ઠિતને પૈશુન અત્યંત અનર્થ અર્થે છે એમ જણાવા વિશેષતઃ ઉપદેશ કર્યો છે.

બહુ બહુ આદેશ કરવાથી શું ? (આથી આ અંતિમ આદેશમાં આદર જણાવ્યો છે) સંસૃતિના મૂળભૂત આ બે બાબતો-દેહમાં અહંબુદ્ધિ અને દૈહિકમાં મમતાબુદ્ધિ છે, તો આ વાસનાથી પણ જે રીતે અનુવર્તે નહિ તે રીતે વર્તવું એમ હવે અંતે કહેછે-તે મારા આશ્રિત સર્વે સાધુઓએ દેહમાં અહંતા-અહંબુદ્ધિ (દેહજ હું છું એવો અભિનિવેશ) અને દેહાનુ-બન્ધી કે જે સ્વજનપણે વ્યવહાર કરાયછે તેમાં મમતા-મમત્વાભિ-માન (આ મારા છે એવો સ્નેહભાવ) ન કરવી, 'स्नेहेन युक्तस्य न चास्ति मुक्तिरीति स्वयंभूर्भगवान् जगाद' તથા 'स्नेहपाशसितः स्वेषु न स मोक्षाय कल्पते' એમ ભારતમાં કહ્યું છે. અહંમમતાભ્રમની બંધકતા ભાગવતમાં કહી છે-'देहेऽहन्ता भवेद्यावन्ममता दैहिकेषु च । पुंसोऽज्ञस्य भवेत्ताव-न्नोपशाम्यति संसृतिः ॥' ઇતિ. માટેજ તેનો ત્યાગ કરવાનું કહે છે—'अहं-ममेति दौर्जन्यं देहादौ मोहजं त्यजेत्' ઇતિ. તેણે રહિતનેજ ભગવાનના ધામની પ્રાપ્તિ થાયછે-'त एतदधिगच्छन्ति विष्णोर्यत्परमं पदम् । अहंममेति दौर्जन्यं न येषां देहगेहजम् ॥' ઇતિ ॥૨૦૨॥

इति-ઉક્ત પ્રકારે सर्वेषां-નૈષ્ઠિકાદિ સમસ્ત સમાશ્રિતોના આ સામાન્ય વિશેષ ધર્મો સક્ષેપમાં मया-ભવભયના પરિહરણમાટે અવનિ ઉપર અવત-રેલા મેં શ્રોતાઓના કાળ દેશ બુદ્ધિ આદિકનો આનુગુણ્યની પર્યાલોચના કરીને લખ્યા છે-એટલે કેવળ વાચાથી ઉપદેશ કર્યો નથી, તેનો સર્વ દેશ સર્વ કાળમા વ્યાપવાપણાનો અસંભવ હોવાથી દેશ કાળથી દૂર રહેનારાઓને કશો ઉપકાર કરી શકે નહિ. કિંતુ નિજ-ધરૂપે પ્રવર્તાવ્યાછે છે. જે

दायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥२०३॥ सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना। पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥२०४॥ इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः। यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥२०५॥ वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा। ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥

નિબંધલેખ છે તે પણ અમારોજ છે, માટે આમાં તમારે કશો શંકાવકાશ નથી. આ ધર્મોનો વિસ્તારતો સાંપ્રદાયિક અન્ય ગ્રંથોથકી જાણવો. ગ્રંથને 'સાંપ્રદાયિક' એવું વિશેષણ આપ્યું છે, તેથી તેના અર્થનું સંપ્રદાયથકી પ્રાપ્ત થવાપણું અને તેના પ્રબંધોનું પણ સંપ્રદાયગમ્યપણું જણાવ્યું છે. ગુરૂપરંપરાથી નહિ અવધારેલો અર્થ ફળ માટે થતો નથી, માટેજ ભગવાને ગીતામાં કહ્યું છે કે–'तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया। उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥' ઇતિ ॥૨૦૩॥

આશ્રિતોનાજ જેમ અનાશ્રિતોના પણ વિશ્વાસ માટે પોતાના લેખની સમૂળતા કહેછે—'મારો આ ઉપદેશ છે' આવા જ્ઞાનથકી બીજું કશુંય વિશ્વાસમાટે આશ્રિતોને અપેક્ષિત નથી. શ્રુતિ અને તન્મૂળક સર્વ સચ્છાસ્ત્રોના સારભૂત અર્થનો ન્યાયબુદ્ધિથી સમુદ્ધાર કરીને આ પત્રી લખી છે. તે આ હિતાર્થનો અવબોધ આપનારી હોવાથી તેતે મનુષ્યોના અભિલષિત અર્થને આપનારી છે. જે જનો તો શાસ્ત્રવશ્ય વર્તનારા છે તે સર્વેને અભીષ્ટ અર્થ આ શિક્ષાપત્રી ઉપસેવન કરીથકી આપેજ ॥૨૦૪॥

જે હેતુ માટે ભવક્ષયના ભગ માટે આ લોકમાં અવતરેલા મેં પુરૂષોત્તમે સર્વ સચ્છાસ્ત્રના સારરૂપ અને અભીષ્ટ ફળદાયિની આ શિક્ષાપત્રી પ્રવર્તાવી છે, તે હેતુ માટે મારા આશ્રિતોએ આમાં ઉપદેશેલા ધર્મોમાં સાવધાન મનવાળા થઈ આ પત્રીને અનુસરીનેજ નિત્ય વર્તવું. ક્યારેપણ એને અતિલંઘીને સ્વચ્છંદપણે તો ન વર્તવું ॥૨૦૫॥

જેઓ તો इत्थं–આ અમારા આદેશને અનુસારે વર્તશે–પોતપોતાના ધર્મોને પાળશે તે પુરૂષો કે યોષિતાઓ યથામનોરથ મોક્ષ સિદ્ધિને અને આંતરાલિક બીજી ધર્મ અર્થ કામ સિદ્ધિ-ફળને અથવા યથાભિલષિત ચાર

नेत्थं य आचरिष्यन्ति ते त्वसत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥२०७॥ शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः । कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥२०८॥ वक्र-

પુરૂષાર્થમાંથી એકને નિશ્ચે પામશે. નિશ્ચિતં–આ ભગવાનનું પ્રતિજ્ઞાવચન છે, તો તેમાં તમને સંશય નજ રહો એમ જણાવ્યું છે ॥૨૦૬॥

જેઓ તો આ આદેશને અનુવર્તે નહિ તેમને અમારી ગોષ્ઠીથકી બહિષ્ઠ જાણવા એમ કહે છે—જે તો ઉક્તપ્રકારે આચરશે નહિ–આ મારા ઉપદેશને ઉલ્લંઘીને યથેચ્છ વર્તશે તેતો આ લોક પરલોકમાં અનર્થભાગી હોઇને અમારા સંપ્રદાયથકી બહિર્ભૂત છે એમ જાણવું. ગુરૂપરંપરાથી પ્રાપ્ત થએલા સદ્દુપદેશને સંપ્રદાય કહે છે. અસ્મદીય સંપ્રદાયથકી બહાર છે, એટલે ગુરૂપરંપરાપ્રાપ્ત અમારા સદ્દુપદેશને તે લાયક નથી. અર્થાત્ અસ્મદીય ગોષ્ઠીમાં પ્રવેશને યોગ્ય નથી. કેણે એમ જાણવું ? તો સાંપ્રદાયિક સ્ત્રીપુરૂષોએ જાણવું. એટલે જે આસ્તિકાગ્રેસર હોઇને અમારા સંપ્રદાયમાં નિષ્ઠાવાળા હોય તે સર્વેએ જાણવું–અમારા કૃપાકટાક્ષનો પરિત્યાગ કરનારા એમના જેવાઓના સંગનો પરિત્યાગ કરવાની ઇચ્છાથી એમ જાણવું ॥૨૦૭॥

આ નિબન્ધનું કેવળ પઠન કે શ્રવણ જો શ્રદ્ધાથી કરવામાં આવે તો કલ્યાણ માટે થાય એવા અભિપ્રાયથી કહેછે—મારા આશ્રિત સર્વેએ (ત્રૈવર્ણિકોએજ) આ મારા આદેશનો અવબોધ આપનાર શિક્ષાપત્રી નામના નિબન્ધસારનો પ્રતિદિન નિયમથી પાઠ કરવો. જે અક્ષરજ્ઞાને રહિત હોવાથી પાઠ કરવામાં અસમર્થ હોય (અને જે પાઠના અનધિકારી શૂદ્રો હોય) તેમણે તો આનું આદરથી શ્રવણ કરવું. વક્તાના અભાવમાંતો શ્રોતાઓએ એની પ્રતિદિન પૂજા કરવી. એવું તાત્પર્ય જાણવું–ભગવાને કહેલા અર્થને નહિ અનુષ્ઠાન કરનારાઓને પણ શ્રદ્ધામાત્ર જો હોય તો તે શ્રદ્ધાને લીધે નિયમથી અનુષ્ઠાનપર્યંતની પ્રવૃત્તિ ક્રમશઃ થાયજ, તેથી તેનું નિરવધિ શ્રેયપણ થાયજ, માટે પઠનમાત્રમાં કે શ્રવણમાત્રમાં કે પૂજામાત્રમાં શ્રદ્ધાસંબન્ધને લીધે શ્રેયઃસિદ્ધિ થાય, એવા અભિપ્રાયથી શ્રવણાદિકનું વિધાન કર્યું છે. 'ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः । श्रद्धाव-

भावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् । मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥ युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका । आसुर्या सम्पदाऽऽढ्याय पुंसे देया न कर्हिचित् ॥२१०॥ विक्रमा-

न्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥' આ ગીતા શ્લોકનું વ્યાખ્યાન કરતાં ભગવાન્ ભાષ્યકાર રામાનુજાચાર્યે 'ये चानुतिष्ठन्तोऽप्यस्मिन् शास्त्रार्थे श्रद्दधाना भवन्ति तेऽपि मुच्यन्ते'—જેઓ અનુષ્ઠાન કરતા નથી પણ 'આ શાસ્ત્રાર્થમાં શ્રદ્ધાવાળા થાય છે તેપણ મુક્ત થાય છે, એવું ભાષ્ય કર્યું છે. એમ કહેવાથી—અર્થનું અવધારણ અનુષ્ઠાનદ્વારા ફળમાટે થાય, શબ્દરાશિનું પઠન કે શ્રવણ તો નિરર્થક છે? એવી શંકાનો અવકાશ નથી. અમારા આશ્રિત સર્વેકોઇએ પણ સન્નિધિમાં રહેલા મારે વિષેજ જેમ એમ મારા આદેશરૂપ આ લેખમાં અતિશય આદર કરવો એમ કહેછે—જે આ મારી વાણી શિક્ષાપત્રીરૂપા છે તે જગદુપકારાર્થે અવતરેલા સર્વેશ્વરેશ્વર મારુંજ શબ્દમૂર્તિલક્ષણ રૂપાંતર છે એમ સમજીને પરમ આદરથકી માનવી—અતિશય આદરથી સત્કારને યોગ્ય છે, કારણ કે આ વાણી વક્તા અને વાચ્ય અને સન્નિધિમાં રહેલા અને અસન્નિધિમાં રહેલાને સ્પષ્ટપણે પ્રકાશે છે,' માટે મારુંજ આ અપર રૂપ કાળથી નહિ દૂર રહેલુ અવધારીને અનાદર કરવો એવો ભાવ છે ॥૨૦૮–૨૦૯॥

હવે આ અર્થના પાત્ર અપાત્રનો વિભાગ કહેછે—દૈવી સંપત્ ગીતામાં 'अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः । दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥' ઇત્યાદિકથી કહી છે. આસુરી સંપત્ તો 'असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ॥' ઇત્યાદિકથી કહી છે. આસુરી સંપદાએ સંપન્ન હોય તે નાસ્તિક કહ્યો છે અને અન્યતો આસ્તિક કહ્યો છે. સદુપદેશનો નાસ્તિક પાત્ર નથી. માટેજ કહે છે કે—આસુરી સંપદાએ યુક્ત પુરૂષને આ શિક્ષાપત્રી ક્યારેય પણ ન આપવી અને દૈવી સંપદાએ સંપન્ન પુરૂષને તો આપવી શિક્ષાપત્રીશબ્દથી તેમાં પ્રતિપાદન કરેલો અર્થ જાણવો. તે ભગવાને ગીતામાં કહ્યુ છે-'इदं ते नातपस्काय नाभक्ताय कदाचन । न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥' ઇતિ ॥૨૧૦॥

સમગ્ર મંગળને વિસ્તારનારા આ શિક્ષાપત્રીલેખનો અવતરણકાળે

केशकस्याब्दे नेत्राष्टवसुभूमिते । वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥२११॥ निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्ते-

કહેછે—વિક્રમાદિત્ય નામના શકવર્તી રાજાનો જે શક-ધર્મમર્યાદા-નિબન્ધનનો કાળ (સંવત્) તેના નેત્રાષ્ટવસુભૂમિતે-નેત્ર ૨ અષ્ટ ૮ વસુ ૮ ભૂ ૧ આ સંખ્યાવડે અંકોની ડાબી ગતિ કરીને ગણેલા વર્ષમાં, એટલે સંવત્ ૧૮૮૨ ના વર્ષમાં વસન્તાદ્યદિને-વસંત જે રાગવિશેષ એના ગાનને યોગ્ય એવો કાળ વસંતશબ્દથી અહીં કહેવા ઇચ્છયો છે, (વસંતઋતુ નહિ) તેનો આદ્ય દિવસ શ્રીપંચમી કહી છે. તેવી સ્મૃતિ છે-'श्रीपञ्चमीं समारभ्य यावत्स्याच्छयनं हरेः । तावद्वसन्तरागस्य गानमुक्तं मनीषिभिः ॥' ઇતિ. શ્રીપંચમી જે પંચમીએ શ્રીનું વ્રત કહ્યું છે તે જાણવી, તે તો માઘ શુક્લપંચમી છે, તેવી સ્મૃતિ છે—'चतुर्थी वरदा प्रोक्ता तत्र गौरी सुपूजिता । सौभाग्यमतुलं कुर्यात्पञ्चम्यां श्रीरपि श्रियम् ॥' ઇતિ. અર્થાત્ માઘમાસના શુક્લ પક્ષની પચમી તિથિએ તે આ સકળજનોના શુભને કરનારી શિક્ષાપત્રી લખી છે ॥૨૧૧॥

જેના આદિ ભાગમાં મંગળ છે, જેના મધ્ય ભાગમાં મગળ છે અને જેના અંત ભાગમાં મગળ છે એવાં શાસ્ત્રો પ્રખ્યાતિ પામેછે, એમ પ્રખ્યાપન કરવા અંતે મગળ કરે છે—યદ્યપિ ઇન્દ્ર રૂદ્રાદિ દેવોપણ આશ્રિતોની આર્તિ-દુઃખોને પ્રશમાવી દેછે તથાપિ અખિલ આર્તિને નહિ. કેમકે ઇન્દ્ર આશ્રિત તક્ષકને જનમેજય નૃપે કરેલા યાગમાં આવી પડેલી આર્તિને હરવા માટે સમર્થ થયો ન હતો. શકર પણ આશ્રિત બાણાસુરની પીડાને નિરાકરણ કરવા સમર્થ થયા ન હતા, તેમના જોતાંજ તેનું બાહુ-વન ભગવાને છેદી નાંખ્યું હતું. કિં બહુના—લવદાવાનળથી બહુ બળતા જનોના દુઃખને પ્રશમન કરવા ભગવાન વિના બીજો કોઈ પણ સમર્થ થતો નથી. માટે 'निजाश्रितानां सकलार्तिहन्ता' એમ કહેછે. કોઈપણ આર્ત ભગવાનનો આશ્રય કરીને ક્લેશ પામતો જોયો નથી. પ્રહ્લાદ પાંડુપુત્રાદિકને વિચારો. જે જે ઐહિક કે પારલૌકિક કે બીજું વિશ્રાંતિશાયિ સુખ સમભિલષિત હોય તે તે સર્વ આશ્રિતોને આપવા માટે સમર્થ બીજો કોઈ પણ નથી એવા આશયથી 'दाता सुखानां मनसेप्सितानाम्' એમ કહેછે.

भावे तु पूजेय कार्याऽस्याः प्रतिवासरम् । मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥ युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका । आसुर्या सम्पदाऽऽढ्याय पुंसे देया न कर्हिचित् ॥२१०॥ विक्रमा-

---

न्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥' આ ગીતા શ્લોકનું વ્યાખ્યાન કરતાં ભગવાન્ ભાષ્યકાર રામાનુજાચાર્યે 'ये त्वननुतिष्ठन्तोऽप्यस्मिन् शास्त्रार्थे श्रद्दधाना भवन्ति तेऽपि मुच्यन्ते'–જેઓ અનુષ્ઠાન કરતા' નથી પણ 'આ શાસ્ત્રાર્થમાં શ્રદ્ધાવાળા થાય છે તેપણ મુક્ત થાય છે, એવું ભાષ્ય કર્યું છે. એમ કહેવાથી–અર્થનું અવધારણ અનુષ્ઠાનદ્વારા ફળમાટે થાય, શબ્દરાશિનું પઠન કે શ્રવણ તો નિરર્થક છે? એવી શંકાનો અવ-કાશ નથી. અમારા આશ્રિત સર્વકોઇએ પણ સન્નિધિમાં રહેલા મારે વિષેજ જેમ એમ મારા આદેશરૂપ આ લેખમાં અતિશય આદર કરવો એમ કહેછે—જે આ મારી વાણી શિક્ષાપત્રીરૂપા છે તે જગદુપકારાર્થે અવતરેલા સર્વેશ્વરેશ્વર મારૂંજ શબ્દમૂર્તિલક્ષણ રૂપાંતર છે એમ સમજીને પરમ આદરથકી માનવી–અતિશય આદરથી સત્કારને યોગ્ય છે, કારણ કે આ વાણી વક્તા અને વાચ્ય મને સન્નિધિમાં રહેલા અને અસન્નિધિમાં રહેલાને સ્પષ્ટપણે પ્રકાશે છે,' માટે મારૂંજ આ અપર રૂપ કાળથી નહિ દૂર રહેલું અવધારીને અત્યાદર કરવો એવો ભાવ છે ॥૨૦૮–૨૦૯॥

હવે આ અર્થના પાત્ર અપાત્રનો વિભાગ કહેછે—દૈવી સંપત્ ગીતામાં 'अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः । दानं दमश्च यज्ञश्च स्वाध्याय-स्तप आर्जवम् ॥' ઇત્યાદિકથી કહી છે. આસુરી સંપત્ તો 'असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ॥' ઇત્યાદિકથી કહી છે. આસુરી સંપદાએ સંપન્ન હોય તે નાસ્તિક કહ્યો છે અને અન્યતો આસ્તિક કહ્યો છે. સદુપદેશનો નાસ્તિક પાત્ર નથી. માટેજ કહે છે કે—આસુરી સંપદાએ યુક્ત પુરૂષને આ શિક્ષા-પત્રી ક્યારેય પણ ન આપવી અને દૈવી સંપદાએ સંપન્ન પુરૂષને તો આપવી શિક્ષાપત્રીશબ્દથી તેમાં પ્રતિપાદન કરેલો અર્થ જાણવો તે ભગવાને ગીતામાં કહ્યું છે–'इदं ते नातपस्काय नाभक्ताय कदाचन । न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥' ઇતિ ॥૨૧૦॥

સમગ્ર મંગળને વિસ્તારનારા આ શિક્ષાપત્રીલેખનો અવતરણકાળ

शकस्याब्दे नेत्राष्टवसुभूमिते । वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥२११॥ निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्ते-

કહેછે—વિક્રમાદિત્ય નામના શકવર્તી રાજાનો જે શક–ધર્મમર્યાદા-નિબન્ધનનો કાળ (સંવત્) તેના નેત્રાષ્ટવસુભૂમિતે–નેત્ર ૨ અષ્ટ ૮ વસુ ૮ ભૂ ૧ આ સંખ્યાવડે અંકોની ડાબી ગતિ કરીને ગણેલા વર્ષમાં, એટલે સંવત્ ૧૮૮૨ ના વર્ષમાં વસન્તાદ્યદિને–વસંત જે રાગવિશેષ એના ગાનને યોગ્ય એવો કાળ વસંતશબ્દથી અહીં કહેવા ઇચ્છયો છે, (વસંતઋતુ નહિ) તેનો આદ્ય દિવસ શ્રીપંચમી કહી છે. તેવી સ્મૃતિ છે–'श्रीपञ्चमीं समारभ्य यावत्स्याच्छयनं हरेः । तावद्वसन्तरागस्य गानमुक्तं मनीषिभिः ॥' ઇતિ શ્રીપંચમી જે પંચમીએ શ્રીનું વ્રત કહ્યુ છે તે જાણવી, તે તો માઘ શુક્લપંચમી છે, તેવી સ્મૃતિ છે—'चतुर्थी वरदा प्रोक्ता तत्र गौरी सुपूजिता । सौभाग्यमतुलं कुर्यात्पञ्चम्यां श्रीरपि श्रियम् ॥' ઇતિ. અર્થાત્ માઘમાસના શુક્લ પક્ષની પંચમી તિથિએ તે આ સકળજનોના શુભને કરનારી શિક્ષાપત્રી લખી છે ॥૨૧૧॥

જેના આદિ ભાગમાં મંગળ છે, જેના મધ્ય ભાગમાં મંગળ છે અને જેના અંત ભાગમાં મંગળ છે એવા શાસ્ત્રો પ્રખ્યાતિ પામેછે, એમ પ્રખ્યાપન કરવા અંતે મંગળ કરે છે—યદ્યપિ ઇન્દ્ર રૂદ્રાદિ દેવોપણ આશ્રિતોની આર્તિ–દુ:ખોને પ્રશમાવી દેછે તથાપિ અખિલ આર્તિને નહિ કેમકે ઇન્દ્ર આશ્રિત તક્ષકને જનમેજય નૃપે કરેલા યાગમા આવી પડેલી આર્તિને હરવા માટે સમર્થ થયો ન હતો શંકર પણ આશ્રિત બાણાસુરની પીડાને નિરાકરણ કરવા સમર્થ થયા ન હતા, તેમના જોતાજ તેનું બાહુ-વન ભગવાને છેદી નાખ્યુ હતુ કિં બહુના–ભવદાવાનળથી બહુ બળતા જનોના દુ:ખને પ્રશમન કરવા ભગવાન વિના બીજો કોઈ પણ સમર્થ થતો નથી. માટે 'निजाश्रितानां सकलार्तिहन्ता' એમ કહેછે. કોઈ પણ આર્ત ભગવાનનો આશ્રય કરીને કલેશ પામતો જોયો નથી પ્રહ્લાદ પાંડુપુ-ત્રાદિકને વિચારો. જે જે ઐહિક કે પારલૌકિક કે બીજું વિશ્વાતિશાયિ સુખ સમભિલષિત હોય તે તે સર્વ આશ્રિતોને આપવા માટે સમર્થ બીજો કોઈ પણ નથી એવા આશયથી 'दाता सुखानां मनसेप्सितानाम्' એમ કહેછે.

रचनं विधाता । दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥२१२॥ इति श्रीसहजानन्दस्वामिलिखिता शिक्षापत्री समाप्ता ।

જે હેતુમાટે આ કૃષ્ણ-આનંદમય છે માટે એમના આશ્રયણમા અવિચ્છિન્ન સુખ સિદ્ધ થાયજ. આ બે અર્થથી અનિષ્ટનિવારણમાં અને ઇષ્ટપ્રાપણમાં ભગવાનનુજ ઉપાયપણું જે 'फलमत उपपत्तेः' એમ સૂત્રકારે નિરૂપણ કર્યું છે તે કહ્યું. ભગવાનનું ભક્તાર્તિને હરવાપણું અને મનસેપ્સિત સુખોનું દાતાપણું ભાગવતમાં કહ્યુ છે—'शारीरा मानसा दिव्या वैयासे ये च मानुषाः । भौतिकाश्च कथं क्लेशा बाधन्ते हरिसंश्रयम् ॥' 'तव चरणशतपलाशच्छायां विविधवृजिनसंसारपरिश्रमोपशमनीमुपसृतानाम्' 'प्रपन्नानां भयापहम्' 'प्रणतक्लेशनाशाय' 'पुंसाममायिनां सम्यग्भजतां भाववर्धनः । श्रेयो वितरत्यभिमतं यद्धर्मादिषु देहिनाम् ॥' 'तांस्तान्कामान्हरिर्दद्याद्यान्यान्कामयते जनः । आराधितो यथैवेष तथा पुंसां फलोदय. ॥' 'यं धर्मकामार्थविमुक्तिकामा भजन्त इष्टां गतिमाप्नुवन्ति' ઇત્યાદિ. શંકા—અનુષ્ઠાન કરેલા કર્મથી અને જ્ઞાનથી નિરતિશય સુખરૂપ ફળની સિદ્ધિ થાય છે તો ઉપાયપણુ કર્માદિકમાં મુખ્ય છે? એવા ભ્રમના નિવારણ માટે કહે છે-ધર્મસહિત ભક્તિનું રક્ષણ કરનારા જે કર્મયોગ કે જ્ઞાનયોગ કહ્યો છે તેપણ ભગવાનના પ્રસાદથીજ સિદ્ધ થાય છે ભગવાનજ તે કર્મયોગાદિકના પરિપોષક છે, અન્યથા તેની સિદ્ધિ ન થાય તે ગીતામાં કહ્યુ છે 'तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् । ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥' ઇતિ.' માટે ફળમાં ઉપાયપણુ ભગવાનનુજ મુખ્ય જાણવું. તે આ શ્રીકૃષ્ણ મંગળમૂર્તિ પોતાના ચરણના સમાશ્રયવાળા આપણા સર્વેનું અખિલ મંગળ—ઐહિક અને પારલૌકિક પરમ નિઃશ્રેયસસંબન્ધિને વિસ્તારો—કરો ॥૨૧૨॥

करुणारसकल्लोलपरिपूर्णहृदन्तरः ।
भगवान् सहजानन्दः श्रेयसे भूयसेऽस्तु मे ॥१॥

इति श्रीशिक्षापत्रीगुर्जरानुवादः समाप्तः ।